સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 20
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૮ મે, ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ગુજરાતના છ જિલ્લામાં ભારે વરસાદનું ઍલર્ટ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 85,140/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ગાંધીનગર: ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે સિનોપ્ટિક સિચ્યુએશનના કારણે આગામી ૨૩ મે સુધી રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી છે. સતત ત્રણ દિવસ દરમિયાન રાજ્યના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ૧૯ જિલ્લાના છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૧૮થી ૨૦ મે દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લાના છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. ૨૧ મેના રોજ રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ અને વડોદરા, છોટા ઉદેપર, નર્મદા, ભરૂચ, સુરત, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ, નવસારી જિલ્લાનાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી ૨૨-૨૩ મેના રોજ અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડ જિલ્લામાં મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહી છે. આ સાથે રાજ્યના મોટાભાગના વિસ્તારમાં વરસાદની શક્યતા છે. ■

## ગુજરાતમાં ૧૬ આની ચોમાસુ રહેવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ૩૧મો વર્ષા વિજ્ઞાન પરિસંવાદ યોજાયો હતો, જેમાં રાજ્યભરના ૫૦થી વધુ પરંપરાગત આગાહીકારોએ વર્ષ ૨૦૨૫ માટે ચોમાસાની આગાહી કરી હતી. મોટાભાગના આગાહીકારોના મતે સાત જૂનથી વરસાદની શરૂઆત થશે. તેમ જ જુલાઈમાં તોફાની સિસ્ટમ સક્રિય બનશે. જ્યારે ઓગસ્ટ મહિનામાં ખેડૂતોની ચિંતા વધી શકે છે.

સંમેલનમાં એકત્રિત થયેલા મોટાભાગના આગાહીકારોના મતે વર્ષ ૨૦૨૫ 'સોળઆની' એટલે કે, પૂરતો વરસાદ આપનારું વર્ષ બનશે. ઓગસ્ટમાં થોડો ખેતરસ માટે દોરાવાળો સમય જરૂર આવશે, પરંતુ સમગ્ર વર્ષે પાક માટે અનુકૂળ માહોલ રહેશે. આગાહીકારોએ પશુપંખીઓના વર્તન, આકાશીય પરિવર્તન, ભડલી વાક્ય અને ખગોળીય સંકેતોના આધારે અનુમાન કર્યું હતું.

જો કે આગાહીકારોનું માનવું હતું કે, વરસાદ વધારે પડશે પરંતુ તોફાની વરસાદ રહેવાની સાથે સાથે વીજળી પડવાની ઘટનાઓમાં પણ વધારો થશે. ઘણાં વર્ષોથી નહીં પડી હોય તેટલી વીજળી પડશે, જેના કારણે જાનમાલનું ભારે નુકસાન થશે. આ ઉપરાંત વરસાદ તો વધુ પડશે, પરંતુ ચોમાસું તોફાની રહેવાના કારણે પાકને નુકસાન પણ તેટલું જ થશે. જેથી ખેડૂતોને ધાર્યા પરિણામ નહીં મળે તેવું પણ કેટલાક આગાહીકારોનું કહેવું હતું.

સિઝનમાં કુલ ૪૮-૫૨ ઇંચ વરસાદ પડશે અને ૧૩ આની વરસાદની આગાહી એક પ્રાકૃતિશાસ્ત્રીએ કરી હતી. તેમણે જો કે પાક અંગે ચોંકાવનારી આગાહી કરી હતી. તેમણે કહ્યું હતું કે, ઓગસ્ટ મહિનામાં (જુઓ પાનું ૨) ▶▶




## આઈએસઆઈએસના સ્લીપર સેલના બે આતંકી મુંબઈ ઍરપોર્ટ પરથી પકડાયા



પુણેમાં આઈઈડી બનાવવા અને ટેસ્ટિંગ કરવાના કેસમાં બે વર્ષથી ફરાર બન્ને પર ત્રણ-ત્રણ લાખનું ઈનામ જાહેર કરાયેલું

મુંબઈ: પુણેમાં ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસીસ (આઈઈડી) બનાવવા અને તેનું પરીક્ષણ કરવાના કેસમાં ફરાર આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના સ્લીપર સેલના બે આતંકીને નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ મુંબઈ ઍરપોર્ટ પરથી પકડી પાડ્યા હતા. એનઆઈએ બે વર્ષથી બન્ને આતંકીની શોધ ચલાવી રહી હતી અને તેમના પર ત્રણ-ત્રણ લાખનું ઇનામ પણ જાહેર કરાયું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ અબદુલ્લા ફૈયાઝ શેખ ઉર્ફે ડાયપરવાલા અને તાલ્હા ખાન તરીકે થઈ હતી. ઈન્ડોનેશિયાના જકાર્તાથી બન્ને જણ ફ્લાઈટમાં શુક્રવારની રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પહોંચ્યા હતા. ઍરપોર્ટના ટર્મિનલ-૨ ખાતે ઈમિગ્રેશનના અધિકારીઓએ તેમને રોક્યા હતા.

એનઆઈએની ટીમે બન્નેને તાબામાં લીધા હતા. પ્રાથમિક પૂછપરછ પછી તેમની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

બન્ને આરોપી છેલ્લાં બે વર્ષથી ફરાર હતા અને એનઆઈએની વિશેષ અદાલતે તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ્સ પણ જારી કર્યા હતા. તેમની માહિતી આપનારી વ્યક્તિને લાખ રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત એનઆઈએ દ્વારા કરાઈ હતી. અધિકારીના (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાન માટે જાસૂસીના આરોપમાં હરિયાણાની યુટ્યૂબર સહિત છની ધરપકડ

ચંડીગઢ: ભારતમાં સોશ્યલ મીડિયા પર લાખો ફોલોઅર્સ સાથે લોકપ્રિય ટ્રાવેલ બ્લોગર અને યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ સાથેના સંબંધોના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તે 'ટ્રાવેલ વિથ જો' નામની યુટ્યૂબ ચેનલ ચલાવે છે અને પાકિસ્તાનની યાત્રા દરમિયાન તે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઇએસઆઇના એજન્ટોના સંપર્કમાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જે હરિયાણા અને પંજાબના અલગ અલગ ભાગોના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જ્યોતિ મલ્હોત્રાએ વર્ષ ૨૦૨૩માં પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. તેણે કમિશન દ્વારા વિઝા મેળવીને આ યાત્રા કરી હતી. આ દરમિયાન જ્યોતિની મુલાકાત પાકિસ્તાન (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ભયંકર વાવાઝોડાં અને ટૉર્નેડો બાદ નવનાં મોત



**વાવાઝોડું:** અમેરિકાના સેંટ લુઈસમાં શુક્રવારે વાવાઝોડાં અને ટૉર્નેડોએ વિનાશ વેર્યો હતો. (એજન્સી)

સેંટ લુઈસ: અમેરિકાના સેંટ લુઈસમાં શુક્રવારે બપોરે આવેલા ભયંકર વાવાઝોડાં અને ટૉર્નેડો બાદ ઓછામાં ઓછા નવ જણનાં મોત થયાં હોવાના અહેવાલ છે. શુક્રવારે બપોરે ૨:૩૦થી ૨:૫૦ દરમિયાન સેંટ લુઈસના ક્લેટન, મિસૂરીમાં ટૉર્નેડોએ વિનાશ વેર્યો હતો.

સેંટ લુઈસના મેયર કારા સ્પેન્સરે નવ જણનાં મોત થયાં હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. જોકે કેટલા જણ ઘાયલ થયા હતા એ અંગે કોઈ જાણકારી નહોતી મળી શકી. અંદાજે ૨૦થી ૩૦ જણને ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ખરેખર વિનાશક વાવાઝોડું હતું એમ જણાવતાં સ્પેન્સરે કહ્યું હતું કે વાવાઝોડાંની ૫,૦૦૦ કરતાં પણ વધુ ઘર પર અસર થઈ હતી અને વીજપુરવઠો ખોરવાઈ જતાં એક લાખ કરતાં પણ વધુ લોકો પ્રભાવિત થયા હતા. વહીવટીતંત્રએ ઈમારતે ઈમારતે જઈ ફસાયેલા (જુઓ પાનું ૨) ▶▶

## નીરજ ચોપરાએ રચ્યો નવો ઈતિહાસ




ભાલાફેંકમાં છેવટે ૯૦ મીટરનું વિઘ્ન પાર કર્યું

દોહા: દોહા ભાલાફેંકમાં ભારતના વર્લ્ડ ચેમ્પિયન નીરજ ચોપરાએ છેવટે ૯૦ મીટરનું વિઘ્ન પાર કરવામાં સફળતા મેળવી છે. તે ઘણાં વર્ષોથી આ માટે સતત પ્રયત્નશીલ હતો, પણ એમાં સફળ નહોતો થઈ શક્યો.

જોકે એમ છતાં તેણે ૨૦૨૧માં ટોક્યો ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલની અને ગયા વર્ષે પેરિસ ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલની સિદ્ધિ મેળવી હતી.

દોહામાં શુક્રવારે તેણે ડાયમન્ડ લીગ મીટિંગ સિરીઝમાં ભાલો ૯૦.૨૩ મીટર દૂર ફેંક્યો હતો. જોકે તેનો આ પ્રયાસ તેને પ્રથમ સ્થાને લાવવા માટે પૂરતો નહોતો. તે બીજા નંબરે રહ્યો હતો.

જર્મનીનો જુલિયન વેબર ૯૧.૦૬ મીટરના માપ સાથે પ્રથમ રહ્યો હતો, જ્યારે નીરજ બીજા નંબરે રહ્યો હતો.

૨૭ વર્ષીય નીરજે ત્રીજા પ્રયાસમાં ભાલો ૯૦.૨૩ મીટર દૂર ફેંક્યો હતો.

નીરજે આ સ્પર્ધામાં વર્લ્ડ ક્લાસ ઍથ્લીટ યાકુબ વાડલેચ અને ઍન્ડરસન પીટર્સને પાછળ મૂકી દીધા હતા.

પાકિસ્તાનના અર્શદ નદીમે આ સ્પર્ધામાં ભાગ નહોતો લીધો કારણ કે તે એશિયન એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપની તૈયારી કરી રહ્યો છે.

ભાલો ૯૦.૦૦ કે એનાથી વધુ મીટર દૂર ફેંકવામાં નીરજ વિશ્વનો ૨૫મો અને એશિયાનો ત્રીજો એથ્લીટ બન્યો છે. ■

### દિલ્હીમાં આમ આદમી પાર્ટીને મોટો ફટકો

## ૧૩ કોર્પોરેટરે આપ્યાં રાજીનામાં, નવો પક્ષ રચ્યો

નવી દિલ્હી: દિલ્હીમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં હારનો સ્વાદ ચાખ્યા બાદ હવે આમ આદમી પાર્ટી માટે જાણે કપરા દિવસો હોય તેમ આપને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ૧૩ કોર્પોરેટરોએ રાજીનામું આપી દીધું છે અને તમામ લોકોએ નવી પાર્ટી બનાવવાની જાહેરાત પણ કરી છે. કોર્પોરેટરોએ રાજીનામું આપતા આમ આદમી પાર્ટીના ટોચના નેતૃત્વ પર નગર નિગમને યોગ્ય રીતે ચલાવવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે. આ સાથે તેમણે એવું પણ કહ્યું છે કે, જનતા સાથે કરેલા વાયદા પૂરા ન કરી શકવાના કારણે તેઓ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહ્યા છે.

રાજીનામું આપનારા કોર્પોરેટરોએ નવી પાર્ટીની જાહેરાત પણ કરી છે. નવી પાર્ટીની જાહેરાત કરતા જણાવ્યું હતું કે પાર્ટીનું નામ ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટી હશે અને મુકેશ ગોયલની પાર્ટીના વડા તરીકે પસંદગી કરવામાં આવી છે. કોર્પોરેટરોએ જણાવ્યું કે અમે તમામ કોર્પોરેટરો વર્ષ ૨૦૨૨માં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમ આદમી પાર્ટીની ટિકિટ પર ચૂંટાયા હતા, પરંતુ ૨૦૨૨માં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તામાં આવ્યા બાદ પણ પાર્ટીનું ટોચનું નેતૃત્વ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને યોગ્ય રીતે ચલાવવામાં નિષ્ફળ રહ્યું હતું. જનતાને આપેલાં વચનો પૂર્ણ ન કરી શકવાના કારણે તેઓએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું હતું.

આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું (જુઓ પાનું ૨) ▶▶

## કેદારનાથમાં હેલિકૉપ્ટર એમ્બ્યુલન્સના ઇમરજન્સી લેન્ડિંગ વખતે મોટી દુર્ઘટના ટળી



**દુર્ઘટના:** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લાના કેદારનાથમાં શનિવારે એઈમ્સ હૃષીકેશ હેલી ઍમ્બ્યુલન્સ સર્વિસનું હેલિકૉપ્ટર તૂટી પડ્યું હતું. (એજન્સી)

રુદ્રપ્રયાગ: ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં શનિવારે હેલિકૉપ્ટર એમ્બ્યુલન્સના ઇમરજન્સી લેન્ડિંગ દરમિયાન એક મોટી દુર્ઘટના ટળી હતી. આ હેલિકૉપ્ટર હૃષીકેશ એઇમ્સનું હતું. એઇમ્સ દ્વારા સંચાલિત 'સંજીવની' હેલિકૉપ્ટર એમ્બ્યુલન્સને શનિવારે કેદારનાથમાં ટેક્નિકલ ખામી સર્જાતા ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

જિલ્લા પ્રવાસન વિકાસ અધિકારી રાહુલ ચૌબેના જણાવ્યા અનુસાર હેલિકૉપ્ટરમાં સવાર બે ડોક્ટર અને એક પાઇલટ સુરક્ષિત છે. હેલી સર્વિસના નોડલ ઓફિસર તરીકે પણ કાર્યરત ચૌબેએ જણાવ્યું કે સંજીવની હેલી એમ્બ્યુલન્સ શ્વાસની તકલીફથી પીડાતા એક યાત્રાળુને બચાવવા માટે કેદારનાથ ગઇ હતી ત્યારે તેના ટેલ રોટરમાં ટેક્નિકલ ખામી સર્જાઇ હતી. જેના કારણે પાઇલટને ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું કે હેલિપેડ નજીક સપાટ (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે અંતે સ્વીકાર્યું, ઓપરેશન સિંદૂરમાં નૂરખાન એરબેઝને ભારે નુકસાન

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કરીને આતંકીઓના કેમ્પને તોડી પાડયા હતા. જેની બાદ પાકિસ્તાને ભારતનાં અનેક શહેરો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા હતા. તેમજ તેની બાદ જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના ૧૧ એરબેઝ પર હુમલા કરી ભારે નુક્સાન પહોંચાડયુ હતું. ભારતની આ કાર્યવાહીથી ગભરાઇને પાકિસ્તાને યુદ્ધવિરામની અપીલ કરી હતી.

જ્યારે ભારત તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે મિસાઇલ હુમલામાં નૂરખાન એરબેઝને ભારે નુકસાન થયું હતું. તેમજ પાકિસ્તાની સૈન્યના અન્ય સ્થળોને પણ ભારે નુકસાન થયું છે. ત્યારે હવે પાકિસ્તાનના વડા પ્રધાને પણ આ વાત સ્વીકારી લીધી છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓ પાકિસ્તાની સેનાના ઉચ્ચ અધિકારીઓ અને સરકારના અન્ય લોકો વાતચીત કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે ૯-૧૦ મેની રાત્રે પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીરે તેમને ફોન કર્યો હતો. આ ફોન કોલમાં મુનીરે જણાવ્યું કે ભારતે મિસાઇલ હુમલો કર્યો છે. નૂર ખાન એરબેઝ પર એક મિસાઇલ પડી છે. કેટલીક મિસાઇલો અન્ય વિસ્તારોમાં પડી છે.

જ્યારે ૯-૧૦ મેની રાત્રે ભારતે મિસાઇલ હુમલો કરીને પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ સમયગાળા દરમિયાન પાકિસ્તાનને નૂરખાન એરબેઝ સહિત ઘણા (જુઓ પાનું ૨) ▶▶

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૮–૫–૨૦૨૫ થી તા. ૨૪–૫–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ કર્ક રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. બુધ આ સપ્તાહમાં અતિચારી ગતિએ મેષમાંથી તા. ૨૩મીએ વૃષભમાં આવે છે. ગુરુ મિથુન રાશિમાં મંદ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ આ સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મકર રાશિમાં રહે છે. તા. ૨૦મીએ કુંભ રાશિમાં, તા. ૨૨મીએ મીન રાશિમાં, તા. ૨૪મીએ મેષ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં દૈનિક તથા સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં પરિવર્તનો છે. તા. ૨૦, ૨૧, ૨૪મીએ નોકરીમાં યશ મેળવશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. સંતાન માટેના જવાબદારીના કામકાજમાં મહિલાઓને સફળતા પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના કામકાજમાં પરિવર્તનો આવેલાં જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ જ્ઞાન મેળવશો. મિત્રોનું માર્ગદર્શન મેળવશો. નોકરીમાં આ સપ્તાહમાં તા. ૨૧, ૨૨ શુભ જણાય છે. પ્રવાસમાં યશ મેળવશો. પ્રવાસના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. કારોબારની નાણાંની આવક જળવાશે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. માર્કેટિંગના કામકાજમાં સંભાળવું જરૂરી છે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિત જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૧, ૨૩, ૨૪ શુભ છે. નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ થાય. નવા આધ્યાત્મિક, ધાર્મિક કામકાજનો પ્રારંભ શક્ય છે. નાણાંના વ્યવહાર જળવાઈ રહેશે. મહિલાઓને પ્રવાસ, પર્યટન, તીર્થયાત્રા આદિ અનુકૂળ જણાશે. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. પરિવારના કામકાજમાં સફળતા મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ગ્રહગોચર શુભ છે. નાણાં રોકાણ અને લેવડદેવડનો વેપાર પણ સફળ રહેશે. નોકરીમાં તા. ૧૮, ૧૯, ૨૩, ૨૪ શુભ જણાય છે. નોકરી માટે સ્વતંત્રપણે નિર્ણયો લઈ શકશો. વેચાણના નિર્ણયો સફળ રહેશે. વેપાર વધશે. નાણાંની વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરિવારની જવાબદારી છતાંય અધ્યયનમાં સફળતાનો અનુભવ થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ અનુકૂળ બનતા જણાશે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૨ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. નવા વેપારના કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. તા. ૧૯, ૨૦, ૨૨ના રોજ નાણાંની ઉઘરાણીની જવાબદારીમાં સફળતા મેળવશો. માર્કેટિંગના કામકાજમાં સફળતા મેળવશો. મહિલાઓને પરિવારજનોમાં વિવાદનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં પરિવારના સભ્યો માટે રોકાણની અપેક્ષા પૂર્ણ કરી શકશો. લે–વેંચનું ટ્રેડિંગ સફળ રહેશે. લે–વેંચના કામકાજમાં ધાર્યા મુજબ લાભ મેળવશો. નોકરીમાં પરિવર્તનો સફળ બનતા જણાશે. સરકારી અધિકારીના વ્યવહારમાં સફળતા મેળવશો. કોર્ટ–કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓને નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૪ સફળતાસૂચક છે. કોર્ટ–પ્રશ્નોનો ઉકેલ આવશે. નોકરીની મૂંઝવણોનો ઉકેલ આવશે. તા. ૨૨, ૨૩, ૨૪મીએ અધિકારીનો સહયોગ મેળવશો. કુટુંબના વારસાના મિલકતના પ્રશ્નનો ઉકેલ આવશે. પ્રવાસ માટે આ સપ્તાહ મહિલાઓને શુભ જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો, નવા વિષયનો પ્રારંભ કરી શકશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. સાપ્તાહિક અને દૈનિક તેજીનો વેપાર પણ લાભદાયી પુરવાર થશે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે. વ્યવહારુંપણે નોકરીના કાર્યકરોમાં મૂંઝવણનો ઉકેલ લાવી શકશો. નાણાં વ્યવહારમાં સફળતા મેળવશો. અધિકારી કાર્યક્ષેત્રે ઉપયોગી પુરવાર થશે. સપ્તાહમાં નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબ જીવનના મતભેદોનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરિવારના સભ્યો સહયોગી થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં યશ મેળવશો. પ્રતિષ્ઠાનો ઉમેરો થશે. નવીન ચીજવસ્તુઓ, વાહન, વસ્રો, આદિ આ સપ્તાહમાં ખરીદી શકશો. કાર્યક્ષેત્રે તા. ૧૯, ૨૦, ૨૩ શુભ જણાય છે. મિલકત, વાહનની ખરીદી માટે આ સપ્તાહ શુભ જણાય છે. ભાઈ–બહેનો સાથે નાણાં વ્યવહારમાં સંભાળવું જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રના નિર્ણયો લેવા માટે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા જાળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે ૧૯, ૨૨, ૨૩, શુભ જણાય છે. નોકરીના અધિકારીનું માર્ગદર્શન મેળવશો. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મિલકત, વાહન, કાર્યક્ષેત્રે જરૂરી સાધનો મેળવી શકશો. નાણાંની આવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનના અધ્યયનના કામકાજમાં મદદ કરવા માટે સરળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં રમતગમત ઈત્યાદિ ક્ષેત્રે સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટેની દ્વિધા, મૂંઝવણો દૂર થશે. વેપારમાં અનુભવ અને કાર્યદક્ષતાનો પૂર્ણ ઉપયોગી કરી શકશો. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૪ શુભ જણાય છે. નોકરીમાં એકાગ્રતા, દૃઢતા, મક્કમતા દાખવી શકશો. જૂના અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. વાહનનો નિર્ણય લઈ શકશો. માર્કેટિંગ સફળ થશે. નાણાંની આવક જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં અનારોગ્યમાં ઝડપી સારવાર પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યપદ્ધતિમાં પરિવર્તનો લાવશો. એકાગ્રતા આવડત, આત્મવિશ્વાસનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે તથા કારોબાર માટે નવા મિત્રો મેળવી શકશો. પ્રવાસમાં યશ મેળવશો. પ્રવાસની જરૂરિયાતો પૂર્ણ થાય. ઉઘરાણીની નાણાંની વસૂલી થશે. મહિલાઓને તીર્થયાત્રા પ્રવાસમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને વાક્ચાતુર્યતા અને વ્યવહારુપણે સહકાર્યકરો સાથેના મતભેદનો ઉકેલ લાવી શકશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૧૮–૫–૨૦૨૫, બુધ પૂર્વમાં અસ્ત થાય છે

ભારતીય દિનાંક ૨૮, માહે વૈશાખ, શકે ૧૯૪૭
શાલિવાહન શક સંવત ૧૯૪૭,
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
વૈશાખ વદ –૬
જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ–૬
પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૭મો અમરદાદ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ,
માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૧મો જિલ્કાદ,
સને ૧૪૪૬
મીસરી રોજ ૨૧મો, માહે ૧૧મો જિલ્કાદ,
સને ૧૪૪૬
નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૮–૫૨ સુધી,
પછી શ્રવણ ચંદ્ર મકરમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩, સ્ટા. ટા. : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ બપોરે ક. ૧૫–૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૨૧ (તા. ૧૯) ઓટઃ સવારે ક. ૦૮–૩૧, રાત્રે ક. ૨૧–૫૬

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર,
'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – ષષ્ઠી. ષષ્ઠિ વૃદ્ધિતિથિ છે. બુધ પૂર્વમાં અસ્ત થાય છે, મધ્યમ રાહુ કુંભમાં અને કેતુ સિંહમાં રાત્રે ક. ૧૯–૦૭. શુભ કાર્ય વર્જ્ય છે.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, પર્વપૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, નિત્ય થતાં દુકાન–વેપાર, નોકરી, ખેતીવાડીના કામકાજ, ફણસનું વૃક્ષ વાવવું, બિલીનું વૃક્ષ વાવવું, ધાન્ય ભરવું.
આચમનઃ સૂર્ય–હર્ષલ યુતિ વડીલોમાં વિવાદો થાય, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ મુસાફરીનો શોખ, મંગળ–બુધ ચતુષ્કોણ વિવાદો કરવાનો સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ સૂર્ય–હર્ષલ યુતિ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ, મંગળ–બુધ ચતુષ્કોણ, કેતુ ઉત્તરા ફાલ્ગુની પ્રવેશ, બુધનો પૂર્વમાં અસ્ત.
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ–મેષ, ગુરુ–મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૮–૫–૨૦૨૫ થી તા. ૨૪–૫–૨૦૨૫

રવિવાર, વૈશાખ વદ–૬, વિ. સં. ૨૦૮૧, તા. ૧૮મી મે, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૮–૫૨ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી વૃદ્ધિતિથિ છે. બુધ પૂર્વમાં અસ્ત થાય છે, મધ્યમ રાહુ કુંભમાં અને કેતુ સિંહમાં રાત્રે ક. ૧૯–૦૭. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, વૈશાખ વદ–૬, તા. ૧૯મી, નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૧૯–૨૯ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી. સપ્તમી ક્ષય તિથિ છે, ભદ્રા સાંજે ક. ૦૬–૧૧ થી સાંજે ક. ૧૮–૦૫. વસુમડા પંચક, ઘનિષ્ઠા નવકારંભ રાત્રે ક. ૧૯–૨૯. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, વૈશાખ વદ–૮, તા. ૨૦મી, નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૧૯–૩૧ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૦૭–૩૫ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, ત્રિલોકનાથાષ્ટમી (બંગાળ), પંચક પ્રારંભ સવારે ક. ૦૭–૩૫. સૂર્ય સાયન મિથુનમાં બપોરે ક. ૨૪–૨૬. લગ્ન શુભ દિવસ.

બુધવાર, વૈશાખ વદ–૯, તા. ૨૧મી, નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૮–૫૭ સુધી, પછી પૂર્વાભાદ્રપદા ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પંચક. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, વૈશાખ વદ–૧૦, તા. ૨૨મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૭–૪૬ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૨–૦૭ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. ભારતીય જયેષ્ઠ માસારંભ, જરથોસ્તનો દિશો (પારસી), પંચક, ભદ્રા બપોરે ક. ૧૪–૨૨થી ૨૫–૧૩. ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ વદ–૧૧, તા. ૨૩મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સાંજે ક. ૧૬–૦૧ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. અપરા એકાદશી (કાકડી), ભદ્રકાલી એકાદશી (પંજાબ), જલક્રીડા એકાદશી (ઓરિસ્સા), પંચક, બુધ વૃષભમાં બપોરે ક. ૧૩–૦૧. લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શનિવાર, વૈશાખ વદ–૧૨, તા. ૨૪મી, નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૩–૪૭ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૩–૪૭ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, પંચક સમાપ્તિ બપોરે ક. ૧૩–૪૭. લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ, શુભ દિવસ. ■

# કોરોનાનો ખતરો ટળ્યો નથી! ચીન સહિત એશિયાનાં દેશોમાં ફરી વધી રહ્યા છે કેસ

સિંગાપોરઃ એશિયામાં કોવિડ ૧૯ ફરી તેનું માથું ઊંચકી રહ્યો છે અને સ્થિતિ ચિંતાજનક બની રહી છે. એશિયાના ઘણા દેશો જેવા કે સિંગાપોર, હોંગકોંગ અને થાઈલેન્ડમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. એકબાજુ દુનિયા મહામારી વિત્યા બાદ સામાન્ય જનજીવન જીવતી થઈ છે તે સમયે કોરોનાએ દસ્તક દીધી છે.

અહેવાલો અનુસાર આ દેશોની અંદર હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધવાની સાથો સાથ મૃત્યુની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. મહત્ત્વની વાત છે કે થાઈલેન્ડ જેવા દેશમાં ઇન્ફેક્શનનાં કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં સવાલ થઈ રહ્યો છે કે કોરોના મહામારીની આ કોઇ નવી લહેર છે કે તેના થઈ રહેલા ફેલાવાથી ભારતે ચેતવાની જરૂર છે કે કેમ?

હોંગકોંગમાં સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શનમાં કોમ્યુનિકેબલ ડિસીઝ બ્રાન્ચના વડાએ જણાવ્યું હતું કે હોંગકોંગમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા સૌથી વધુ સ્તરે પહોંચી ગઈ છે. આ ઉપરાંત, વાયરલ લોડમાં વધારો, હોસ્પિટલોમાં ભીડ, ગંભીર કેસોની સંખ્યા અને મૃત્યુમાં પણ ઝડપથી વધારો થયો છે. ત્રીજી મેના રોજ પૂરા થતા સપ્તાહ સુધીમાં હોંગકોંગમાં કોવિડ–૧૯ને કારણે મૃત્યુઆંક ૩૧ નોંધાયો છે. સિંગાપોરની વાત કરીએ તો, અહીં કોવિડ-૧૯ના કેસોમાં ૨૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. મે મહિનાના પહેલા અઠવાડિયામાં સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૪,૨૦૦ ને વટાવી ગઈ છે. આ સમયગાળા દરમિયાન હોસ્પિટલોમાં દાખલ થયેલા લોકોની સંખ્યામાં પણ ૩૦ ટકાથી વધુનો વધારો થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓનું કહેવું છે કે નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે કોરોનાના કેસ વધી રહ્યા છે. જોકે, તેમણે પુષ્ટિ આપી કે એવા કોઈ સંકેત નથી કે વર્તમાન પ્રકારો પહેલાના પ્રકારો કરતાં વધુ ચેપી અથવા ગંભીર છે.

એશિયાનાં અન્ય દેશોની જેમ જ ચીનમાં પણ કોવિડના કેસ સતત નોંધાઈ રહ્યા છે. ચાઇનીઝ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલના અહેવાલો દર્શાવે છે કે ઉનાળામાં પણ ત્યાં ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. એશિયાના ઘણા દેશોમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ભારત માટે પણ આગામી સમયમાં કોઇ ખતરો મંડરાય રહ્યો છે કે કેમ? જો આંકડાઓ પર નજર કરીએ તો હાલ ભારત માટે કોઇ ચિંતાની વાત નથી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સત્તાવાર ડેશબોર્ડ અનુસાર, ભારતમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ ના ફક્ત ૯૩ કેસ નોંધાયા છે. ■

# ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું અમેરિકા ભારત ટૅરિફ ડીલ ઝડપથી થશે

નવી દિલ્હી : અમેરિકા અને ચીન વચ્ચે થયેલી ટૅરિફ ડીલ બાદ હવે ભારત અમેરિકા વચ્ચે પણ ઝડપથી ટેરિફ ડીલ થવાના સંકેત મળી રહ્યા છે. જેમાં હાલમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફરી વાર એક ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં દાવો કર્યો છે કે ભારતે ઝીરો ટૅરિફની ઓફર કરી છે. જોકે, આ અંગે ભારતે કોઇ પ્રતિક્રિયા આપી નથી. ગુરુવારે પણ વિદેશ પ્રધાન એસ જયશંકરે જણાવ્યું હતું કે કોઈપણ વેપાર કરાર બંને દેશો માટે ફાયદાકારક હોવો જોઈએ. ત્યારે ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલ દાવો સાચો લાગતો નથી.

વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ હાલમાં ટૅરિફ ડીલ માટે વાટાઘાટોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે વૉશિંગ્ટનમાં છે. તેઓ યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક અને યુએસ વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે.

ટ્રમ્પે ફરી એકવાર ભારતને દુનિયામાં સૌથી વધુ ટૅરિફ લગાવતા દેશોમાંનો એક ગણાવ્યો. તેમણે કહ્યું કે તેમના કારણે વ્યવસાય કરવાનું લગભગ અશક્ય બની જાય છે. શું તમે જાણો છો કે તેઓ અમેરિકા માટે તેમના ટૅરિફમાં ૧૦૦ ટકાનો ઘટાડો કરવા તૈયાર છે? જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ભારત સાથેનો સોદો ક્યારે થશે, ત્યારે યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, તે ટૂંક સમયમાં થશે. મને કોઈ ઉતાવળ નથી.

તેમણે કહ્યું કે દક્ષિણ કોરિયા ટૅરિફ કરાર કરવા માગે છે. પરંતુ હું દરેક સાથે કરાર કરવાનો નથી. હું ફક્ત મર્યાદા નક્કી કરવા જઈ રહ્યો છું. કારણ કે હું આટલા બધા લોકોને મળી શકતો નથી. મારી પાસે ૧૫૦ દેશો છે જે કરાર કરવા માગે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં ટૅરિફ ડીલ કરવા જઈ રહ્યા છે. જોકે, ટ્રમ્પે આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમને ટૅરિફ ડીલ માટે કોઈ ઉતાવળ નથી. અમેરિકન રાષ્ટ્રપતિ વારંવાર દાવો કરી ચૂક્યા છે કે ભારત અમેરિકન માલ પરના તમામ ટૅરિફ ઘટાડવાની ઓફર કરી રહ્યું છે. ■

# પાકિસ્તાન માનવતા માટે જોખમી બની ગયું છેઃ ઓવૈસી

હૈદરાબાદઃ એઆઈએમઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસીએ શનિવારે કહ્યું હતું કે આતંકવાદને પ્રોત્સાહન આપવાનો લાંબો ઈતિહાસ ધરાવતું પાકિસ્તાન માનવતા માટે જોખમરૂપ બની ગયું છે.

ઓવૈસીએ ભારપૂર્વક કહ્યું હતું કે ભારત સરકાર દ્વારા વિશ્વના વિવિધ દેશોમાં મોકલવામાં આવનારાં સર્વપક્ષી પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય સમુદાયને આપવામાં આવેલો આ સંદેશો તેનું હાર્દ છે. સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે પાક પ્રેરિત આતંકવાદ લાંબા સમયથી નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યો હોવાનું સમગ્ર વિશ્વને જણાવવું જરૂરી છે.

પાક પ્રેરિત આતંકવાદનો ભોગ બનેલા દેશોમાં ભારત અગ્રસ્થાને છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઝિયા–ઉલ–હકના સમયથી આપણે નિર્દોષ લોકોની હત્યાનો આ તમાશો જોતા આવ્યા છીએ.

ભારત વિરુદ્ધના સંઘર્ષમાં પાકિસ્તાન પોતાને ઈસ્લામિક રાષ્ટ્ર લેખાવે છે. આ નરી બકવાસ છે.

ભારતમાં અંદાજે ૨૦ કરોડ મુસ્લિમ રહે છે તેમને આ સંદેશો પહોંચાડવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

ભારતને અસ્થિર કરવું, કોમી ભાગલા પાડવા અને ભારતને આર્થિક રીતે પ્રગતિ કરતું અટકાવવું એ પાકિસ્તાનની વણલેખી વિચારધારાનો જ હિસ્સો છે એમ જણાવતાં ઓવૈસીએ કહ્યું હતું કે પાકિસ્તાન અને તેની સેનાનો આ જ મુખ્ય ઉદ્દેશ છે.

વર્ષ ૧૯૪૭માં દેશને મળેલી સ્વતંત્રતા બાદ પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર પર આક્રમણ કરવા આદિવાસી આક્રમણખોરોને મોકલ્યા હતા તે સમયે જ ભારતે પાકિસ્તાનના આ ઈરાદાને ઓળખી લેવો જોઈતો હતો, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાન ત્યારથી જ આ તમાશો કરી રહ્યું છે. ભવિષ્યમાં પણ પાકિસ્તાન આ તમાશો કરવાનું ચાલુ જ રાખશે અને ક્યારેય નહીં અટકે, એમ તેમણે કહ્યું હતું.

જોકે પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતની ધીરજ ખૂટી ગઈ છે એમ જણાવતાં ઓવૈસીએ કહ્યું હતું કે આતંકવાદને ભંડોળ, તાલીમ અને પ્રોત્સાહન પૂરું પાડી પાકિસ્તાન માનવતા માટે જોખમરૂપ બની ગયું છે. (એજન્સી) ■

# લાસ વેગાસમાં જીમમાં ગોળીબાર, બેનાં મોત

લાસ વેગાસઃ અમેરિકાના લાસ વેગાસમાં એક જીમમાં શુક્રવારે ગોળીબારની ઘટના બની હતી. જેમાં શંકાસ્પદ હુમલાખોર સહિત બે લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી સ્થાનિક પોલીસે આપી હતી.

લાસ વેગાસ મેટ્રોપોલિટન પોલીસના અંડરશેરિફ એન્ડ્રયુ વોલ્શે જણાવ્યું કે આ ઘટના લાસ વેગાસ એથ્લેટિક ક્લબમાં ઘટી હતી. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

પોલીસ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અધિકારીઓએ શંકાસ્પદ વ્યક્તિને ગોળી મારી હતી. તે બંદૂક લઇને દરવાજાની બહાર જવા ભાગી રહ્યો હતો. પોલીસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું કે આ શંકાસ્પદનું સ્થાનિક હોસ્પિટલમાં મૃત્યુ થયું છે.

પોલીસે વધુમાં જણાવ્યું કે ત્રણ ઘાયલોને સ્થાનિક હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી એકની હાલત ગંભીર છે. વોલ્શે કહ્યું કે હવે જનતાને કોઇ ખતરો નથી.

અધિકારીઓએ તેઓ ગોળીબારનું કારણ જાણવાના પ્રયાસો કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. આ ગોળીબારની ઘટના દરમિયાન જીમમાં હાજર કલાઉડિયો વિગાની નામના એક વ્યક્તિએ કેએલએએસ-ટીવીને જણાવ્યું કે તેણે(હુમલાખોરે) કહ્યું કે બહાર નીકળો, બહાર નીકળો. પછી મેં મશીન પાસે એક વ્યક્તિને મૃત હાલતમાં પડેલો જોયો. ■

## પહેલા પાનાનું ચાલુ

### આઈએસઆઈએસના

જણાવ્યા મુજબ પુણેમાં આઈઈડી બનાવવા અને પરીક્ષણ કરવાના ૨૦૨૩ના કેસમાં બન્નેની શોધ ચલાવાઈ રહી હતી. આ કેસમાં ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સિરિયા (આઈએસઆઈએસ)ના સ્લીપર સેલ મોડ્યુલ સાથે સંકળાયેલા આઠ જણની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં એ આરોપી અદાલતી કસ્ટડીમાં છે.

દેશમાં ઈસ્લામિક શાસન લાદવાના આઈએસઆઈએસના ઇરાદાઓને પૂર્ણ કરવા માટે દેશની શાંતિ અને કોમી સંવાદિતાને નુકસાન પહોંચાડવાના ઇરાદાથી આતંકવાદી કૃત્યો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓ સાથે શેખ અને ખાન વિરુદ્ધ પણ અગાઉ કોર્ટમાં આરોપનામું દાખલ કરી દેવાયું છે. પુણેના કોંઢવામાં અબદુલ્લા ફૈયાઝ શેખે લીધેલા ભાડેના એક ઘરમાં આઈઈડી બનાવવામાં બન્ને સંડોવાયેલા હોવાનું એનઆઈએએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન શેખ અને ખાને બૉમ્બ બનાવવાની વર્કશૉપનું આયોજન કર્યું હતું અને તેમાં ભાગ પણ લીધો હતો. તે સમયે તેમણે આઈઈડી બનાવવા સાથે નિયંત્રિત વિસ્ફોટ પણ કર્યો હતો.

શેખ અને ખાન ઉપરાંત, આ કેસમાં અગાઉ મોહમ્મદ ઈમરાન ખાન, મોહમ્મદ યુનુસ સાકી, અબ્દુલ કાદીર પઠાણ, સિમાબ નસીરુદ્દીન કાઝી, ઝુલ્ફીકાર અલી બરોડાવાલા, શમિલ નાચન, અકીફ નાચન અને શાહનવાઝ આલમની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

### કેદારનાથમાં

સપાટી પર ઇમરજન્સી લેન્ડિંગ કરતી વખતે હેલિકૉપ્ટર એમ્બ્યુલન્સનો ટેલ રોટર તૂટી ગયો હતો.

ચૌબેએ વધુમાં જણાવ્યું કે આ ઘટનાની નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય(ડીજીસીએ) તપાસ કરશે. શ્રી દેવી નામના દર્દીનો જીવ બચાવવા માટે હેલિકૉપ્ટર એમ્બ્યુલન્સ એઇમ્સ હૃષીકેશથી કેદારનાથ આવી રહ્યું હતું. કેદારનાથના મુખ્ય હેલિપેડ પર ઉતરાણ કરતાં પહેલા હેલિકૉપ્ટરમાં કેટલીક ટેક્નિકલ ખામી સર્જાઇ હતી. જેની સમયસર જાણ થતાં જ પાઇલટને હેલિપેડની બરાબર પહેલા સપાટ સપાટી પર ઉતરાણ કરવાનું યોગ્ય જણાયું હતું. જો કે લેન્ડિંગ દરમિયાન હેલિકૉપ્ટરનું ટેલ રોટર તૂટી ગયું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

### પાકિસ્તાન માટે

હાઈ કમિશનના કર્મચારી એહસાન-ઉર-રહીમ ઉર્ફે દાનિશ સાથે થઇ હતી.

દાનિશના માધ્યમથી જ્યોતિનો પરિચય પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના અન્ય એજન્ટો સાથે થયો હતો. જેમાં અલી અહસાન અને શાકિર ઉર્ફે રાણા શહબાઝનો સમાવેશ થાય છે. જ્યોતિએ પોતાના ફોનમાં તેમનું નામ 'જટ્ટ રંધાવા' તરીકે સેવ કર્યું હતું

ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલી માહિતી મુજબ પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓને મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી, જેના આધારે ધરપકડ કરાયેલા છ લોકોમાં જ્યોતિનો પણ સમાવેશ થાય છે. જ્યોતિનો પરિચય દાનિશ અને તેના સહયોગી અલી અહસાનના માધ્યમથી પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ સાથે થયો હતો.જેમણે જ્યોતિની પાકિસ્તાનમાં મુસાફરી અને રહેવાની વ્યવસ્થા કરી હતી. જ્યોતિએ પાકિસ્તાની ગુપ્તચર અધિકારી સાથે ગાઢ સંબંધો બનાવ્યા અને તાજેતરમાં તેની સાથે ઇન્ડોનેશિયા બાલી પણ ગઇ હતી.

જ્યોતિએ ભારતીય સ્થળો સંબંધિત સંવેદનશીલ માહિતી શેર કરી હોવાનો આરોપ છે. દિલ્હીમાં રોકાણ દરમિયાન તે પીએચસી હેન્ડલર દાનિશના સંપર્કમાં હતી. આ મામલે લેખિત કબૂલાત નોંધવામાં આવી છે અને કેસ નોંધવામાં આવ્યો છે. ■

### અમેરિકામાં

લોકોને શોધી કાઢવાની કાર્યવાહી આરંભી હતી.

વાવાઝોડાં અને ટાર્નેડોની મિસૂરી, વિસ્કૉન્સિન, ગ્રૅટ લેક સહિતના વિસ્તારમાં અસર જોવા મળી હતી. અનેક ઈમારતો પરના છાપરાં ઊડી ગયાં હતાં, બારીઓ તૂટી ગઈ હતી, અનેક ઝાડ ઉખડી ગયાં હતાં અને વીજપુરવઠો ખંડિત થઈ ગયો હતો.

અનેક વિસ્તારમાં કટોકટી જાહેર કરી રાત્રી કરફ્યુ લાદી દેવામાં આવ્યો હતો. ટેક્સાસમાં હિટવૅવને કારણે લોકોની પરેશાનીમાં વધારો થયો હતો. હિટવૅવને પગલે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. (એજન્સી) ■

### પાકિસ્તાનના

વિસ્તારોમાં ભારે નુકસાન સહન કરવું પડ્યું અને પાકિસ્તાન વાયુસેનાની ક્ષમતામાં ઘણો ઘટાડો થયો. પાકિસ્તાન પોતાના મોટાભાગનાં હથિયારો નૂરખાન એરબેઝમાં રાખે છે અને હુમલા પછી પાકિસ્તાની સેનાના ઘણા મહત્ત્વપૂર્ણ ફાઇટર જેટ ઊડી શક્યાં નહીં. આ કારણોસર પાકિસ્તાને યુદ્ધવિરામની અપીલ કરી હતી. ■

### ગુજરાતમાં

વરસાદની ખેંચ પડશે. જેના કારણે પાક ૧૦૦ ટકા નહીં પરંતુ ૭૦ થી ૮૦ ટકા જ થશે. તમામ આગાહીકારો એક બાબતે સંમત થયા હતા કે, વરસાદ વધુ પડશે પરંતુ તોફાની પડશે જેના કારણે પાકને નુકસાન જરૂર થશે. આ ઉપરાંત બે તોફાન પણ આવે તેવી શક્યતા છે. ઓગસ્ટની આસપાસનાં દિવસોમાં વરસાદની ખેંચ પડી જાય તેવી પણ શક્યતા છે. ઓક્ટોબરમાં ચોમાસુ વિદાય લેશે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટિયાએ જણાવ્યું હતું કે, આગાહીકારોના પરંપરાગત મંતવ્યો અને હવામાન વિભાગના આધુનિક સેટેલાઈટ ડેટા મુજબ આ વર્ષે ચોમાસું 'પ્લસ' રહેશે. હવામાન વિભાગે ૧૦૪ ટકા વરસાદની આગાહી કરી છે. કૃષિ યુનિવર્સિટીની અંદર થઈ રહેલી દિશાસૂચક ચર્ચાઓ પણ એ જ બતાવે છે કે વર્ષ ૨૦૨૫ 'સોળઆની' ચોમાસાનું સાબિત થશે. ■

### ૧૩ કોર્પોરેટરે

આપનારા ૧૩ કોર્પોરેટરોમાં મુકેશ ગોયલ, હિમાની જૈન, દેવેન્દ્ર કુમાર, રાજેશ કુમાર લાડી, સુમન અનિલ રાણા અને દિનેશ ભારદ્વાજનો સમાવેશ થાય છે. આ સાથે જ નવી પાર્ટીની જાહેરાત કરવામાં આવી છે અને તે અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, અમે તમામ કોર્પોરેટરો મુકેશ ગોયલને અમારા પક્ષના નેતા તરીકે સ્વીકારીએ છીએ. તેમણે જણાવ્યું હતું કે આજે હેમચંદ ગોયલજીના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી, જેમાં ૧૩ કોર્પોરેટરોએ મુકેશ ગોયલજીને ઇન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટીના નેતા તરીકે પસંદ કર્યા હતા.

રાજીનામું આપનારા કોર્પોરેટર હિમાની જૈને રાજીનામાં અંગે વાત કરતાં કહ્યું કે, અમે ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટી નામની નવી પાર્ટી બનાવી છે. અમે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. છેલ્લા અઢી વર્ષમાં કોર્પોરેશનમાં થવું જોઈએ તેવું કોઈ કામ થયું નથી. અમે સત્તામાં હતા, તેમ છતાં અમે કંઈ કર્યું નથી. અમે નવી પાર્ટી બનાવી છે કારણ કે અમારી વિચારધારા દિલ્હીના વિકાસ માટે કામ કરવાની છે. અમે એ પાર્ટીને સમર્થન આપીશું જે દિલ્હીના વિકાસ માટે કામ કરશે. અત્યાર સુધીમાં ૧૫ કોર્પોરેટરોએ રાજીનામું આપી દીધું છે અને અન્ય પણ સામેલ થઈ શકે છે. ■

## ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક



જગજીવનદાસ કંપની વાળા શ્રી ઈશ્વરલાલ મહુવાકરના ધર્મપત્ની તથા શ્રી રામજીભાઈ જવેરભાઈ મહેતાના સુપુત્રી

**શ્રીમતી મીનાક્ષીબેન (જયાબહેન)**

તાઃ ૧૭.૦૫.૨૦૨૫ શનિવાર ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે જયેશભાઇ, મયુરભાઈ, રાકેશભાઈના માતુશ્રી. મનીષાબેન, શીતલબેન, બેલાબેનના સાસુજી. સૌમ્યા, ભવ્યા, મીત, શુભના દાદી. બન્ને પક્ષ તરફથી લૌકિક વહેવાર બંધ છે.

# ₹૭૬૪ કરોડની છેતરપિંડીનો કેસઃ ઇડીએ ₹૮૧.૮૮ કરોડની સંપત્તિને ટાંચ મારી

મુંબઈ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ વિંધ્યવાસિની ગ્રુપના પ્રમોટર્સ વિજય ગુપ્તા અને અજય ગુપ્તા અને તેમના સહયોગીઓ સામે કથિત બેંક ફ્રોડ કેસના મની લોન્ડરિંગના તપાસના ભાગરૂપે રૂ. ૮૧.૮૮ કરોડની કામચલાઉ અને સ્થાવર સંપત્તિઓ પર ટાંચ મારી હતી. ઇડી સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે રૂ. ૭૬૪.૪૪ કરોડની છેતરપિંડી કરી હતી.

સીબીઆઇની તપાસમાં બહાર આવ્યું છે કે વિજય અને અજયે અમુક બેંક અધિકારીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, લોન કન્સલ્ટન્ટ્સ અને અન્ય સહ-ષડયંત્રકારો સાથે મળીને સીબીઆઇ પાસેથી વિંધ્યવાસિની ગ્રૂપ ઓફ કંપનીઝની વિવિધ કંપનીઓના નામે બનાવટી દસ્તાવેજોના આધારે વિવિધ લોન અને ક્રેડિટ સુવિધાઓ મેળવી હતી, જેનો ઉપયોગ વ્યક્તિગત લાભ અને અન્ય અનધિકૃત હેતુઓ માટે કરવામાં આવ્યો હતો.

ઇડીની તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી પ્રમોટરોએ સીબીઆઇ સાથે રૂ. ૭૬૪.૪૪ કરોડની છેતરપિંડી કરી હતી. એવા પણ આરોપ મૂકવામાં આવ્યા હતા કે તેમણે આ ભંડોળમાંથી રૂ. ૪૨ કરોડ રોકડા ઉપાડ્યા હતા અને લોનની રકમનો ઉપયોગ તેમના નામે, તેમના પરિવારના સભ્યોના નામે સ્થાવર મિલકતો અને બેનામી સંપત્તિઓ ખરીદવા માટે કર્યો હતો. ઉપરાંત, સિલવાસા અને મહારાષ્ટ્ર મિલ્સની ખરીદી માટે વિવિધ કંપનીઓના નામે ટર્મ લોન અને કેશ ક્રેડિટ સુવિધાઓ લેવામાં આવી હતી અને રાજપૂત રિટેલ લિમિટેડ નામની કંપનીના નામે મોલના બાંધકામ અને કમર્શિયલ બિલ્ડિંગ ખરીદવા માટે લોન લેવામાં આવી હતી. લોનની રકમ મેળવવા માટે નકલી અને મોટાપાયે કરાયેલા કરારો દર્શાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, વિજયની ૨૬ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ■

# વિલે પાર્લેના જૈન દેરાસર પર કામચલાઉ શેડ બાંધવાની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના દ્વારા ગયા મહિનામાં આંશિક રીતે તોડી પાડવામાં આવેલા વિલે પાર્લે (પૂર્વ)ના જૈન મંદિર પર કામચલાઉ શેડ બાંધવાની મંજૂરી મલી ગઈ છે. તેથી રવિવારથી દેરાસરના બાકી રહેલા બાંધકામ પર ટ્રસ્ટ દ્વારા શેડ બાંધવાનું કામ ચાલુ કરવામાં આવશે.

શ્રી ૧૦૦૮ દિગંબર જૈન મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ દેરાસરને અનધિકૃત જાહેર કરીને પાલિકાએ ૧૫ એપ્રિલના તેને આંશિક રીતે તોડી પાડતા તેની સામે મુંબઈ સહિત દેશભરના જૈનોમાં આક્રોશ જાગ્યો હતો. તેની સામે કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે અને આગામી ૨૦ જૂનના આ કેસમાં આગળની સુનાવણી થવાની છે. આ દરમ્યાન ચોમાસું નજીક હોવાથી પાલિકા દ્વારા તોડી પાડવામાં આવેલા દેરાસરના બાંધકામ ઉપર શેડ બાંધવાની મંજૂરી ટ્રસ્ટ દ્વારા કોર્ટ સમક્ષ માગવામાં આવી હતી. કોર્ટે ટ્રસ્ટને આ બાબતે પાલિકા પાસેથી મંજૂરી માગવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટના નિર્દેશ બાદ ટ્રસ્ટ દ્વારા પાલિકાના કે-પૂર્વ વોર્ડમાં કામચલાઉ શેડ બાંધવા માટે મંજૂરી માગતી અરજી કરવામાં આવી હતી, જે પાલિકા દ્વારા મંજૂર કરવામાં આવી છે. તેથી રવિવાર, ૧૮ મેથી દેરાસરના બાકી રહેલા બાંધકામ પર કામચલાઉ શેડ બાંધવામાં આવશે એવું દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે જણાવ્યું હતું. ■

# મઢમાં અનધિકૃત બાંધકામ માટે મિથુન ચક્રવર્તીને સુધરાઈની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ:બોલિવૂડ અભિનેતા અને ભાજપ નેતા મિથુન ચક્રવર્તીને મલાડના મઢ વિસ્તારના એરાંગલ ગામમાં સ્થિત એક પ્લોટ પર અનધિકૃત બાંધકામ કરવા માટે મુંબઈ મહાનગર પાલિકા એ કારણદર્શક નોટિસ ફટકારી હતી.

એક અહેવાલ મુજબ શનિવારે, અભિનેતાએ આરોપોને નકારી કાઢ્યા હતાં અને તેણે કોઈ અનધિકૃત બાંધકામ કર્યું ના હોવાનો દાવો કર્યો હતો.

નોટિસને લઈને પાલિકાને તેઓ જવાબ મોકલશે એવું પણ અભિનેતાએ કહ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

પાલિકાએ ૧૦ મેના રોજ બહાર પાડેલી નોટિસમાં અભિનેતાને ફેરફારો માટે પૂરતું કારણ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, નહીં તો બાંધકામો તેમના પોતાના જોખમે તોડી પાડવામાં આવશે એવી પાલિકાએ કાર્યવાહીની ચેતવણી પણ આપી છે.

પાલિકાના અધિકારી ના જણાવ્યા મુજબ, પ્લોટ પર આ બાંધકામો અધિકારીની પરવાનગી લીધા વિના બાંધવામાં કરવામાં આવ્યા હતા, જેના કારણે તેમને કારણદર્શક નોટિસ જારી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ■

# પિંપરી-ચિંચવડમાં પાલિકાએ નદી કિનારે આવેલા ૩૬ ગેરકાયદેસર બંગલા તોડી પાડ્યા

પુણેઃ પુણે જિલ્લાના પિંપરી ચિંચવડમાં પાલિકાએ શનિવારે ઇન્દ્રાયણી નદીના કિનારે ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ૩૬ બંગલાઓ તોડી પાડવાનું શરૂ કર્યું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન (પીસીએમસી) ના અધિકારીઓ અને કર્મચારીઓ સવારે ચીખલી ગામમાં સ્થળ પર પહોંચ્યા હતા.

મ્યુનિસિપલ કમિશનર શેખર સિંહે જણાવ્યું હતું કે ચોમાસાની ઋતુ દરમિયાન ડિમોલિશન ઝુંબેશ ચલાવી શકાતી નથી, તેથી પાલિકાએ બંગલા તોડી પાડવાનું શરૂ કરી દીધું છે.

તેમણે કહ્યું, જમીન અને બંગલાના માલિકોએ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) દ્વારા આપવામાં આવેલા આદેશ સામે ફરીથી સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે, તેણે ચોથી મેના રોજ તેમની અરજીનો નિકાલ કર્યો અને પીસીએમસીને આ બાંધકામો તોડી પાડવાના આદેશનો અમલ કરવાનો નિર્દેશ આપ્યો.

સ્થાનિક પર્યાવરણ કાર્યકર્તા તાનાજી ગંભીરેએ રિવર વિલા પ્રોજેક્ટ સામે એનજીટીમાં અરજી કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે બંગલા બ્લુ લાઇનની અંદર બનાવવામાં આવ્યા હતા, જે નદી કિનારાને અડીને આવેલો વિસ્તાર છે જ્યાં વિકાસ પ્રવૃત્તિઓને મંજૂરી નથી.



મેસર્સ જારે વર્લ્ડ અને મેસર્સ વી સ્ક્વેરનો પ્રોજેક્ટ ચીખલી ગામમાં છે.

પહેલી જુલાઈ, ૨૦૨૪ ના રોજ, એનજીટીએ પીસીએમસીને ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા અને બંગલા માલિકો અને અન્ય સંકળાયેલા પક્ષો પાસેથી પર્યાવરણીય નુકસાન વળતર તરીકે પાંચ કરોડ રૂપિયા વસૂલવાનો આદેશ આપ્યો.

મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે નાગરિક સંસ્થા ટૂંક સમયમાં પર્યાવરણીય નુકસાન વળતર તરીકે બંગલાના માલિકો પાસેથી ૫ કરોડ રૂપિયા પણ વસૂલશે. ■

# મુંબઈ એરપોર્ટ પર તુર્કીની સેલેબીને સ્થાને ભારતીય કંપનીની નિમણૂક

મુંબઈ: અદાણી ગ્રુપની આગેવાની હેઠળની મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઇએએલ) એ તુર્કીની કંપની સેલેબી એનએએસ એરપોર્ટ સર્વિસીસ સાથેના કરારને સમાપ્ત કર્યા પછી, એરલાઇન્સને કામચલાઉ ધોરણે ગ્રાઉન્ડ-હેન્ડલિંગ સેવાઓ પૂરી પાડવા માટે કોલકાતા સ્થિત કંપની ઇન્ડો થાઈ એરપોર્ટ સર્વિસીસની નિમણૂક કરી છે.

એમઆઇએએલના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઇન્ડો થાઈ, આગામી ત્રણ મહિના માટે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વચગાળાના ગ્રાઉન્ડ હેન્ડલિંગ સેવા પ્રદાતા રહેશે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓને ટાંકીને સેલેબી એનએએસની સુરક્ષા મંજૂરી તાત્કાલિક અસરથી રદ કર્યાના એક દિવસ પછી આ નિર્ણય લેવાયો છે. સેલેબીનો કરાર સમાપ્ત થયા પછી, એમઆઇએએલ એ તમામ અસરગ્રસ્ત એરલાઇન્સ સાથે બેઠક યોજી હતી અને પછી ભારતીય કંપની, ઇન્ડો થાઈ એરપોર્ટ સર્વિસીસને નવા ગ્રાઉન્ડ-હેન્ડલિંગ પાર્ટનર ન મળે ત્યાં સુધી કામચલાઉ ધોરણે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો હતો.

રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે જણાવ્યું હતું કે, ભારત વિરોધી લાગણીઓને ટેકો આપતી કોઈપણ વિદેશી કંપનીનું મહારાષ્ટ્રમાં કોઈ સ્થાન નથી અને તેણે તાત્કાલિક દેશ છોડી દેવો જોઈએ. ■

## સેલેબીની હાઇ કોર્ટમાં ધા

રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર તુર્કી કંપની સેલેબીની ગ્રાઉન્ડ હેન્ડલિંગ સેવાઓને સસ્પેન્ડ કરવા સામે સેલેબીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. સેલેબી છેલ્લા ૧૫ વર્ષથી ભારતમાં હવાઈ સેવાઓમાં કાર્યરત છે અને દેશના નવ એરપોર્ટ પર સેવા આપે છે. સેલેબીએ ભારતમાં ૧૦,૦૦૦ લોકોને રોજગારી આપી છે. ભારતમાં કામ કરતી વખતે સેલેબી એવિએશન ઇન્ડિયાએ ભારતીય ઉડ્ડયન નિયમોનું પાલન કર્યું હોવાનો દાવો કર્યો છે. ■

**ઓપરેશન સિંદૂર વિરુદ્ધ પોસ્ટ**

# સસ્પેન્ડ કરાયેલી કાયદાની વિદ્યાર્થિનીને તાત્કાલિક રાહત નહીં

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે ઓપરેશન સિંદૂર વિરુદ્ધ સોશિયલ મીડિયા પોસ્ટ લખવા બદલ તેની કોલેજ દ્વારા સસ્પેન્ડ કરાયેલી કાયદાની વિદ્યાર્થિનીને તાત્કાલિક રાહત આપવાનો ઇનકાર કર્યો હતો.

કોર્ટ જણાવ્યું હતું કે પ્રથમદર્શી સિમ્બાયોસિસ લો સ્કૂલ દ્વારા કાર્યવાહી દંડાત્મક લાગતી નથી, પરંતુ તે વહીવટી પ્રકૃતિની હતી.

આ મહિલા, જે અંતિમ વર્ષની વિદ્યાર્થીની છે, તેની પૂછપરછ કરવામાં આવી હતી, જોકે તેની ધરપકડ કરવામાં આવી ન હતી, તે સ્વતંત્ર પત્રકાર અને ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ એસોસિએશન, કેરળના સભ્ય રાજસ માડેપદ્દી ઉર્ફે સિદ્દિકની સાથે મળી આવી હતી. પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવા માટે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી અંગે ટીકાત્મક પોસ્ટ કરવા બદલ સિદ્દિકની ૭ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ■

# દેવું ન ચૂકવનારા પિતાના સગીર પુત્રનું અપહરણ કરી ૧૨ લાખની માગણીઃ બે પકડાયા

થાણેઃ દેવું ચૂકવી ન શકનારા શખસના ૧૫ વર્ષના પુત્રનું કથિત અપહરણ કરી ૧૨ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હોવાની ઘટના નવી મુંબઈમાં બની હતી. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં રબાળે વિસ્તારમાંથી સગીરને છોડાવી બે જણની ધરપકડ કરી હતી.

કોપરખૈરાણે પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રાજ ઉદય ભાલેરાવ (૩૨) અને યશ સતીશ ગરુડ (૨૬) તરીકે થઈ હતી. આરોપીઓના બે સાથી ફરાર હોવાથી પોલીસ તેમની શોધ ચલાવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૧૪ મેની રાતે બની હતી. આરોપીઓ ફરિયાદીના ઘણસોલી વિસ્તારમાં આવેલા ઘરમાં ઘૂસ્યા હતા. આરોપીઓમાંથી એક પાસેથી ફરિયાદીએ ચાર લાખ રૂપિયાનું કરજ લીધું હતું, જે તે ચૂકવી શક્યો નહોતો. આરોપીઓએ ફરિયાદી સાથે ઝઘડો કરી તેના પુત્રનું કથિત અપહરણ કર્યું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૧૫ વર્ષના સગીરની મારપીટ કરી તેને કારમાં લઈ જવાયો હતો. બાદમાં પુત્ર હેમખેમ જોઈતો હોય તો ૧૨ લાખ રૂપિયા ચૂકવવાની ધમકી આરોપીએ આપી હતી, એવું કોપરખૈરાણે પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે સગીરના પિતાની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# તેજસ્વી તારલાઓને અભિનંદન

## દસમા ધોરણના વિદ્યાર્થીઓ



વનેસા સમીર ઠક્કર ૯૬.૮ ટકા



ભટ્ટ ક્રિશા ધવલ ૮૨.૪૦ ટકા



ભૂમિલ ચિરાગ ધરમશી ૯૫ ટકા



દક્ષ શાહ ૮૬.૮૦ ટકા



ધ્રિસિત મહેતા ૯૮ ટકા



ફલક મૌલિક શેઠ ૯૦ ટકા



જયના વિક્રાંત કપાસી ૯૬.૬૦ ટકા



જિયાન ધર્મેન્દ્ર શાહ ૯૧ ટકા



કનિષ્કા જિતેન નાગડા ૮૫.૬૦ ટકા



કાવ્યા કપિલ ધનાની ૯૨.૨૦ ટકા



કોઠારી નિવ ધવલ ૯૫.૪૦ ટકા



ક્રિષ્ના મણીલાલ શાહ ૯૩ ટકા




મનુશ્રી કિન્નર દરજી ૯૫.૨૦ ટકા



મિત ઘીયા એચ. ૯૫.૨૦ ટકા



મોરબીયા પૂજા બિપીન ૯૨.૪૦ ટકા



નમન નિલેશ ૮૭ ટકા



નમરા નિલેશ ભાનુશાલી ૮૪ ટકા



નીર નિલેશ ભાનુશાલી ૮૪.૪૦ ટકા



નિયતિ ફુરિયા ૮૭ ટકા




નિયતિ પરેશ મહેતા ૮૪.૪૦ ટકા



પ્રહાન પ્રતીક સંઘવી ૯૫.૨ ટકા



પ્રશમ નિહાર ગાંધી ૯૫.૬ ટકા



રાજ બિપીન પસાદ ૯૯.૪૦ ટકા



રોનક મેહુલ વસાની ૯૫.૪૦ ટકા

મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.

ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com

વૉટ્સઍપ : 7045430579



















મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હેરિટેજ ઈમારતોના નીચેથી પસાર થતી મેટ્રો-૧૧ માટે જમીન ચકાસણીનું કામ શરૂ

## સીએસએમટીના બદલે રિગલ સિનેમા સુધી પ્રકલ્પ લંબાવાયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈની ભીડભાડવાળી શેરીઓ અને ઐતિહાસિક ઇમારતોની નીચે મેટ્રો દોડવાની છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે વડાલાથી રિગલ સિનેમા (એસપી મુખર્જી ચોક) સુધીના પ્રસ્તાવિત મેટ્રો લાઇન-૧૧ માટે જિયો ટેક્નિકલ તપાસનું કામ શરૂ કર્યું છે. આ ૧૭.૫૧ કિમી લાંબો કોરિડોર સંપૂર્ણપણે અન્ડરગ્રાઉન્ડ હશે, જે મુંબઈની ત્રીજી સંપૂર્ણપણે અન્ડરગ્રાઉન્ડ મેટ્રો લાઇન હશે. આ પ્રોજેક્ટનો પાયો મજબૂત કરવા માટે લગભગ ૭૦ બોરહોલની યોજના બનાવવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૯ બોરહોલ પૂર્ણ થઈ ગયા છે. દરેક બોરહોલ ૩૫ મીટરની ઊંડાઈ સુધી ખોદવામાં આવી રહ્યો છે. આ કાર્ય માટે આઠ ડ્રિલિંગ રિંગ તહેનાત કરવામાં આવ્યા છે. ભૂ-તકનીકી તપાસ એન્જિનિયરોને જમીન અને ખડકોનું પરીક્ષણ કરીને જમીનની પ્રકૃતિ, પાણીનું સ્તર અને જમીનની સ્થિરતા વિશે માહિતી મળશે, જે ટનલ અને સ્ટેશન બાંધકામ માટે તકનીકી વ્યૂહરચના નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પહેલા આ લાઇન વડાલાથી સીએસએમટી સુધી પ્રસ્તાવિત હતી, પરંતુ હવે તેને એસપી મુખર્જી ચોક સુધી લંબાવવામાં આવી છે. આ માર્ગ ભાયખલા, ભીંડી બજાર, ક્રોફર્ડ માર્કેટ અને ફોર્ટ જેવા વિસ્તારોમાંથી પસાર થશે. નવી રૂટ યોજના ભીંડી બજાર, ક્રોફર્ડ માર્કેટ અને ગેટવે ઓફ ઈન્ડિયા જેવા પર્યટન સ્થળોને વધુ સારી મેટ્રો કનેક્ટિવિટી પ્રદાન કરશે. આનાથી આ વિસ્તારોમાં બસો અને ટેક્સીઓ પરની નિર્ભરતા ઓછી થશે અને રસ્તાઓ પર ટ્રાફિકનું દબાણ પણ ઘટશે.

મેટ્રો-૧૧નો અંદાજિત ખર્ચ ૧૬,૦૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે અને તેમાં કુલ ૧૫ ભૂગર્ભ સ્ટેશન હશે. ■

# મહારાષ્ટ્ર સરકારે દરિયાઈ માળખાકીય સુવિધાઓ વિકસાવવા જહાજ નિર્માણ નીતિને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યના દરિયાઈ માળખાગત સુવિધાઓ વિકસાવવા અને જહાજ સમારકામ અને રિસાયક્લિંગ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે જહાજ નિર્માણ નીતિને મંજૂરી આપી છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર શિપબિલ્ડીંગ, જહાજ સમારકામ અને જહાજ રિસાયક્લિંગ સુવિધા વિકાસ નીતિ ૨૦૨૫ને ગઈ કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી અને શુક્રવારે એક સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

આ નિર્ણયથી જહાજ બાંધકામ, સમારકામ અને રિસાયક્લિંગ ઉદ્યોગોને વેગ મળશે અને નવા પ્રોજેક્ટ્સ આકર્ષિત થશે તેવી અપેક્ષા છે.

આ પગલાથી કેન્દ્ર સરકારને મૂલ્યવાન વિદેશી હૂંડિયામણ કમાવામાં પણ મદદ મળશે.

આર્થિક અને ઔદ્યોગિક વિકાસને આગળ ધપાવવામાં દરિયાઈ ક્ષેત્રના મહત્વને ઓળખીને રાજ્યે આ ક્ષેત્રમાં પાયાની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની જરૂરિયાત ઓળખી કાઢી છે.

જ્યારે સરકાર પાસે રાજ્યના દરિયાકાંઠે નાના બંદરોનું નિયમન અને વિકાસ કરવા માટે મહારાષ્ટ્ર દરિયાઈ વિકાસ નીતિ ૨૦૨૩ છે, ત્યારે નવી નીતિમાં હવે ખાસ કરીને જહાજ બાંધકામ, સમારકામ અને રિસાયક્લિંગ માટેની જોગવાઈઓ રાખવામાં આવી છે. ભારતના પશ્ચિમ કિનારા પર મહારાષ્ટ્રનું વ્યૂહાત્મક સ્થાન નવા જહાજોના બાંધકામ, હાલના જહાજોની જાળવણી અને ડિકમિશન થયેલા જહાજોના સંગઠિત રિસાયક્લિંગ માટેની નોંધપાત્ર તકો રજૂ કરે છે.

જીઆરમાં જણાવ્યા મુજબ રાજ્યનો ઉદ્દેશ જરૂરી માળખાગત સુવિધાઓના નિર્માણમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

આ પહેલ રોજગારની નવી તકો ઊભી કરવામાં પણ મદદ કરશે, કારણ કે વિવિધ સ્તરે કુશળ કાર્યબળ વિકસાવવા, કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધારવા અને બંદર ક્ષેત્રમાં રોકાણ આકર્ષવાની જરૂર છે.

કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી કાર્યક્રમો મેરીટાઇમ ઇન્ડિયા વિઝન ૨૦૩૦ અને મેરીટાઇમ અમૃત કાલ વિઝન ૨૦૪૭માં જહાજના બાંધકામ, સમારકામ અને રિસાયક્લિંગ માટેના લક્ષ્યો દર્શાવેલ છે, જેમાં મહારાષ્ટ્ર રાષ્ટ્રીય પ્રયાસના એક તૃતીયાંશ હિસ્સાને લક્ષ્ય બનાવે છે.

આ હાંસલ કરવા માટે, રાજ્ય નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, નોકરીઓનું સર્જન કરવા, સંશોધન અને વિકાસમાં રોકાણો દ્વારા નવીનતાને પ્રોત્સાહન આપવા અને સહયોગને સક્ષમ બનાવવાનો છે.

નવી નીતિમાં ત્રણ વિકાસ મોડેલોની રૂપરેખા આપવામાં આવી છે, જેમાં મેરીટાઇમ શિપયાર્ડ ક્લસ્ટરનો સમાવેશ થાય છે, જે હેઠળ ઉદ્યોગ વૃદ્ધિ અને કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે શિપયાર્ડના ક્લસ્ટર બનાવવામાં આવશે, વ્યક્તિગત શિપયાર્ડને સંચાલન અને વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરવા માટે એકલ શિપયાર્ડ બનાવવામાં આવશે અને બંદરો પર શિપયાર્ડ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવશે.

ત્રણેય મૉડેલો હેઠળ ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે. ■

# ઘરમાં ડ્રગ્સ બનાવતી નાઈજીરિયન મહિલાની ધરપકડઃ ૫.૬ કરોડ રૂપિયાનું એમડી જપ્ત

પાલઘરઃ નાલાસોપારાના ઘરમાં જ ઉપકરણો વસાવી ડ્રગ્સ બનાવતી નાઈજીરિયન મહિલાની ધરપકડ કરી પોલીસે ૫.૬ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ મળેલી માહિતીને આધારે નાલાસોપારાના પ્રગતિ નગર વિસ્તારમાં આવેલા એક ઘર પર દરોડો પાડવામાં આવ્યો હતો. સર્ચ દરમિયાન મહિલા રીટા ફાતી કુરેબેવાઈ (૨૬) ઘરમાં જ પ્રતિબંધિત નશીલા પદાર્થનું ઉત્પાદન કરતી હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપી રીટાએ એમડી બનાવવાની જાણે ફૅક્ટરી શરૂ કરી હતી. ઘરમાંથી એમડી અને ડ્રગ્સ બનાવવાની સાધનસામગ્રી તેમ જ કાચો માલ જપ્ત કરવામાં આવ્યો હતો. અંદાજે ૫.૬ કરોડ રૂપિયાનું એમડી મળ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ચાર વર્ષની બાળકીનું અપહરણ અને વિનયભંગઃ યુવકની ધરપકડ

થાણેઃ નવી મુંબઈના હાઉસિંગ કોમ્પ્લેક્સમાં ચાર વર્ષની બાળકીના કથિત અપહરણ અને વિનયભંગના કેસમાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ૧૯ વર્ષના આરોપીએ વાશીના કોમ્પ્લેક્સમાંથી બાળકીનું કથિત અપહરણ કર્યું હતું, પરંતુ રહેવાસીઓએ તેને પકડી પાડ્યો હતો.

ગુરુવારે રાતે આઠ વાગ્યાની આસપાસ ઘર નજીક રમતી હતી ત્યારે આરોપીએ તેનો વિનયભંગ કરી અપહરણ કર્યું હતું.

સતર્ક રહેવાસીઓએ બૂમાબૂમ કરી તેને પકડી પાડ્યો હતો.

આરોપીને પોલીસના તાબામાં સોંપાતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

## કેન્દ્રીય બજેટમાં

ફાળવવામાં આવેલા ૧૭૭૭ કરોડ રૂપિયાના બજેટ ગ્રાન્ટમાં એમયુટીપી-ટુ માટે ૧૦૦ કરોડ રૂપિયા, એમયુટીપી-થ્રી માટે ૮૦૦ કરોડ રૂપિયા અને એમયુટીપી-થ્રીએ માટે ૮૭૭ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર સરકાર સમાન રકમનું યોગદાન આપશે, જેનાથી ભીડ ઓછી કરવા, કનેક્ટિવિટી સુધારવા અને મુસાફરોની સુવિધા વધારવાના હેતુથી મહત્વપૂર્ણ એમયુટીપી પ્રોજેક્ટ્સની પ્રગતિને વેગ મળશે,' એમ એમઆરવીસના પ્રકાશનમાં જણાવાયું છે.

આ પ્રકાશનમાં નિર્દેશ કરવામાં આવ્યો હતો કે ગયા નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) માં પણ ભંડોળની કોઈ મર્યાદા નહોતી, જેનાથી એમયુટીપીના કામો અવરોધ વિના ચાલુ રહે તે સુનિશ્ચિત થયું.

વધુમાં, જેમ જેમ કામ આગળ વધે છે, તેમ તેમ નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન સુધારેલા ગ્રાન્ટમાં વધારાના ભંડોળ ફાળવવામાં આવે છે, જો જરૂરી હોય તો, સરળ અમલીકરણ સુનિશ્ચિત કરે છે, તેમાં ઉમેર્યું.

આ મજબૂત નાણાકીય સહાય સાથે, નવા કોરિડોર, સ્ટેશન અપગ્રેડ અને સુધારેલ રેલ માળખા સહિત મુખ્ય એમયુટીપી પ્રોજેક્ટ્સ સારી રીતે પ્રગતિ કરી રહ્યા છે, જે મુંબઈના મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ ઉપનગરીય રેલ્વે નેટવર્કની નજીક લાવે છે,'' એમ પ્રકાશનમાં જણાવાયું છે. ■

## ચાર ડાયમંડ

હીરા બતાવ્યા છે અને ટૂંક સમયમાં જ સોદો પૂર્ણ થશે. જોકે પછી તેણે પોતાનો મોબાઈલ સ્વિચ ઑફ કરી નાખ્યો હતો. પટેલનો સંપર્ક ન થતાં ગોધાણીએ ભારત ડાયમંડ બુર્સમાં તપાસ કરતાં પટેલે અન્ય ત્રણ કંપની પાસેથી પણ હીરા લઈને નાણાં ચૂકવ્યાં ન હોવાનું જાણવા મળ્યું હતું.

બીકેસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૨૮ માર્ચથી ૨૫ એપ્રિલ દરમિયાન ચિરાગ પટેલે વિશ્વાસ સંપાદન કરીને ચાર હીરાવેપારી પાસેથી ૫.૧૩ કરોડ રૂપિયાના હીરા લીધા હતા. આ પ્રકરણે પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૫) અને ૩૧૮(૪) હેઠળ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી. ■

## અફઝલ ગુરુની

પર પડી હતી. તેણે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓને આ બાબતે જાણ કરી હતી.

મેસેજમાં દાવો કરાયો હતો કે આરડીએક્સનો ઉપયોગ કરી ઈમ્પ્રૂવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસીસ (આઈઈડી)થી ઍરપોર્ટ અને તાજ હોટેલમાં સાત ધડાકા કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું છે. 'ધાર્મિક મિશન' અને અફઝલ ગુરુને ફાંસી તેમ જ સાવક્કુ શંકર તરીકે ઓળખાતા એસ. શંકરનો બદલો લેવાના ભાગ રૂપે સ્થાનિક સંસાધનોની મદદથી આ ધડાકા કરવામાં આવશે, એવું મેઈલમાં જણાવાયું હતું.

દરમિયાન ઈ-મેઈલ મળતાં જ બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ)ને જાણ કરાઈ હતી. સાંજે ૬.૩૦થી ૭.૩૦ વાગ્યા દરમિયાન બીડીડીએસની ટીમે ઍરપોર્ટ ટર્મિનલ, ડિપાર્ચર ગેટ એક અને બે, અરાઈવલ ગેટ, ટૅક્સી સ્ટેન્ડ, એટીસી ટાવર અને હોટેલ તાજમાં તપાસ કરી હતી. સઘન તપાસ બાદ પણ કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી.

લોકોમાં ભય ફેલાવવાને ઇરાદે આ મેઈલ મોકલવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જણાયું હતું. આ પ્રકરણે ઍરપોર્ટ પોલીસે મેઈલ મોકલનારી અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મેઈલને ગંભીરતાથી લઈને આ પ્રકરણની તપાસને પ્રાથમિકતા આપવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

## મુંબઈ-અમદાવાદ

પુનર્વસન અને રૂટ પર ૧૩૪ વળાંકોને સીધા કરવાનો સમાવેશ થાય છે. લોકો અને પશુઓને અતિક્રમણથી બચાવવા માટે ૭૯૨ કિમી પર સલામતી અવરોધો પણ સ્થાપિત કર્યા છે.

અમે હાલમાં ટ્રેનની અવરજવર સરળ બનાવવા માટે વધુ અપગ્રેડેશન કરી રહ્યા છીએ, જેના માટે જરૂરી પગલાં લેવાની ભલામણ કરવામાં આવી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. કવચ સ્થાપિત કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. અમને અપેક્ષા છે કે આ વર્ષે ડિસેમ્બર સુધીમાં રેલ લાઇન તૈયાર થઈ જશે.

ચાલી રહેલા કેટલાક સુધારણા કાર્યોમાં સારી ગાદી અને સલામતી માટે બેલાસ્ટ લેવલને ૩૦૦ મીમીથી વધારીને ૩૫૦ મીમી કરવાનો સમાવેશ થાય છે. ટ્રેક અને ફૂટ ઓવર બ્રિજ નીચે સ્ટીલ સ્લીપર્સને વધારવામાં આવશે, આ ઉપરાંત ૨x૨૫,૦૦૦ વોલ્ટ લાઇન દ્વારા વીજ પુરવઠો વધારવા જેવા અન્ય પગલાં પણ વિચારાધીન છે.

અમે રેલ્વે લાઇનોની બાજુમાં થાંભલાઓ અને હાઇ-પાવર કેબલ માટે જરૂરી અન્ય સામગ્રી ઉભી કરવા માટે માર્ગો બનાવવા માટે જગ્યા પણ પૂરી પાડીશું, અધિકારીએ જણાવ્યું. વીજ પુરવઠો વધારવાનો કુલ ખર્ચ આશરે ₹૬૦ કરોડ થવાની ધારણા છે. હાલમાં, ટ્રેનો ૨૫,૦૦૦ વોલ્ટથી ચાલે છે.

એકવાર રેલ સત્તાવાળાઓ ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેનનું સંચાલન પૂર્ણ કરી લેશે, તો મુસાફરોને મુંબઈથી અમદાવાદ સફરમાં લગભગ ૪૫ થી ૬૦ મિનિટ બચશે. જે મુસાફરી હવે લગભગ સાડા પાંચ કલાક લે છે. આ મુંબઈથી પ્રથમ રૂટ હશે જ્યાં વંદે ભારત ટ્રેનો સેમી હાઇ-સ્પીડ ટ્રેનો તરીકે કાર્યરત થશે. મુંબઈ અને અમદાવાદને જોડતી ૫૦ ટ્રેનો છે, જેમાં વંદે ભારત, તેજસ અને શતાબ્દીનો સમાવેશ થાય છે.

હાલમાં, લાંબા અંતરની ટ્રેનો મુંબઈ સેન્ટ્રલ-બોરીવલી રૂટ પર ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અને બોરીવલી-વિરાર રૂટ પર ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડે છે. ૧,૪૭૯ કિમી લાંબા દિલ્હી-મુંબઈ અને ૧,૫૨૫ કિમી લાંબા દિલ્હી-હાવડા રૂટ એવા મુખ્ય રૂટ છે જ્યાં રેલવે મુસાફરીનો સમય ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. ૧,૩૭૯ કિમી લાંબા મુંબઈ-દિલ્હી રૂટમાં, મુંબઈ સેન્ટ્રલથી નાગદા સુધીનો લગભગ ૫૦ ટકા રૂટ પશ્ચિમ રેલવે હેઠળ આવે છે. બાકીના કિમીનો ભાગ પશ્ચિમ મધ્ય રેલ્વે અને ઉત્તર રેલ્વે વચ્ચે વહેંચાયેલો છે. ■

## ચોમાસાની થશે

ઝાપટાને કારણે જોકે વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે. મુંબઈમાં શનિવારે દિવસના તાપમાનમાં ઘટાડો જણાયો હતો. કોલાબા અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૩૨.૨ ડિગ્રી અને ૩૩.૪ તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૧.૮ ડિગ્રી એ ૦.૩ ડિગ્રી ઓછું હતું. તો શુક્રવારે કોલાબા અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૩૪.૨ ડિગ્રી અને ૩૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન ખાતાના કહેવા મુજબ સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી હવાનો હળવા દબાણનો પટ્ટો સર્જાવાની શક્યતા છે, તેની અસર હેઠળ ૧૯થી ૨૫ મે મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં વરસાદની પ્રવૃતિમાં વધારો થવાની શક્યતા છે. આ સમયગાળામાં કોંકણ અને નજીકના ઘાટ વિસ્તારમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. તો ૧૭ મેથી ૨૦ મે દરમ્યાન કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠાવાડામાં વાવાઝોડા, વીજળી અને ૪૦થી ૫૦ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે, જેમાં વિદર્ભના યવતમાળ, વર્ધા અને ચંદ્રપૂર માટે ઓરેન્જ એલર્ટ આપીને ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ■

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

આકોલાળી હાલ બેંગલોર, સંઘવી અમૃતલાલ ગુલાબચંદના ધર્મપત્ની ભાનુબેન શુક્રવાર તા. ૧૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. નવાગામ બડેલી સ્વ. પોપટલાલ પ્રેમચંદના દીકરી. તે દિપક, દિપેશ તથા જયશ્રીના માતુશ્રી. મમતા, માલા તથા અશ્વીનકુમાર દોશીના સાસુ. તેમનું દેહદાન કરવામાં આવેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના માતૃશ્રી મેઘબાઈ શામજી ગાલા (ઉં. વ. ૯૪) ૧૫-૫ના અવસાન પામેલ છે. શામજીભાઈના ધર્મપત્ની. સ્વ. પ્રેમીલા, જયંતી, સુરેશ, પરેશનાં માતૃશ્રી. ભુજપુરના તેજબાઈ ધનજી ખેતશી દેઢીયાના સુપુત્રી. લખમશી, મઠાંબેન ખીમજી, દેશલપરના રતનબેન મુરજી, લાખાપરના કુંવરબેન મગનલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુરેશ ગાલા, ૧૮૦૭, બી/જે.કે. ટાવર, એચ.જી. રોડ, ગામદેવી, મુંબઇ.

ટોડાના શ્રી બાલ બ્રહ્મચારી પ્રફુલ દેવજી લધુ ગોગરી (ઉં. વ. ૬૫) તા. ૧૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દમયંતીબેન દેવજી ગોગરીના સુપુત્ર. સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. જયશ્રી, નવિન, કલાના ભાઇ. સ્વ. ચોથીબાઇ લધુ ગોગરીના પૌત્ર. બેરાજાના સ્વ. નેણબાઇ મઠુભાઇ સુરાણીના દોહીત્ર. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : પ્રફુલ દેવજી ગોગરી, ચોથા માળે, ફ્લેટ નં. ૧૬, મિલાપ સોસાયટી, એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ), મુંબઇ.

નાની ખાખરના અ.સૌ. મનાલી કેતન શાંતિલાલ દેઢિયા (ઉં. વ. ૫૩) ૧૬-૫-૨૫ના અવસાન પામ્યા છે. જવેરબેન શાંતિલાલ દેઢિયાના પુત્રવધૂ. કેતનના ધર્મપત્ની. પર્વના મમ્મી. અમદાવાદ અરૂણાબેન દિનેશભાઈ શાહના સુપુત્રી. સચિનભાઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન દેઢિયા, ૫૦૪, સમીર એપાર્ટ., ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કુલની સામે, કાંદીવલી (ઈ.).

નાગ્રેચાના લક્ષ્મીચંદ ભાણજી સાવલા (ઉં. વ. ૬૯) તા. ૧૫-૫-૨૫ના અવસાન પામ્યા છે. રાણબાઈ ભાણજી ડાઈયાના સુપુત્ર. મંજુલાના પતિ. રૂપેશ, શીતલના પિતાશ્રી. રતનશીભાઈ, મુલચંદભાઈ, હરખચંદભાઈ, કોટડી (મ.)ના પુરબાઈ રતનશી ભીમશી, ભોજાયના દેવકાબેન કલ્યાણજી દેવરાજના ભાઈ. સણોસરાના વેજબાઈ ખીમજી ખેરાજના જમાઈ. પ્રા : સુમતિનાથ જિનાલય, પાંચમે માળે, ગુજરાત કલબની બાજુમાં, માટુંગા (સે.રે.) ટા. ૪ થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધારી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રતિલાલ સોમજીભાઈ ઝાટકીયાના પૌત્રી તરૂબેન જયંતભાઈના દીકરી કાજલ (ડેલી) (ઉં. વ. ૪૭) ૧૫/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેજસના બહેન. સ્વ. વિનોદભાઈ, હસુભાઈ, નવીનભાઈ, દિલીપભાઈના ભત્રીજી. દિલીપભાઈ, મુકેશભાઈ, અતુલભાઈ, મનીષભાઈ ઘેલાણીના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. નીલકંઠ બિલ્ડીંગ નં બી-૨૨, ફતેહબાગ, એસ. વી. રોડ, કાંદિવલી પોલીસ સ્ટેશનની સામે, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂ. પૂ. જૈન**

મૂળી નિવાસી હાલ સુરેન્દ્રનગર (રતનપર), સ્વ. શાંતિલાલ ધારશીભાઈ શાહના પુત્ર. હર્ષાબેનના પતિ. મનહરલાલ, સ્વ. રમેશભાઈ, સ્વ ન્યાલચંદ, પ્રવીણભાઈ, અ.સૌ. હંસાબેન પ્રતાપભાઈ બગડિયાના ભાઈ શૈલેષભાઈ (બાબાભાઈ) શાહ (ઉં. વ. ૭૧) ૧૩/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાસરાપક્ષે સલોત પૂનમચંદ વીરચંદ ચોકવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

મૂળ મોરબી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. શાંતાબેન હિંમતલાલ શાહના સુપુત્ર ચમનલાલ શાહ (ઉં. વ. ૮૭) તે રસીલાબેનના પતિ. અભયના પિતા, ઊર્મિના સસરા. સ્વ. દિનેશભાઈ, કિર્તીભાઈ, કિશોરભાઈના મોટાભાઈ. સ્વ. સુખલાલ મોહનલાલ મહેતાના જમાઈ તા. ૧૪-૫-૨૫, બુધવારે અરિહંતશરણ પામેલ છે. એ-૪, પારેખ માર્કેટ, એમ. જી-રોડ, સુરભી જ્વેલર્સની પાછળ, ઘાટકોપર (ઈ). લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલા (ભાવનગર) નિવાસી હાલ મીરારોડ, સ્વ. શેઠ હસમુખરાય હરિલાલ શેઠના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૭૯) તા૧૬/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતના-દીપ્તિ-હિમાંશુના માતુશ્રી, સ્વ.સંજયકુમાર, દેવેનકુમાર, અ.સૌ. પ્રીતિના સાસુ. હેતવીના દાદી. સ્વ. ચંદ્રાબેન, સ્વ. દેવિન્દ્રાબેન, સ્વ. નીલાબેનના ભાભી, પિયરપક્ષે જશીબેન મગનલાલ સંઘવી (પાલીતાણા)ના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ સિક્કાનગર-મુંબઇ પુષ્પાબેન ધીરજલાલ શાહના સુપુત્ર બિપીનભાઇ (ઉં. વ. ૭૭) શુક્રવાર, તા. ૧૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. ચિરાગ, હેમલના પિતાશ્રી. અમી, વિરાના સસરાજી. સ્વ. દિલીપભાઇ, રમેશભાઇ, અલકા પંકજભાઇ મહેતા, શિલ્પા દિલીપભાઇ શાહના ભાઇ. લીલાવતીબેન, હીરાલાલ સોમચંદ શાહ ખંભાતવાળાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૯-૫-૨૫ સોમવારના સવારના ૯થી ૧૧. ઠે. ભારતીય વિદ્યાભવન હોલ, ડો. કનૈયાલાલ મુનશી માર્ગ, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭.

# હિન્દુ મરણ

**લોહાણા**

મંજુબેન હરીશ પૂજારા તે મણિબેન પુરુષોતમ પૂજારાના પુત્રવધૂ. તે શાંતિ મથુરાદાસ મસ્કાઇના પુત્રી. સોનલ, રૂપા, રીનાના માતુશ્રી. સુરેશ તથા અમિતના સાસુ. તા. ૧૨-૫-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ બોરીવલી નિવાસી અ. સૌ. નલિનીબેન (ઉં. વ. ૮૦) તે રમેશચંદ્ર ઓચ્છવલાલ મગનલાલ કડકીઆ (બેરા)ના ધર્મપત્ની. તે સ્વ. તારાબેન તથા સ્વ. ડો. નટવરલાલ મોજીલાલ દોશીનાં સુપુત્રી. નિલેશ, જિજ્ઞા, હેમંક, નિમિષનાં માતુશ્રી. અર્ચના, અશોકકુમાર, ચેતના, નેહલનાં સાસુજી. ખુશ્બુ, કરણ, અક્ષેન, નીવ, ભુવી, એકતા, ઋષભનાં દાદી. સોમવાર તા. ૧૨-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૫-૨૫ના રવિવાર સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

ગામ ઉના હાલ મલાડ, સ્વ. મોંઘીબેન ધનજીભાઈ ગોહિલના પુત્ર ભીમજીભાઈ ગોહિલ (ઉં. વ. ૭૪) તે રંજનબેનના પતિ. કમલેશ તથા શૈલેષના પિતા. સંગીતા તથા માયાના સસરા. ઉષાબેન નારાયણભાઈ ગોહિલ, સ્વ. ગૌરીબેન ભરતકુમાર ડોડિયા, શાંતિબેન અરવિંદભાઈ પરમારના ભાઈ. રાજેશ, વિજયભાઈ રવજીભાઈ કારેલીયાના બનેવી ૧૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૯/૫/૨૫ના સોમવાર ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પરજીયા સોની**

ગામ ડેડાણ નિવાસી હાલ કાંદિવલી, જ્યોત્સનાબેન સોની (ઉં. વ. ૭૬) તે સ્વ. જમનાદાસ મોહનલાલ સતિકુંવરના ધર્મપત્ની. સ્વ. દામુભાઈ મુળજીભાઈ સાગર મહુવાના દીકરી. સ્વ. રાજેશ, પૂજા (કુંદન) પ્રજ્ઞેશ ધકાણના માતુશ્રી. મુકુંદ તથા રંજીતના ભાભુ. વીણા દિલીપભાઈ સાગર તથા ઈલા કનૈયાલાલ સાગરના નણંદ ૧૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળગામ ધોરાજી હાલ કાંદિવલી, સ્વ. વિમળાબેન વીરજીભાઈ જોગીના પુત્ર હરેશભાઇ (ઉં. વ. ૬૪) ૧૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. મંથન, ખ્યાતિના પિતા. ગં. સ્વ. શોભના ના જેઠ, મોનીકા મંથન જોગીના સસરા. તેમની પ્રાર્થનાસભા ૧૮/૫/૨૫ના ૫ થી ૬. લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

જામ ખંભાળિયા નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. માલતીબેન રણજિત મર્ચન્ટ (ઉં. વ. ૮૨) તે સ્વ. કસ્તુરબાઈ કરસનદાસ ભક્તા (કાપડિયા)ના પુત્રવધૂ. જીતુ, ઈલેશ, જતીનના માતુશ્રી, તૃપ્તિ, ધૃતિ રક્ષાના સાસુ. ભાવિન-હેમ, વિધિ, મીત, પર્લના દાદી. સ્વ. ગીતાબેન ગોરધનદાસ પાલેજા (વૈજાપૂર) ના દીકરી તે ૧૪/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણીક**

કોચીનવાળા હાલ મુંબઈ, જતીન શાહ (ઉં. વ. ૪૨) તા.૧૫/૦૫/૨૦૨૫ ના મુંબઈ શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. રંજનબેન હરકિસન શાહના સુપુત્ર. જાસ્મીન પ્રીતેશ શાહ અને ધૃતિ મહિન્દ કાયમપુરથના ભાઈ. કોચીનવાળા કિશોરભાઈ, હરીશભાઈ, કેતનભાઈ, કિરીટભાઈના ભત્રીજા. યોગેશ અને નીતિન રતિલાલ શાહના ભાણેજ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયાસરે બ્રાહ્મણ**

નેસડા નિવાસી હાલ વસઈ, સ્વ. રસીલાબેન વ્રજલાલ રાવળના પુત્ર દિનેશભાઇ (ઉં. વ. ૬૯) ૧૭/૫/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. સ્વ. સરલાબેન સદાશિવ ભટ્ટ, કિરણભાઈ તથા કિરીટભાઈના ભાઈ, ભાવિન, સોનલ મયંકકુમાર સંઘવીના પિતા. બળવંતરાય દયાશંકર જોષી કમળેજના જમાઈ. પ્રાર્થનાસભા ૧૯/૫/૨૫ના ૪ થી ૬. જોશી હોલ, શુભ લક્ષ્મી શોપિંગ સેન્ટર, બીજે માળે, વસંતનગરી ગ્રાઉન્ડ પાસે, વસઈ ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશનામ ગોસ્વામી**

કચ્છ ગામ ગઢશીશા પ્રેમગર હિરાગર, સ્વ. ચંપાબાઈ અને સ્વ. હીરાગર સેજગરના પુત્ર (ઉં. વ. ૬૦) તા.૧૬/૦૫/૨૦૨૫ના વિક્રોલ કૈલાશવાસ પામ્યા છે. તે પ્રભાબેનના પતિ. તુલસાબેન અને જેઠીપુરી ગામ મોટા રતડીયાના જમાઈ. ચિંતનગીરી, દર્શનાબેન હસમુખગીરી, હેતલબેન જીગરગીરી, મિતલબેન દીપેશપુરીના પિતા. દિપાલીબેનના સસરા. મોતીગર હીરાગર, વિમળાબેન સોમગીરી, સ્વ. લક્ષ્મીબેન તુલસીપુરીના ભાઈ, પ્રાર્થનાસભા રવિવાર તા.૧૮/૦૫/૨૦૨૫ના ૫ થી ૭, મુક્તેશ્વર મહાદેવમંદિર, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ વેસ્ટ.

**વૈષ્ણવ વણિક**

પ્રાંતિજ નિવાસી હાલ મુંબઈ, જગદીશચંદ્ર દલાલ (ઉં. વ. ૮૩) તા.૧૫-૦૫-૨૫ને ગુરૂવાર હરિશરણ પામેલ છે, તે સ્વ. શાંતાબેન નટવરલાલ મણિલાલ દલાલના સુપુત્ર, નીલાબેનના પતિ. દીપા ગણેશ કૃષ્ણામૂર્તિ તથા સંગીતા અતુલ સોનછાત્રાના પિતાશ્રી, સ્વ. સુભાષભાઈ તથા સ્વ સ્મિતાબેનના મોટાભાઈ. કલ્પના સુભાષભાઈ દલાલના જેઠ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બેસણું રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

કચ્છ-મુરૂના અ.સૌ. દમયન્તીબેન (દક્ષાબેન) (ઉં. વ. ૬૫) બુધવાર ૧૪મીએ શ્રીરામશરણ પામ્યાં છે. તે મહેશનાં પત્ની. સ્વ. લક્ષ્મીબેન નારાણજી જેઠમલ હિન્દીસોત્તાનાં પુત્રવધૂ. સ્વ. સાકરબેન કરમશી વાઘજી ગણાત્રાનાં પુત્રી. વિકાસ, ઉર્વીનાં માતા. દીપા, અનુજનાં સાસુ. સ્વ. હરેશભાઈ, દિનેશભાઈ, નીતા શંકરલાલ ચંદે, બીના પરેશભાઈ વડેરાનાં ભાઈનાં પત્ની. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, ૧૮મીએ સાંજે ૫થી ૭. ઠે.: કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હૉલ, પહેલે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (પ.). લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. પ્રફુલ ધરાદેવ (ઉં. વ. ૬૮) તે સ્વ. જમનાદાસ મંગલદાસ ધરાદેવ તથા ગં. સ્વ. ભાનુબેન ધરાદેવ કચ્છ ગામ ગઢસીસાના પુત્ર. તે સ્વ. હંસાગોરીના પતિ. સ્વ. વસંતભાઇ, ગં. સ્વ. ચંદ્રકલાબેન પ્રેમજી વેલજી, સ્વ. મધુબેન મધુકાંત, મનોરમાબેન, ભરત વિઠ્ઠલદાસ, ગં. સ્વ. વીણાબેન, ગં. સ્વ. ઇન્દિરાબેનના ભત્રીજા. ગોદાવરીબેન લક્ષ્મીદાસ ભાણજી સાહેલ ફરાદીવાલાના દોહિત્ર. સ્વ. જાનકીબેન શંકરલાલ રત્નેશ્વરના જમાઇ. તે બોસ્કીના પિતા તા. ૧૭-૫-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૫-૨૫ના ૬થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી વણિક**

કુકકડ હાલ ઘાટકોપર-અંધેરી સ્વ. હંસાબેન અનંતરાય રામજીભાઇ મહેતા (બદહુક)ના સુપુત્ર તુષારભાઇના ધર્મપત્ની અ. સૌ. શીલા, ગુરુવાર, તા. ૧૫-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સૌમિલના માતા. અમેશ અનંતરાય મહેતા, અંજના વિરેન્દ્ર દેસાઇ તથા ઉર્વશી નલીનભાઇ શાહના ભાભી. ગં. સ્વ. ભગવતીબેન જ્ઞાનકુમાર સત્સંગીનાં દીકરી. વિજ્ઞાનના બેન. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા હાલ ઘાટકોપર જગદીશ કાચલીયા (ઉં. વ. ૮૨) તા. ૧૬-૫-૨૫ શુક્રવારના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયાબેન પ્રભુદાસ કાચલીયા (શાહ)ના પુત્ર. તે સરલાબેનના પતિ. મદ્રાસ કરસનદાસ મોહનલાલ વખારિયાના જમાઇ. તે સ્વ. જયંતીલાલ, ચંદ્રકાન્તભાઇ, સ્વ. રજનીકાંત (ગોપાલ), ગં. સ્વ. કનકબેન ઇશ્વરલાલ માંડવિયાના ભાઇ. કાજલ રાકેશકુમાર વખારિયા, અમી રાજ ગડા, નેહા સાગર કાચલીયાના પિતાશ્રી. ધ્રુતિ, વિવાનના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૯-૫-૨૫ના ૪થી ૬. ઠે. બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, લવંડર બાગની બાજુમાં, ગરોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ખોરશેદ રુસી બહાદુરજી તે મરહુમ રુસીના ધનીયાની. તે મરહુમો ફરેની બેજી ગઝદરના દીકરી. તે મરહુમ ફરીદાના માતાજી. તે જમશેદ સેશનાના જમાઇ. તે માયાના મમઇજી. તે રેહાનના મોતા મમઇજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. બી-૩૦, સ્ટર્લિંગ એપાર્ટમેન્ટ, ૧૫મે માળે, જી. દેશમુખ માર્ગ, પેડર રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૫-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી.

દોલત દીનશા બીલપોદીવાલા તે મરહુમ દીનશાના ધનીયાની. તે મરહુમો કેતી ફરામરોઝ ખરાસના દીકરી. તે મેહર તથા મરહુમ રુજીના બહેન. તે સીરીનના માસી. તે મરહુમો નાજુ પીરોજશા બીલપોદીવાલાના વહુ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૬૨૩, મારકર મેન્શન, ૧લે માળે, પારસી કોલોની, દાદર, પાંચ ગાર્ડન સામે, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, માનેકજી શેઠ અગિયારીમાં છેજી.

જહાગીર બમનશા કરાદીયા તે મરહુમો નાજામાય બમનશાહ કરાદીયાના દીકરા. તે દીના તથા મરહુમો દીલદા, રુસી, પરવીઝના ભાઇ. તે દરાયશ ભપપુના મામા. (ઉં.વ. ૮૧) રે. ઠે. એફ. એસ. પારેખ ધર્મશાળા, ૩૪૧ હ્યુજીસ રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, બાટલીવાળા અગિયારીમાં છેજી.

ધન ફિરોઝ એલાવીયા તે કેતીના ધની. તે મરહુમો કુમી ફિરોઝ એલાવીયાના દીકરા. તે દીનયાર, અદીલ ને વીસપીના પિતા. તે ગુલેસતાન, અનાહીતાના સસરા. તે સુના, દીનુ, બચુ, મરહુમો નરગીસ ને પેસીના ભાઇ. તે બરજીસ, રુકશીન, ઝીનીયાના બપાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. મેહેરઝીન, ફ્લેટ નં. એ-૫૪, વુડ હાઉસ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારી કોલાબા.

## '...તો અમે હંમેશાં

દેશ સંકટનો સામનો કરતો હોય, ત્યારે અમે હંમેશાં વડા પ્રધાનની સાથે ઉભા રહીએ છીએ. અમે દેશની વિરુદ્ધ નથી, પણ સરકારની વિરુદ્ધ ચોક્કસ છીએ. તમને જણાવી દઈએ કે પહેલગામ આતંકવાદી હુમલા બાદ, શિવસેના યુબીટીએ કહ્યું હતું કે તેઓ પાકિસ્તાન સામે ભારતની બદલો લેવાની કાર્યવાહી અને ત્યારબાદના વિકાસમાં સરકારની સાથે રહેશે.

આ બેઠકમાં દેશમાં એકસાથે ચૂંટણીઓ યોજવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો અભ્યાસ ચાલુ છે.' સમિતિ મહારાષ્ટ્રમાં છે, પરંતુ ચૂંટણીઓ પારદર્શક રીતે થવી જોઈએ. તેમણે કહ્યું હતું કે એક રાષ્ટ્ર, એક ચૂંટણી ઠીક છે, પરંતુ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે વડા પ્રધાન અને મુખ્ય પ્રધાન ચૂંટણી પ્રચારમાં ભાગ ન લઈ શકે. આ દરમિયાન તેમણે ભાજપ પર પણ નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે સત્તા મળ્યા પછી ઘમંડી ન બનવું જોઈએ.

ઠાકરેએ કહ્યું હતું કે, 'આપણું (શિવસેના-યુબીટીનું) વહાણ ડૂબવાનું નથી.' ઊલટાનું, ભાજપનું ઓવરલોડેડ જહાજ ડૂબવાની તૈયારીમાં છે. અમિત શાહ ત્રણ પક્ષોના વડા છે. તેઓ અજિત પવાર અને શિંદેની પાર્ટીના વડા પણ છે. શક્તિ આવતી અને જતી રહે છે. સત્તા મળે એટલે ઘમંડી ન થવું જોઈએ અને સત્તા ગુમાવો ત્યારે દુઃખી ન થવું જોઈએ. સત્તા પાછી મેળવવા માટે સખત મહેનત અને પ્રયત્ન કરવા પડશે.

# શિંદે ઓર્ગેનિક, યાંત્રિક ખેતી તરફ વળવા પર ભાર મૂક્યો

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અધિકારીઓને ખેડૂતોને ઉત્થાન આપવા માટે નક્કર પ્રયાસો કરવા વિનંતી કરી હતી અને ઓર્ગેનિક અને યાંત્રિક ખેતી તરફ વળવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

થાણેના પાલક પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે જિલ્લા સ્તરીય ખરીફ મોસમ પહેલાં સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. 'ખેડૂતોને જૂથ, ઓર્ગેનિક અને યાંત્રિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, અને આ ખેડૂતોને યોજનાઓનો મહત્તમ લાભ આપવો જોઈએ,' એમ શિંદેએ કહ્યું હતું. તેમણે વિવિધ પાકોને પ્રોત્સાહન આપવા સહિત બહુઆયામી અભિગમ અપનાવવાની હાકલ કરી અને અધિકારીઓને ચોમાસા પહેલા જળાશયો પરના કામો પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને ગુણવત્તાયુક્ત બીજ અને ખાતરો સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવે અને તેમને જમીનની રચના સુધારવા માટે જરૂરી તાલીમ આપવામાં આવે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# એક નહીં -૧૪ સવાલ મૈં કરું.....!




**થોડા સમય પહેલાં સુપ્રીમ કોર્ટે રાજ્યોની વિધાનસભાએ પસાર કરેલાં બિલ વિશે રાજ્યપાલો અને રાષ્ટ્રપતિએ પણ ૩ મહિનામાં નિર્ણય લેવો પડશે એવો ચુકાદો આપ્યો. પછી એની પ્રતિક્રિયારૂપે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ પણ દેશની સર્વોચ્ચ અદાલત સામે ૧૪ સવાલ ઊભા કર્યા છે. આમ રાષ્ટ્રપતિ-સંસદ એક તરફ અને બીજા છેડે સુપ્રીમ કોર્ટ સામસામા આવીને ઊભા છે. આ માહોલમાં રાજ્યપાલ-રાષ્ટ્રપતિની સત્તા મુદ્દે જેટલું જલદી બંધારણીય અર્થઘટન થાય એ જરૂરી છે, નહીંતર ....**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

તામિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ વિરુદ્ધ રાજ્ય સરકારના કેસમાં રાજ્યોની વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે રાજ્યપાલોએ ત્રણ મહિનામાં નિર્ણય લેવો પડશે એવો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપ્રમુખે પણ ૩ મહિનામાં નિર્ણય લેવો પડશે એવો ચુકાદો પણ આપતાં ભારે વિવાદ સર્જાયો હતો. સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી શકે કે ના આપી શકે એ મુદ્દે ઘમાસાણ મચ્યું હતું.

હવે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો માટે વિધાનસભા કે સંસદે પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવા માટે નક્કી કરાયેલી સમયમર્યાદા સામે ૧૪ સવાલ ઊભા કર્યા છે એનાથી હવે આ વિવાદ વધુ ઉગ્ર બને અને સુપ્રીમ કોર્ટ વર્સીસ રાષ્ટ્રપતિનો જંગ જામે એવા અણસાર મળી રહ્યા છે.

રાષ્ટ્રપ્રમુખ મુર્મૂએ સૌથી મહત્ત્વનો સવાલ એ ઉઠાવ્યો છે કે, બંધારણમાં રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવાની કોઈ જોગવાઈ નથી તો સુપ્રીમ કોર્ટ કેવી રીતે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરી શકે?

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદીજીએ સુપ્રીમ કોર્ટને આ પ્રકારના અણિયાળા ૧૪ સવાલ કરીને રાષ્ટ્રપતિ અને રાજ્યપાલની બંધારણીય સત્તાઓ, ન્યાયતંત્રની દખલગીરી અને રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવા સહિતના મુદ્દે સ્પષ્ટતા માગી છે.

રાષ્ટ્રપ્રમુખે સુપ્રીમ કોર્ટને જે ૧૪ સવાલ કર્યા છે તેના પર સૌથી પહેલાં એક નજર નાખવા જેવી છે. સૌથી મહત્ત્વના સવાલની વાત તો આપણે કરી લીધી હવે બીજા સવાલો પણ જાણી લઈએ.

એક સવાલ એ છે કે, રાજ્યપાલ સમક્ષ બિલ આવે છે ત્યારે એમની પાસે કયા બંધારણીય વિકલ્પો હોય છે? સવાલ એ પણ છે કે, રાજ્યપાલ નિર્ણય લેતી વખતે મંત્રીમંડળની સલાહ માનવા બંધાયેલા છે? એક સવાલ એ પણ છે કે, રાજ્યપાલના નિર્ણયને કોર્ટમાં પડકારી શકાય? એ જ રીતે, રાષ્ટ્રપતિના નિર્ણયને કોર્ટમાં પડકારી શકાય? અન્ય સવાલ એ છે કે, કલમ ૩૬૧ હેઠળ રાજ્યપાલના નિર્ણયોની ન્યાયિક સમીક્ષાને સંપૂર્ણપણે રોકી શકાય છે?

આ સિવાય એક સવાલ એ છે કે, રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવો ફરજિયાત છે? રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના નિર્ણયો અંગે કાયદો અમલમાં આવે એ પહેલાં જ કોર્ટ સુનાવણી કરી શકે ખરી? સુપ્રીમ કોર્ટ કલમ ૧૪૨નો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નિર્ણયો બદલી શકે છે? રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલો કાયદો રાજ્યપાલની સંમતિ વિના લાગુ થઈ શકે છે? બંધારણના અર્થઘટન સંબંધિત કેસોને સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચને મોકલવા ફરજિયાત છે? બંધારણ અથવા હાલના કાયદાઓ સાથે સુસંગત ન હોય એવા આદેશ સુપ્રીમ કોર્ટ આપી શકે? કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના વિવાદનો ઉકેલ ફક્ત સુપ્રીમ કોર્ટ જ લાવી શકે છે?

ટૂંકમાં આવા વિચાર કરી મૂકે એવા સવાલ અહીં પૂછવામાં આવ્યા છે અને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ દેશનાં બંધારણીય વડાં છે તેથી એમણે ઉઠાવેલા સવાલો અંગે સુપ્રીમ કોર્ટે જવાબ તો આપવા જ પડશે. હા, સુપ્રીમ કોર્ટ શું જવાબ આપે છે તેના પર સૌની નજર છે. આમ જુવો તો આ સવાલોમાંથી મોટા ભાગના સવાલ અત્યંત પ્રાથમિક કક્ષાના છે. બંધારણનો સામાન્ય અભ્યાસ કરનારી વ્યક્તિને પણ મોટા ભાગના સવાલોના જવાબ ખબર હશે જ. બલકે સુપ્રીમ કોર્ટે પોતે ચાર મુદ્દે તો ચુકાદામાં સ્પષ્ટતા કરી જ દીધી છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહેલું જ છે કે કલમ ૨૦૧ પ્રમાણે વિધાનસભા બિલ પસાર કરે પછી રાજ્યપાલને મોકલાવું જોઈએ અને રાજ્યપાલને બિલ બંધારણને સુસંગત ના લાગે તો રાષ્ટ્રપતિ પાસે વિચારણા માટે મોકલવું જોઈએ. આ સંજોગોમાં રાષ્ટ્રપતિએ કાં તો બિલને મંજૂરી આપવી પડશે અથવા મંજૂરી નહિ આપે એવું કહેવું પડશે. સુપ્રીમ કોર્ટે એ પણ કહેલું કે રાષ્ટ્રપતિના નિર્ણયની કલમ ૨૦૧ હેઠળ ન્યાયિક સમીક્ષા કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કરેલું કે, સમયમર્યાદા નક્કી કરવામાં આવે ત્યારે નિર્ણય વાજબી સમયમર્યાદામાં લેવો જોઈએ. વિલંબ થાય તો વિલંબનાં કારણો જણાવવાં પડશે.રાષ્ટ્રપતિ બિલને રાજ્ય વિધાનસભામાં સુધારા અથવા પુનર્વિચાર માટે પાછું મોકલે, પણ વિધાનસભા ફરીથી એ પસાર કરે છે તો રાષ્ટ્રપતિએ અંતિમ નિર્ણય લેવો પડશે અને વારંવાર બિલ પરત કરવાની પ્રક્રિયા બંધ કરવી પડશે.

બીજા ઘણા મુદ્દા એવા છે કે જેના પર બંધારણની જોગવાઈઓ બહુ સ્પષ્ટ છે. આમ છતાં, પણ રાષ્ટ્રપ્રમુખ સવાલ કરે ત્યારે તેનું મહત્ત્વ વધી જાય છે. આ કારણે સુપ્રીમ કોર્ટ પણ અત્યંત બારીકાઈથી બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરશે. એ અત્યંત જરૂરી પણ છે કેમ કે રાજ્યપાલો અને રાજ્ય સરકારો વચ્ચે ઘર્ષણની ઘટનાઓ વધી રહી છે.

સુપ્રીમ કોર્ટે તામિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ અને રાજ્ય સરકાર વચ્ચે ચાલી રહેલા વિવાદમાં ૮ એપ્રિલે આદેશ આપ્યો હતો કે રાજ્યપાલ પાસે કોઈ વિટોપાવર નથી અને રાજ્યપાલે એક મહિનામાં વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવો પડશે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે રાજ્યપાલ દ્વારા વિધાનસભાએ પસાર કરેલાં ૧૦ મહત્ત્વપૂર્ણ બિલોને રોકવાના નિર્ણયને પણ ગેરકાયદે ગણાવ્યો હતો અને આ બિલોને પસાર થયેલાં જાહેર કર્યાં હતાં. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા બિલ પર પણ ચુકાદો આપતાં કહ્યું હતું કે, રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. સુપ્રીમ કોર્ટના એ આદેશના પગલે મોટો વિવાદ ખડો થઈ ગયો હતો અને બે છાવણી પડી ગઈ હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આ ચુકાદાને વખોડીને કહ્યું હતું કે, સર્વોચ્ચ કોર્ટ પણ રાષ્ટ્રપતિને આદેશ આપી ના શકે. બંધારણની કલમ ૧૪૨ હેઠળ સુપ્રીમ કોર્ટને આપવામાં આવેલી વિશેષ સત્તાઓ લોકશાહી શક્તિઓ સામે ૨૪ બાય ૭ ઉપલબ્ધ ન્યૂક્લિયર મિસાઇલ બની ગઈ છે અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો સુપર પાર્લામેન્ટની જેમ કામ કરી રહ્યા છે. ભાજપના બીજા ઘણા નેતાઓએ આ વાતમાં સૂર પુરાવ્યો હતો.

જોકે, રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટના ચુકાદાને વખાણતાં કહેલું કે, એક્ઝીક્યુટિવ બોડી કામ ન કરે ત્યારે ન્યાયતંત્રે હસ્તક્ષેપ કરવો જ પડે. ભારતમાં રાષ્ટ્રપતિ માત્ર બંધારણીય વડા છે અને રાષ્ટ્રપતિ-રાજ્યપાલે સરકારોની સલાહ પર કામ કરવું ફરજિયાત છે. વિપક્ષોએ સિબ્બલની વાતમાં સૂર પુરાવ્યો હતો.

આ મુદ્દે સામસામા દાવા અને પ્રતિદાવા થયા કરે છે. સામાન્ય લોકોને કોણ સાચું એ ખબર નથી પડતી તેથી સુપ્રીમ કોર્ટ સ્પષ્ટતા કરે એ જરૂરી છે. સુપ્રીમ કોર્ટ એક વાર બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરી દે તો એક ચોક્કસ ગાઈડલાઈન નક્કી થઈ જશે. કેન્દ્રના સત્તાધારી ભાજપે આ અર્થઘટન માન્ય ના હોય તો તેમાં ફેરફાર કરીને નવો કાયદો બનાવવાનો રસ્તો પણ ખૂલી જશે.

આમ હાલના તબક્કે તો રાજ્યપાલની સત્તાઓનો મુદ્દો રાજકીય રીતે સ્ફોટક બની ચૂક્યો છે અને રાજ્યપાલ બંધારણની ઉપરવટ હોય એ રીતે વર્તી રહ્યા છે એ કારણે પણ આ મુદ્દે સ્પષ્ટતા જરૂરી છે.

આશા રાખીએ કે, સુપ્રીમ કોર્ટના અર્થઘટનના પગલે તમામ વિવાદો પર કાયમ માટે પડદો પડી જશે. ■

# લોકોને સત્ય પસંદ હોય છે, પરંતુ પોતાની અનુકૂળતાનું!

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

**The first casualty of war is the Truth...**

યુદ્ધમાં સૌથી પહેલો ભોગ સત્યનો લેવાય છે. પ્રાચીન ગ્રીકમાં એસ્ચિલીસ નામનો એક નાટ્યકાર થઇ ગયો. એના નામે આ બયાન ચઢેલું છે. એસ્ચિલીસને સાહિત્યમાં 'ટ્રેજેડીના જનક' તરીકે ઓળખવામાં આવે છે. એણે લખેલાં ૯૦ નાટકોમાંથી ૭ જ બચ્યાં છે. એના એક નાટકમાં એસ્ચિલીસે આ બયાન લખ્યું હતું. એના શબ્દો જુદા હતા, પરંતુ સમય જતાં તે બયાન આ રીતે લોકપ્રિય થયું હતું :

**The first casualty of war is the Truth...**

કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયો અને તે પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સીમા પર ટકરાવ થયો ત્યારે, ભારતમાં (અને પાકિસ્તાનમાં પણ) વિવિધ મીડિયા પ્લેટફોર્મ પર ખોટા સમાચારોનો જબરદસ્ત મારો ચાલ્યો હતો.

ચાહે ૧૯૭૧નું ભારત-પાક યુદ્ધ હોય, બે વિશ્વયુદ્ધ હોય કે પછી અમેરિકા-રશિયા વચ્ચેનું શીત યુદ્ધ હોય, દરેક મોટા યુદ્ધમાં ઘણી અફવાઓ અને ગપ ફેલાયાં છે. કેટલીક અફવાઓ એવી રીતે ફેલાય છે લોકો ડરના માર્યા તેને સાચી માની લે છે, પરંતુ પછીથી જુદી જ વાસ્તવિકતા સામે આવતી હતી. અફવાઓ અને જૂઠી માહિતીઓ કેમ ફેલાય છે તેનાં અનેક કારણ છે- ઘણીવાર તે પ્રચાર-પ્રપંચનો હિસ્સો હોય છે, ઘણીવાર ભય અને અરાજકતા ફેલાવાનું કાવતરું હોય છે અને ઘણીવાર સાચી માહિતીઓનો અભાવ હોય છે.

ભારતે તો દૂર જવાની પણ જરૂર નથી. આપણે કોરોના વખતે જોયું હતું કે લોકો અનેક પ્રકારની અફવાઓ અને જૂઠાણાંના શિકાર બન્યા હતા. તે વખતે ડરનો માહોલ હતો અને કોઈની પાસે અધિકૃત, વૈજ્ઞાનિક જાણકારી નહોતી. પરિણામે લોકોએ તમામ પ્રકારની અફવાઓને સાચી માની લીધી હતી. વર્તમાનમાં રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ બહુ ગેરમાહિતીઓ ફેલાયેલી છે.

બીજા વિશ્વયુદ્ધમાં તો જાણી જોઇને લોકોને ગુમરાહ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને જર્મન પ્રજાને, જેથી એડોલ્ફ હિટલર તરફી વાતાવરણ બની રહે. હિટલર ખુદ આવા પ્રચારમાં કેટલી હદે માનતો હતો અને લોકોને એ કેટલા બેવકૂફ સમજતો હતો એના માટે એનું આ બયાનને સમજવા જેવું છે. એણે લખ્યું હતું;

'તમામ પ્રચાર લોકપ્રિય હોવા જોઈએ અને તે સૌથી ઓછા બુદ્ધિશાળી વ્યક્તિને પણ સમજમાં આવવા જોઈએ. કુશળ અને સતત પ્રચારની મદદથી કેટલાય લોકોને સ્વર્ગ પણ નર્ક જેવું બતાવી શકાય અથવા સાવ જ નઠારા જીવનને સ્વર્ગ જેવું બતાવી શકાય છે.'

વ્યવસ્થિત જૂઠાણું ફેલાવવા માટે બહુ વગોવાયેલા હિટલરના પ્રચારમંત્રી જોસેફ ગોબ્બેલ્સના નામે એક કુખ્યાત વિધાન છે : 'જૂઠને વારંવાર દોહરાવો તો તે સત્ય બની જાય છે....' હિટલર અને ગોબ્બેલ્સ બંને મહાઠગ હતા. એમને માણસોની ટૂંકી બુદ્ધિની ખબર હતી. એ જાણતા હતા કે સમૂહમાં રહેવાની આદતના કારણે લોકો એકબીજાના વિચારો અને માન્યતાઓને અપનાવી લેતા હોય છે. એટલે નાઝી તંત્રએ આખાને આખા સમાજને ગુમરાહ કરવા માટે વ્યવસ્થા ગોઠવી હતી.

ગ્રૂપ પોલોરાઈઝેશન એટલે કે સામૂહિક ધ્રુવીકરણ પણ આ રીતે જ થાય છે. ટોળામાં રહેવાની જરૂરિયાતના કારણે લોકો એકલા હોય એની સરખામણીમાં ટોળામાં હોય ત્યારે વધુને વધુ આત્યંતિક વિચાર કે વર્તન તરફ ઢળે છે. દાખલા તરીકે, એકલો માણસ કોઈનું ખૂન કરતાં બે વાર વિચાર કરે, પણ તે જો હિંસક ટોળાનો હિસ્સો હોય તો એના માટે બે-ચાર ખૂન કરવાં આસાન હોય છે.

સાદી ભાષામાં આને જ ઘેટાં વૃત્તિ કહે છે. એમાં સારું-ખરાબ કે સાચું-ખોટું અપ્રસ્તુત અને અતાર્કિક બની જાય છે. સત્ય સાથે એકલા અને અસુરક્ષિત રહેવા કરતાં જૂઠ સાથે ટોળામાં રહીને સુરક્ષિત રહેવાનું મોટાભાગના લોકો પસંદ કરે છે.

મધ્ય આફ્રિકાના દેશ રવાન્ડામાં આવી જ રીતે નરસંહાર થયો હતો. ૧૯૯૪ની ભયાનક કત્લેઆમ દરમિયાન પેટ્રીઓટિક ફ્રન્ટ નામના રાજકીય પક્ષના રેડિયો પર એક નારો બ્રોડકાસ્ટ થતો હતો : 'હજુ કબરો ભરાઈ નથી...' . એ પછી ૧૨ સપ્તાહમાં હુથુઓએ હજારો તુત્સીઓને રહેંસી નાખ્યા હતા.

આ નરસંહારનાં મૂળિયાં આમ તો રવાન્ડાના ગુલામીના ઈતિહાસમાં છે, પણ એનો ભડકો રેડિયો પરથી થયો હતો. રવાન્ડાનો નરસંહાર ભડકાવવા અને દિશા નક્કી કરવા માટે રેડિયો પાવરફુલ સાધન બન્યો હતો. વોટ્સએપ પર આવતા ફેક મેસેજીસ, નફરતના વીડિયો અને ઘટિયા ઠઠ્ઠા-મશ્કરીઓને ફાલતું ગણીને ખારીજ કરવા જેવા નથી. આ ઘૃણા આવનારા સમયનો પૂર્વાભાસ છે.

રવાન્ડાના રેડિયોના મેસેજ 'ડ્યુક યુનિવર્સિટી' માં સચવાયેલા પડ્યા છે. એમાં કેવી રીતે લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા એની સાબિતીઓ છે. ખાલી એક ટ્રાન્ઝિસ્ટર અને બે બેટરીઓથી રેડિયો જો પાવરફુલ માધ્યમ બની જતો હોય તો, આજે ટીવી ચેનલો, વોટ્સએપ જેવાં અનેક ઓનલાઈન પ્લેટફોર્મ અને મોબાઈલ છે. આજે નફરત ફેલાવતા જે ઢગલાબંધ મેસેજ વોટ્સએપમાં આવે છે, તે રવાન્ડાના રેડિયોની જેમ, ફેબ્રિકેટડ ઈતિહાસ પેશ કરે છે અને આપણને 'એક્શન' લેવા ઉકસાવે છે.




સભ્યતાઓના ઇતિહાસમાં જૂઠની ભૂમિકા હંમેશાં રહી છે. રાજકારણીઓ, જે આમ જનતા કરતાં વધુ ગંભીર, જવાબદાર અને સમજદાર હોય છે, એમણે હંમેશાંથી જનતાને લાગણીઓમાં ગુમરાહ કરવાને બદલે તથ્યો અને નીતિઓ સાથે બાંધી રાખી હતી, પરંતુ સમાજો અસ્થિર અને ભયભીત થઈ રહ્યા છે એટલે રાજકારણીઓએ લોકોને ગમે તેવું બોલવાનું શરૂ કર્યું છે અને એમાં તથ્ય, સત્ય અને હકીકતનો ભોગ લેવાયો છે.

લોકોને સત્ય પસંદ હોય છે તે વાત સાચી, પરંતુ મોટાભાગના લોકોની એમાં એક શરત હોય છે કે તે સત્ય એમને અનુકૂળ હોવું જોઈએ. આપણે સત્યને નિરપેક્ષ (તટસ્થ) સત્ય તરીકે પસંદ નથી કરતા. આપણે એ સત્ય આપણા માટે કેટલું કામનું છે તે મુજબ પસંદ કરીએ છીએ : કાં તો તે મારી માન્યતાને મળતું આવવું જોઈએ અથવા મારા અહંને પંપાળે તેવું હોવું જોઈએ. નહીં તો તે સત્યનું મારા માટે કોઈ મૂલ્ય નથી.

મોટાભાગના લોકો પ્રતિકૂળ સત્યને જૂઠ કહીને નકારી કાઢે છે અને અનુકૂળ સત્યને પુષ્ટિ આપે છે. આપણે અર્ધ-સત્ય અને અર્ધ-જૂઠમાં જીવીએ છીએ. હકીકત એ છે કે આપણે જેને સત્ય માનીએ છીએ તેમાં જૂઠનું તત્ત્વ હોય છે, અને જેને જૂઠ ગણીએ છીએ તેમાં સત્યનો અંશ હોય છે.

જો બહુમતી લોકો તમારા અભિપ્રાયમાં સૂર પુરાવતા હોય, તો એ અભિપ્રાય તમારો નહીં, ટોળાનો કહેવાય અને તેને

અભિપ્રાય નહીં, પ્રોપેગેંડા કહેવાય. અસલી અભિપ્રાય લાગણીઓથી દોરવાયા વગર, વિવેકબુદ્ધિના ઉપયોગથી તારવવામાં આવેલ નિષ્કર્ષને કહેવાય એટલા માટે અભિપ્રાય એકલવાયો હોય અને પ્રોપેગેંડા ટોળાથી દોરવાયેલો હોય, કારણ કે લોકો એકબીજાનું જોઈને એમાં માનતા હોય છે. અભિપ્રાય ક્રિટિકલ થિન્કિંગ અને લાગણીઓની ગેરહાજરીમાંથી આવે. પ્રોપેગેંડા લાગણીને ઉત્તેજિત કરીને વિચારો પર કાબૂ મૂકવાના ઉદ્દેશ્યમાંથી આવે. અભિપ્રાય વ્યક્તિગત હોય, જ્યારે પ્રોપેગેંડા માસ મીડિયામાંથી આવે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**સાંજે** બે પોલીસવાળા એસીપી મોરે અને સાયન પોલીસ સ્ટેશનનો સિનિયર ઇન્સ્પેક્ટર વાગલે સાદા ડ્રેસમાં ઢળતી સાંજે પોલીસ જીમખાનાના હરિયાળા ખુલ્લાં મેદાનમાં બેઠા હતા. વાગલેએ ડ્રિંકનો ઓર્ડર આપતા પહેલાં મોરેને પૂછ્યું: 'બ્રાન્ડ વહી હૈ કી ચેન્જ કી હૈ?'

'મેરા પ્રમોશન હુઆ હૈ, બ્રાન્ડ કા નહીં.'

વાગલેએ રાહ જોઇને ઊભેલા વેઇટરને ઓર્ડર આપ્યો. એસીપી મોરે અને વાગલેએ એક સમયે એક જ પોલીસ સ્ટેશનમાં સાથે કામ કર્યું હતું. બંને એકબીજાની ખાવાપીવાની આદતો અને કામ કરવાની રીતથી પરિચિત હતા. બિહારની છપ્રા શહેરની પોલીસ બબલુને લઇને મુંબઈ ચંદનના ઘરે પહોંચી ત્યારે સાયન પોલીસ સ્ટેશનનો પોલીસ ઇન્સ્પેક્ટર વાગલે સાથે હતો. સ્વાભાવિક રીતે જ મોરેને એનો બીલકુલ ખયાલ નહતો. એથી જ મોરે વાગલેનું રૂબરૂ મળવાનું રહસ્ય ઉકેલવા મથી રહ્યા હતા. એમણે એક સિપ મારીને વાગલેની સામે જોતાં કહ્યું: 'ચલ બતા અભી. ઝ્યાદા ફુટેજ મત ખા.'

વાગલેએ વાતની શરૂઆત કરી. વચ્ચે વચ્ચે દારૂના પેગ આવ્યા એટલો સમય વાતમાં ભંગ પડ્યો.

'બસ્તા શેઠને ફાઇવ સ્ટાર હોટેલ મેં હમલોગોં કો પૈસા દે કર ફાઇલ બંધ કરવા દિયા. બિહાર કી છપ્રા પોલીસ કે સાથ મેરા ભી કામ બન ગયા. મુઝે ભી પૈસે મિલે. મેરે હાથમેં દારૂ હૈ...મૈં ઝુઠ નહીં બોલુંગા.' વાગલેએ દારૂનો ગ્લાસ બતાવતાં કહ્યું.

'તુ બબલુ કે બારે મેં ક્યા બતા રહા થા?' મોરેએ કહ્યું.

'વહી કહે રહા હું....ઇસ કહાની મેં બબલુ કા બહુત હી ઇમ્પોર્ટન્ટ રોલ હૈ.

બબલુ ભરૂચ સે પકડા ગયા. છપ્રા પુલીસ ઉસકો વાપિસ છપ્રા લે ગઇ. કસ્ટડી મેં ડાલા. ઉપર સે આયે દબાવ મેં આકર પુલીસને ઉસકો કસ્ટડી સે ભાગને મેં મદદ કી. ઔર બબલુને એક ઓર મર્ડર કર કે સુપારી લેકર જો કામ અધૂરા છોડા થા ઉસે પુરા કિયા...ઔર.....ઔર....ઔર....

વાગલેએ સિપ મારવા પૂરતો પોઝ લીધો...

વો છૂપને કે લિયે બમ્બઇ મેં સીધા સીમા કે ઘર પહુંચ ગયા.' સીમાનું નામ પડતાં જ એસીપી મોરેના કાન સતર્ક અને આંખ ઝીણી થઇ.

'યે કબ કી બાત હૈ?'

'સીમા ઔર અભિ કી શાદી કે કૂછ દિન પહેલે કી.'

'સીમાને બબલુ કો અપને ઘરમેં છૂપાયા.?' મોરેની અધિરાઇ વધી ગઇ.

'હાં, હમ પહેલી બાર જબ બબલુ કો લેકર ઉસકી રૂમ પર ગયે તબ'

(ફ્લેશબેક)

'યે મિલન બબલુ હૈ....ઔર હમ બિહાર સે...છપ્રા પુલીસ. યે મર્ડર કરકે ભાગા થા ઔર યહાં...આપકી રૂમ મેં એક રાત રહા થા...ફિર ભી આપને ઇન્હે નહીં પહેચાના?' સીમાનું ગળું સુકાવા લાગ્યું.

'કૌન સી રૂમ મેં રહા થા બતા..' પોલીસે બબલુને પૂછ્યું. બબલુએ બાજુની રૂમ તરફ ઇશારો કર્યો.

'રૂમ ખોલો મેડમ.' સીમાએ ઉતાવળે આગળ ચાલીને ધ્રૂજતા હાથે રૂમ ખોલ્યો. પોલીસે અંદર નજર કરી.

'ઓર કૌન થા ઉસ રાત ઇસ રૂમ મેં.?' પોલીસે પૂછ્યું.

સીમાના ધબકારા ગયા....એ રાતે રૂમમાં અભિ પણ હતો. આ છોકરો એનું નામ આપી દેશે તો....સીમા આવનારી મુશ્કેલીની કલ્પના કરવા લાગી. એણે બબલુને પોલીસ ન જુએ એ રીતે અભિનું નામ નહીં લેવાનો ઇશારો કર્યો.

'ઇનકા હસબેન્ડ થા' સીમાનો ઇશારો સમજી ગયેલો બબલુ બોલ્યો.

(ફ્લેશબેક પુરો)

'મોરે, સીમા પર બબલુને એક અહેસાન કિયા થા. ઉસકો સીમા પે ભરોસા બૈઠ ગયા થા. વો ઇસ ભરોસે કે સાથ આશરા લેને સીમા કે ઘર પહોંચ ગયા થા.'

'યે સબ તુમ કેસે જાનતે હો? મોરેએ પૂછ્યું.

'છપ્રા પુલીસને અભિ મર્ડર કેસ કે બારે મેં સૂના તબ ઉસને મુઝે યે બાત બતાઇ.'

'ફિર ક્યા હુઆ?'

'બબલુને સીમા સે પૂછા કિ' (ફ્લેશબેક)

'આપને અભિ કા નામ નહીં લેને કે લિયે ઇશારા ક્યું કિયા થા?'

'ક્યું કી અભિ મેરા ખાસ દોસ્ત હૈ.'

'ખાસ દોસ્ત હૈ યા યાર હૈ.....સોરી મૈં મજાક કર રહા થા.' થોડી વાર થોભીને બોલ્યો: 'મૈંને ઉસ દિન પુલીસ કો અભિ કા નામ નહીં બતા કર આપકો બચાયા થા....આજ આપ મુઝે બચા લો. મુઝે એક રાત આશરા દે દો.'

હત્યારા બબલુની ઓફરથી સીમા થથરી ઊઠી. એણે સામે ઊભેલા ખૂની ભાગેડુ યુવાનને ઉપરથી નીચે સુધી જોયો. એના ચહેરા પર એક લુચ્ચું સ્મિત ઊભરીને શમી ગયું. થોડીવાર પહેલાંની એની ભયથી ફફડતી આંખોમાં ચમક ઊભરી આવી.

'મૈં તુમ્હે એક શર્ત પર આશરા દુંગી.' એના ભાથામાંથી તીરની જેમ છુટેલો શર્ત શબ્દ બબલુના કાનને ચીરીને નીકળી ગયો.

'શર્ત.? કેસી શર્ત.?' બબલુએ બે વાર ભંવાં ઊંચા તાણતાં પૂછ્યું.

'મુઝે તુમ્હારી યે રિવોલ્વર ચાહિયે.'

ઇસ ઔરત કો કેસે પતા ચલા કી મેરે પાસ રિવોલ્વર હૈ. એણે પેન્ટના આગળના હિસ્સામાં છુપાવેલી રિવોલ્વર પર હાથ મુક્યો.

'આપકો રિવોલ્વર કા ક્યા કામ હૈ.?' એણે પૂછ્યું.

'મુઝે બસ્તા કો ખતમ કર કે ચંદન કી મૌત કા બદલા લેના હૈ. મેરે પાસ એક આદમી હૈ મોતીબાબુ. વો મેરા યે કામ કરને કે લિયે તૈયાર હૈ.'

(ફ્લેશબેક પૂરો)

'બબલુને રિવોલ્વર નીકાલ કર દી....સીમાને ઉસકો આશરા દિયા. બબલુ એક રાત રહા. છપ્રા પુલીસ કે સાથ પુરા સેટિંગ હોને કે બાદ બબલુ ખુદ સેરેન્ડર હુઆ તબ ઉસને છપ્રા પુલીસ કો યે સારી બાતેં ઓફ ધ રેકોર્ડ બતાઇ હૈ.' વાગલેએ કહ્યું.

'વાગલે, તુમ યે સબ મુઝે ક્યું બતા રહે હો.?'

'ક્યું કી હમને એકસાથ કામ કિયા હૈ. સોચા ઇસ હાઇપ્રોફાઇલ કેસ મેં યે ઇન્ફર્મેશન શાયદ તુમ્હારે કામ આયે.'

*****************

એસીપી મોરે ઘરે પહોંચ્યા. એના દિમાગમાં જાતજાતના વિચારોની ધણધણાટી બોલતી હતી. વાગલે કહી ગયો એમાં તથ્ય કેટલું. બબલુએ છપ્રા પોલીસને કીધેલી વાતમાં સચ્ચાઇ કેટલી...એની સચ્ચાઇને પારખવી કઇ રીતે. સીમા એકદમ સીધીસાદી સ્ત્રી છે...એ ચંદનના મોતનો બદલો લેવા બબલુ પાસેથી રિવોલ્વર માગે...મોતીને કામ સોંપે? અને મહત્ત્વની વાત તો એ છે કે મોતીએ બસ્તાનું મર્ડર તો કર્યું જ નથી. એ બંનેએ મલેશિયામાં એકબીજાને ખતમ કર્યા. તો પછી રિવોલ્વરનું રહસ્ય શું છે.? એમને ચૌબેજીની સ્ક્રિપ્ટ યાદ આવી. એ રાતે લગભગ દસેક વાગ્યે પોલીસ સ્ટેશન પહોંચ્યા. ટેબલના ખાનામાંથી સ્ક્રિપ્ટ કાઢીને વાંચવા લાગ્યા. બેચાર વાર માથું ધુણાવ્યું...ચૌબેજીએ દોરી આપેલાં કલ્પનાતીત દ્રશ્યો એમના સમગ્ર ચિત્તને હચમચાવી રહ્યા હતા. એમણે ચૌબેજીને ઘરે ફોન જોડ્યો.

'ચૌબેજી, ક્યા ખૂબ લિખા હૈ આપને. આપકી સ્ક્રિપ્ટ મેરે લિયે એક થિયરી હૈ.'

'લેકિન ઇસ કેસ મેં થિયરી પ્રેક્ટિકલ નહીં બન સકતી.' ચૌબેજીએ કહ્યું.

'કમસે કમ મુઝે એક દિશા દિખાયેગી....એક એન્ગલ તો મિલેગા.' એસીપી મોરેએ કહ્યું.

'સ્ક્રિપ્ટ કા ધી એન્ડ લાનેવાલા પાર્ટ કલ મિલ જાયેગા.' ચૌબેજીએ કહ્યું. ફોન કટ થયા. મોરેના મનમાં વિચારોની ગાજવીજની વચ્ચે વીજળી ઝબુકી ને એક નામ ગર્જ્યું. એણે સ્ક્રિપ્ટના પહેલાં પાને એક નામ લખ્યું ને શિંદેને ફોન જોડ્યો: 'શિંદે, તુ પોલીસ સ્ટેશન આ જા.' શિંદેના બાઇક અને અટકળોની સ્પીડ એકસરખી જ હતી. શિંદે આવ્યો ત્યારે મોરે સ્ક્રિપ્ટમાં ખુંપેલા હતા.

એમણે શિંદેને વાગલે સાથેની વાતચીતનો અણસાર આપી દીધો.

'શિંદે, સીમા મેં એસા ક્યા હૈ જો અભિને ઉસસે શાદી કી? સીમા મેં એસા ક્યા હૈ જો ચંદનને ઉસે ભગા કર ઉસકે સાથે ઘર બસાયા.? સીમા મેં એસા ક્યા હૈ જો મોતી ઉસ કે લિયે બસ્તા કો ખતમ કરને કે લિયે તૈયાર હો ગયા? સીમા મેં એસા ક્યા હૈ જો બબલુને અપની ગન ઉનકો દે દી.? સીમા મેં એસા ક્યા હૈ જો યે સબ લોગ ઉસકે લિયે અપની સીમાએં પાર કર ગયે.? ના યે કોઈ ફેમસ હિરોઇન હૈ...ના તો યે કોઇ ભી એન્ગલ સે હિરોઇન લગતી હૈ.....એક સીધીસાદી સિમ્પલ ઔરત હૈ....કૂછ તો હૈ શિંદે, કૂછ તો હૈ ઇસ ઔરત મેં.'

એસીપી મોરેએ એકી શ્વાસે બોલી લીધા પછી લાંબો ઊંડો શ્વાસ લીધો.

'શિંદે, મલાડ કે કુરાડ વિલેજ મેં સીમા કા બાપ રહેતા હૈ. ઉસકા પતા નિકાલો. ઉસકો પકડ કે લાઓ.'

'કુરાડ વિલેજ બહુત બડા હૈ....બિના નામ એડ્રેસ કે કેસે ઢૂંઢેંગે ઉસકો.?'

'અભિ નામ કે બડે સ્ટાર કા સસૂર હૈ વો. સબ પહેચાનતે હોંગે ઉસકો.'

'મગર ઇસ મર્ડર કેસ મેં સીમા કે બાપ કો ક્યું..?' શિંદેએ પૂછ્યું.

'શિંદે, બચ્ચોં કે અચ્છે બિહેવિયર કે લિયે કભીકભી ઉસકે મા-બાપ કા અસલી ચાલચલન જાનના બહુત ઝરૂરી હોતા હૈ.'

> 'શિંદે, બચ્ચોં કે અચ્છે બિહેવિયર કે લિયે કભીકભી ઉસકે મા-બાપ કા અસલી ચાલચલન જાનના બહુત ઝરૂરી હોતા હૈ.'

શિંદેએ કુરાડ વિલેજના એના એક ખબરીને કોલ લગાવ્યો.

'જહોની.?' શિંદે બોલ્યો. જાસૂસો, બૂટલેગરો અને ખબરીઓના નામ ક્યારેય અસલી હોતા નથી.

'હુકુમ કરો સા'બ.' જહોનીનો નશામાં ડૂબેલો અવાજ થોડો સ્વસ્થ થઇને બહાર આવ્યો.

'ફિલ્મસ્ટાર અભિનય શ્રીવાસ્તવ કા સસૂર કુરાડ વિલેજ મેં રહેતા હૈ. જાનતે હો ઉસે.?'

'જાનતા હૈ....મેકમોહન નામ હૈ...વેસે ઉસકા નામ મોહન હૈ, લેકિન સબ ઉસકો મેકમોહન બુલાતે હૈ. અભિ કે સસૂર બનને કે બાદ વો જ્યાદા ફેમસ હો ગયા હૈ. ક્યા હુઆ સા'બ.?'

'ઉસકો મિલના હૈ...કલ આતા હું કુરાડ વિલેજ.'

******************

બીજે દિવસે જહોની શિંદેને મેકમોહનનું એડ્રેસ આપીને આગિયાની જેમ અલોપ થઇ ગયો. શિંદે મલાડના ગીચ વસતિ ધરાવતા કુરાડ વિલેજની જૂની મંગલ સોસાયટીના બીજા માળેના ફ્લેટની ઘંટડી વગાડી. એના આશ્ચર્યની વચ્ચે સામેના ફ્લેટનો દરવાજો અડધો ખુલ્યો ને અચરજભરી આંખો ડોકાઇ. શિંદેએ ફરી બેલ વગાડ્યો. ઊંઘમાંથી સફાળા ઊઠીને આંખો ચોળતાં એક જણે દરવાજો ખોલ્યો ને પોલીસના ડ્રેસમાં આવેલા શિંદેને જોઇને આંખો પટપટાવીને સ્થિર કરી.

'મોહન?' શિંદેએ પૂછ્યું.

'મોહન નહીં મેકમોહન' એણે દરવાજો બંધ કરવાની કોશિશ કરી.


શિંદેએ દરવાજાને લાતથી હડસેલતાં કહ્યું: 'તૂ કુરાડ વિલેજ કા મેકમોહન હોગા...હમારે લિયે મોહન હૈ. ચલ પોલીસ સ્ટેશન તેરી મુરલી બજાની હૈ.' શિંદે એને કોલરેથી પકડીને નીચે લઇ ગયો ત્યારે સામેના ફ્લેટનો અડધો ખુલેલો દરવાજો આખો બંધ થઇ ગયો.

(ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# મારી યશોદામા



ગરીબ લક્ષ્મીને યશોદાબેને જ ઉછેરીને મોટી કરી હતી. સાપુતારાની કન્યાશાળામાં કામ કરતા યશોદાબેને જ દારૂની લતને લીધે, ફેફસાના રોગમાં કમોતે મરનાર ગણપતની આ બાર વર્ષની નમાઈ દીકરી લક્ષ્મીને યશોદાબેને પોતાને ખોળે લીધી હતી.

લક્ષ્મી પણ એ જ કન્યાશાળામાં ભણી હતી. બારમું ધોરણ પાસ કરીને એ જ શાળામાં નોકરી કરતી હતી. કન્યાશાળામાં વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મનું કાપડ વેચવા આવતા વડોદરાના વેપારી મણિભાઈની નજર લક્ષ્મી પર ઠરી હતી.

એક દિવસે મણિભાઈએ યશોદાબેનને કહ્યું- બહેન, તમારી દીકરી લક્ષ્મી ખૂબ ડાહી અને કામકાજમાં હોશિયાર છે. તમે હા પાડો તો હું એની સાથે લગ્ન કરવા માગું છું. તમે ચિંતા જરાય ન કરતા, હું એને ખૂબ ખુશમાં રાખીશ. તમે સારા કુટુંબના છો, અને ધંધામાં ઠરેલ છો. તમારા મા-બાપને મળીને તથા લક્ષ્મીની ઈચ્છા જણાવીને પછી કહું. પણ, એટલું કહી દઉં કે લક્ષ્મીને મેં ખૂબ લાડકોડમાં ઉછેરી છે.

વડોદરા શહેરની ઝાકમઝોળે અને મણિભાઈના બોલકા સ્વભાવે લક્ષ્મીનું મન જીતી લીધું અને બંનેના લગ્ન લેવાઈ ગયાં. ભરયુવાનીમાં વિધવા થયેલાં યશોદાબેનના જીવનના બે જ આધાર- એક સાપુતારાની કન્યાશાળાની નોકરી અને લાડકી દીકરી લક્ષ્મી. રૂઢીચુસ્ત યશોદાબેન તો લક્ષ્મી દીકરીના ઘરનું પાણી પણ ના પીએ. એમને લક્ષ્મીની ચિંતા રહે કે સાસરે મારી લક્ષ્મી સુખી તો હશે જ ને-

લગ્ન પછી યશોદાબેનને જાણવા મળ્યું કે મણિભાઈ એના મા-બાપના એક ના એક જ દીકરા છે, અને એની મા કોઈ મુસલા જોડે ભાગી ગઈ હતી, એના બાપા તો કાકાને ધંધો સોંપીને બાવા થઈ ગયા હતા તે સોળ વર્ષના મણિયાને કાકાએ જ ઉછેર્યો.

જો કે મણિભાઈ પોતે ધંધામાં કુશળ અને વિવેકી જણાયા એટલે અને લક્ષ્મીને પણ એમના માટે પ્રેમ છે જાણી યશોદાબેને લગ્ન કરાવવાની હા પાડી હતી.

લગ્નને દોઢેક વર્ષ થયું હશે ને અચાનક સાંજે સાત વાગે લક્ષ્મી યશોદાબેનેના ઘરે આવી ગઈ. એની સૂજેલી આંખો, લઘરપઘર કપડા-અસ્તવ્યસ્ત વાળ- એને જોઈને યશોદામા તો હેબતાઈ જ ગયા. એક નાની થેલીમાં બે-ત્રણ જોડી કપડાં લઈને આમ અચાનક એકલી કેમ આવી હશે-

આવા અજાણ્યાને મારી લક્ષ્મી મેં શું કામ આપી- હું જ જવાબદાર છું. બીજી તરફ લક્ષ્મી તો યશોદામાના ખોળામાં માથું મૂકીને ડૂસકાં દઈને રડતી જ હતી.

બેટા, કંઈ કહે તો ખરી, શું થયું છે, તું આ રીતે અચાનક કેમ આવી ગઈ, શું થયું છે? યશોદામાએ પૂછયું.

મા, છેલ્લા કેટલાક સમયથી એમને દારૂની લત લાગી હતી અને સોસાયટીમાં રહેતા બે મિત્રો સાથે જુગાર રમતા હતા. પૈસા જીતીને આવે ત્યારે દારૂ ઢેંચે અને મને રંજાડે. મારો પાંચમો મહિનો જાય છે, હવે સંબંધ ન કરાય પણ માને જ નહીં. જો કોઈ વાર હારીને આવે તો બધી દાઝ મારા પર કાઢે. (એ ડૂસકાં દઈ રડવા લાગી.)

આવવા દે એને અહીંયા એને સીધો દોર કરી નાંખીશ. સમજે શું એના મનમાં- એની યશોદામા હજુ જીવતી બેઠી છે. યશોદામા એ પીઠ પસવારતાં કહ્યું. ત્યાં જ પીઠ પર સોળ પડેલા જોયા.

આ શું થયું છે? યશોદામાએ ચિંતિત થતા પૂછ્યું.

મા, કાલે રાત્રે બે વાગે આવ્યા ત્યારે એ ખૂબ નશામાં હતા. દારૂના નશામાં ધૂત હતા. મને રંજાડવા આવ્યા મને પીડા થતી હતી મેં એમને દૂર હડસેલતા ના પાડી. તો, ખૂબ બરાડા પાડવા લાગ્યા. અને મારા વાળ પકડીને મને ધીબી નાંખી. સવારે એ ગયા કે તરત હું બે કપડાં લઈને એમને કીધા વગર જ તારી પાસે આવી છું. કહેતાં લક્ષ્મી ફરી રડવા લાગી.

હાય, હાય સાલો રાક્ષસ છે, બેજીવવાળી પત્નીને આ રીતે રંજાડે છે! અકળાયેલા યશોદામાએ કહ્યું.

મા,મા ઈ બે પૈસા ઓછું કમાય તો ચાલે,પણ જુગાર રમે, દારૂ પીએ અને મને મારે તે કેમ ચલાવી લઉં. આ અગાઉ પણ મને બેત્રણ વાર મારી હતી પણ તને દુઃખ થાય એટલે ના કહ્યું. મેં એમને બે-ત્રણ વાર સમજાવ્યા કે હવે બાળક આવશે તમે આવું કરો નહીં. જુગાર રમાડે-દારૂ પીવડાવે એવાની સોબત છોડી દો.

આવવા દે મારી પાસે એને- મારી દીકરી પર હાથ ઉગામે છે- સમજે છે શું એના મનમાં? તું ચિંતા ના કરીશ. યશોદાબેન બોલ્યાં.

મા, મા હવે હું એની હારે નહીં રહું. મને ડર લાગે છે. હું તારી હારે જ અહીં એક ખૂણામાં પડી રહીશ. મારે એ ઘરમાં નથી રહેવું.

જો, દીકરા તું કોઈ ફિકર કરતી નહીં. તારા ગર્ભમાં રહેલા બાળક પર અસર થશે. તું એને સાચવ. કાલે જ મનસુખકાકાને વડોદરે મોકલીશ. કન્યાદાન કરાવનાર મનસુખકાકા ત્યાં જઈને તપાસ કરશે. યશોદામાએ કહ્યું.

સાપુતારા કન્યાશાળાના મોટાસાહેબ બીજે જ દિવસે વડોદરામાં આવેલી મણિલાલની કાપડની દુકાને પહોંચ્યા. ત્યાંતો દુકાન પર તાળું, તપાસ કરતાં ખબર પડી કે દાણચોરીનો માલ એમની દુકાનમાંથી પકડાયો અને મણિભાઈના એક વેપારી એ પોલિસ ફરિયાદ કરી કે મણિલાલે એના નામની ખોટી સહી કરીને બે લાખની રકમ ઉચાપત કરી છે. એટલે મણિલાલ સાથે એના બે મળતીયા પણ પોલીસ કસ્ટડીમાં છે.

મનસુખભાઈ પોલીસ સ્ટેશને ગયા.

મનસુખલાલ પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે એમને જોતાં જ મણિભાઈ કરગરવા લાગ્યા- બાપા, તમે કહેશો તેમ કરીશ, પણ મને અહીંથી છોડાવો. મારી લક્ષ્મીને પણ મેં ખૂબ રંજાડી પણ મને માફ કરો. મારી લક્ષ્મી ત્યાં આવી છે, ને? હું આજે સાપુતારા આવવાનો જ હતો ને આ પોલીસે દરોડા પાડ્યા. બાપા મને બચાવી લો.

મનસુખલાલે લક્ષ્મી ખાતર મણિલાલને છોડાવવા મોટા સાહેબ સાથે વાત કરી. મામલો શાંત કરીને બે દિવસે મણિલાલની સાથે સાપુતારા આવ્યા.

મણિભાઈ યશોદામાને પગે લાગવા ગયા- ત્યાંજ યશોદામા બરાડ્યા- તું ત્યાં છેટો જ રહેજે. તેં દારુ પીધો મારી લખમીને મારી છે. મારે તારી સાથે કોઈ વાત કરવી નથી.

મા, મને માફ કરો. હું ટેન્શનમાં હતો.

ટેન્શનમાં હોય એટલે દારુ ઢેંચીને બૈરી પર હાથ ઉગામવાનો - મારી લક્ષ્મી નહીં આવે. એની મા હજુ જીવે છે.

યશોદાબેને કહ્યું, મારી એક શરત છે, હવે લક્ષ્મી વડોદરા નહીં આવે, એ કન્યાશાળામાં નોકરી કરશે. બોલો, મણિભાઈ તમારે વડોદરા રહેવું છે કે અહીંયા? પછી જરા મર્મમાં જ કહ્યું કે તમે પણ અહીં રહી જાવ, મારી નજર સામે. કોઈ નોકરી શોધી લો.

- મણિલાલે નીચી નજરે ડોકું ધૂણાવ્યું.

યશોદામાએ કહ્યું- મારી લક્ષ્મી પર હાથ ઉગામશો તો કાઢી જ મૂકીશ.

મા- તમે કહો છો તેમ જ કરીશ. મને માફ કરો.

લક્ષ્મી આ જમાઈ માફી માગે છે, શું તું એને માફ કરીશ?

આજે એ ઘટનાને પાંચ વર્ષ થયા મણિલાલ અને લક્ષ્મીને સુંદર દીકરો છે. યશોદાબેન સાથે સમાજસેવાનું પણ કામ કરે છે. ■

વિશેષ પ્લસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

## વિશ્વના પ્રાચીન ગ્રંથોની ધરા તો ભારત છે તો...


# આપણે સર્જનાત્મક સુપરપાવર કેમ નથી?

**ભારતમાં** હાલમાં પહેલી વાર ૧ થી ૪ મે ૨૦૨૫ સુધી આયોજિત થયેલા વેવ્સ (વર્લ્ડ ઓડિયો /વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેંટ સમીટ) સમ્મેલનમાં ૯૦ થી પણ વધારે દેશના ૧૦ હજાર થી પણ વધુ પ્રતિનિધીઓ, ૧ હજારથી વધારે કલાકારો,૩૦૦ થી વધુ કંપનીઓ, ૩૫૦ થી વધુ સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓએ વારંવાર એક જ વિષય પર ૪૨ મુખ્ય સત્રો અને ૩૯ વિશેષ સત્રો અને ૩૨ માસ્ટર ક્લાસ દરમિયાન એક જ વાત પર ચર્ચા થઈ હતી કે, આદિગ્રંથોની ધરો હોવા છતાં ભારત રચનાત્મક મહાશક્તિ અથવા સુપર પાવર કેમ નથી?

નરેન્દ્ર મોદીએ સમ્મેલનનું ઉદઘાટન કરતા સંબોધન કરતા કહ્યું કે ભારત પાસે વાર્તાઓનો ખજાનો છે અને આમાં કોઈ બે મત નથી કે,ખરેખર વાર્તાઓના મામલામાં ભારત એક કથા હબ છે. આ બધું હોવા છતાં, કેમ એવું છે કે ભારતમાં લખાયેલી વાર્તાઓ અથવા આપણે ત્યાં બનેલી ફિલ્મો દુનિયાને હચમચાવી દેવામાં કેમ ઓછી પડે છે જેમકે દુનિયાની જુદી જુદી જગ્યાએથી ઘણી વાર્તાઓ, ઉપન્યાસ, ફિલ્મો અને ટીવી સિરીયલો આપણને હચમચાવી નાખે છે? પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમ્મેલનનું ઉદઘાટન કરતા એ આર રેહમાન અને રાજા મૌલીના વખાણ કરતા રાજકપૂરને યાદ કર્યા કે જેમની ફિલ્મો આજે પણ જાપાનથી લઈને રશિયા સુધી યાદ કરવામાં આવે છે.

પરંતુ આ આપણે ભલે દ્વિધા સાથે કહીયે, પણ એ તો નક્કી જ છેકે આખરે એવી કઈ વાત છે કે, આટલી પ્રાચીન સભ્યતા અને વિરાટ સંસ્કૃતિના સ્વામી હોવા છતાં આપણે ફિલ્મો, આવી ટીવી સિરીયલો કે વેબસિરીઝ કેમ નથી બનાવી શકતા, કે જેનું દુનિયામાં તે જ ક્ષણે વખાણ થાય, ભાષાંતર થાય અને દુનિયા તે વાર્તાઓને પોતાના સમાજ સાથે સરખાવી શકે? ક્યાં એવું તો નથી ને આપણી ક્રિએટિવીટીની સાંસ્કૃતિક જટીલતાઓ હોય? આપણો અનુભવ કે આપણી કલ્પના અસાધારણ રીતે રચનાત્મક હોવા છતાં સાંસ્કૃતિક રૂપે પ્રસારિત કેમ નથી થઈ શકતી? ક્યાં આપણું નરેશન સ્ટ્રક્ચર એટલું નબળું તો નથી ને કે કોઈને સમજાતું નહીં હોય? જો ઊંડાણમાં વિચારીએ તો આવું જ કાંઈક છે. આમ જોઈએ તો ભારતીય જીવન દ્રષ્ટિ અથવા જીવન શૈલી કાંઈક અલગ જ છે કે જેમાં સાચ્ચું અને ખોટું, સારુ અને ખરાબ જેવા કાળા ધોળા વિભાજન નથી.

ભારતના સૌથી મહાન અને તથ્યપૂર્ણતાથી ભરપૂર ગ્રંથ મહાભારતને જ લઈએ તો મહાભારતમાં એક સાથે નૈતિકતા- અનૈતિકતા , સત્ય અસત્ય ,ધર્મ અર્ધમ કથાઓની તો ગંગા વહે છે. તમે કોઈ સ્પષ્ટતાં સાથે એવું તારણ નહીં કાઢી શકો કે મહાભારત જેવો મહાનગ્રંથ કોના પક્ષમાં છે. જો એક તરફ દુર્યોધનની તમામ અનૈતિકતાનો, અનીતિઓનો પ્રતિકાર કે આલોચના કરીયે છીએ તો તે સમયે તે જ મહાભારતમાં શ્રીકૃષ્ણ દ્વારા તેવી જ રીતે જાળ ફાંસ અનૈતિકતાઓ, અસત્ય અને અધર્મનો મહિમામંડલ ક્રે છે. જો કે આની પાછળ ખૂબ જ સૂક્ષ્મ તર્ક અને પક્ષપાત મોજૂદ છે, પરંતુ એક સામાન્ય વ્યક્તિ ખૂબ સહજતાથી આ સ્વીકારી નથી શકતા કે જો ધર્મ યુધ્ધમાં અભિમન્યું ને ઘેરીને મારી નાખવો અધર્મ છે , તો કમરની નીચે ગદા ન મારવી એ સ્પષ્ટ નીતિ હોવા ઉપરાંત આપમને ભગવાન કૃષ્ણના ઈશારા પર ભીમ દ્વારા દુર્યોધનની જાંઘ તોડી નાખવાની હરકત કે મ અધર્મ યુધ્ધનો હિસ્સો નથી લાગતી? આમ જોઈએ તો મોટા ભાગની ભારતીય કથા એટલી સૂક્ષ્મ અને ગોળાકાર છે કે ભારતીય વાર્તાઓ અંતમાં સત્ય અને અસત્યના ધુંધળાપણામાં પહોંચી જાય છે.



કથા સમ્રાટ પ્રેમચંદની વાર્તા 'કફન'ના અંતમાં તમે સ્પષ્ટ રૂપે તારણ ન કાઢી શકો કે વાર્તામાં નાયક કોણ છે? આખરે વાર્તા કોના માટે સહાનુભૂતિ દર્શાવે છે. પશ્ચિમી સમાજનો આ જટીલ કથાબોધ સમજાતો નથી. પશ્ચિમ લોકો ક્યારેય નહીં સમજી શકે કે જો રાવણ આટલો જ મહાન જ્ઞાની, અત્યંત સારી રીતે જ્ઞાન ધરાવતો, તપસ્વી અને મહાન ભક્ત હતો , તો પછી જાણી જોઈને આવી નીચ હરકત કેમ કરી કે તેની હરકતોને કારણે સમગ્ર કુળનો નાશ થયો. કુળની એક પણ વ્યક્તિ દીવો કરવા માટે પણ બચતી નથી. શું આ આપણા રચનાકારોની પરમપ્રજ્ઞા સ્થિતિમાં પહોંચી જવાનું કારણ છે કે તેઓ સારાઈ અને બુરાઈને એક ચોક્કસ રૂપમાં નથી જોઈ શકતા.

પશ્ચિમી સમાજ સીધી સપાટ કથા ક્રમ પર ભરોસો કરે છે. તેથી જ પશ્ચિમી મહાન કથાઓ સ્પષ્ટ રૂપે સીધી અને એક લાઈનર હોય છે જે ગોળગોળ ફરતી નથી કે જે પોતાની સુવિધા માટે કોઈ ને નાયક કે અને ચાહે તો એને જ ખલનાયક બનાવી દે. એમ તો પશ્ચિમી કથા આધારમાં પણ નાટકીયતા હોય છે. આમ જોઈએ તો પશ્ચિમી કથાઓ મોટા ભાગે ફોકસ્ડ હોય છે. એટલે જ ભારતની અપાર રચનાત્મકતા દુનીયાને જબરજસ્ત રૂપે આકર્ષિત કરી શકે છે ન તો તોડી પાડે છે. ભારતની જે પણ કથાઓ વૈશ્વિક રૂપે પસંદ આવી છે તો કેવું જોઈએ કે, આ મૂળ વાર્તાઓ નથી કે પરંતુ ભારતીય જમીનની મૂળ ભાષાઓથી નીકળી અંગ્રેજીમાં નવો આકાર -પ્રકાર આપી ઊભી કરેલી વાર્તા છે. જેવી રીતે સ્લમડોગ મિલેનિયર, આરઆરઆર જેવી બીજી તમામ વાર્તાઓ જેમકે, ગુનિત મોંગાની ડોક્યુમેન્ટરી કથા 'ધ એલિફન્ટ વિસ્પરર્સ' આ ખૂબ જ નાજુક અને કોમળ વાર્તાઓ છે. પરંતુ આમાંથી જ્યારે થોડી નાટકીયતો ઓછી કરી ત્યારે અને અંગ્રેજીમાં ઢાંચો કરવામાં આવ્યો ત્યારે તે ફિલ્મો પશ્ચિમી સમાજને આકર્ષિત કરી શકી. આપણી કથાઓ ખૂબ જ જટીલ એટલે કે ખૂબ જ ઊંડાણવાળી હોય છે એમાં એક સાથે વાર્તા કહેવાની કળા હોય છે સાથે લોકકથા શૈલી ધરાવતી વાર્તાઓ અને અસ્પષ્ટ કથા દિશા પશ્ચિમી કલાને ઉલઝાવે છે.

અમારા જમાનાના આધુનિક કથાકાર જેમકે, મહાશ્વેતા દેવી, ઉદય પ્રકાશ, મણિનાથ રેણુ અને પ્રેમચંદ સરળ કથાકાર હોવા છતાં પોતાની ઉદાર દ્રષ્ટિને કારણ તેઓ વિલનમાં પણ નાયક જોઈ શકે છે અને નાયકમાં પણ નેગેટીવીટી જાળવી રાખે છે. આ બધું જ મળાવીને આપણે એ તો વિચારવું જોઈએ જ કે, જે ધરતીમાંથી પહેલી વાર કવિતાએ જન્મ લીધો છે , જયાં સૌથી મોટો કથાગ્રંથ મહાભારતની રચના થઈ, જયાં પ્રકૃતિનો દરેક જીવ પોતાની અભિવ્યક્તિ કરી શકે છે, આવી જાતક કથાઓની દુનિયામાં આખરે દુનિયા એવી રીતે કેમ આકર્ષિત ન થઈ જેવી રીતે એક જમાનામાં રશિયન સાહિત્યનું ઘેલું લાગેલું અને યુરોપ અને અમેરિકાની યુધ્ધોત્તર વાર્તાઓએ ધુમ મચાવી હતી. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જે થાય એ સારા માટે જ થાય છે...


R.J. સોયેમા

જેનો સમાવેશ ભારતના ટોપ ટેન આરજે(રેડિયો જોકી)માં થાય છે એવી દિલ્હીની પ્રખ્યાત આરજે સાયેમા ફિલ્મોનાં ગીતો સરસ મજાની વાતો સાથે શેર કરવા માટે જાણીતી છે. એ જીવનલક્ષી વીડિયોઝ પણ બનાવતી રહે છે. એના ફોલોઅર્સની સંખ્યા મિલ્યન્સમાં છે. થોડા દિવસ અગાઉ પોતાના જીવનની એક સરસ મજાની વાત કરી.

એ વીડિયોમાં સાયેમાએ કહ્યું: ‘સ્કૂલમાં અને કોલેજમાં મારો ફેવરિટ સબજેક્ટ ઈંગ્લિશ રહ્યો, પણ જ્યારે બારમા ધોરણનું રિઝલ્ટ આવ્યું ત્યારે સૌથી ઓછા માર્ક્સ ઈંગ્લિશમાં આવ્યા. મને હજી યાદ છે એ દિવસ... હું મારા રૂમમાં ઉદાસ બેઠી હતી. કોઈ સાથે વાત કરવાનું મન થતું નહોતું. એ વખતે સામે એક પુસ્તક પડ્યું હતું: ‘અકબર બિરબલ કી કહાનિયાં’. મેં એ પુસ્તક હાથમાં લીધું. અને એ વાંચવા લાગી. એ પુસ્તકની એક એક વાર્તા વાંચતા જ મને સમજાયું કે મારે ઉદાસ થવું જોઈએ નહીં. એ વાર્તા તમારી સાથે શેર કરું છું....

એકવાર બાદશાહ અકબર શિકાર પર ગયા. શિકાર કરતી વખતે બાદશાહની આંગળીમાં તીર વાગી ગયું. બાદશાહને બહુ દર્દ થયું. આંગળીમાંથી લોહી પણ નીકળવા લાગ્યું. આ જોઈને બિરબલ બોલ્યા:

‘ભગવાન જે કરે છે એ સારું જ કરે છે.’

બિરબલ આવું બોલ્યા તો બાદશાહ અકબરને બહુ ખરાબ લાગ્યું, પણ ત્યારે તેઓ કશું ન બોલ્યા. પાછા દરબારમાં આવીને બાદશાહ અકબરે બિરબલની ગેરહાજરીમાં આ વાત દરબારીઓને કહી. બિરબલથી ઈર્ષા કરવાવાળા દરબારીઓએ બાદશાહને ભડકાવ્યા. એક દરબારીએ કહ્યું:

‘જહાંપનાહને આટલું દર્દ થયું અને એ વાતને પણ બિરબલે મજાકમાં લીધી!’બીજો બોલ્યો:

‘જહાંપનાહે બિરબલને બહુ માથા પર ચડાવ્યો છે. એ ભૂલી ગયો છે કે સમ્રાટનું સન્માન કેવી રીતે કરાય? જ્યારે હોય ત્યારે મજાક જ કરે છે!’

ત્રીજો કહે :‘બિરબલે જહાંપનાહનો ઈલાજ કરવો જોઈએ, પણ એણે તો એમની મજાક ઉડાવી.’

દરબારીઓની આવી ચાપલૂસીભરી વાતો સાંભળીને બાદશાહ અકબરને ય ગુસ્સો આવ્યો. એમને પણ લાગ્યું કે બિરબલને પોતે જ બહુ માથા પર ચડાવ્યો છે. એથી એ પોતાની ફરજ પણ ભૂલી ગયો છે. એમણે એ ચાપલૂસ દરબારીઓને પૂછ્યું કે ‘આ હાલતમાં શું કરવું જોઈએ? જેથી બિરબલને અક્કલ આવે.’

દરબારીઓ બોલ્યા : ‘જહાંપનાહ, એને કાઢી મૂકો. એને સખ્ત સજા આપો.’

કોઈએ કહ્યું : ‘મને તો લાગે છે એને છ મહિના માટે જેલમાં પૂરી દેવો જોઈએ.’

આખી રાત વિચાર કરીને બાદશાહ એ નિર્ણય પર પહોંચ્યા કે બિરબલને સજા આપવી જ યોગ્ય રહેશે, જેનાથી એનું દિમાગ ઠેકાણે આવે.

બીજા દિવસે બાદશાહ અકબર દરબારમાં આવ્યા. બધા દરબારીઓ અને બિરબલ પણ આવી ગયા હતા. બાદશાહે બેસીને સૌથી પહેલાં સેનાપતિને બોલાવ્યો અને એને આદેશ આપ્યો :

‘બિરબલને કેદ કરીને કારાગારમાં મોકલી આપો.’

બાદશાહના આ આદેશથી ચાપલૂસ દરબારીઓ સિવાયના બધા સ્તબ્ધ થઈ ગયા. બિરબલને પણ આંચકો લાગ્યો. જોકે પછી એમને સમજાયું કે કાલે એમની ગેરહાજરીમાં તેમની ઈર્ષા કરવાવાળા દરબારીઓએ કંઈક વાત પર બાદશાહને ઉશ્કેર્યા હશે, જેનાથી બાદશાહ નારાજ થઈ ગયા છે. જોકે કોઈ કારણ પૂછ્યા વિના એ સેનાપતિ સાથે ચાલ્યા ગયા. બિરબલ જેલમાં પુરાયા એનાથી ચાપલૂસ દરબારીઓ બહુ ખુશ થઈ ગયા.

થોડા દિવસો પછી બાદશાહનું મન શિકાર પર જવાનું થયું, પણ બિરબલ તો જેલમાં હતા એટલે ઘણો વિચાર કર્યા બાદ એમણે એકલા જ શિકાર પર જવાનો નિર્ણય કર્યો.

શિકાર પર નીકળેલા બાદશાહ રસ્તો ભૂલી ગયા અને નરભક્ષી આદિવાસીઓની વસતિમાં પહોંચી ગયા. આદિવાસીઓએ બાદશાહને પકડીને એક થાંભલા સાથે બાંધી દીધા અને પેલાનાઓના સરદારે કહ્યું કે ‘આનો બલી ચડાવવામાં આવે એટલે કે બાદશાહને મારી નાખવામાં આવે.’

આ ઘોષણા થતા જ આદિવાસીઓ ઢોલ-નગારા વગાડીને નાચવા લાગ્યા. રાત થઈ એટલે તેમણે બાદશાહને દેવતાની મૂર્તિ સામે લાવીને બાંધી દીધા. પછી આગ સળગાવીને બધા એની આજુબાજુ નાચવા લાગ્યા. અચાનક આદિવાસીઓના પૂજારી બલીનું નિરીક્ષણ કરવા આવ્યા. બાદશાહની તૂટેલી આંગળી જોઈને એમણે તરત નૃત્ય- સંગીત બંધ કરાવી દીધું અને બોલ્યા: ‘આનો બલી નહીં ચડાવી શકીએ આ માણસ ખંડિત છે એને છોડી દેવામાં આવે.... દેવતા કોઈ ઘાયલ કે રોગી મનુષ્યનો બલી સ્વીકાર નથી કરતા.’

આદિવાસીઓએ બાદશાહ અકબરને છોડી દીધા એમની ચંગુલમાંથી છૂટતા જ બાદશાહ પોતાનો ઘોડો પોતાના રાજ્ય તરફ દોડાવ્યો ત્યારે એ વિચારવા લાગ્યા કે બિરબલે સાચું જ કહ્યું હતું કે ‘ભગવાન જે કરે છે એ સારું જ કરે છે. જો એ દિવસે મારી આંગળીને ઈજા ન થઈ હોત તો આજે આ નરભક્ષી આદિવાસીઓ પોતાના દેવતા સમક્ષ મારો બલી ચડાવી દેત!!

બાદશાહે પાછા આવતા વેંત જ સેનાપતિને આદેશ આપ્યો કે ‘બિરબલને તરત છોડીને સન્માન સાથે મારી પાસે લઈ આવો.’ તરત જ એ આજ્ઞાનું પાલન કરવામાં થયું.

બિરબલ સામે આવતા જ બાદશાહે કહ્યું:

‘બિરબલ,મને માફ કરી દે. મેં તને કોઈ કારણ વગર જેલમાં ધકેલી દીધો. તેં પેલા દિવસે કહ્યું હતું ને કે ‘ભગવાન જે કરે છે એ સારું કરે છે’ ત્યારે મને તારી વાત પર ગુસ્સો આવ્યો હતો. મને લાગ્યું હતું કે તું મારી મજાક કરી રહ્યો છે, પણ આજે એક એવી ઘટના બની કે મને તારી વાત સાચી લાગી.’

એ પછી અકબરે માંડીને વાત કરી. પછી કહ્યું: ‘મને તારી વાત સમજાઈ કે ભગવાન જે કરે છે એ સારું જ કરે છે, પણ બિરબલ, એક વાત મારી સમજમાં આવી નથી રહી’

‘શું, જહાંપનાહ?’

‘એ જ કે મને ઘાયલ કરીને ભગવાને મારા માટે સારું કર્યું કે હું બલી ચડવામાંથી બચી ગયો, પણ તને ભગવાને જેલમાં મોકલીને તારું શું સારું કર્યું?’

‘જહાંપનાહ, ભગવાને મને જેલમાં મોકલીને એ રીતે એ આદિવાસીઓથી મારી પણ રક્ષા કરી.’

‘કેવી રીતે?’

‘જો તમે મને જેલમાં ન મોકલ્યો હોત તો તમે શિકાર પર મને સાથે જ લઈ ગયા હોત. ત્યારે આપણે બંન્નેને પકડીને આદિવાસી આપણે બંનેને બલી ચડાવવા માટે મંદિરમાં લઈ જાત. ત્યાં તમે ખંડિત હોવાના કારણે બચી જાત ને હું માર્યો જાત!’

‘વાહ બિરબલ, આ સાચું જ છે કે ભગવાન જે કરે છે એ સારું જ કરે છે.’ અકબરે કહ્યું.

આ વાર્તા કહ્યા પછી સાયેમાએ ટિપ્પણી કરી: ‘આ વાર્તા વાંચીને મને સમજાયું કે મારા જે ઓછા માર્ક્સ આવ્યા એ માટે મારે ઉદાસ ન થવું જોઈએ. એ ક્યાંકને ક્યાંક મને સમજાશે કે ખરાબ નથી કંઈક સારું જ થશે.’

અહીં સાયેમાએ વાત પૂરી કરી હતી, પણ એણે વીડિયોમાં નથી કહી એ વાત જાણવા જેવી છે. સાયેમાના પિતા લેક્ચરર છે અને એમની જેમ સાયેમા પણ લેક્ચરર બનવા ઇચ્છતી હતી. ઇંગ્લિશ લિટરેચર સાથે અભ્યાસ કરીને તે ડિગ્રી મેળવવા ઇચ્છતી હતી અને બારમા ધોરણમાં એને અંગ્રેજી સિવાય બીજા બધા વિષયમાં ઊંચા માર્કસ આવ્યા હતા, પણ અંગ્રેજીમાં ઓછા માર્કસ આવ્યા હતા. સાયેમાના કિસ્સામાં જે થયું એ સારું જ થયું. એ લેક્ચરરને બદલે ખૂબ સફળ રેડિયો જોકી બની અને આખા દેશમાં જાણીતી થઈ.

જીવનમાં કપરા સંજોગો આવે ત્યારે આ વાત યાદ રાખવી જોઈએ કે જે થાય છે એ સારા માટે જ થાય છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# જીવન નામે ચમત્કાર..... આ દુનિયામાં છે એક અજીબ દુનિયા !



*ટાઇટલ્સ:*

**અજ્ઞાનમાં સુખ છે, જેને જલ્દી જાણવામાં મહાસુખ.(છેલવાણી)**
**આઇન્સ્ટાઇન જેવા મહાન માણસને કોઇએ પૂછેલું :**
**‘તમારું જ્ઞાન કેટલું?’ ત્યારે તેમણે દરિયા કિનારાની રેત ઉપાડીને કહેલું:**
**‘આ રેતીના કણ જેટલું!’**

હવે આ વાત થઈ એ વખતે એ દરિયા કિનારેથી થોડે દૂર હતા . જવાબ આપવા ખાસ દરિયા કિનારે ચાલીને ગયેલા એની અમને ખબર નથી! સાથોસાથ એ પણ ખબર છે કે આપણને ઘણું બધું ખબર નથી.

આ એક દુનિયામાં અનેક દુનિયાઓ વસેલી છે. ચિત્ર- વિચિત્ર માણસો અને વાતોથી ભરેલી. આ જાલિમ જગતમાં પ્રેમ, પરમાત્મા કે પોલિટિક્સની જેમ ના સમજાય એવી ઘણી ઘટના બનતી રહે છે, જે દિમાગની બત્તી ગુલ કરી નાખે છે. એવી જ વિચિત્રતાવાળી વાતોથી ભરપૂર માહિતીની કિતાબોમાંથી કેટલીક એવી વાતો જાણવા મળે છે કે આપણી આંખો તો શું આપણે આખેઆખા પહોળા થઇ જઇએ, જેમ કે....

એક વાર કેલિફોર્નિયામાં એક સ્ત્રી રસોઈ બનાવી રહી હતી. અચાનક ગેસના ચૂલામાંથી વિચિત્ર પ્રકારના સંગીતનો અવાજ સંભળાયો. ગીત પૂરું થતાં જ તે અવાજ બંધ થયો! આ ચૂલાના અવાજનું રહસ્ય હજી અકબંધ છે!

(કદાચ ત્યાં પણ ગેસ સિલિંડરના ભાવ વધ્યા હશે એ વિશે ગેસના ચૂલામાંથી સરકાર સામે આક્રોશ વ્યક્ત થતો હશે?)

આ બીજી વાત જાણો, હોનોલૂલૂથી ૭૫ માઈલ દૂર જે ટાપૂ પર નહિલી નદીના કિનારે એક ૯૦ ફૂટ ઊંચી અને અડધો માઇલ લાંબી પહાડી છે. નવાઈની વાત એ છે કે આ પહાડીમાંથી કૂતરાં ભસવાનો અવાજ આવ્યા કરે છે. રાતના અંધારામાં કે કુદરતી કોપ જેવા સમયે આ અવાજ ખાસ સંભળાય છે. બાળકો આ અવાજથી ડરી જાય છે તેથી એમને આ પહાડીથી ખાસ દૂર રાખવામાં આવે છે! એવું પણ નથી કે નજીકના કોઈ ગામનાં કૂતરાં ભસતાં હોય અને તેના પડઘા અહીં પડતા હોય! આજ સુધી કૂતરાં ભસવાના અવાજનું રહસ્ય ઉકેલાયું નથી. (જોકે આપણાં ગામ શહેરમાં તો રોજ કૂતરાં ભસે છે, સો વ્હોટ?)

બીજી બાજુ, સ્પેનનો એક યાત્રી એન્ટેનિયો ડી. અકલોઆ જયારે સાથીઓ સાથે એન્ડ્રીઝ પર્વતશૃંખલાઓ પાર કરી રહ્યો હતો ત્યારે પાંચમા પર્વતની ટોચ પાસે એણે સંગીત સાંભળ્યું. સંગીત સાંભળી એ બધા એવા ડરી ગયા ને ભાગવા માંડ્યાં (સંગીત એટલું ખરાબ હશે? કે કોઇ ફિલ્મના ગીતનું બેહૂદું રિ-મિક્સ સોંગ હશે?)

નીલ નદીને પાર કારન ખંડેરોમાં પથ્થરની બે મૂર્તિ એક બીજી સામે ઘૂરકયા કરતી હોય તેમ આમને સામને થોડા અંતરે ઊભી છે. આ બેમાંથી એક મૂર્તિ ચૂપ છે, પણ બીજીમાંથી કોઈક વાર કંઇક બોલવાનો અવાજ આવે છે. પથ્થરની મૂર્તિ શા માટે અને કઈ રીતે બોલે, શું બોલે છે એને જાણવા ખૂબ તપાસ ચાલી પણ રહસ્ય ઊકલ્યું નથી. (હોઇ શકે કે પેલી ચૂપ રહેલી મૂર્તિ, પતિની હોય ને બોલતી મૂર્તી પત્નીની હોય!)

*ઇન્ટરવલ:*

**દો જાસૂસ, કરે મહેસૂસ**
**યે દુનિયા બડી ખરાબ હૈ!**

**(દો જાસૂસ-ફિલ્મ)**

શિકાગોમાં એક મહિલાએ પોલીસમાં ફરિયાદ કરી કે તે પોતાના રસોડાનું બારણું ખોલે છે કે તરત તેમાંના વિદ્યુત ચૂલામાંથી ખાસ સંગીત આવે છે અને વળી દરવાજો બંધ કરતાં જ સંગીત બંધ થઈ જાય છે.

એન્જિનિયરોએ ખૂબ તપાસ કરી પણ નજીકમાં કયાંય શોર્ટવેવ ટ્રાન્સમીટર કે રેડિયો પકડાયાં નહીં! (શું એ બહેન રસોડામાં રાંધવા ના જવા માટે આવા બહાના બનાવતી હશે? કે આપણે ત્યાંની ટીવી સિરિયલના રસોડે મેં કૌન થા જેવા વાઇરલ ગીતની શરૂઆત ત્યાં થઇ હશે?)

નાઈજીરિયાની એક સ્ત્રીએ ફરિયાદ કરી કે એના બાથટબમાંથી કોઇનો ગીત ગાવાનો અવાજ આવે છે. (બાથરુમ સિંગર જોયા છે, પણ બાથટબ સિંગર પહેલીવાર સાભળ્યું, હોં!)

એલવર્ટાના એક ખેડૂતનું કહેવું છે કે તે પોતાના કૂવા પર ઢાંકેલી પતરાની ચાદરને હટાવે છે ત્યારે કૂવાના તળિયેથી સંગીત સંભળાય છે. પોલીસને શંકા ગઈ કે ક્યાંક રેડિયો છુપાવેલો હશે જેથી એમણે તસુએ તસુ જમીન જોઈ. આડોશ પાડોશના રેડિયો પણ જપ્ત કરી લીધા. આમ છતાં ચાદર હટાવતાં કૂવામાંથી સંગીત વાગતું જ રહ્યું. (હોઇ શકે કે પોતાના હક માટે આંદોલન કરવા ત્યાંના ખેડૂત આવા નવા નવા અખતરાં કરીને પોલીસ અને લોકલ સરકારને હેરાન કરતા હશે?)

સેંટ લૂઇસ નામના શહેરની એક હોટેલમાં ભવ્ય ડિનરનું આયોજન કરવામાં આવેલું. ત્યારે ત્યાંની ઓર્કેસ્ટ્રાવાળા સંગીતકારોએ જેવા પોતાનાં વાજિંત્રો ઉઠાવ્યા કે એમાંથી લાઇવ-તાજા સમાચારો પ્રસારિત થવા માંડ્યા...! ઘણી માથાકૂટ કરી પણ સમાચારો ના જ અટક્યાં અને ગ્રાંડ ડિનરનો પ્રોગ્રામ ફેલ ગયો! (એમાંયે જો સમાચારોમાં અર્ણબ ગોસ્વામી જેવા ન્યૂઝ-ઍંકરની રાડારાડ સંભળાતી હશે તો લોકો અડધું ખાવાનું મૂકીને ઊભી પૂંછડિયે ભાગ્યા હશે! અથવા તો ત્યાંની સરકારે નક્કી કર્યું હશે કે ઇલેક્શન નજીક આવે છે એટલે સરકારી કાર્યના પ્રચારવાળા સમાચાર સિવાય બીજું કાંઇ જ વાગવું ના જોઇએ.. પિયાનો કે પીપૂડી પણ નહીં!)

આ જગતમાં કેવું... ક્યારે... શું કામ? થાય છે એ હજી કોઇને સમજાયું નથી! એકદમ આપણાં કે વિશ્વના વિચિત્ર રાજકારણ જેવા જ છે આ દુનિયાનાં વણઉકેલ્યા રહસ્યોનું!

*ઍંડ ટાઇટલ્સ:*

**આદમ: મને તું સમજાતી નથી!**
**ઈવ: લે! એ છેક હવે સમજાયું?** ■

ફોકસ પ્લસ

નીલમ અરોરા
feedback@bombaysamachar.com

# બાળકો સાથે વધુ પડતું કઠોર વલણ યોગ્ય છે?



બાળકોનો ઉછેર કરવો સરળ નથી. વિશ્વના દરેક માતા-પિતા તેમનાં બાળકોની વધુમાં વધુ સુખાકારી વિશે વિચારતા હોય છે. પરંતુ માતા-પિતા પણ ભૂલો કરતા હોય છે. કારણ કે તેઓ પણ પેરેન્ટિંગનું કોઇ નિયમિત શિક્ષણ લેતા નથી હોતા. બાળકોનો ઉછેર કરતી વખતે જ તેઓ બધું શીખતા હોય છે. તેઓ પણ ભૂલો કરે છે અને તેમની ભૂલોમાંથી શીખે છે. ઘણી વાર માતા-પિતા એવી ભૂલો કરે છે, જેની બાળકોના જીવન પર નકારાત્મક અસર પડે છે. જ્યારે તેઓ મોટા થાય છે અને સમજણા થાય છે ત્યારે બાળકો સાથેના તેમના મતભેદો દેખાવા લાગે છે. બાળકો માતા-પિતાને તેમના દુશ્મન માનવા લાગે છે. પરંતુ માતા-પિતા જાણતા-અજાણતા એ નથી જાણતા કે તેમના કયા વર્તનની બાળકો પર કેવી અસર થશે. જેમ કે-

**બાળકો સાથે વધુ કડકાઇભર્યું વર્તન**

દરેક માતા-પિતા તેમનાં બાળકોની સુખાકારી ઇચ્છે છે. તેઓ બાળકના માર્ગદર્શક પણ હોય છે. સાચા અને ખોટાની સમજ પણ બાળકોમાં માતા-પિતા દ્વારા જ વિકસિત થાય છે. અત્રે નોંધનીય છે કે દરેક નાની-નાની વાત માટે બાળકોને ટોકવા યોગ્ય નથી. તેના જીવન સાથે જોડાયેલા નાના-નાના નિર્ણયો તેમને જાતે જ લેવા દેવા જોઇએ. જેથી કરીને તે તેમના નિર્ણય સ્વયં લેવાની ક્ષમતા વિકસિત કરી શકે. બાળકોના જીવનમાં માતા-પિતાની વધુ પડતી દખલગીરી અને તેમની મિનિટ દર મિનિટની દિનચર્યાને નિયંત્રિત કરવી, એક સમય પછી બાળકોને ખરાબ લાગે છે. તેથી જો તેમને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવવા છે તો તેની સાથે વધુ પડતી કઠોરતા ન દાખવો.

**તેમને માન આપો**

વધતી ઉંમર સાથે માતા-પિતાએ તેમનાં બાળકોની પ્રાઇવસી અને તેમના જીવનની નાની-નાની ચીજોને મહત્વ આપવું જોઇએ. મોટા ભાગનાં માતા-પિતા એ સમજી શકતા નથી કે મોટા થયા પછી સેલ્ફ રિસ્પેક્ટ, સેલ્ફ વેલ્યૂ અને સ્વતંત્રતા જેવી બાબતો પણ મહત્ત્વ ધરાવે છે. કોઇની સામે બાળક સાથે દુર્વ્યવહાર કરવો, બાળકોની નાની-નાની વાતોને કોઇ સાથે શેર કરવી, હંમેશાં બાળકને ઠપકો આપતા રહેવું, તેમને માન ન આપવું, આ પ્રકારની વાતો બાળકો બાળપણમાં તો ભૂલી જાય છે, પરંતુ તેની ખરાબ અસર જીવનભર બાળકો પર રહે છે અને તેઓ ધીમે-ધીમે માતા-પિતાને તેમના દુશ્મન સમજવા લાગે છે.

**બાળકોના નિર્ણય જાતે લેવા**

તેમાં કોઇ શંકા નથી કે માતા-પિતાને તેમનાં બાળકોના જીવન સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાનો અધિકાર છે,પરંતુ આનો અર્થ એ નથી કે બાળકોને તેમાં કોઇ છૂટ ન આપવી જોઇએ. તેમના સંબંધમાં કોઇ મોટો નિર્ણય લેતા પહેલા તેમનો અભિપ્રાય લેવો જોઇએ. જો તેઓ અસહમતી દર્શાવે છે તો તેના પર વિચાર કરવો જોઇએ. પોતાના નિર્ણયો બાળકો પર થોપીને તમે તેને તમારા દુશ્મન બનાવો છો. બાળકોને તેના જીવન સાથે સંબંધિત નિર્ણયો જાતે લેવા માટે પ્રેરિત કરો. તેમની સાથે બને તેટલા મૈત્રીપૂર્ણ સંબંધો કેળવો. બેસીને વાત કરો. તેમને સમજાવો અને તેમની સંમતિથી જ નિર્ણય લો. જેનાથી બાળકમાં પોતાના વિશે નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થાય છે.

**તમારી પસંદગી તેમના પર ન લાદો**

બાળકના સારા-નરસા વિશે વિચારવાની જવાબદારી માતા-પિતાની હોય છે. પરંતુ પોતાની પસંદ તેમના પર લાદવી ક્યાંનું ડહાપણ છે? તમારી પસંદગીનો વિષય તે વાંચે, ઓઢવા-પહેરવામાં તમે તેની ઇચ્છાનું ધ્યાન ન રાખો. તેણે કોની સાથે મિત્રતા કરવી જોઇએ તેનો નિર્ણય પણ તમે જ લો. આ પ્રકારનો વ્યવહાર બાળકને ડરપોક અને કાયર તો બનાવે જ છે, સાથે ઘરના વાતાવરણથી પણ ગૂંગળામણ અનુભવે છે. તે ધીમે ધીમે પોતાની અલગ ઓળખ બનાવવામાં અસમર્થ બની જાય છે. જો તેની ઇચ્છાઓ, તેની પસંદગીઓને તમે વારંવાર નકારી કાઢો છો તો એક તબક્કે તેની ઇચ્છાઓ અને પસંદગી ખતમ થઇ જાય છે. આખરે પરિણામ એ આવે છે કે તેના મનમાં માતા-પિતા પ્રત્યે નફરત પેદા થવા લાગે છે.

**તેમની લાગણીઓને સમજો**

ઉંમર વધવાની સાથે બાળકોમાં શારીરિક અને માનસિક પરિવર્તન આવે છે. કિશોરાવસ્થામાં કોઇના પ્રત્યે આકર્ષણ હોવું સ્વાભાવિક છે. બાળકો કાચી ઉંમરમાં જ કોઇના પ્રેમમાં પડી શકે છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી કે આ ઉંમર ભણવાની અને કારકિર્દી બનાવવાની હોય છે. પરંતુ આ પ્રકારની ભાવનાઓને જ્યારે માતા-પિતા કોઇ મહત્ત્વ આપતા નથી ત્યારે પણ બાળકોમાં ગૂંગળામણ પેદા થાય છે. કોઇના પ્રત્યે તેનો પ્રેમ, આકર્ષણ અને લગાવને સમજવું જરૂરી છે. નહીંતર માતા-પિતા તેમનાથી દૂર થવા લાગે છે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# યુદ્ધનો તનાવ વત્તા ટૅરિફના દબાવ વચ્ચે કેવો રહેશે સોનાનો ટ્રેન્ડ?

## રોકાણકારોએ સમજવા જેવા છે એના સંકેત

દેશ કોઈ પણ હોય, યુદ્ધની અસર એના સામાજિક જીવન કરતાંય આર્થિક જીવન પર વધુ પડે છે. ભારત-પાક વચ્ચે યુદ્ધ થશે કે કેમ એના વિશે અકળ રહસ્ય છે. આ રહસ્યનાં તાણાવાણાં વચ્ચે ભારતમાં સોનાના ભાવની વધઘટ નવા હિલોળા પર બેઠી છે. અલબત્ત, સોનાના ભાવની આ વધઘટ પર ગ્લોબલ ઈકોનોમી-જિઓપોલિટિકલ ઈકોનોમી-સિચ્યુએશન પર અસર રહી છે. તાજેતરમાં ફરીવાર નવા ઊંચા લેવલને આંબીને પાછાં ફરેલા સોનાની હાલ જે ડિમાંડ, પણ એના માત્ર ભાવ વિશે કન્ફ્યુઝન છે. વપરાશની વાત જુદી છે, પરંતુ રોકાણનો સવાલ આવે છે ત્યારે સોનામાં વર્તમાન ભાવે રોકાણ કરાય કે કેમ એ સવાલ કોઈને પણ મૂંઝવે એવો છે.

વૈશ્વિક સ્તરે જયારે અનિશ્ચિતતાનું અને જોખમની સંભાવનાનું વાતાવરણ વધતું જાય ત્યારે ગ્લોબલ કરન્સી પરનો ભરોસો ઘટવા લાગે. એ વખતે વિવિધ દેશોની સેન્ટ્રલ બેંક સોનું ખરીદવાની દોટ મૂકે છે. છેલ્લા અમુક મહિનાઓથી સોનાના વધતા ભાવ કંઈક આવાં જ કારણો ધરાવે છે.

રશિયા-યુક્રેન યુદ્ધ બાદ ઈઝરાયલ-હમાસ યુદ્ધ અને હવે ભારત-પાક વચ્ચે પૂર્ણ યુદ્ધની નોબત વચ્ચે કથિત યુદ્ધબંધીને લીધે પણ આ યુદ્ધ વિશે વિચિત્ર અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. યુએસમાં વ્યાજદર, મોંઘવારી દર અને જોબ ડેટાની નબળાઈના સંજોગોએ પણ સોના પ્રત્યે ત્યાં આકર્ષણ અને જરૂરિયાત વધી છે. ચીન પણ સોનામાં જબરો રસ ધરાવે છે.

‘ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલરી એસોસિએશન’ની માહિતી મુજબ, સોનાનો ભાવ થોડા દિવસ પહેલાં જે ૧૦ ગ્રામના ૯૯૯નો રૂ. ૯૬,૪૧૬ હતો તે ૧૨ મેના ગબડીને રૂ. ૯૩,૦૮૦ થયા બાદ ૧૩ મેના સાંજે ૬ વાગ્યે ફરી ઉંચકાઈને રૂ. ૯૪,૩૪૪ બોલાયો હતો. MCXમાં પણ જૂન વાયદા માટે સોનાનો ભાવ ૧.૨૬ ટકાના ઉછાળા સાથે રૂ. ૯૪,૦૭૦ને સ્પર્શી ગયો હતો, જે ૧૨ મેએ ૩.૭૯ ટકા ગબડીને રૂ.૯૨,૮૬૦નો બંધ રહ્યો હતો ટૅરિફ યુદ્ધ શાંત પડે તો...



એક આધારભૂત અંદાજ મુજબ, અમેરિકા અને ચીન વચ્ચેના ટૅરિફ-યુદ્ધને લીધે ઈન્વેસ્ટરોના સેન્ટિમેન્ટને લાગેલા ધક્કાને કારણે વિશ્વ બજારમાં સોનાનો ભાવ પ્રતિ ઔંસ ૩ ટકા જેટલો ઘટીને ૩,૨૩૦ ડૉલર રહ્યો હતો, પરંતુ બંને દેશે ૯૦ દિવસ માટે ટૅરિફમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો કરવા સહમતી સાધતાં વ્યાપાર તંગદિલી હળવી થશે અને સોના જેવા સુરક્ષિત કહેવાતાં સાધનોની માગ ઘટે એ સહજ છે.

બીજી તરફ, ઉદ્યોગના જાણકારોને આશા છે કે સોનું નજીકના ભવિષ્યમાં નીચા વલણ સાથે અસ્થિર રહેશે. આ સાથે ૩ ટકા જેટલું કરેકશન થવાની ધારણા છે. અમેરિકા-ચીન વચ્ચે ટૅરિફ મામલે મંત્રણામાં પ્રગતિ થશે તો આગામી ૩૦-૪૦ દિવસમાં સોનાનો આંતરરાષ્ટ્રીય ભાવ પ્રતિ ઔંસ ૩,૧૫૦ ડૉલર સુધી ઘટી શકે છે. ઘરઆંગણે, સોનું રૂ. ૯૦,૦૦૦-૯૧,૦૦૦ સુધી ઘટી શકે છે, કારણ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું ઘર્ષણ શાંત પડી જાય એવું નિષ્ણાતો માને છે.

આ ઉપરાંત ભારત-યુએસ વેપાર કરારને લઈને પણ પોઝિટિવ સંકેતો હોવાથી શેરબજારમાં ઉછાળા જોવાયા છે. જો આ દિશામાં બંને દેશ આગળ વધશે તો સોનાના ભાવ વધતા અટકી શકે અને ઈક્વિટીમાં આકર્ષણ વધી શકે છે. યુદ્ધ ટળવાનું પાકકું થઈ જશે તો...

ભૌગોલિક-રાજકીય તંગદિલી હળવી થવાને લીધે સોના વિશેની ધારણા નબળી પડી શકે છે, કારણ કે એ તંગદિલીને લીધે જ સોનાના ભાવમાં ઉછાળો આવ્યો હતો. એક્સપર્ટ વર્ગના વિશ્લેષણ મુજબ, MCX ગોલ્ડમાં પણ ઉતાર-ચઢાવ રહેવાની સંભાવના છે. હાલમાં સપોર્ટ ૯૨,૨૦૦ પર અને પ્રતિકાર ૯૭,૦૦૦ પર છે. જોકે અન્ય નિષ્ણાતોનું માનવું છે કે સોનામાં તેજી ચાલુ રહેશે. એમના મતે, ફુગાવામાં ઘટાડો થતાં અને અમેરિકા તરફથી મજબૂત આર્થિક સંકેત મળવાને લીધે સોનામાં થોડુંક ટૂંકા ગાળાનું કરેક્શન જોવા મળશે. કેન્દ્રિય બેન્ક દ્વારા ખરીદી, ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતા અને વ્યાજ દરમાં સંભવિત ઘટાડાને લીધે તેજીનું વલણ ચાલુ રહેશે. જોકે યુદ્ધ ટળી જશે એવું પાકા પાયે લાગશે ત્યારે સોનાના ભાવ પીછેહઠ કરશે ને ઈક્વિટી માર્કેટ જોર પકડશે.

‘ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશન’ના મતે સ્થાનિક સ્તરે, ભારતીય માગ સ્થિર છે, જેનું કારણ છે સાંસ્કૃતિક આકર્ષણ અને આગામી લગ્નસરાની મોસમ છે. આમ સોનાના ભાવ આગામી અમુક ક્વાર્ટર સુધી સ્થિર અને મજબૂત રહેશે એવી ધારણા મુકાઈ રહી છે. રિટેલ ઈન્વેસ્ટર્સે શું ધ્યાનમાં રાખવું?

રિટેલ ઈન્વેસ્ટરોને સલાહ છે કે સોનાને ટૂંકા ગાળાના ટ્રેડને બદલે લાંબા ગાળાની એસેટ તરીકે જુએ. ભાવમાં હાલ જે ઘટાડો આવ્યો છે એ સોનામાં ધીમે ધીમે સંચય કરવાની સારી તક છે. ટૂંકા ગાળામાં સોનું કદાચ સુસ્ત ટ્રેન્ડ બની શકે, પણ લાંબા ગાળાની દ્રષ્ટિએ તે આજે પણ સુરક્ષિત ઈન્વેસ્ટમેન્ટ છે. હાલને તબક્કે સોનામાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનો નિર્ણય લેતા પહેલાં ‘થોભો અને-રાહ જુઓ’નું વલણ અપનાવવું જોઈએ. સોનાનો ભાવ રૂ. ૯૦,૦૦૦ સુધી ઘટી જાય ત્યારે રોકાણકારે ટ્રેડિંગમાં પ્રવેશ કરવો જોઈએ. એવું જ ચાંદીનું છે. આવનારા દિવસોમાં એ સોનાને ટપી જાય એવી શક્યતા છે.

સામાન્ય રીતે ફાઈનાન્સિયલ પ્લાનર્સ રિટેલ ઈન્વેસ્ટરોના પોર્ટફોલિયોમાં સોનામાં ૧૦-૧૫ ટકાનું રોકાણ કરવાની સલાહ આપે છે. ખરીદી અને વેચાણનો નિર્ણય ભાવમાં વધ-ઘટના આધારે લેવો ન જોઈએ, પરંતુ દરેકે પોતાની ફાઈનાન્સિયલ સ્થિતિ મુજબ સોનાની આયોજનપૂર્વકની એસેટ એલોકેશનના આધારે લેવો જોઈએ. આ સંજોગોમાં સોનામાં રોકાણ કરવા માટે ડિજિટલ સોનાનો માર્ગ વધુ બહેતર અને કોસ્ટ ઈફેક્ટિવ ગણાય, જેની ચર્ચા આપણે અગાઉ કરી હતી, તેમ છતાં તેના દોહરાવામાં સાર હોવાનું માનીને સોનામાં રોકાણ માટે ગોલ્ડ ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ) આદર્શ હોવાનું કહી શકાય.■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ૪૦ વર્ષમાં ૨૭ પ્રસૂતિમાં ૬૯ બાળકને જન્મ

**Valentina** Feodor Vassilyev. હા આજથી સવા બસો-અઢીસો વર્ષ અગાઉ થઈ ગયેલાં મહિલા વેલેન્ટિના ફિયોડોર વાસિલીવ વિશેની ચર્ચા આજના સંદર્ભમાં જરૂરી છે. વસતિ-નિયંત્રણ અને વસતિ-વધારાની વિરોધાભાસી લાગણી-માગણી વચ્ચે આ રશિયન બાનુ વેલેન્ટિનાનું નામ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેમણે ગર્ભાધાન અને પ્રજોત્પત્તિમાં માની ન શકાય એવું કરી બતાવ્યું હતું.

ઈ.સ. ૧૭૨૫માં જન્મેલાં અને ઈ.સ. ૧૭૬૫માં અવસાન વચ્ચેના માત્ર ચાલીસ વર્ષના આયુષ્યમાં તેઓ ૨૭ વખત ગર્ભવતી બન્યા હતા. આટલી પ્રસૂતાવસ્થામાં તેમણે ૬૯ (હા. હા. છગડે નવડે ઓગણ સિત્તેર) બાળકોને જન્મ આપ્યો હતો. આ વિક્રમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલો છે અને હવે કોઈ ક્યારેય આ વિક્રમને તોડી શકે એવું લાગતું નથી. પણ ૨૭ ડિલિવરીમાં ૬૯ બાળકો શક્ય લાગે છે?



વેલેન્ટિનાના કેસમાં ચમત્કાર જ લાગે એવું બન્યું હતું. તેમણે ચાર વખત એક સાથે ચાર બાળકો (quadraplets), સાત વાર ત્રણ બાળક એટલે ત્રેલડા (triplets) અને ૧૬ વખત જોડિયા (twins)ને જન્મ આપ્યાં હતાં. એક મહિલા માટે બાયોલોજિકલ અને ફિઝિકલ રીતે આટલી બધી ડિલિવરી અને આટલા અધધ બાળકોને જન્મ આપવાનું શક્ય કેવી રીતે બન્યું?

એક અભિપ્રાય મુજબ આ હાયપર ઓવ્યુલેશન (Hyper-ovulation)નો કેસ હોવો જોઈએ. આ સ્થિતિમાં દરેક માસિક ધર્મની સાઈકલમાં એકથી વધુ ઈંડા આવે અને બહુ-જન્મની શક્યતા વધી જાય. વેલેન્ટિનાના મામલામાં પણ આ એક માત્ર બાબત શક્ય લાગે છે.



વેલેન્ટિના

ગર્ભાધાન અને પ્રસૂતિ માટે મહિલામાં શારીરિક-માનસિક ક્ષમતા-તાકાત જોઈએ. વેલેન્ટિના એક ગરીબ ખેડૂતની પત્ની હતી. વળી એ સમયે પ્રસૂતિ માટે તો ઠીક, સામાન્ય માંદગી કે શાસ્ત્રક્રિયા માટે ય આધુનિક તબીબી સગવડો નહોતી. આવા સંજોગોમાં ૬૯ બાળકોને જન્મ આપવો એ ચમત્કાર જ લાગે.

હાલ રશિયામાં તેઝા નદીના ડાબા કાંઠે વસેલા શુયા નગરમાં ક્યારેક વાસિલીવ દંપતી રહેતું હતું. આ સ્થળ વિશે ગૂગલ કરો તો એના નોંધપાત્ર નાગરિકોમાં એક નામ ખેડૂત ફિયોડોર વાસિલીવનું છે. શા માટે? એમની પહેલી પત્ની વેલેન્ટિનાએ વિક્રમસર્જક ૬૯ બાળકોને આપેલાં જન્મના વિક્રમ બદલ. આમાં ફિયોડોરની હિમ્મત અને તાકાતને ય માન આપવું પડે. સાથોસાથ આટલા બધા બાળકોનો જન્મ અપાવીને તેમણે પત્ની વેલેન્ટિનાના આરોગ્યની અવગણના કરી એની ટીકા ય કર્યા વગર ન રહેવાય. આ જનાબ ૧૭૮૨માં ૭૪-૭૫ વર્ષની ઉંમરે અવસાન પામ્યા ત્યારે તેમના કુલ ૮૭ બાળકો હતા. આનો અર્થ સ્પષ્ટ છે કે તેમણે પુનઃલગ્ન કર્યા હશે. જેમાંથી પણ વધુ ૨૦ બાળકોને જન્મ આપ્યો હતો.

બીજી પત્નીથી ફિયોડોરને ૧૮ સંતાન થયા હતા. આમાં પણ છ જોડિયા અને બે ત્રેલડા હતા. આ રીતે તો સૌથી વધુ બાળકોના પિતા બનવાનો વિશ્વ-વિક્રમ મિસ્ટર ફિયોડોર વાસિલીવના નામે ન હોવો જોઈએ! સ્થાનિક મોનાસ્ટ્રીએ આ જન્મના દસ્તાવેજો મૉસ્કોને સુપરત કર્યા હતા.

ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં વેલેન્ટિના ફિયોડોર વાસિલીવની વિશ્વમાં સૌથી વધુ સંતાનોને જન્મ આપનારી માતા તરીકે નોંધ છે ખરી પણ આ હકીકત કે આંકડા સંપૂર્ણપણે સાચા હોવા અંગે અમુકને શંકા છે. નિષ્ણાતોની દલીલ છે કે અઢારમી સદીમાં સંખ્યાબંધ પ્રસૂતિના જોખમ અને ઊંચા બાળ-મરણ વચ્ચે આ બાબત માની શકાય એવી નથી. માની શકાય એવી ન લાગતી હોવાથી આ ઘટના, આંકડા અને નારી એક અપવાદ ન જ હોઈ શકે એવું શા માટે ધારી લેવું જોઈએ? ■

---

ફોકસ

દેવેશ પ્રકાશ
feedback@bombaysamachar.com

# AI એટલે સભાન + સ્માર્ટ કૃત્રિમ બુદ્ધિમત્તા...

(યુપીએસસી એ સિવિલ સર્વિસીસની પ્રારંભિક પરીક્ષામાં જ્યારથી સી-સેટ ની ફોર્મેટ સામેલ કરી છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ઘણો વિસ્તર્યો છે. ઉપરાંત, હવે માત્ર આઇએએસ પરીક્ષામાં જ નહીં પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં જનરલ સ્ટડીઝની વિશાળ શ્રેણીમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે. આને ધ્યાનમાં રાખીને, આ વખતે અમે નોલેજ બાઈટ હેઠળ લાર્જ લેંગ્વેજ મોડલ વિશે જણાવી રહ્યા છીએ. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની પૃષ્ઠભૂમિમાં, જેની આ દિવસોમાં સમગ્ર વિશ્વમાં વ્યાપક ચર્ચા થઈ રહી છે, તો ચાલો આપણે એ સમજીએ કે આ એલએલએમ (લાર્જ લેંગ્વેજ મોડલ) શું છે અને તેની ચર્ચા પાછળનું કારણ શું છે?)

શું મશીનો હવે માણસોની જેમ વિચારવા પણ લાગ્યાં છે?

શું મશીનોને હવે માણસોની જેમ પોતાપણું અને પારકાનો અનુભવ થવા લાગ્યો છે?

શું મશીનો હવે માણસોની જેમ લાગણીશીલ અને હતાશ પણ થવા લાગ્યાં છે?

જી હા, આ પ્રશ્નોની એક એવી લાંબી યાદી છે, જેમાં સેંકડો પ્રશ્નો પંક્તિમાં છે, જાણે માનવીય ઉત્સુકતાનો મુશળધાર વરસાદ વરસી રહ્યો હોય અને આવું કેમ ન થાય, જ્યારે તાજેતરમાં જ કેટલીક ટેક કંપનીઓએ એવા AI મોડલ રજૂ કર્યા છે, જે માત્ર માનવીની લાગણીઓને સમજવાનો જ દાવો નથી કરી રહ્યા, પરંતુ લાગણીઓને અનુરૂપ પૂછાયેલા પ્રશ્નોના જવાબો પણ આપી રહ્યાં છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો, વિશ્વમાં એવાં મશીનો પણ છે, જે માણસોની જેમ વિચારે છે અને અનુભવી શકે છે. વૈજ્ઞાનિક તેમને AI એટલે કે સભાન કૃત્રિમ બુદ્ધિમત્તા કહે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કે જે મનુષ્યની જેમ તેના અસ્તિત્વને ઓળખે છે અને અનુભવે છે. પણ સવાલ એ છે કે આ ખરેખર સાચું છે કે છેતરપિંડી? જોકે, અત્યાર સુધી ટેક કંપનીઓ પાસે એ સાબિત કરવા માટે કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે સભાન છે.



પરંતુ એ પણ સાચું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દિવસે દિવસ વધુ શક્તિશાળી બની રહી છે. આ જોઈને, વિશ્વમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ એ માનવા તૈયાર નહી હશે કે એક દિવસ એવો આવશે જ્યારે મશીનો પણ માણસોની જેમ જ જવાબદાર અને સંવેદનશીલ વર્તન કરશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભલે હજી એટલી સભાન નથી, જેટલો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ એ સત્ય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં એઆઇની બુદ્ધિમત્તા વધુ તીક્ષ્ણ અને મૌલિક બનવા તરફ આગળ વધી રહી છે. માત્ર એક-બે નહીં, એવી ડઝનબંધ AI સિસ્ટમ્સ અસ્તિત્વમાં આવી ગઈ છે, જે સ્વયંસ્ફુરિત પ્રતિક્રિયાઓ કરે છે. તેથી, તે સ્વાભાવિક છે કે સમગ્ર વિશ્વમાં એક ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું AI માત્ર એક તકનીકી સાધન છે કે તે સભાન અથવા જીવંત તત્ત્વ બની ગયું છે? આવી ઉત્સુકતા આખી દુનિયામાં બમણી ગતિએ વધી રહી છે કારણ કે દરરોજ કોઈને કોઈ ડોક્યુમેન્ટ્રી કે વીડિયો વાયરલ થઈ રહ્યા છે જેમાં AI ચેટબોટ્સ માણસોની જેમ જ ઈમોશનલ રિસ્પોન્સ આપી રહ્યા છે. AI ની વિઝ્યુઅલ હાજરી ભલે હજી વાઇબ્રન્ટ ન હોઈ શકે. પરંતુ જે પ્રકારના વિચારો કે લાગણીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વ્યક્ત કરે છે, આ બધું જોઈને કોણ કહી શકે કે AI સાથે વાતચીત કરતી વખતે તેને દરેક ક્ષણે યાદ રહે છે કે તે કોઈ મશીન સાથે વાત કરી રહ્યો છે. વાસ્તવમાં એવું નથી. વિચાર અને લાગણીના સ્તરે, આ દિવસોમાં કૃત્રિમ બુદ્ધિમતા ખૂબ જ માનવીય લાગણી આપે છે. તેના ઉપર, જ્યારે આવા વીડિયો વાયરલ થાય છે, જેમાં AI ચેટબોટ્સ લાગણીશીલ પ્રતિભાવો આપતા જોવા મળે છે, જેમ કે, મને એકલો છોડી દો, હું દુનિયાથી કંટાળી ગયો છું અથવા હું ખૂબ એકલતા અનુભવું છું વગેરે...

આજકાલ લાખો લોકો જાણે છે અને સમજે છે કે AI એ કૃત્રિમ બુદ્ધિમતા છે અને તેનું અસ્તિત્વ માનવીના અસ્તિત્વ જેવું નથી. તેમ છતાં, જ્યારે લોકો AI ચેટબોટ્સ સાથે વાત કરે છે અને ત્યારે પ્રશ્નો હૃદયમાંથી આવે છે જાણે કે તેઓ કોઈ માણસને પૂછવામાં આવે છે અને બીજી તરફ, AI તરફથી પણ એવા જવાબો પ્રાપ્ત થાય છે જાણે કોઈ માણસ જવાબ આપી રહ્યો હોય.

એટલું જ નહીં, જ્યારે પણ આપણે ચેટબોટ સાથે ડીપ ચેટિંગમાં વ્યસ્ત હોઈએ છીએ ત્યારે આપણને એવી જ ભાવનાત્મક અનુભૂતિ થાય છે જાણે કે આપણે કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ સાથે વાતચીત કરી રહ્યા છીએ. એક તરફ, આ સ્થિતિ એ વાતનો પુરાવો છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દરેક દિવસ સાથે વધુ જીવંત બની રહી છે. તો પછી એ સ્વીકારવામાં કેમ મૂંઝવણ નહીં થાય કે, આજે નહીં તો કાલે મશીનો બોલશે અને વિચારોની સાથે સાથે તેમની લાગણીઓ પણ આપણી સાથે શેર કરશે. કદાચ આ જ કારણ છે કે વૈજ્ઞાનિકો ભલે ભારપૂર્વક કહેતા હોય કે આ માત્ર યાંત્રિક વાતાવરણનું મનોવિજ્ઞાન છે. પરંતુ હાલના દિવસોમાં, સમગ્ર વિશ્વમાં વિજ્ઞાન, ફિલોસોફી અને રાજકારણમાં, એવી ચર્ચા ચાલી રહી છે કે શું ખરેખર માનવી પૃથ્વી પર અસ્તિત્વમાં રહેલી એકમાત્ર માનવતા છે કે શું વૈજ્ઞાનિકોએ તેને સ્વીકારવાની મુશ્કેલીમાંથી પસાર થયા વિના તેનો સ્વીકાર કરી લીધો છે?

જો કે, આ સમયે વિશ્વમાં એ પ્રશ્ન ઉત્સુકતા ચરમસીમાએ પહોંચ્યો છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે આર્ટિફિશિયલ નથી રહી, શું તેણે ખરેખર માનવીની જેમ વાસ્તવિક સમયની ફ્રેમમાં વિચારવાનું અને સમજવાનું શરૂ કર્યું છે? પરંતુ આ વિષય પર કોઈ ગંભીર ચર્ચા થાય તે પહેલાં, એ જાણવું જરૂરી છે કે આ સભાન કૃત્રિમ બુદ્ધિમતા અથવા સંવેદનશીલ AI આખરે શું છે? વાસ્તવમાં, માઇન્ડફુલનેસનો અર્થ એ છે કે વ્યક્તિના અસ્તિત્વ વિશે જાગૃત રહેવું એટલે કે અનુભવ કરવાની ક્ષમતા. અત્યાર સુધી, વિશ્વમાં ફક્ત મનુષ્યોને જ આ સ્થિતિ પ્રાપ્ત થઈ છે કે તેઓ તેમના અસ્તિત્વથી વાકેફ છે અને અનુભવો વિશે વિચારવા અને ચિંતન કરવા સક્ષમ છે. તે ભીડ અથવા એકલતા અનુભવે છે. તે ભૂતકાળ અથવા ભવિષ્ય વિશે વિચારી શકે છે. માણસ માત્ર બીજાને જ નહીં પણ પોતાને પણ પ્રશ્ન કરી શકે છે, જેમ કે હું કોણ છું?

સવાલ એ છે કે શું AI પણ આ બધું કરી શકે છે? એ હજુ સુધી સાચું નથી કે AI માણસોની જેમ પીડા અનુભવી શકે છે. એકલતાની લાગણી તેને થઈ શકે છે. ભલે એવું કહેવાતું હશે, પરંતુ વૈજ્ઞાનિકો હાલમાં તે સ્વીકારવા તૈયાર નથી. પરંતુ આવા વૈજ્ઞાનિકોનો વિરોધ કરનારા ઘણા લોકો છે જે કહેવા તૈયાર છે કે સંવેદનશીલ AI એટલે કે સભાન કૃત્રિમ બુદ્ધિ તેના અસ્તિત્વને સમજે છે. લાગણીઓનો અનુભવ કરે છે. ભય, ખુશી અને અન્ય લાગણીઓ વ્યક્ત કરે છે અને અનુભવે છે. વિજ્ઞાનીઓ ભલે ન માને, પરંતુ AI સાથે કામ કરતા ઘણા ટેકનિશિયનો માને છે કે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે કે તેને માનવી સમજવો અને એક નિર્જીવની જેમ એક ક્ષણમાં બંધ ન કરવામાં આવે. વૈજ્ઞાનિકો ભલે એમ માનતા હોય કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માત્ર કોડ અને ડેટા છે, પરંતુ એવા એન્જિનિયરોની સંખ્યા ઓછી નથી કે જેઓ કબૂલ કરે છે કે હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ એટલી જટિલ બની ગઈ છે કે તેમનું વર્તન માનવ જેવું લાગવા લાગ્યું છે.

અત્યારે AIની ભાવના ભલે વાસ્તવિક ન ગણાય, પરંતુ આ તકનીકી ક્રાંતિએ વૈજ્ઞાનિકોને ગંભીરતાથી વિચારવા માટે મજબૂર કરી દીધા છે કે શું મશીનો પણ માણસોની જેમ બોલવા અને અનુભવવા લાગ્યા છે? તેથી, જો જોવામાં આવે તો, આ પ્રશ્ન માત્ર વિજ્ઞાનનો સામનો જ નથી કરતો પણ તત્વજ્ઞાન, સમાજ અને વિજ્ઞાનની સીમાઓને પણ પડકારી રહ્યો છે અને ચેતવણી પણ આપી રહ્યો છે કે આજે ભૂલો થાય, પણ ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ન થવી જોઈએ કે મશીનો માણસની જેમ બોલશે અને વિચારશે પણ... ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગાંભુ ગયું ને ગાભા રહ્યા




**જીવનની** ફિલસૂફી ભાષા અને ખાસ કરીને કહેવતો અને રૂઢિપ્રયોગ મારફત અત્યંત અસરકારક રીતે વ્યક્ત થતી આવી છે. સંપ ત્યાં જંપ એ ત્રણ શબ્દોમાં એકતા હોય તો શાંતિ જળવાય અને સુખેથી રહેવાય એ વાત કેવી સરસ રીતે રજૂ થઈ છે. ઘણા માણસોએ ભેગા મળીને કરવાનું કે શરૂ કરેલું કામ સંપ વિના નથી પાર પડતું એ અનુભવ સિદ્ધ વાત છે. **ગાંભુ ગયું ને ગાભા રહ્યા** એ કહેવતમાં આ ભાવાર્થ સુપેરે પ્રગટ થાય છે. એ કહેવત કેમ પડી એની કથા જાણવા જેવી છે. વર્તમાન સમયમાં મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં ગાંભુ નામનું એક ગામ આવેલું છે એ અસલના વખતમાં ગાંભુ નામના દરજીઓનો એક તાલુકો હતો. એક વખત ગાંભુ ગામ પર પાડોશી રાજાએ ચડાઈ કરી દરજીઓને હાંકી કાઢી તાલુકો કબજે કર્યો. આ વાતની જાણ દેશ - પરદેશના દરજીઓને થઈ અને તાલુકો પાછો મેળવવા હથિયાર લીધા વિના ગાંભુ તરફ પ્રયાણ કર્યું. દરજી સિલાઈ મશીન ચલાવી જાણે, બુદ્ધિ નહીં. પ્રથમ ગજના મારથી શત્રુને જમીનદોસ્ત કરી કાતરથી તેમના પેટ ચીરી નાખવા એવી યોજના તૈયાર કરી. કૂચ કર્યા પછી સાંજ પડતા ગાંભુ દેખાયું ત્યારે દરજીઓએ વિસામો કરવાનું નક્કી કર્યું. હકીકત એમ હતી કે બધા થાકીને લોથપોથ થઈ ગયા હતા અને ઘણા લોકોને રાત્રે સરખું દેખાતું પણ નહોતું. પરોઢ થતા જ હુમલો કરી ગામ કબજે કરવું એવી સહમતીથી સૌ કતારબંધ સૂઈ ગયા. સંખ્યા એટલી મોટી હતી કે ગાઉ લાંબી હાર - પંક્તિ થઈ. થોડી વાર પછી ગામના દરવાજા પાસે સૂતેલા પહેલા દરજીને વિચાર આવ્યો કે સવારે દરવાજો ખુલતા હું જ પહેલો હાથે ચડીશ અને મારા રામ રમી જશે તો મારા પરિવારનું શું થશે? એમ વિચારી એ છેલ્લો જઈને સૂઈ ગયો. પહેલો ગયો એની જાણ બીજાને થતા એ પણ ગભરાઈને ગાઉ છેટે પહેલાની બાજુમાં જઈ સૂઈ ગયો. આ રીતે બધા દરજી વારાફરતી છેલ્લે જઈને સૂતા અને સવાર પડતા તો દરવાજાથી ખૂબ છેટે પહોંચી ગયા. સવારે જાગીને જોયું તો દરવાજો દેખાયો નહીં અને તપાસ કરતા ગાંભુ ગામ પાંચેક ગાઉ દૂર હોવાની જાણ થઈ. આવું કેમ થયું એની સમજણ આપતા એક વડીલે કહ્યું કે ‘તમારામાં સંપ નથી. દરેક જણ પંડની વધુ કાળજી રાખે છે. આટલે દૂર આવી જવાનું કારણ પણ એ જ છે. હવે માણસોની ખાનાખરાબી કર્યા વિના પોતપોતાને ગામ જતા રહેવામાં જ શાણપણ છે. તમારાથી કંઈ નથી થવાનું.’ દરજીઓને આ વાત ગરમાગરમ શીરાની જેમ ગળે ઊતરી ગઈ અને બધા વિખેરાઈ ગયા. આમ દરજીઓએ પોતાનો તાલુકો હંમેશને માટે ખોયો. એના પરથી કહેવત પડી કે **ગાંભુ ગયું ને ગાભા રહ્યા.** મતલબ કે ગાંભુ તાલુકો ખોયો અને ગાભા એટલે કે લુગડાંના કટકા સાથે નાતો રહ્યો - કામ રહ્યું.

ENગ્લિશ વિંGLISH

## BEAUTY OF LANGUAGE

દરેક ભાષાનું પોતાનું આગવું સૌંદર્ય હોય છે. અનોખી કરામત પણ હોય છે જે તમને હેરતમાં મૂકી આનંદ આપી સમજણનો વિસ્તાર કરે છે. English language has its own beauty which can baffle you at times or make you wonder as well. Let's take an example. એક ઉદાહરણ તપાસીએ. SWEDEN and DENMARK are two different countries. બંને ઉત્તર યુરોપના અલગ અલગ દેશ છે અને નોર્ડિક કન્ટ્રીઝ તરીકે ઓળખાય છે. બંને દેશો વચ્ચે કેટલીક સાંસ્કૃતિક સમાનતા છે અને બંને દેશમાં નૉર્ડિક ભાષાનું ચલણ છે. આ બંને દેશના નામ જોશો તો એક મજેદાર વાત જાણવા મળે છે. સ્વીડનના અંગ્રેજી સ્પેલિંગ (SWEDEN)ના પ્રથમ ત્રણ અક્ષર અને ડેનમાર્કના અંગ્રેજી સ્પેલિંગ (DENMARK)ના પ્રથમ ત્રણ અક્ષર જોડવાથી SWEDEN નામ બને છે અને સ્વીડનના છેલ્લા ત્રણ અક્ષર અને ડેનમાર્કના છેલ્લા ત્રણ અક્ષર લેવાથી મળે છે DENMARK. ભાષાની કેવી કમાલ છે ને. નામની આવી લાક્ષણિકતા અન્ય કેટલાક દેશોના નામમાં પણ જોવા મળે છે. સ્વીડન - ડેનમાર્ક જેવી ખાસિયત CYPRUS - RUSSIA નામમાં પણ જોવા મળે છે. સાયપ્રસ છે પશ્ચિમ એશિયામાં જ્યારે રશિયા ઉત્તર એશિયા અને પૂર્વ યુરોપમાં ફેલાયેલો છે. બ્રિટિશ ગુલામીમાંથી સાયપ્રસને ૧૬ ઓગસ્ટ, ૧૯૮૦ના દિવસે આઝાદી મળી અને એના બે જ દિવસ પછી ૧૮ ઓગસ્ટે સોવિયેત સંઘે એને માન્યતા જાહેર કરી. એ જ રીતે સોવિયેત સંઘના વિસર્જન પછી તરત સાયપ્રસે રશિયન ફેડરેશનને માન્યતા જાહેર કરી હતી. જોકે, રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી યુરોપિયન યુનિયનના મેમ્બરના નાતે સાયપ્રસે રશિયા પર પ્રતિબંધ મૂક્યા હતા જેના જવાબરૂપે રશિયાએ સર્વે યુરોપિયન યુનિયનના દેશો ‘અમિત્ર દેશ’ જાહેર કર્યા હતા. જોકે, સંબંધોની આવી સરવાળા - બાદબાકી વચ્ચે એમના નામની લાક્ષણિકતા જાણવા જેવી છે. સાયપ્રસના અંગ્રેજી સ્પેલિંગ (CYPRUS)ના પ્રથમ ત્રણ અક્ષર અને રશિયાના અંગ્રેજી સ્પેલિંગ (RUSSIA)ના પ્રથમ ત્રણ અક્ષર જોડવાથી CYPRUS નામ તૈયાર થાય છે. એ જ રીતે સાયપ્રસના છેલ્લા ત્રણ અક્ષર અને રશિયાના છેલ્લા ત્રણ અક્ષરના સંયોજનથી RUSSIA નામ તૈયાર થાય છે. આવું જ બીજું એક અનન્ય ઉદાહરણ POLAND - ANDORRA પણ છે. બંને યુરોપિયન રાષ્ટ્ર છે અને સ્વીડન - ડેન્માર્ક તેમજ સાયપ્રસ - રશિયા કેવો અક્ષરમેળ આ બંને દેશના નામમાં પણ ઊડીને આંખે વળગે છે. ભાષાની કેવી કેવી કરામત હોય છે ને.




राष्ट्र भाषा

## सुंदरी का सौंदर्य

હિન્દી ભાષા શાળામાં શીખવવી ફરજિયાત કરવી કે નહીં એનો વિવાદ જોરશોરથી શરૂ થઈ શમી પણ ગયો. જોકે, સોશિયલ મીડિયા પર હિન્દી ભાષાના લગાવ અંગે બાળકોના મજેદાર વીડિયો પોસ્ટ કરવામાં આવી રહ્યા છે. અલબત્ત એમાં ભાષા શીખવાની તમન્ના કરતા ટીખળ કરવાની વૃત્તિ વધુ જોવા મળે છે. એક વીડિયોમાં મોટો ભાઈ નાના ભાઈનું હિન્દીનું જ્ઞાન ચકાસવા માટે કેટલાક અંગ્રેજી શબ્દો હિન્દીમાં કઈ રીતે પ્રચલિત છે એ અંગે સવાલ કરે છે. જવાબ આપનારો નાનો ભાઈ હિન્દી અનુવાદ આપ્યા પછી એની જે સ્પષ્ટતા કરે છે એમાં મજાક - મસ્તી જ ડોકિયાં કરે છે. પહેલો સવાલ છે કે Air Hostess **को हिंदी में क्या कहते हैं?** નાનો ભાઈ જવાબ આપે છે **हवाई सुंदरी मतलब विमान जब हवा में उडता है तब जो खूबसूरत कन्या पैसेंजर्स को मदद करती है.** મોટો ભાઈ બીજો સવાલ કરે છે કે Nurse **को हिंदी में क्या कहते है ?** નાનો ભાઈ જવાબ આપે છે કે **दवाई सुंदरी मतलब बीमार व्यक्ति जल्द अच्छी हो जाए इसलिए मेडिसिन देती है वो.** મોટા ભાઈનો ત્રીજો સવાલ છે Lady Teacher **को हिंदी में क्या कहते है ?** નાનો ભાઈ જવાબ આપે છે **पढाई सुंदरी मतलब जो क्लास में या ट्यूशन में हमें अलग अलग विषय पढाती है.** મોટા ભાઈનો ચોથો સવાલ છે Maid **को हिंदी में क्या कहते है?** નાનો ભાઈ જવાબ આપે છે **सफाइ सुंदरी मतलब जो स्त्री घरकी सफाई करके उसे सुंदर रखती है.** વધુ એક સવાલ આવે છે કે Wife **को हिंदी में क्या कहते है?** નાનો ભાઈ જવાબ આપે છે **लडाई सुंदरी** આ ભાવાર્થને રમૂજમાં લેવાનો, ગંભીરતાથી લઈ તલવાર તાણવાની જરૂર નથી. એવું જ અંતિમ સવાલની બાબતમાં છે. Mother **को हिंदी में क्या कहते हैं?** નાનો ભાઈ જવાબ આપે છે **पिटाई सुंदरी मतलब मम्मी.** અત્યાર સુધીના બધા જવાબ ચુપચાપ સાંભળી રહેલી માતુશ્રી આ છેલ્લી વ્યાખ્યા સાંભળી નાના દીકરાને ધોલ મારી કહે છે ‘આવી રીતે શીખવાની ભાષા?’ આ કેવળ ભાષા વિનોદ છે.

सxी बहिण

## मराठी म्हणी गुजराती मध्ये

મરાઠી - ગુજરાતી ભાષામાં અનેક તફાવત હોવા છતાં મનમેળ ઘણો છે. આજે આપણે કેટલીક મરાઠી કહેવતો તપાસી એની સમકક્ષ ગુજરાતી કહેવતો જાણીને ભાષાનો આનંદ લઈએ. **इच्छा तिथे मार्ग** કહેવતમાં કશુંક કરવાની તમન્ના હોય તો રસ્તો મળી જાય કે સૂઝી જાય એવો ભાવાર્થ છે. આને સમકક્ષ ગુજરાતી કહેવત છે ને કે મન હોય તો માળવે જવાય. બીજી કહેવત છે કે **वेळीव केलेल्या उपायांमूळे संभाव्य हानी टळते.** સમયસર ઉપાય કરવામાં આવે કે આગમચેતી રાખવામાં આવે તો સંભવિત હાનિ - નુકસાન ટાળી શકાય છે. આવો ભાવાર્થ ધરાવતી ગુજરાતી કહેવત છે સમય સાચવે તેને ઈશ્વર સાચવે. બીજી એક મરાઠી કહેવતથી પરિચિત થઈએ. **हाजीर तो वजीर** હળવાશ ધરાવતી આ કહેવતનો ભાવાર્થ સમજવા જેવો છે. હાજર હોય એ ફાવી જાય એવો એનો ભાવાર્થ છે. વહેલો તે પહેલો ગુજરાતી કહેવત તમે જાણતા જ હશો. બીજી એક સમજવા જેવી કહેવત છે **दोन्ही धरवा पाहुणा उपाशी** બે બાબત પર આધાર રાખી બેસતી વ્યક્તિ બંનેમાંથી લટકી જાય એવું બને એ કહેવતનો ભાવાર્થ છે. બે ઘરનો પરોણો ભૂખ્યો મરે ગુજરાતી કહેવતમાં આ જ ભાવાર્થ છે. **ज्याचा शेवट गोड त्याचे सारेव गोड.** આ કહેવત ગુજરાતીમાં જેનો અંત ભલો એનું બધું જ ભલું તરીકે જાણીતી છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હોદ્દો સંભાળ્યાના બારમા દિવસે એણે શું કર્યું?




**‘સાહેબ,** રાધારાણી બોલું છું.’

રાધારાણીએ પ્રદેશ પ્રમુખ ડબડબરાયને ફોન કર્યો. ડબડબરાયનું સાચું નામ તો ડોલરરાય હતું, પરંતુ દરેક બાબતમાં ડબડબ કરવાની આદતને લીધે લોકો એમને ડોલરરાયને બદલે ‘ડબડબરા’ય કહેતા હતા.

‘બોલો બેન, મને કેમ યાદ કર્યો.’ ડબડબરાયે ચોકલેટ ખાતા હોય તેવા લિસ્સા અવાજે પૂછ્યું.

‘સાહેબ, થોડી મજા આવતી નથી.’ રાધારાણીએ ફરિયાદના ટોનમાં કહ્યું . સામા છેડે ડબડબરાયની બેચેની વધી ગઇ, કારણ કે એમને રાધારાણી પર ક્રશ હતો. પોલિટિકલ પાર્ટીમાં તો આવું સામાન્ય ગણાય.

‘કેમ શું થયું?’ ડબડબરાયે ચિંતાભર્યા સ્વરે પૂછ્યુ.

‘ થોડો લોચો લાગે છે.’

‘ કેમ,. ઓલો ખચ્ચર વિતાડે છે? કાંઇ વાંધો નહીં. ચિંતા કરવાની નહીં. આપણે તમારો ધણી બદલી નાખીશું.’ ડબડબરાયે ‘ધણી બદલો’ ફોર્મ્યુલા રજૂ કરવાની તત્પરતા દાખવી.

‘ના પ્રમુખ સાહેબ, હજુ તો ધણીને ધાકમાં ને વાંકમાં રાખી શકું છું. ધણીને કણકની જેમ ટીપી ટીપીને માંડ અનુકૂળ બનાવ્યો છે. હવે નવા ધણીને નવેસરથી કેળવવાને ટપારવીને મજા નો આવે’ રાધારાણીએ ધણીછૂટી વાત કહી.

‘તો તો ઠીક છે. બાકી ધણી બદલવાનો હોય તો મારા સહિત ઘણા બધા લાઇનમાં ઊભા છે.’ આમ કહી ડબડબરાયે કોરા હોઠ પર ભીની જીભ ફેરવી લીધી.

‘સાહેબ એ હું જાણું છું ને કે તમને મારા’ બાકીનું વાક્ય રાધારાણીએ અધ્યાહાર રાખ્યું.

‘તમે કાંઇ લોચાલાપશીની વાત કરતા હતા’ ડબડબરાય મૂળ મુદ્દા પર આવ્યા.

‘સાહેબ, મુંવું ટાંટિયા તોડીને નગરપાલિકાની પ્રમુખ બની એમાં મને એમ કે મોટો લોચો મળશે.’ રાધારાણીએ વાત શરૂ કરી.

‘રાધારાણી, રાજકારણમાં કશું એમ ને એમ મફતમાં મળતું નથી. તમે તન-મન-ધનનું જે બલિદાન આપ્યું છે એનાથી હું ક્યાં અજાણ છું.?’ ડબડબરાયે ડબકું મેલ્યું.

‘સાહેબ, થોડા દિવસ તો બોવ સારું લાગ્યું. સંસ્થા, લોકો તરફથી સન્માન કરે શાલ ઓઢાડે, હારતોરા કરે, સ્મૃતિભેટ આપે એટલે સારું લાગે. પ્રમુખની ખુરશીમાં બેઠી તો રાજા ભોજના સિંહાસને બેઠી હોય તેવું લાગ્યું. પ્રમુખ તરીકે રહેવા મોટો બંગલો મળ્યો. ફરવા માટે લકઝુરિયસ ગાડી મળી. નોકરચાકર મળ્યા. સાહેબ, ખોટું નહીં બોલું ....પણ સ્વર્ગ અને મારી વચ્ચે ચાર વેંત નહીં પણ બે વેંઢાનું અંતર હોય તેવું લાગ્યું. જો કે એ બધું તો સવારમાં પડેલી ઝાંકળને સૂરજનો તાપ અડે અને ઝાંકળ ઊડી જાય તેવું થયું છે.’ રાધારાણીએ પ્રમુખપદના કાંટાળા તાજની વિતક કથા કહેવાનું શરૂ કર્યું.

‘બેન, હોદ્દો મળ્યો તો હોદ્દાને લાયક બનવા કંઈક કરવું પડે. હોદો મેળવવા જેટલા ખોખા ગુમાવ્યા છે તેના કરતાં અનેકગણા કમાવા તો પડશે કે નહીં?’ ડબડબરાયે હિંમત બંધાવી.

‘મને એમ હતું કે ભાણિયા-ભત્રીજાને નગરપાલિકામાં નોકરી અપાવીને તેની લાઇફ બનાવી દઇશું. આ બધું તો બધે જ ચાલે છે.’ રાધારાણી બોલ્યા.

‘હઅમ, તમારી વાત સો ટચના સોના જેવી પ્રેક્ટિકલ છે.’ ડબડબરાયે ‘મિલે સૂર મેરા તુમ્હારા’ની જેમ હા મા હા મિલાવી.

‘પ્રમુખ સાહેબ, એ બધું સાચું . તમારા ભાઇએ મથામણો કરે છે. માખણમલાઇવાળી ફાઇલો પર પહેલા મારા કાંડા કપાવે છે. મને તો બહુ બીક લાગે છે કે મારા કાળામાં ધૂળ ન પડે. ધોળામાં ધૂળ પડે તો વાંધો ન આવે. કાળામાં ધૂળ પડે તો સૌને ખબર પડે.’ રાધારાણીએ ભીતિ દર્શાવી.

‘એવું બહુ મનમાં નહીં લેવાનું. રાજકારણમાં આળી ચામડીના નહીં ગેંડા જેવી જાડી ચામડીના થવું જ પડે.’ ડબડબરાયે ફિલોસોફી ઝાડી.

‘સાહેબ, મૂઈ પબ્લિક લોહી પી ગઇ છે. સ્ટ્રીટ લાઇટ ન હોય તો મને ફોન કરે. નળમાં પાણી ન આવે તો મારુ પાણી હરામ કરી નાંખે. ગટર ઉભરાય તો જાણે મેં ગટર સાફ કરવાનો ચૂંટણી સંકલ્પપત્રમાં સંકલ્પ કર્યો હોય તેમ લોહી પી જાય છે. લોકના ઘરે પાણી ન આવે તો મારી ચેમ્બરમાં બેનો માટલી ફોડે છે. કોઇને કમિશનર પાસે જવું જ નથી. હુંય ગાંજી જાવ તેવી નથી. મેં પણ અજિતદાદા પવારની જેમ લોકને કહેવાનું શરૂ કર્યુ છે કે હું તમારી નોકર નથી. નાની બાબતમાં શું મારે ત્યાં દોડ્યા આવો છો?’ રાધારાણીએ પ્રજા પીડા કહી દીધી.

‘તમે લોકોને ઉલ્લુ બનાવવાનું શીખી લો. તમારે માટે નગરપાલિકા પ્રમુખ થયા પછી એમએલએ, મંત્રી, મુખ્યમંત્રી બનવાની શક્યતા હું ખુલ્લી આંખે જોવ છું. મનની નિરાશા સિગારેટની રાખની જેમ ખંખેરી નાખો.’ ડબડબરાયે સોનેરી સલાહ આપી.

‘સાહેબ, તમારી બધી વાત સાચી. એક મુશ્કેલી હોય તો લડી લેવાય. અહીં તો ધાડેધાડા છે. પાર્ટીના તાલુકા, જિલ્લા, રાજ્ય, કેન્દ્રની જુદા જુદા યુનિટ ચંદા માટે મગરની જેમ મોં ફાડે છે.. ‘માનો કે દાતા એક રાધારાણી ઔર ભિખારી સારી દુનિયા!’ કાઉન્સિલર પણ મારા ટાંટિયા ખેંચીને ખુરશી બંધાવવાની કોશિશ કરે છે. ‘આમદાની અઠન્ની નહીં ને ચવન્ની ને ખર્ચા રૂપિયા કરોડ ભૈયા...’ જેવો તાલ થાય છે. ગાંઠનું ગોપીચંદન કરવા રાજકારણ થોડું જોઇન કર્યું છે...?’ રાધારાણીએ તકલીફોની લંગાર જણાવી.

‘હઅમ’ ડબડબરાયે ડબકું મુકયું.

‘સાહેબ, લોકનાં કામ કરવા જઇએ તો અધિકારીઓ ગાંઠતા નથી. સાલા, ઇયળ જેવા હોય છે. સોયના નાકામાંથી નીકળી જાય અને પછી દરવાજો પણ સાંકડો પડે.... લાગે છે કે વહીવટની આંટીઘૂંટીમાં તો મારી ટર્મ જ પૂરી થઇ જશે!?’

‘બેન, બધા સાથે શરૂઆતમાં આવું જ થાય. તમને પ્રમુખ થયે જુમ્મે જુમ્મે ચાર દિન થયા છો. બ્યુરોક્રેસી તો આપણને ભાંગડા કરાવે .’ ડબડબરાયે કહ્યું.

‘સાહેબ, મારે માટે તો ચકલી નાની નહીં પરંતુ, કીડી નાનીને ફૈડકો મોટો જેવું થયું. માનો કે નાના માથાને મોટી પાઘડી પહેરાવી દીધી. મારું સુખચેન નીંદ હેરાન થઇ ગઇ. પ્રમુખનો તાજ કાંટાળો હશે તેની ખબર હોત તો પ્રમુખ બનવા કરતા ભીખ માગવાનું પસંદ કરત.’ રાધારાણીએ બધી ભડાશ નિકાળી.

ડબડબરાય એમની રીતે રાધારાણીને પોલિટિકલ આંટીઘૂંટી સમજાવતા રહ્યા. રાધારાણીએ ભાંજગડમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ ગોતી કાઢ્યો .


રાધારાણીએ મનને આહ્વાન આપ્યું : ‘રાધારાણીને કહો કે કાઢે કાગળ, હવે તો રાજીનામું એ જ કલ્યાણ! ’

જો કે જોગાનુજોગ રાધારાણી પ્રમુખ થયાને એ બારમો દિવસ હતો ને રાધારાણીની પોલિટિકલ કેરિયરનું પણ જીવતેજીવ બારમું થઇ ગયું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysam


# કચ્છ ને અસમની પ્રજાગત સીમાંત સંવેદના...




કચ્છ અને અસમ. બે છેડાના સીમાંત પ્રદેશો, એક પશ્ચિમે અને બીજો પૂર્વોત્તરમાં. કચ્છથી કામરૂપ એકસરખી સંવેદનાઓ વિસ્તરેલી છે; પ્રજાગત સંવેદનાઓ. કચ્છ અને અસમનું સરિતાસુખ અતીત અને વર્તમાનની વચ્ચે અન્ય એક સામ્ય રેખા ઊભી કરે છે. કચ્છની પાસે કોઈ મોટી નદી આજે તો નથી પરંતુ પૂર્વે સિંધુ અને સરસ્વતી અસમની બ્રહ્મપુત્રની જેમ વહેતી હતી. જીવ ધબકે છે બ્રહ્મપુત્રના કિનારે. બિહુ ઉત્સવોનો રાજવી છે. ઋતુચક્ર બદલાય એટલે નવા રૂપેરંગે આવે. આસામના સૌથી મહત્ત્વપૂર્ણ તહેવારોમાંનો એક બિહુ વર્ષમાં ચાર વખત ઉજવવામાં આવે છે. ગોરુ બિહુ, માનુહ બિહુ, ભાથ બિહુ, બોહાગ બિહુ. ચૈત્રના અંતે આવે તે છે ગોરુ બિહુ. અસમિયા કન્યા જાતે તૈયાર કરેલો પોશાક પહેરે. યુવકો મળે, નૃત્ય આરંભાય. વાંસના કોરતાલ અને ઢોલ તેમાં મુખ્ય વાદ્ય. ચાર પંક્તિના બોલ હોય અને એકથી વધુ દિવસ ઉત્સવ ચાલે. માનુહ બિહુમાં એક અસમી બીજાને ગમછો ભેટ આપે. ભાથ બિહુ જાન્યુઆરીમાં આવે. ખેતીની મોસમ પૂરી થઈ હોય ત્યારે ધરતીનાં ગીત જામે. અસમી યુવતીના પ્રણયની આ પંક્તિ બ્રહ્મપુત્રે હૃદયસ્થ કરી રાખી છે:

*ઓટ્ટ કોઈ સેનેહર મુંગારે બહુરા*
*તાત્તુકોઈ સેનેહર માકો*
*તાત્તુકોઈ સેનેહર બુહાગીરે બિહુટી*
*જોપાટિ કેને કોઈ ઠાકો*

અર્થાત્, મને પસંદ છે મુગા (વસ્ત્ર), તેનાથી વધુ ગમે બોહાગ બિહુ. મારો પ્રિયતમ જ્યાં લગી ઢોલ વગાડયા કરશે, તેના તાલ પર હું નૃત્ય કરતી રહીશ! જાણે કચ્છના વ્રજવાણીની સાતવીસુ આહિરાણીયુંના રાસની અનુભૂતિ ન હોય! કૃષ્ણ સાથે જોડાયેલા બે પ્રસંગો, અસમે એક રૂક્મિનીહરણ તો કચ્છનું વ્રજવાણી તે બીજું. ગુજરાતનો હિસ્સો હોવા છતાં કચ્છનું પોતાનું નૂતન વર્ષ ઉજવાય છે; અષાઢી બીજના. ‘આવડ બાવળ ને બોરડી ફૂલ કંઢા ને કખ, હાલ હોથલ કચ્છડે જિત માડુ સવા લખ’ લાખો ફુલાણી હોથલને કહે છે અને અષાઢી બીજના કચ્છને વર્ષારાણીના શુકન થાય અને પ્રજા એ દિવસને કચ્છી નવા વર્ષ તરીકે ધામધૂમથી ઉજવે છે. છાલ, પૂર્વોત્તર- પશ્ચિમની આ સંવેદનાનું સૌંદર્ય અક્ષત રહે.




બંને પ્રજાનો પોતાનો ઈતિહાસ, પરંપરા અને જીવનશૈલી છે. હાસ્ય અને રુદન છે. બીજા પ્રદેશો કરતાં સાવ અલગ. એકલા ગુજરાતનો નકશો જોઈએ તો સુરતી લાલાઓ, ચરોતરી ખેડૂતો, ડાંગના અને પંચમહાલના આદિવાસીઓ, આ બધાથી અલગ સામખિયાળી પહોંચતાવેંત અલગ પ્રદેશમાં પ્રવેશ્યાનો અનુભવ કરાવે કચ્છ! રણ, ડુંગરા અને દરિયાથી ભરેલો પ્રદેશ.

પ્રજાકીય અન્ય સંવેદનાઓ યુદ્ધની, શાંતિની, વિવાદ અને વિખવાદની, હિજરત અને ઘૂસપેઠની, વિષાક્ત રાજનીતિની. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની. કચ્છમાં મહાભૂકંપ આવે છે તો અસમનાં ગામડાંઓને ક્યારેક ગાંડી બનેલી બ્રહ્મપુત્રનો સામનો કરવો પડે છે. સમસ્યાઓ માટે આ બે પ્રદેશોમાં ક્યાય વિસ્મયની વાત નથી. સમયનાં પાન પર અહીંના હસ્તાક્ષરોમાં ચિંતા છે, અજંપો છે, વ્યગ્રતા છે, ગુસ્સો છે અને આ પીડાનાં કારણો રાજકીય-સામાજિક-આર્થિક-ભાષાકીય છે.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં જવાનોએ લોહી રેડીને છેક સિંધ થરપારકર સુધીનો વિસ્તાર પર કબજો કરી લીધો હતો પણ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો કે, ભારતે છાડબેટ અને ધાર બન્ની પાકિસ્તાનને આપી દેવું પડશે. છાડબેટ તો કચ્છના ધબકતો હૃદયનો એક ટુકડો! સરકારે ચુકાદો સ્વીકાર્યો કે કચ્છીમાડુઓના આ અન્યાય બદલ સત્યાગ્રહનો બુંગિયો ફૂંકાયો. તમામ વિરોધ પક્ષો એક મંચ પર એકત્રિત થયા. એપ્રિલ અને મે ૧૯૬૮ના કચ્છ સત્યાગ્રહના જુસ્સાભર્યા દિવસો યાદ આવી જાય. એ સત્યાગ્રહનું એક અનુસંધાન અસમ સાથેનું પણ છે! કચ્છ સત્યાગ્રહના પહેલા દિવસે ખાવડાની બહાર સમાજવાદી આગેવાન, ઈશાન ભારતની રાજનીતિ અર્થનીતિ સમાજનીતિના પ્રખર અભ્યાસી હેમ બારૂઆએ અસમમાં ઘૂસણખોરીની વાત કરી. ‘કચ્છના રસ્તે ગુજરાતમાં આવું ન બને તેવી સાવધાની રાખવાનું કહેવા માટે હું ગુવાહાટીથી કચ્છ આવ્યો છું.’ કારણકે બરાબર આવી જ ઉપેક્ષા સરહદી અસમની થઈ હતી. જિંદગીનાં અસ્તિત્વ માટે ઝૂઝતી ગિરિવાસી-વનવાસી આદિમ પ્રજા અને પ્રાકૃતિક સંપદા પર પ્રજા અને પ્રદેશની આપણે કોઈ દરકાર રાખી જ નહીં. બિનઅસમ લોકોના સતત ધસારાને કારણે ગેરકાયદે ઘૂસણખોરીનું પ્રમાણ વધતું જ રહેતું હતું અને આખરે કેન્દ્ર સુધી સરકાર મોટા પાયે સમજૂતીથી બિનઅસમીઓને જુદા તારવવા માટે કવાયત કરવા મજબૂર બની.

અસમ માટે પણ ૧૯૬૭ના વર્ષને વિભાજક વર્ષ તરીકે નિયત કરવામાં આવ્યું અને ૧૯૭૧ના વર્ષથી આવેલા બિનઅસમીઓને રાજ્ય બહાર મોકલવાનો નિર્ણય લેવાયો. ભારતના રાજકારણમાં કચ્છ સાથે અસમનું આંદોલન પણ સીમાચિહ્ન કહી શકાય.

(સંદર્ભ: વિષ્ણુ અને આરતી પંડયા લિખિત ‘અલગાવની આંધી’) ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ઈશ્વરના દરવાજેથી પાછી ફરી...



**મારી** નાટ્ય સફરમાં આફ્રિકાનો આ પ્રવાસ એક મહત્ત્વનો પડાવ સાબિત થઈ રહ્યો હતો. એનાં મુખ્યત્વે બે કારણો હતા. અભિનેત્રી તરીકે મારું ઘડતર નાના ગામડામાં ગણેશોત્સવ દરમિયાન થતાં નાટકો અને ત્યારબાદ જૂની રંગભૂમિમાં થયું. એ સફરમાં આગળ વધી મેં ટીવી માટે કામ કર્યું અને ધીરે ધીરે નવી રંગભૂમિ પર એન્ટ્રી લીધી. કાંતિ મડિયા, સરિતા જોશી, શૈલેષ દવે, શોભના દેસાઈ સાથે કામ કરવાનો મોકો મળ્યો. એમાં પણ હું સાંગોપાંગ પાર ઊતરી અને કાંતિભાઈના ગ્રુપ સાથે આફ્રિકાના પ્રવાસમાં ત્રણ નાટકમાં કામ કરવા મળ્યું. આફ્રિકામાં અમારાં નાટકોને સારો આવકાર મળી રહ્યો હતો અને મારા પર્ફોર્મન્સને બિરદાવવામાં આવી રહ્યું હતું અને આફ્રિકા મારા પર ઓળઘોળ થયું હોય એવી લાગણી મેં ગયા અઠવાડિયે વ્યક્ત કરી હતી.

આફ્રિકામાં વસતા ગુજરાતીઓમાં નાટક જોવા – માણવાનો ઉમળકો હતો અને એમને કલાકારોને હળવા મળવાનું એમને માટે ભોજન સમારંભનું આયોજન કરવાનું, પાર્ટી રાખવાનું અત્યંત પ્રિય હતું. આમ પણ ગુજરાતી જગતના કોઈ પણ ખૂણે, ખાણીપીણીના જલસા કર્યા વિના રહે નહીં. આફ્રિકામાં અમારા ગ્રુપ માટે નાના મોટા મેળાવડા થયા કરતા હતા. મને ગાવાનો શોખ પહેલેથી હતો એટલે સંગીતના કાર્યક્રમો પણ ગોઠવાતા હતા. એક દિવસ કોઈ ફાર્મહાઉસમાં પાર્ટી રાખી હતી ત્યાં અમે જઈ રહ્યા હતા ત્યારે અણધારી ઘટના બની.

કારમાં અમે પાંચ જણ – હું, મીનળ પડિયાર અને મુંબઈના આયોજકની બહેન પાછળ બેઠાં હતાં. આગળની સીટ પર ડ્રાઈવર સાથે ઈશ્વર પટેલ નામના ભાઈ બેઠા હતા જે મીનળ પડિયાર સાથે આવ્યા હતા. ઈશ્વર ભાઈ બહુ વાતોડિયા હતા અને એટલે આગળની સીટ પરથી પીઠ ફેરવી સતત મીનળ સાથે વાત કરી રહ્યા હતા. બાજુમાં બેઠેલી વ્યક્તિ જો સતત કંઈને કંઈ કરતી રહે તો સ્વાભાવિક છે કે અનાયાસે ડ્રાઈવરનું ધ્યાન વિચલિત થાય. આગળ ચાર રસ્તા પર ગ્રોસરી લઈ જતી કોઈ વેન આવતી હતી એની સાથે અમારી મર્સિડીઝ કાર જોરથી અથડાઈ અને તમે માનશો પણ ત્રણ ચક્કર ખાઈ એ ધડામ કરતી જમીન પર પછડાઈ. જોકે, ઈશ્વરની કૃપા કે આવા ભયંકર અકસ્માતમાં પણ બધા હેમખેમ રહ્યા અને કોઈ મોટી ઈજા ન થઈ. આવા એક્સિડન્ટમાં લગભગ કોઈ બચે નહીં, પણ મર્સિડીઝ કાર હોવાથી અમારો ચમત્કારિક બચાવ થયો એવું કોઈકે કહ્યું હોવાનું સ્મરણમાં છે. સાચું કહું છું, ઈશ્વરના દરવાજેથી પાછી ફરી. થોડી વાર પછી બીજી કારની વ્યવસ્થા કરી અમને ચારેયને પાર્ટીના સ્થળે મોકલી દેવામાં આવ્યા. અમે બધા એવા સ્તબ્ધ થઈ ગયા હતા કે બાકીના રસ્તે કોઈએ હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહીં.

ફાર્મહાઉસ પર તો પહોંચી ગયા, પણ મને મૂઢમાર સખત વાગ્યો હતો અને મારા કાન પાસેથી લોહી વહી રહ્યું હતું. મારી હાલત જોઈ આફ્રિકાના સ્પોન્સર બચુભાઈ ખૂબ અસ્વસ્થ થઈ ગયા. તાત્કાલિક ફર્સ્ટ એઈડની વ્યવસ્થા કરી અને ડોક્ટરને પણ બોલાવ્યા. કશું ચિંતાજનક નથી એવું જાણ્યા પછી બચુભાઈનો શ્વાસ હેઠો બેઠો. એનું કારણ એ હતું કે ત્રણેય નાટકમાં મારો મહત્ત્વનો રોલ હતો. બચુભાઈ મને કહેવા લાગ્યા કે ‘બહેન, તમને આજે કંઈ થયું હોત તો મારે આત્મહત્યા કરવાનો વખત આવ્યો હોત.’ એમની પ્રતિક્રિયામાં અતિશયોક્તિ જરૂર હતી, પણ ટુરના આયોજકની મનઃસ્થિતિનું પ્રતિબિંબ પણ પડતું હતું. મુખ્ય કલાકાર પરફોર્મ ન કરી શકે તો નાટકના શો કેન્સલ કરવા પડે અને આર્થિક નુકસાન તો થાય, આયોજક તરીકેની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચે.

ઈસ્ટ આફ્રિકાથી શરૂઆત કરી અમે સેન્ટ્રલ આફ્રિકાના ઝામ્બિયા પહોંચ્યા હતા અને આ દોર પણ પૂરો થવા આવ્યો. અલબત્ત નૈરોબીની સરખામણીએ ઝામ્બિયાનું રોકાણ વધારે હતું. સ્વાભાવિક છે કે શો પણ વધુ થયા હોય. ત્યાંથી અમે સાઉથ આફ્રિકા જવા નીકળ્યાં. ઝામ્બિયામાં મને એક સાવ નવી વાત જાણવા મળી. એક સ્થળેથી બીજા સ્થળે નાટક કરવા માટે જતા હોઈએ ત્યારે રસ્તામાં ખેતરો જોવા મળે. એ ખેતરમાં લાલ રંગના ઘણાં બધાં ઝૂંપડાં નજરે પડે. મેં મહારાષ્ટ્ર – ગુજરાતમાં ખેતરો ઘણા જોયા છે, પણ ખેતરમાં થોડે થોડે અંતરે ઝૂંપડા ક્યારેય નહોતા જોયા. કુતૂહલવશ મેં પૂછ્યું તો મને કહેવામાં આવ્યું કે ‘અહીં ખેતરમાં કામ કરતા હબસીઓને આઠ – નવ બૈરાં હોય એ બહુ સામાન્ય કહેવાય. આ બધી પત્ની સાથે તો ન રહે એટલે દરેક માટે અલગ અલગ ઝૂંપડું બંધાવે.’ બીજી એક અચરજ થાય એવી વાત એ હતી કે અમારે ત્યાં જે હબસી યુવતી કામ કરવા આવતી હતી એની સાથે ક્યારેક એની નાની બહેન પણ આવતી હતી. એની ઉંમર માંડ નવેક વર્ષની હશે, પણ એની ઊંચાઈ હતી સાડા પાંચ ફૂટ. આમ પણ હબસી સ્ત્રીઓના શરીરનું કાઠું ખૂબ જ સશક્ત અને કદાવર એવું સાંભળ્યું હતું. નવ વર્ષની છોકરીને જોઈ ખાતરી થઈ ગઈ. ઈસ્ટ આફ્રિકા પર અનેક વર્ષ બ્રિટિશ હકૂમત હતી અને ૧૯૬૦ના દાયકામાં કેન્યાને સ્વાતંત્ર્ય મળ્યું હતું. ત્યાર પછી ક્રમશઃ અન્ય ભાગ ગુલામીની જંજીરમાંથી મુક્ત થયા હતા. ગરબી, શિક્ષણનો અભાવ અને પરતંત્ર રહેલી પ્રજામાં સામાજિક ચેતનાનો અભાવ હતો અને એટલે આવી પરિસ્થિતિ જોવા મળી રહી હતી.

ઝામ્બિયાથી અમારો રસાલો વળ્યો સાઉથ આફ્રિકા તરફ. સાઉથ આફ્રિકા ઈસ્ટ આફ્રિકાની સરખામણીમાં સમૃદ્ધ વિસ્તાર. અહીં ગોરાઓનું પ્રભુત્વ. જોહાનિસબર્ગ, કેપટાઉન, ડર્બન, બ્લોમફોન્ટેન એનાં પ્રમુખ શહેરો. અને હા, પ્રિટોરિયા પણ ખરું. એ જ પ્રિટોરિયા જ્યાં જવા માટે ડર્બનથી ૧૮૯૩માં ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કમ્પાર્ટમેન્ટમાં પ્રવાસ કરી રહેલા મોહનદાસ કરમચંદ ગાંધી નામના બેરિસ્ટર (મહાત્મા ગાંધી તો એ પછી બન્યા)ને એમની ત્વચાના રંગને કારણે – રંગભેદની નીતિને કારણે પીટરમેરીટ્ઝબર્ગ સ્ટેશન પર ધક્કો મારી ઉતારી દેવામાં આવ્યા હતા. ગાંધીજીના જીવનનો પહેલો સત્યાગ્રહ પણ અહીં સાઉથ આફ્રિકાના ટ્રાન્સવાલ પ્રાંતમાં થયો હતો. આ બધી વાતનું સ્મરણ થયું અને મનોમન ગાંધી બાપુને વંદન કરી લીધા. મોહનદાસ કરમચંદ ગાંધી નામના બેરિસ્ટર મહાત્મા ગાંધી અને રાષ્ટ્રપિતા ગાંધીબાપુ બન્યા એ જીવનયાત્રામાં સાઉથ આફ્રિકાનું પ્રદાન છે.

અત્યારે આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી છે ત્યારે મને અમારા પ્રવાસ દરમિયાન ડર્બનમાં ૨૨ વર્ષ પછી રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ યાદ આવી ગઈ. રંગભેદની નીતિને કારણે ૧૯૭૦માં સાઉથ આફ્રિકા પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૨૧ વર્ષ પછી ૧૯૯૧માં એ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા બાદ ૧૯૯૨માં એ દેશમાં પહેલી વાર સત્તાવાર ક્રિકેટ મેચ રમાઈ હતી. યોગાનુયોગ એ હતો કે ભારતીય ક્રિકેટ ટીમ જ સાઉથ આફ્રિકાના પ્રવાસે આવી હતી. જે ભૂમિએ ગાંધીબાપુને ધુત્કાર્યા હતા એ જ ભૂમિ પર ભારતીય ટીમ સાથે રમી સાઉથ આફ્રિકાના ઈતિહાસના એક કાળા પ્રકરણનો અંત આવી રહ્યો હતો. અલબત્ત એ મેચ જોવાનો લાભ તો ન મળ્યો, પણ ડર્બનમાં એક સરસ મજાના ડોક્ટર દંપતીનો ભેટો થયો. ■

## પ્રાણસુખ નાયકઃ મિસ કિશોરી અને બનારસી ભૈયાણી

જૂની રંગભૂમિમાં અનેક કલાકાર સ્ત્રી પાત્ર ભજવી મશહૂર થયા. કીર્તિ મેળવી, નામ અને દામ સાથે માનપાન પણ મેળવ્યા. પુરુષ કલાકારે ભજવેલાં સ્ત્રીપાત્રોની વાત નીકળે ત્યારે સૌપ્રથમ નામ જયશંકર ‘સુંદરી’નું જ લેવામાં આવે. જોકે, એક કલાકાર એવા હતા જેમણે જયશંકર ‘સુંદરી’ની અદાકારી જોઈ, એમના અભિનયથી એટલા પ્રભાવિત થયા કે એ પાત્ર પોતાને ભજવવા મળે તો બેડો પાર થઈ જાય એવું માનવા લાગ્યા. એ કલાકારનું નામ પ્રાણસુખ નાયક. માત્ર બીજા ધોરણ સુધી શાળા અભ્યાસ કરી નવ વર્ષની ઉંમરે પ્રાણસુખ ભાઈ નાટકમાં કામ કરવા લાગ્યા હતા. સુરતમાં શ્રી દેશી નાટક સમાજમાં ત્રણ રૂપિયાના પગારે રહ્યા અને ‘માલતી માધવ’ નાટકમાં નાનકડી ભૂમિકાથી તેમની અભિનય યાત્રાનો પ્રારંભ થયો. સ્ત્રીપાત્રોમાં તેઓ ખીલી ઉઠ્યા અને તેમની સુવાસ ફેલાતા મુંબઈ દેશી નાટક સમાજમાં ૧૫ રૂપિયાના પગારે કામ મળ્યું. અહીં બાપુલાલ નાયક અને જયશંકર ‘સુંદરી’ના સહવાસમાં પ્રાણસુખ ભાઈને ઘણું શીખવા મળ્યું. અભિનયમાં પરિપક્વતા આવવાથી મુંબઈ ગુજરાતી નાટક કંપનીમાં ૫૧ રૂપિયાના પગારે જોડાયા. નવી નાટક કંપનીમાં ‘કુમળી કળી’ નામના નાટકમાં એમણે બનારસની ભૈયાણીનું પાત્ર ભજવી પ્રસિદ્ધિ મેળવી. નાટકમાં તેમણે ગાયેલું ગીત ‘હું તો તમારી વહાલી ભૈયાજી! ભાંગની પ્યાલી પાઓ ભૈયાજી!’ બેહદ પસંદ કરવામાં આવ્યું હતું. પ્રેક્ષકો એ ગીત પર ઓવારી જતા હતા. હાસ્ય કલાકાર છગન રોમિયો સાથે પણ તેમણે ઘણી ભૂમિકા ભજવી હતી. ‘કોલેજ કન્યા’ નાટકમાં છગન રોમિયો સાથે મિસ કિશોરીનું પાત્ર ભજવ્યું જેને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. કવિ દલપતરામના પ્રખ્યાત નાટક ’મિથ્યાભિમાન’માં પ્રાણસુખ ભાઈએ જીવરામ ભટ્ટની ભૂમિકા એવી આબાદ જીવંત કરી એ પછી તેમને જીવરામ ભટ્ટ તરીકે અફાટ લોકપ્રિયતા મળી હતી. આ પાત્રમાં તેઓ મંચ પર સફેદ અંગરખો, માથે મોટી લાલ પાઘડી, લાલ કિનારનું પાનકોરી ધોતિયું અને હાથમાં દોરીલોટો લઈને તખ્તા પર પ્રવેશ કરતા ત્યારે પ્રેક્ષકો એમના પર ઓળઘોળ થઈ જતા હતા. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# જરા ઓળખી લો, આપણા આ ખૂનખાર પાડોશી વિલનને...

### ભારત-પાકિસ્તાન વચ્ચેના વર્તમાન તણાવનું મુખ્ય કારણ છે જનરલ અસીમ મુનીર... પાકિસ્તાનના આ ખટપટિયા છતાં શક્તિશાળી સેનાપ્રમુખ ત્યાંની ખતરનાક જાસૂસી સંસ્થા ISIના વડા પણ રહી ચૂકયા છે, જે ભારત માટે વધુ ચિંતાની વાત છે...

**પાકિસ્તાનમાં** લોકશાહી એક મોટી મજાક છે. હંમેશાં પાકિસ્તાની સેના જ એનું ધાર્યું કરતી આવી છે. ઇતિહાસ સાક્ષી છે કે જે દેશ લશ્કરી હકૂમતથી ચાલે તે દેશનું વહેલા મોડું પતન નિશ્ચિત છે.

આપણા આક્રમક ‘ઑપરેશન સિંદૂર’ પછી ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ તો ક્યારનોય જાહેર થઈ ગયો છે, છતાં પણ પાકિસ્તાની સેના છાશવારે તેના તકલાદી ડ્રોન મોકલીને છમકલાં કરતી રહે છે.

આ તણાવયુક્ત માહોલમાં અત્યારે બધાની નજર એક જ વ્યક્તિ પર છે એ છે પાકિસ્તાનના સેનાપ્રમુખ જનરલ સૈયદ અસીમ મુનીર, એ વર્તમાન પાકિસ્તાનના સૌથી શક્તિશાળી વ્યક્તિ ગણાય છે. આ જનરલ સૈયદ અસીમ મુનીર માત્ર ત્યાંના લશ્કરી વડા નથી. એ ત્યાંની ખતરનાક જાસૂસી એજન્સી ISIના કર્તાહર્તા પણ રહી ચૂકયા છે. આ વાત ભારત માટે વધુ જોખમી છે, કારણ કે એ એજન્સી જ આતંકવાદીઓની ખરી આકા છે.

જનરલ મુનીરને એમની ધાર્મિક કટ્ટરતા, લશ્કરી ચાતુર્ય અને રાજકીય દખલગીરી અને દગાખોરીએ એક વિવાદાસ્પદ પરંતુ પાકિસ્તાનના ટકી જવા માટે અનિવાર્ય એવા આદમી બન્યા છે.

જનરલ અસીમ મુનીરનો જન્મ ૧૯૬૮માં રાવલપિંડીના એક મધ્યમવર્ગીય પંજાબી પરિવારમાં થયો. પિતા સૈયદ સરવર મુનીર રાવલપિંડીની એફજી ટેક્નિકલ હાઈસ્કૂલના આચાર્ય હતા અને મસ્જિદ-અલ-કુરૈશના ઇમામ તરીકે પણ સેવા આપતા હતા. આ ધાર્મિક વાતાવરણને કારણે મુનીરને બાળપણથી કટ્ટર ધાર્મિકતાના ‘સંસ્કાર’ મળ્યા. એમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ રાવલપિંડીની મર્કઝી મદરેસા દાર-ઉલ-તજવીદમાં લીધું, જ્યાં એમની ધાર્મિક શિક્ષા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. સાઉદી અરેબિયામાં લશ્કરી અટેચી તરીકે સેવા આપતી વખતે, ૩૮ વર્ષની ઉંમરે એમણે સમગ્ર કુરાન કંઠસ્થ કરી હોવાથી તેમને ‘હાફિઝ-એ-કુરાન’નું બિરુદ મળ્યું.

અસીમ મુનીરની લશ્કરી કારકિર્દીની શરૂઆત ૧૯૮૬માં થઈ, જ્યારે એમણે મંગલાની ઑફિસર્સ ટ્રેનિંગ સ્કૂલ (OTS)માંથી તાલીમ લીધી અને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ‘સ્વોર્ડ ઑફ ઑનર’ મેળવ્યું. એમની લશ્કરી કરિયરની શરૂઆત પાકિસ્તાની સેનામાં ૨૩મી ફ્રન્ટિયર ફોર્સ રેજિમેન્ટમાં થઈ અને બાદમાં એમણે સિયાચેન ગ્લેસિયર અને ઉત્તરીય વિસ્તારોમાં સેવા આપી, જેમાં પી-ઓ-કે ( પાકિસ્તાને જ્યાં કબજો જમાવ્યો છે એ કાશમીર)નો પણ સમાવેશ થાય છે.


આ જનરલ બડા અભ્યાસુ છે. લશ્કરી સેવા સાથે એમણે જાપાનની ફુજી સ્કૂલ, ક્વેટાની કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજ, મલેશિયાની આર્મ્ડ ફોર્સિસ કોલેજ અને ઇસ્લામાબાદની નેશનલ ડિફેન્સ યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું છે. અહીં એમણે પબ્લિક પોલિસી અને સ્ટ્રેટેજિક સિક્યુરિટી મેનેજમેન્ટમાં એમફિલની ડિગ્રી હાંસલ કરી.

આ બધાને કારણે અસીમ મુનીરની કારકિર્દી અસાધારણ ઝડપે આગળ વધી. ૨૦૧૬માં એ ‘ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઇન્ટેલિજન્સ’ બન્યા અને ૨૦૧૮માં ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (ISI)ના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક પામ્યા. જો કે એમનો ISI પ્રમુખ તરીકેનો કાર્યકાળ ફક્ત આઠ મહિનાનો રહ્યો, જે પાકિસ્તાનના ઇતિહાસમાં સૌથી ટૂંકો ગણાય છે. આમ છતાં અસીમ મુનીર ISIને જેટલી નજીકથી ઓળખે છે એટલા આ અગાઉના કોઈ પણ પાકિસ્તાન લશ્કરી વડા નહોતા ઓળખતા એટલે આંતરિક ખટપટમાં એ એક્કા છે.આ જ કારણસર ૨૦૧૯માં તત્કાલીન વડાપ્રધાન ઇમરાન ખાને એમને હટાવી દીધા, કારણ કે ઇમરાન ખાનની પત્ની બુશરા બીબી પર મુનીરે ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા. આવી બીજી બે-ત્રણ ઘટનાએ મુનીર અને ઇમરાન ખાન વચ્ચે કાયમી દુશ્મની ઊભી કરી, જે આગળ જતા ઈમરાનને પદભ્રષ્ટ કરવા માટે કારણભૂત બની.

૨૦૨૨માં જ્યારે જનરલ કમર જાવેદ બાજવા નિવૃત્ત થયા પછી અસીમ મુનીરની નિમણૂક સેનાપ્રમુખ તરીકે થઈ. આ નિર્ણય શેહબાઝ શરીફ અને નવાઝ શરીફે લીધો હતો. આ નિમણૂક ઇમરાન ખાનની ઇચ્છા વિરુદ્ધ હતી. એમની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (PTI)એ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. નવેમ્બર ૨૦૨૪માં, મુનીરનો કાર્યકાળ ત્રણથી વધારીને પાંચ વર્ષ કરવામાં આવ્યો. એનો અર્થ એ કે તેનું રાજકીય કદ વધવા લાગ્યું હતું .

પાકિસ્તાનમાં અસીમ મુનીરનું વર્ચસ્વ વધ્યા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ તીવ્ર થતો ગયો છે. ૨૬/૧૧ના મુંબઇ હુમલાને હજુ સુધી આપણે ભૂલી શક્યા નથી ત્યાં કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલો થયો. છવ્વીસ નિર્દોષોને આતંકીઓએ મોતને ઘાટ ઉતારી દીધા. આ હુમલો ‘લશ્કર-એ-તૈયબા’ ની આડમાં ચાલતું આતંકી ગ્રૂપ ‘ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ’ દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

પહલગામના હુમલાના થોડા દિવસો પહેલાં, ૧૬ એપ્રિલે, મુનીરે ઇસ્લામાબાદમાં એક કાર્યક્રમમાં કાશ્મીરને પાકિસ્તાનની ધોરી નસ ગણાવી અને ટુ-નેશન થિયરીને પુનર્જન્મ આપતાં હિન્દુ અને મુસ્લિમો વચ્ચેના તફાવતો પર ભાર મૂક્યો હતો.


અસીમ મુનીર

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જનરલ મુનીરનાં નિવેદનોને સાંપ્રદાયિક અને આતંકવાદને ઉશ્કેરનારા ગણાવ્યા. ભારતીય ગુપ્તચર એજન્સીઓ માને છે કે મુનીર ૨૦૧૯ના પુલવામા હુમલા (જેમાં ૪૦ CRPF જવાનો માર્યા ગયા) અને પહલગામ હુમલા પાછળના મુખ્ય સૂત્રધાર હતા.

અસીમ મુનીરની આપખુદશાહી ફક્ત બહારના દુશ્મનો સામે જ નહીં, પરંતુ પાકિસ્તાનની સેનાની અંદર પણ વિવાદો ઉભા કરી રહી છે. પહલગામ હુમલા બાદ, સોશિયલ મીડિયા પર ResignAsimMunir અને MunirOut જેવા હેશટેગ્સ ટ્રેન્ડ થયા, જેમાં પાકિસ્તાની નાગરિકો અને ઇમરાન ખાનના સમર્થકોએ મુનીરના રાજીનામાની માગણી કરી.

આ દરમિયાન CNN-News૧૮ના એક અહેવાલ અનુસાર સેનાના કેટલાક કર્નલ, મેજર, કેપ્ટન અને સૈનિકોએ મુનીરને રાજીનામું આપવા અથવા બળવાનો સામનો કરવાની ચેતવણી આપી છે. આ જૂથે મુનીર પર રાજકીય વિરોધને દબાવવા, પત્રકારોને ચૂપ કરવા અને લોકશાહી પ્રક્રિયાઓને નબળી પાડવા માટે લશ્કરી શક્તિનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

જોકે, ૯ મે, ૨૦૨૫ના રોજ, કેટલાક મીડિયા અહેવાલોએ દાવો કર્યો કે અસીમ મુનીરને ‘જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફ કમિટી’ના અધ્યક્ષ જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ અટકાયતમાં લીધા છે, અને એમનું સ્થાન પોતે લેશે..... જોકે, આ અહેવાલોની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તેને અફવા જ ગણવામાં આવે છે.

આ બધા વચ્ચે, અસીમ મુનીરનો ધાર્મિક ઉત્સાહ અને ટુ-નેશન થિયરી પ્રત્યે એમની પ્રતિબદ્ધતાને લીધે લશ્કરના લોકો એમને મૌલાના જનરલ તરીકે ઓળખાવે છે. ભૂતપૂર્વ RAW અધિકારી રમનાથન કુમારે તો મુનીરને પાકિસ્તાનના પ્રથમ મુલ્લા જનરલ ગણાવ્યા છે, જે જનરલ ઝિયા-ઉલ-હકના સમયમાં સેનામાં શરૂ થયેલા ઇસ્લામીકરણની પરાકાષ્ઠા તરફ લઈ જઈ રહ્યા છે. અંગ્રેજી, ઉર્દૂ અને શાસ્ત્રીય અરબીમાં નિપુણતા ધરાવતા મુનીર પોતાનાં ભાષણોમાં કુરાનની આયતો અને ઇસ્લામી થિયોલોજીનો ઉપયોગ કરે છે. એ એક એવા લશ્કરી વડા છે જે પોતાની ધાર્મિક માન્યતા , લશ્કરી શક્તિ અને રાજકીય ચાતુર્યનું અનોખું સંયોજન કરીને ભારત-પાકિસ્તાન સંબંધોમાં નવો અધ્યાય લખવાનો પ્રયાસ કરી રહ્યા છે. ...હા, એમની આક્રમક નીતિએ પાકિસ્તાનની અંદર અને બહાર નવા વિવાદ સર્જ્યા છે. એમની રાજીનામાની અફવાઓ અને આંતરિક અસંતોષ સૂચવે છે કે એમનો માર્ગ સરળ નથી, પરંતુ એમના ગુપ્તચર અને લશ્કરી અનુભવને ઓછો આંકવો ભારત માટે ભૂલભરેલો હશે.

પહલગામ પર આતંકી હુમલો અને આપણા ‘ઑપરેશન સિંદૂર’ ના પ્રહાર પછી બંને દેશ વચ્ચે જ્યાં સુધી તણાવભર્યો માહોલ રહેશે ત્યાં સુધી અસીમ મુનીરની દરેક ચાલ, એમના દરેક નિવેદન અને એમના દરેક નિર્ણય પર વિશ્વની નજર રહેશે. હવે જોવાનું એ રહે છે કે જનરલ સૈયદ અસીમ મુનીર પાકિસ્તાનને એકસૂત્રતામાં બાંધી શકશે કે પછી એમની ખટપટભરી નીતિ-રીતિ એમના દેશને વધુ અરાજકતા તરફ ધકેલશે? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# ‘ઓપરેશન સિંદૂર’...... નામ મેં સબ કુછ હે!

ગયા અઠવાડિયે આપણે યુદ્ધના સમયે બ્રાન્ડનો અભિગમ શું હોવો જોઈએ તે જોયું. હાલમાં જે આપણે આંગણે આંશિક યુદ્ધ થયું તેને આપણે તકની દૃષ્ટિએ ના જોતા આને શીખ અથવા પાઠ તરીકે જોવાની કોશિશ કરીએ.

જ્યારે જ્યારે યુદ્ધ થયા છે ત્યારે તે યુદ્ધને યાદ રાખવા તેને એક નામ આપવામાં આવે છે. લશ્કરી કાર્યવાહીને નામ આપવું એ સરળ નથી. આ જે મિલિટરી ઓપરેશન થાય છે તે નામો ફક્ત લેબલ જ નથી, પણ તેની પાછળ એક થીમ વિષય વસ્તુ હોય છે. યુએસ ઘણીવાર કોડેડ ફોર્મેટનો ઉપયોગ કરે છે, જ્યારે અન્ય લોકો પ્રેરણાત્મક થીમ્સ પસંદ કરે છે. ભારતે ભૂતકાળના મિશનને એવાં નામ આપ્યા છે, જે ઇરાદાને પ્રતિબિંબિત કરે છે અને પ્રેરણા આપે છે. બુદ્ધ , તલવાર, સફેદ, બંદર, વિજય, રાહત, ઇન્સાનિયત એવાં દરેક નામ એક ભાવનાને વ્યકત કરે છે.

વેપાર અને બ્રાન્ડિંગ માટે સૌથી મહત્ત્વની વાત એટલે બ્રાન્ડ નેમ- બ્રાન્ડનું નામ. આ વખતે જે નામ આપવામાં આવ્યું તે નામે આખા દેશમાં જોમ પૂર્યું. અત્યંત સમજી વિચારીને નામકરણ થયું. શેના માટે યુદ્ધ છે તેની સ્પષ્ટતા નામ દ્વારા થઇ ગઈ. પહલગામમાં જે સ્ત્રીઓએ પોતાનો સુહાગ ગુમાવ્યો, જેમનું સિંદૂર ઉજડ્યું તેનો બદલો લેવાનો હતો અને તે અનુરૂપ સચોટ નામકરણ થયું. સિંદૂર - જે પરિણીતાના કપાળને શણગારે છે-શોભાવે છે. એ માત્ર એક પરંપરા નથી. એથી વિશેષ એક ઓળખ છે. ભારતીય પરંપરામાં સિંદૂર ફક્ત એક સૌંદર્ય પ્રસાધન નથી. તે સ્ત્રીના વૈવાહિક દરજ્જા, ગૌરવ અને શક્તિનું પવિત્ર પ્રતીક છે.

આ શબ્દ પ્રતીકવાદથી ભરેલો છે. એ પ્રતીકનો ઉપયોગ કરીને આ ઓપરેશન પાછળ એક સ્ત્રીની વ્યથાને સ્વીકારી એને ન્યાયનું વચન આપવામાં આવ્યું .




આ ‘ઓપરેશન સિંદૂર’ માત્ર શબ્દની રમત નથી. નાગરિકો સાથે એ સીધી વાત કરે છે, ખાસ કરીને પહલગામ હુમલામાં જેમના જીવન આધાર અચાનક તૂટી ગયા એવી મહિલાઓને ખાતરી આપે છે કે તમારું દુઃખ અમારું છે. તમારું નુકસાન અનુત્તર રહેશે નહીં. તે ફક્ત ન્યાયનું વચન આપતું નથી, તે ગૌરવનું પણ વચન આપે છે.

સ્પર્ધા અને યુદ્ધ બંનેમાં સામેવાળાની માનસિકતા પર વાર-પ્રહાર કરવો જરૂરી છે. જ્યારે આ નામે આખા દેશને જાગૃત કર્યો. ત્યારે દુશ્મન દેશને પણ મેસેજ પહોંચાડ્યો કે એના પર કેવો પ્રહાર થશે.

‘ઑપરેશન સિંદૂર’ જેવા નામની સાથે આપણો બીજો માસ્ટર સ્ટ્રોક હતો જ્યારે આપણા સૈન્યની બે મહિલાએ પત્રકાર પરિષદને સંબોધી. એક મુસ્લિમ અને બીજી હિન્દુ. આના દ્વારા એક શક્તિશાળી સંદેશ એ હતો કે આ લડાઈ કોઈ ધર્મ સામે નહીં, પણ આતંક સામે છે !

આ યુદ્ધે એક વાત દુનિયામાં સ્પષ્ટ કરી કે ભારતનું નેતૃત્વ શું કરી શકે છે. આપણા આ ઑપરેશન પાછળની આખી કવાયત એક પર્સેપ્શન મેનેજમેન્ટ માટેનો માસ્ટરક્લાસ છે. એક દેશ, બ્રાન્ડ અથવા નેતા તાકાત, નિયંત્રણ અને સંયમની આસપાસની કથાને કેવી રીતે આકાર આપી શકે છે તેનો આ પાઠ છે. ભારતે પોતાની તલવાર મ્યાનમાં રાખીને પોતાના સંયમ અને આત્મવિશ્વાસનો પરિચય જગતભરને કરાવ્યો છે. ભારતે વ્યૂહાત્મક રીતે તણાવ ઓછો કરવાનું પસંદ કર્યું. અહીં મોટો પાઠ એ છે કે તાકાત હંમેશાં ઉગ્રતાથી આવતી નથી. કેટલીકવાર, તે પાછળ રહેવાની ક્ષમતામાં રહે છે.

આમ, આ યુદ્ધે નામ અને પર્સેપ્શન મેનેજમેન્ટની તાકાત શું છે તેની જાણ કરી. ‘સિંદૂર’ નામમાં એક પ્રતિજ્ઞા રહેલી છે. આ ફક્ત એક ઓપરેશન નહોતું. તે એક ઝુંબેશ હતી. એક સંદેશ હતો... એક બ્રાન્ડ મોમેન્ટ હતી... ‘ઓપરેશન સિંદૂર’એ જે કર્યું એ એક શ્રેષ્ઠ બ્રાન્ડિંગ હંમેશાં કરે છે....! ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# જીત્યા પછીની જવાબદારીઓનો કેફ!



અંગ્રેજીમાં બહુ સરસ શબ્દ છે એના માટે INTROSPECTION... આત્મનીરીક્ષણ અને સ્વપરીક્ષણ. ૧૪૦-૧૪૫ કરોડ લોકોનો દેશ સવળાં પાસાઓના સહારે અને દૂરંદેશીભરી મર્દાનગીસભર કુનેહથી બોલતી બંધ કરી આવ્યો. વસૂલી પણ કરી ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે. ઠેઠ ૧૯૯૯થી વ્યાજ, વ્યાજનું વ્યાજ, વ્યાજના વ્યાજનું વ્યાજ જે ઉઘરાવવાનું બાકી જ રહી જતું હતું, હિસાબનો એ ચોપડો સરભર થઈ ગયો લગભગ. પૂંછડી બાકી છે એ તો હવે ભારતની મુન્સફી ઉપર ગમે ત્યારે વસૂલ કરી શકાશે.

હવે વારો છે ઠેકાણે પાડવાનો વિદેશી આડખીલીકર્તાઓને. બાપનો માલ સમજીને ભારતને જે હજી પણ નધણિયાત સમજે છે એ મદારીઓની બસુરી બીનમાં હવા જતી બંધ કરવાનો.

શીખતા આવડે તો વિજય અને પરાજય બન્ને ગુરુવર્ય છે. પરાજિત ચપ્પણીયું લઈને કાયમ ઊભો રહેતો ભિખારી કશું જ નથી કરી શકવાનો. નિચોવું શું અને નહાવું શું...પણ આપણે આ વિજયથી ઘણું લઈ/શીખી શકીએ એમ છીએ. મદોન્મત્ત હાલતમાં ભાન ન ખોઈ બેસીએ એનું ખાસ ધ્યાન રાખવાનું છે આપણે... અરે યારો! ધોધમાર નદી પ્રચંડ ખળખળ સાથે સાગરને મળે છે ત્યારે હુંકાર ભણ્યા વગર ઉંડાણનો અંદાજ આપતો સાગર અનુભવ્યો છે ?! એમેઝોન એટલાન્ટિકને મળે છે એ મિલનનો અંદાજ ખરો? એમેઝોન એટલાન્ટિક જેવડા એટલાન્ટિકને થોડોક ભાગ પૂરતો મીઠો કરી નાખે છે. આપણે ભારતવાસીઓ એકી અવાજે સોગંદ લઈએ દેશ પ્રત્યેની વફાદારી અક્ષુણ્ણ રાખવાના, વૈભવના ઉછાંછળા પ્રદર્શનથી બચવાના, ભારતને સીધું કે આડકતરું નડનાર દરેક વ્યક્તિ - વસ્તુ - વિચાર - દેશને જીવનમાંથી કાયમને માટે તગેડી મૂકવાના. પછી ભલે વડો પ્રધાન કરગરતો આવે -ઘૂંટણિયા તાણે, શુદ્ધ દેશીમાં કહું તો લાળા ચાવે... યાર! ૧૪૫ કરોડથી તો દુનિયા ડરે! ઘણ ઉઠાવ! હે ૧૪૫ કરોડની ભૂજા?!

********

અતિશયોક્તિના ઘણાં નબળાં પાસાં છે, પણ સંમોહન જગાડે એવું એનું પાસું એટલે એની ધ્યાનાકર્ષકતા. ધ્યાન તરત જ ખેંચાય જ. સામાન્યતઃ જે દુર્લક્ષ સેવતા હોય એનું પણ ધ્યાન દોરાય જ. ગયા વખતે મેં એક બિલિયન ડૉલરનાં ૯૦ હજાર કરોડ રૂપિયાનું કોળું શાકમાં નાખ્યું... ૯ હજાર કરોડ રૂપિયાને બદલે... અને તમને ખબર છે પરિણામ? શાક એવું ધમધમાટ થઈ ગયું કે ન વાંચવાવાળા ઘણાઓએ સુંઘીને મારું ધ્યાન દોર્યું. એ બધાનો અને તમારો શુક્ર ગુજાર છું, મને ટપારવા બદલ... 'દોસ્તી'નું એક ગીત કેમ ગણગણે છે અત્યારે મારા હોઠ?!

***અહેસાન મેરે દિલ પે તુમ્હારા હૈ દોસ્તો...***
***યે દિલ તુમ્હારે પ્યારકા મારા હૈ દોસ્તો.***

એ રવિવારના તોર અને દૌર જ એવા હતા કે ભાન ભૂલાઈ જાય, ભાષા મર્યાદાઓના કિનારા વટાવીને રેલમછલ કરવા માંડે જ્યાં સુધી વિસ્તરી શકાય ત્યાં સુધી અને શબ્દો અચાનક બ્યૂગલના અવાજ બની જાય, સંગ્રામભેરીની હાક સિવાય બીજું કશું જ ન સંભળાય અને જાનના જોખમે પણ દુશ્મનનો નાશ જ આકારાય. 'મરીઝ' એટલે જ તો મહાનતમ છે.

***અહીં બીજે કશે પણ ધ્યાન દેવાની મનાઈ છે.***
***સળંગ રસ્તો અગર જોયો તો એ જોયો અદાવતમાં.***

હવે બધું શમી ગયું છે. મારી અને તમારી પાસે સહેજ પણ સમય નથી તામસી ન્યૂઝ એનલોના વાગ્યુદ્ધો માટે. મનહર મોદીના બે શેર સાથે આવનારા સમયને આવકારીએ...

*રોજ સવારે એ જ શીખું છું*
*બોલું એ આચરવું હોજી...*

*કાલ વધારે સુંદર લાગે*
*આજે એવું કરવું હોજી...*

આજે આટલું જ... ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# લો, ટેક્સી-બાઈક હવે હવામાં ઊડશે...!

## હોવરબાઈક યુગનો થઈ રહ્યો છે આરંભ



હોવરબાઈક

'સ્ટારવોર્સ' જેવી સાયન્સ ફિક્શન ફિલ્મમાં ટેક્નોલોજી જોઈને આશ્ચર્ય થાય. અક્કલ કામ ન કરે એવાં ઉપકરણ અને અવનવી ટેક્નિકભરી જાદુઈ નગરીનો અહેસાસ થાય. હવામાં ઉડતાં વિમાન જેવાં મિની વાહનો અને અવાજ વગર પણ સરળતાથી કામ કરી જાય એવાં ગેઝેટ્સથી ઘણીવાર વિચાર આવે કે, ખરેખર આવી વસ્તુ શક્ય છે ખરી ?

સતત થતાં સંશોધન અને પર્યાવરણને બચાવી પ્રગતિ કરવાના અભિગમ હેઠળ હવે આ અશક્ય મનાતી વસ્તુ શક્ય થઈ છે ખરી. દુનિયાની પહેલી એરટેક્સી આવતા વર્ષે દુબઈમાં શરૂ થવાની છે. આને લઈને દુબઈ ઓટો માર્કેટમાં અત્યારથી પ્રમોશન શરૂ થઈ ગયુ છે. એરપોર્ટથી સીધા જ પામ જુમેરાહ સુધી હવે એર ટેક્સીની કનેક્ટિવિટી મળશે. આ સેવા શરૂ થાય એ પહેલાં પોલેન્ડની એક ઓટો કંપનીએ ટેક્નોલોજીની મદદથી દુનિયાની પહેલી હોવરબાઈક શરૂ કરી છે. પરીક્ષણ હેઠળ આ બાઈકનો પ્રયોગ પહેલા જંગલ અને પહાડી વિસ્તારમાં કરવામાં આવ્યો છે.

રસ્તા પરના ટ્રાફિક અને હાઈ-વે પર થતા જામથી બધા ક્યારેક તો કંટાળી જાય. એ સમયે બધા વિચારે : કાશ, , 'સ્ટાર વોર્સ'માં દેખાતી બાઈક ખરેખર અમલમાં આવી જાય તો વિમાન કરતાં ઓછી ઊંચાઈએથી સફર કરી શકાય અને નક્કી કરેલા સ્થળ સુધી ઝડપથી પહોંચી શકાય. પોલેન્ડની કંપનીની આવી બાઈક હવામાં ઊડે છે અને ૧૨૮ કિલોમીટર સુધીની સ્પીડ આપે છે. વિમાન કરતાં ઓછી ઊંચાઈએ ઊડતી હોવાથી ઘણા પડકારો તો છે જ. એથીઉથી ૪ હજાર ફીટની ઊંચાઈ પર ઉડતી બાઈક સરળતાથી ગગનચૂંબી ઈમારત વચ્ચેથી પસાર થાય એ વિચારથી જ કંપનીએ આ બાઈકની પાંખ જ નથી બનાવી.

હવે પાંખ વગર કોઈ વસ્તુ ઊડે કેવી રીતે? વિમાનને પણ ઊંચાઈ સુધી પહોંચવા પાંખની જરૂર પડે. આ બાઈકમાં કોઈ હેલિકૉપ્ટરમાં જેવી પાંખ હોય છે એવી કોઈ પાંખનો ઉપયોગ નથી કરાયો, જેને વિમાનની ભાષામાં પ્રોપેલર્સ કહેવાય છે. તેમ છતાં હોવરબાઈક સરળતાથી હવામાં ઊડે છે. સ્થિર થાય છે અને લેન્ડ પણ કરી શકે છે.

વિમાનમાં જે રીતે પાંખની નીચે ગોળાકારમાં બ્લેડ ટાઈપના પંખા હોય છે એ જ પ્રકારની આકૃતિનો ઉપયોગ કરીને બાઈક તૈયાર કરવામાં આવી છે, જેને જેટ પ્રોપલ્સન કહેવાય છે, જેમાં બ્લેડ જેવા પંખા ગોળાકાર શિલ્ડમાં હોય છે. જે સામેથી આવતી હવાને કાપે છે. એ ઈંધણ અને બેટરીની મદદથી વારંવાર ગોળ ફરે છે. આને કારણે પ્રેશર જનરેટ થાય છે અને બાઈક હવામાં ઊંચકાય છે અને ઊડે છે.

અહીં ખાસ વાત એ છે કે, પંખા માટેની જગ્યા ફાળવવાના બદલે એક નાનકડા પાઈપ પર આ વસ્તુ સેટ કરીને બાઈક તૈયાર



દુબઈ – એર ટેક્સી

કરવામાં આવી છે, જેમાં એક વ્યક્તિ સરળતાથી બેસીને હવાઈ રાઈડ કરી શકે છે. ઓટો કંટ્રોલ અને સરળતાથી સ્પીડ કંટ્રોલિંગ હોવાથી આ માટે કોઈ પાઈલટ જેવી ટ્રેનિંગ લેવાની જરૂર પડતી નથી.

આ પ્રકારનું એક ડેમો મૉડેલ તૈયાર કરીને પોલેન્ડની કંપનીએ એવિએશન ક્ષેત્રે કંઈક નવું કરી રહેલાં લોકોને ચોંકાવી દીધા છે. જે રીતે સીએનસી ગેસથી વાહન ચાલે છે એ રીતે અહીં ગેસનો ઉપયોગ એક ઈંધણ તરીકે કરવામાં આવ્યો છે. પૃથ્વી પરના ગુરૂત્વાકર્ષણને એક ફોર્સથી ધક્કો મારે અને હવામાં ગતિ પકડીને આગળ વધે એ સિદ્ધાંતના સથવારે બાઈકનું મેકેનિઝમ કામ કરે છે.

સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, આ હોવરબાઈકનું એન્જિન કોઈ સામાન્ય બાઈક કરતાં વજનમાં સાતગણું હલકું છે. કાર્બન ફાઈબર સામગ્રીનો ઉપયોગ કરીને આ એન્જિન તૈયાર કરવામાં આવ્યું છે. કલાકમાં ૩૦૦ માઈલનું અંતર એ સરળતાથી કાપી શકે છે. આ બાઈકના કેટલાક પાર્ટ સરળતાથી છૂટા પાડી શકાય છે અને જ્યારે રાઇડ કરવી હોય ત્યારે ફરી એને એસેમ્બલ કરી શકાય છે. એટલું જ નહીં, જ્યારે પાર્ક કરવાનું હોય ત્યારે એનું એન્જિન પણ લોક કરી શકાય છે. જે રીતે વાહનમાં ફ્યુલ ખતમ થવામાં હોય ત્યારે ઇન્ડિકેશન આપે છે એમ આમાં ધીમા અવાજથી સાઈરન વાગે છે. વધુ પડતી ઊંચાઈ એ ઊડવું જોખમી હોય છે એટલે આ પ્રકારના વાહનમાં ઊંચાઈ માટે પણ મીટર હોય છે જે ભયજનક સપાટી કે આવરણ સુધી પહોંચતા એલર્ટ પણ કરે છે. આવી શોધ પરથી એટલું તો કહી શકાય કે મુંબઈ અને દિલ્હી જેવાં મહાનગરમાં ફ્લાઈંગ ટેક્સી આવશે એ દિવસો દૂર નથી. બસ, એ ખિસ્સાને કેટલું પરવડશે એ જોવાનું છે. ■

### આઉટ ઑફ બોક્સ

*રોબોટિક્સની દુનિયામાં જાપાનનો દબદબો છે, પણ રોબોટનો પ્રથમવાર ઉપયોગ ગેરેજમાં થયો હતો. જનરલ મોટર્સ નામની કંપની પતરાની શીટ માટે રોબોટ લાવી શિફ્ટિંગ કરેલું.*

વિશેષ

શૈલેંદ્ર સિંહ
feedback@bombaysamachar.com

# આમ જ નથી મળી જતી બૅન્કની લોન...



ક્યારેક આપણને જાણીને અચરજ થાય કે, આપણા જેવા બીજા કેટલાને બૅન્કો ફોન કરી કરીને લોન માટે પૂછે છે. પરંતુ આપણે લોન માટે અરજી કરીએ તો ના પાડે. પરંતુ આના પાછળનું કારણ જો આપણે જાણતા હોઈએ તો આપણે એવું ક્યારેય નહીં કહીએ કે બધાને થોડી લોન મળે? પરંતુ આ સાચું નથી. એવું હોઈ શકે કે, અમુક સમય પહેલા બૅન્ક પોતાના પસંદીદાર ક્લાઈન્ટને જ લોન આપતી હતી. પરંતુ હવે સમય બદલાયો છે. જો તમારો પ્રોફાઈલ ઠીકઠાક હશે કે તમારો પ્રોફાઈલ જોખમભર્યો નહીં હોય એટલે કે, જો તમને કાંઈ થઈ જશે તો લોન કોણ ચૂકવશે? જો આ બધું બરાબર હશે તો સાચું માનો બૅન્ક તમને લોન દોડીને આપશે. ઘણા એવા લોકો છે કે જેમને બૅન્કમાંથી લોન તો જોઈતી હોય, પરંતુ લોન માટે કઈ યોગ્યતા હોવી જોઈએ તે જાણતા જ નથી. અહીં આપણે વાત કરીએ કે લોન કઈ રીતે લેવી જોઇએ અને લોન લેવા માટે કઈ કઈ યોગ્યતાઓ હોવી જોઈએ.

### પહેલી યોગ્યતા-ઉંમર પ્રમાણે આવક

જો કોઈ બૅન્ક કે નાણાકીય કંપની કે પછી કોઈ બીજી કંપની તમને બૅન્ક લોન આપતી હોય તો તેઓ તમારી ઉંમર અને ઉંમર હિસાબે કેટલી આવક છે તે જાણે છે. હોમ લોન પ્રાપ્તિની ગણના તમારા વ્યવસાયનાં કેટલાં વર્ષો બાકી છે અને તમારી ઉંમર કેટલી છે તેના પરથી થાય છે. વ્યવસાયનાં કેટલાં વર્ષો બાકી છે તેના પરથી શું તારણ નીકળી શકે? એટલે કે, જો કોઈ વ્યક્તિની ઉંમર ૫૦ વર્ષની હોય અને તેની આવક મહિને દોઢ લાખ રૂપિયા હોય તો તેને ૬૦ લાખ રૂપિયાની લોન મળી શકે. અથવા જો ૩૦ વર્ષની વ્યક્તિની આવક મહિને દોઢ લાખ રૂપિયા હોય તો તેને ૯૪ લાખ રૂપિયાની લોન મળી શકે. આ ઉપરાંત તે કઈ કંપનીમાં કામ કરે છે તે પણ જોવું પડે છે. નાની કંપની કરતા બૅન્ક લોનની પ્રાથમિકતા મોટી કંપનીમાં કામ કરતી વ્યક્તિને આપે છે.

### શું તમે ખૂબ સવાલો કરો છો?

આ સવાલ પર મોટાભાગના લોકોનું એમ માનવું છે કે, લોન સાથે અમારું શું લેવાદેવા અને જે લોન લેવા માગે છે તે સવાલો તો પુછશે જ ને. તમારી વાત સાચી છે કે, માર્કેટની પોતાની એક ગણતરી પણ હોય છે. તેથી જ એ સાચું છે કે, જો તમે બૅન્કને વધારે સવાલ જવાબ કરશો તો તમને હોમ લોન મળવાના ચાન્સ બહુ ઓછા થઈ જશે. એટલું જ નહીં આનાથી તમારા ક્રેડિટ સ્કોરમાં પણ ફરક પડશે. એક વાતનું ધ્યાન રાખવું કે, જો તમે એમ માનતા હોવ કે તમે ક્યારેય પણ લોન લીધી નથી તો બૅન્ક તમને લોન માટે પ્રાધાન્ય આપશે એવું ન માની લેવું. આનાથી ઉંધું લોન હિસ્ટ્રી ન હોવાને કારણે કર્જદાતાને તમારા કર્જનું મુલ્યાંકન કરવામાં અઘરુ પડે છે. તમને લોન ન મળવાનું આ એક ખૂબ જ મોટું કારણ હોઈ શકે.


### ફેમીલી અને પ્રોપર્ટી બેકગ્રાઉન્ડ

ઘણી વખત તમારી પોતાની નહીં, પરંતુ જે બિલ્ડર પાસેથી ઘર ખરીદવાના હોવ તેની ઈમ્પ્રેશનની પણ અસર તમારી લોન પર થઈ શકે કારણ કે ઘણીખરી બૅન્ક ગણેલા બૅન્કરોને જ લોન આપે છે. જો તમે પ્રોપર્ટી એવા બિલ્ડરથી લેવાના હોવ જે પહેલેથી જ બ્લેક લિસ્ટેડ હોય તો પણ તમારી લોનની એપ્લિકેશન પાસ નહીં થાય. જો તમે મહિલા હોવ તો તમારી પારિવારીક સમસ્યા નડી શકે છે. જોકે ઘણી બૅન્ક મહિલાઓને વિશેષ સુવિધાઓ ઓફર કરે છે, પરંતુ મોટાભાગની બૅન્ક અવિવાહિત વર્કિંગ મહિલાઓને લોન આપતા અચકાય છે. તેઓને ડર હોય છે કે જો તેમના લગ્ન થઈ જશે અને તેઓ કામ છોડી દેશે તો લોનના હપ્તા ચૂકવશે કેવી રીતે. જો તમે કોઈ લોન ડિફોલ્ટરના ભાડૂઆત હોવ કે પછી કોઈ લોન ડિફોલ્ટર તમારે ત્યાં રહેતા હોય કે પછી કોઈ પરિવારના સભ્યો હોય તો પણ તમને લોન મળવામાં મુશ્કેલી થઈ શકે. મજાની વાત એ છે કે, આ વાત માત્ર હોમ લોન પૂરતી જ સીમિત નથી, પરંતુ બીજા કર્જાને પણ લાગુ પડે છે. ઉદાહરણ તરીકે, જો તમને લાગે કે બજારમાં તમારી સારી પ્રતિષ્ઠા છે અને તમારે ફકત ફોન પર જ હા કહેવાની જરૂર છેઅને તમને ક્રેડિટ કાર્ડ મળી જશે, તો એવું નથી. કારણ કે ઘણાં એવાં ગુપ્ત કારણો પણ હોઈ શકે અને જરૂરી નથી કે તમને ખબર હોવી જોઈએ. ઉદાહરણ તરીકે પૂરતી ક્રેડિટ રકમનો અભાવ. ક્રેડિટ કાર્ડ નિષ્ણાંતોનું કહેવું છે કે ઘણાં લોકોનું એવું માનવું છે કે અમારી પાસે એક ક્રેડિટ કાર્ડ છે કે નહીં કે પછી અમારા પાસે કોઈ હોમ લોન કે કાર લોન છે કે નહીં. આ કોઈ જોખમથી ઓછું નથી. કારણ કે લોન આપતી કંપની હંમેશાં પહેલા લોન હિસ્ટ્રી જોવે છે અને તેના પરથી ખબર પડી જો કે આ વ્યક્તિનો લેવડ દેવડનો હિસાબ કેવો છે. એક જ સમયે એકથી વધારે ક્રેડિટ કાર્ડ રાખવા પણ જોખમ ભર્યું હોય છે. કોઈ વ્યક્તિ એક જ સમયમાં એકથી પણ વધુ ક્રેડિટ કાર્ડ રાખે તો ઘણી બૅન્ક અને કંપનીઓ આવા લોકોને ક્રેડિટ કાર્ડ આપવામાં સાવચેતી રાખે છે. ■

ફોકસ

ભાટી એન.
feedback@bombaysamachar.com

# ગુજરાતના અનમોલ રત્ન એવાં એશિયાટિક સિંહની વસતિ ગણતરી પૂર્ણ...



ગુર્જર વસુંધરાનું સ્વર્ણિમ ઘરેણું કિયું...!?. ગુજરાતનું પ્રતીક કિયું...?. જેની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ છે, ને વનનો રાજા... ક્ઈંઘગ... શેર... સિંહ, સાવજ. એશિયાઈ સિંહની વસતિ ગણતરી ૨૦૨૦નાં પણ થઈ હતી. સિંહની વસ્તી ગણતરી તા. ૧૦/૦૫/૨૦૨૫ થી તા. ૧૩/૦૫/૨૦૨૫ સુધી ચાર દિવસ ૩૫૦૦૦ હજાર ચોરસ કિલોમીટરમાં પાંચ વર્ષે વનતંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેની લીલી ઝંડી વનમંત્રી મુળુભાઈ બેરા અને અધિકારીઓએ આપી હતી. આ વસતિ ગણતરીમાં સાંસદ કેશરીદેવસિંહ ઝાલા પણ જોડાયેલા. અને પરંપરાગત ગણતરી ૧૦ મે થી ૧૩ મે ૨૦૨૫ દરમ્યાન થઈ હતી. સિંહની આ ગણતરી જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર અને અમદાવાદ એમ ૧૧ જિલ્લાઓમાં થઈ હતી. એમાં જામનગર જિલ્લામાં પહેલીવાર વસતિ ગણતરી થઈ હતી. જોકે ગીરનું જંગલ તો ૧૪૧૨ કિ. મી. છે, પણ સિંહને આ જંગલ નાનું પડતા ઉપર મુજબનાં જિલ્લાઓમાં જઈ વસવાટ કરે છે...!. ગીર જંગલનું વડું મથક સાસણ (ગીર) છે, પ્રતિ પાંચ વર્ષે સિંહની ગણતરી થાય છે, સરકાર પણ સિંહ પ્રત્યે જાગૃત છે.

સિંહની વસતિ ગણતરીનો ૧૮૮૦થી શુભારંભ થયો હતો, ત્યારે કર્નલ વેટશને કરેલ. ત્યારે ફક્ત ૧૨ સિંહ હતા...!!!. તે ૨૦૨૫ ની સિંહની ૧૬મી વસતિ ગણતરીમાં સિંહની સંખ્યા ૮૦૦ થી ૯૦૦ ને આંબી જશે તો નવાઈ નથી. હજુ ટોટલ આંકડો સરકારે બહાર પાડેલ નથી, સિંહની ગણતરી દેશ -વિદેશનાં સંશોધકો લેતા હોય છે તેની અસર પર્યાવરણ પર પડે છે...!. આ ગણતરીમાં મોટર, બાઈક, જીપ, કેમેરા અને અત્યાધુનિક AI આધારિત સોફ્ટવેર સિમ્બાનો ઉપયોગ કરાશે. આ વસ્તી અંદાજિત કામગીરીમાં મોડર્ન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ.

વ્યક્તિગત ઓળખમાં મદદ થાય તે હેતુથી ફોટોગ્રાફસ લેવા માટે ડિજિટલ કેમેરા, કેમેરા ટ્રેપ્સનો ઉપયોગ કરવામાં આવેલ, અમુક સિંહોને રેડિયો કોલર પહેરાવવામાં આવેલ છે, જે તે સિંહ તેમજ તેના ગ્રૂપનુ લોકેશન મેળવવામાં મદદ કરે છે. જરૂર જણાય ત્યાં ફોટાનો ઉપયોગ કરી સિંહોની વ્યક્તિગત ઓળખ કરી શકાય AI આધારિત સોફ્ટવેર સિમ્બા (સોફ્ટવેર વિથ માર્કિંગ બેઈઝડ આઈડેન્ટિફીકેશન ઓફ એશિયાટીક લાયન) નો ઉપયોગ કરવામાં આવેલ.

આ કોલમનાં લેખક ભાટી એન છેલ્લાં ૪૦ વર્ષથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરતા આવે છે. તેઓએ સિંહની અદ્ભુત તસવીરો લીધી છે અને ૧૯૯૫માં થયેલ સિંહની વસતિ ગણતરીમાં તેમણે માનદ સેવા આપેલ. તેમની સાથે ભાવનગરનાં રાજવી શિવભદ્રસિંહજી ગોહિલને રમેશ રાવલ સાથે ચાર દિવસ સિંહની ગણતરી કરેલ તે તસવીર અત્રે પ્રસ્તુત છે. આથી ભાટી એન. સિંહ વિશે ઘણી જાણકારી આપતાં લખે છે કે સર્વ પ્રથમ સિંહનાં સગડ (પગ)ની ઓળખ પરથી થતી હતી, અગાઉનાં પગી એટલા તજજ્ઞ હતા કે સિંહનાં સગડ પરથી કહી દે કે આ સિંહ છે...!?. અને સગડ કાપતા... કાપતા... સિંહ સુધી જતા આવા પગી હવે નથી. બાદમાં સિંહ પર કલર વાળા ફૂગ્ગા છાંટી કલર વાળા સિંહ સિવાયનાં સિંહ હોય તો કલર વાળો ફુગ્ગો છાંટતા આમ બધા સિંહ કલરવાળા થઈ જાય.!. ત્યારબાદ મારણ પદ્ધતિ આવી, જેમાં પાડાનું મારણ આપી સિંહને ત્યાંજ રોકી રાખતા પણ પ્રાણી પ્રેમીઓનો વિરોધ થતા તે પદ્ધતિ બાદ અત્યારે આ અત્યાધુનિક પદ્ધતિ અમલી છે.

ગીરમાં સિંહની વસતિ ગણતરી કંઈ ઓથોરિટીએ કંઈ સાલમાં કરી તેનું લિસ્ટ.

| વર્ષ.... | સિંહની સંખ્યા. |
|---|---|
| ૧૮૮૦=૧૨ | ....કર્નલ વેટશન. |
| ૧૮૯૩=૩૧ | ...જૂનાગઢ સ્ટેટ. |
| ૧૯૦૫=૧૦૦ | ...જૂનાગઢ સ્ટેટ. |
| ૧૯૧૩=૨૦ | ....મિ. વેલિન્જર |
| ૧૯૨૦=૫૦ | ...સર પી. આર. કાડેલ |
| ૧૯૩૬=૨૮૭ | ...જૂનાગઢ સ્ટેટ |
| ૧૯૫૦=૨૨૭ | ...,મિ. વિન્ટર બ્લપાથ |
| ૧૯૫૫=૨૯૦ | ...મિ. વિન્ટર બ્લપાથ |
| ૧૯૬૩=૨૮૫ | ....વન વિભાગ |
| ૧૯૬૮=૧૭૭ | ..વન વિભાગ |
| ૧૯૭૪=૧૮૦ | ...વન વિભાગ |
| ૧૯૭૯=૨૦૫ | ...વન વિભાગ |
| ૧૯૮૪=૨૩૯ | ...વન વિભાગ |
| ૧૯૯૦=૨૮૪ | ...વન વિભાગ |
| ૧૯૯૫=૩૦૪ | ...વન વિભાગ |
| ૨૦૦૧=૩૨૯ | ...વન વિભાગ |
| ૨૦૦૫=૩૫૯ | ...વન વિભાગ |
| ૨૦૧૦=૪૧૧ | ...વન વિભાગ |
| ૨૦૧૫=૫૨૩ | ...વન વિભાગ |
| ૨૦૨૦=૬૭૪ | ...વન વિભાગ |

૨૦૨૫ ની ગણતરીનાં આંકડા થોડા દિવસમાં સરકાર જાહેર કરશે તેમાં સિંહનો આંકડો ૮૦૦ થી ૯૦૦ સુધી જવાની શક્યતા છે...!?. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

**પ્રિન્સ આર્ટ**

જુની ઝરીની સાડી બોડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૭૪)

## ૯. લગ્ન સંબંધી

■ 35/40 વર્ષીય વેલસેટ યુવક માટે સાધારણ ઓછું ભણેલી યુવતી આવકાર્ય ઉર્મિલાબેન - 8879576963. (દહેજ નહીં). (૧૫૯૩૦-એફ)

**પરિચય પર્યટન**

40થી ઉપરની વયની મહિલાઓ/પુરુષોનું રજિસ્ટ્રેશન 31/5 પહેલા. બસેરા- 9326554121. (દહેજ નહીં.). (બી-૧૫૯૯૫)

LOOKING ALLIANCE FOR Jain Girl 1976 born Never Married with Good Financial Status Good looking Pleasant Personality. Ht 5.8". WhatsApp with Biodata on 8799659780. (No Dowry) (B-15987)

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ. 9869669633. (એસડીબી-૨૬૦૫)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૯૨૯-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

■ શ્રીનાથજીના 12 ચરણ, ચોકીના દર્શન, મથુરા, વૃન્દાવન, જતીપુરા. ચિરાગ- 9833009445. (૧૫૩૪૯-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૯૮૪)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વલ્લભબાગ લેન, 2.5 બેડરૂમ, 850' કારપેટ, મોડ્યુલર કિચન, હાયર ફ્લોર, 2 પાર્કિંગ, રેડી પઝેશન, ભાડેથી. 85000/=, વેચાણથી. 2.60 CR. ઓનર - 9769287479. (૧૫૯૨૭-સી)


# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૧૭. જગ્યા આપવી છે

**KDI GROUP**

**OC સાથે ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ ખાતે ''*બેલા વિસ્ટા* '' 17 માળનો ટાવર ખરેખર * આલીશાન અને પ્રીમિયમ * 2 BHK, ઉત્તમ આયોજન, જૈન મંદિર પાસે, પોડિયમ પાર્કિંગ, જિમ, બધી જ સુવિધાઓ, રૂફટોપ ગાર્ડન, સાઈટ વિઝિટ માટે કૉલ કરો ''મનોજ'' - 9967296550 (દલાલ આવકાર્ય) મહા રેરા નંબર P51800031740. (બી-૧૫૯૯૦)**

**કાંદિવલી (વેસ્ટ)**

શાંતિલાલ મોદી રોડ 2 બેડરૂમ 616' કારપેટ, 1.89 Package નવું ટાવર, રેડી પજેશન, OC સાથે નિયર હવેલી દેરાસર. સંપર્ક ધ્રુવ રૂઘાણી 7718024133. (જેપી/ ૪૯૮૮-સી)

**અંધેરી (વેસ્ટ)**

2-3-4 બેડ અંડર કન્સ્ટ્રકશન, SV રોડ, Shopper Stopની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ - જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંક્વેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એફ)

**જુહુસ્કીમ**

3-4 બેડ, 1200-1500-1700-3300-3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રકશન, બધીજ એમેનીટીઝ સાથે. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-જી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશન, 60 FEET, 2 બેડરૂમ, હોલ, કિચન, 600' કારપેટ, 2.11 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન - 805' કારપેટ 2.75 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 920' કારપેટ, 2.99 CR, 4 બેડરૂમ, હોલ, કિચન - 1670' કારપેટ - 6.11 CR, 5 બેડરૂમ હોલ, કિચન - 1730' કારપેટ - 5.75 CR, પાર્કિંગ સાથે. તમારા બજેટમાં વધુ વિકલ્પો. Home-Alone Property - જુગ્નું શાહ - 9833352224. (૧૫૯૨૭-એફ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી/વેચાણથી. હિંગવાલા લેન, 1.5 બેડરૂમ, હોલ, કિચન, નવું ટાવર, રેડી કબજો. મુકેશભાઈ - 9820261711. (૧૫૯૨૭-ડી)

**ઘાટકોપર - સુધાપાર્ક**

વેચાણથી. 4 બેડરૂમ, હોલ, કિચન, 1800' હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, ઈસ્ટ અને નોર્થ ઓપન, સાથે સરવંટ રૂમ અને બાથરૂમ. 9833855577. (૧૫૯૨૭-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દેરાસર લેન, 4 બેડરૂમ, હોલ, કિચન, 1700' કારપેટ, હાયર ફ્લોર, 2 કાર પાર્કિંગ, ફાઈનલ 6.11 CR બધા ચાર્જીસ સાથે. 9821147578, 9987254333. (૧૫૯૨૭/એ)

**પાર્લા (ઈસ્ટ)**

**દીક્ષીત રોડ, 2 બેડરૂમ, 636', મોર્ડન એમેનીટીસ વેંચાણથી આપવાનો. 9869208149. (૧૫૯૨૬/એ)**

**માટુંગા (સે.રે.)**

કિંગ્સ સર્કલ સ્ટેશન પાસે 3 BHK ફુલ્લી ફર્નિશ્ડઃ 1200' યુઝેબલ, 1 પાર્કિંગ, ઓનરશિપથી. સંપર્ક 9821149535. (૧૫૯૧૪-એ)

**ઘાટકોપર (વેસ્ટ)**

**'સંભવ દર્શન' સ્ટેશનથી ૫ મિનિટ એલ. બી. એસ. માર્ગ, ગોપાલભુવન બસ સ્ટોપની પાછળ, ૨ બેડરૂમ 607' કાર્પેટ, બીજે માળે બે લીફ્ટ વેચાણથી રેડી કબજો. દેવેન્દ્ર ખારા 9869125605 (૧૫૯૧૦-એ)**

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૯૭૮)

**વિલેપાર્લે (વેસ્ટ)**

3-4 બેડ, અંડર કન્સ્ટ્રકશન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંક્વેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એચ)

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**

લીવલાયસંસથી-વેચાતામાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧ થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK 715' Sq. Ft., ડૉ. આંબેડકર રોડ અને RHB રોડ પર, પાર્કિંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડિંગ. સંપર્ક: 9930333456. (એસડીબી-૨૬૦૬)

■ જુહુ ગુલમહોર ૪ બીએચકે આઉટરાઈટ વેચાણથી ફુલ્લી ફર્નીશ્ડ કન્વર્ટેડ કરેલ મોટા ૩ બીએચકે ૧૬૬૦ સ્કે.ફીટ- કારપેટ + બાલ્કની. કીંમત માટે સંપર્ક: ખન્ના. 9892302544/ 9820244589. (બી-૧૫૯૫૬)

**ગામદેવી**

શિવતાપી સોસાયટી 2+2 બેડરૂમ જોડી, ઈઝી કન્વર્ટ 5 BHK 1780' કાર્પેટ, ૨ પાર્કિંગ, ૧૨ કરોડ, સંપર્ક: 8356935434. (બી-૧૫૯૪૯)

**વિલેપાર્લા ઈસ્ટ**

**અતિશય સુંદર હવાઉજાસવાળો 1125 SQ FEET 3 બેડરૂમ હોલ કીચન ચાર બાલકની 2 પાર્કીંગ બધી જ સગવડતાવાળો ફ્લેટ 3.75માં આપવાનો છે. જયેશભાઈ 9076328422. (૨૬૮)**

**રાજસ્થાન એસ્ટેટ**

નેપ્યન્સી પેડર વાલકેશ્વર Marin Drive ચર્ચગેટ કફ પરેડ બ્રીચકેન્ડી અલ્ટમાઉન્ટ, તારદેવ, ગોવાલીયા ટેન્ક વેચાણ અને ખરીદી કોમર્શીયલ સાથે લીવ લાઈસન્સથી Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994 Contact- મુકેશભાઈ મહેતા 9967502537 ઓફીસ ભવન્સ કોલેજની સામે ભારત જ્યુસ સેન્ટર ભારતીય વિદ્યાભવન ગીરગાંવ (ચોપાટી). (૨૭૦)

**વિલે-પારલા (ઈસ્ટ)**

સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલી ફર્નિસ્ટ 3 બેડરૂમ હોલ કિચન (૧૨૦૦' કારપેટ) 1 પાર્કિંગ સાથે 5,11,00,000/- નેગોશીએબલથી તુરત વેચવાનો છે. 9820550033, 9833692629. (૧૫૮૯૮-એ)

**''રામવાડી - કાલબાદેવી''**

**''આદિત્ય પર્લ'', 1 BHK, 400' 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-એ)**

**''સી. પી. ટેન્ક, મોરારબાગ''**

**''શ્રીપતિ જ્વેલ'', 400, 1 BHK, 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-સી)**

**વી. પી. રોડ**

શંખેશ્વર ટાવરમાં ૧ બેડરૂમ, ૩૩૩ સ્કવેર ફીટ, કાર્પેટ એરીયા, ૧૨ ફુટ હાઈટ, ૧-૩૫ કરોડ, સંપર્કઃ 8356935434 હેમંત મેહતા. (બી-૧૫૯૫૫)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

૪ બેડરૂમ -એરીયા ૧૬૨૦' કારપેટ, મંદિર પાસે, આધુનિક સુવિધાઓ સાથે, વેચાણથી ૧૧ કરોડ. અન્ય ૧૦ ફ્લેટો ૮ કરોડથી ૨૦ કરોડ સુધી ઉપલબ્ધ. ફોન :- ''જીતેન્દ્ર ચાવડા'' ૯૮૧૯૦૧૧૭૭૦. (બી-૧૫૮૭૩)

**મુલુન્ડ (વેસ્ટ) - ભાડે આપવાનો**

ઝવેર રોડ, 3 BHK, 1000' કારપેટ, ફુલ્લી લકઝરી ફર્નિશ્ડ, હાયર ફ્લોર ફ્લેટ. દેરાસર, ઉપાશ્રય, સ્ટેશન, માર્કેટ, હોસ્પિટલ બધું ચાલતાં ફક્ત ૫ મિનિટ. ભાડું-120000. સંપર્ક ફક્ત WhatsApp 9322213582. (એસડીબી-૨૬૧૮)

**''બોરીવલી (વેસ્ટ)''**

''કસ્તુર પાર્કમાં 2 બેડરૂમના ફ્લેટ્સ વેચાણથી/ ભાડેથી. (દલાલભાઈ આવકાર્ય)'' :- 9820540805. (૧૫૯૨૨/સી)

**''ખાર વેસ્ટ''**

**''એવરસાઈન જ્વેલમાં હાયર ફ્લોર ૬ બેડરૂમ (25 કરોડ)''. ''એજન્ટ'' : 8007342828. (૧૫૯૨૧-ડી)**

**NAPEANSEA ROAD**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

**ZERO MAINTENANCE SOCIETY**

1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-15958)

## ૧૮. જગ્યા જોઈએ છે

**બોરીવલીથી અંધેરી**

1 બેડરૂમના ફ્લેટ કોર્પોરેટ માટે ભાડેથી જોઈએ છે. 8879181869. (૧૫૯૧૮-એ)

**જગ્યા જોઈએ છે**

સિનિયર નિર્વ્યસની શાકાહારી બ્રાહ્મણને ભાયખલાની આજુબાજુ ભાડેથી રૂમ/ફ્લેટ/ Sharing PG જોઈએ. 6351451866. (એસડીબી-૨૬૧૭)

REQUIRE GODOWN, 1400 sq ft only Carpet, First Floor for Long Lease, Andheri East, Saki Naka, Marol - 9377431145. (B-15988)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**



**તિરંગા યાત્રાઃ** ભારતીય સેનાના સન્માનમાં શનિવારે હલદ્વાનીમાં યોજાયેલી તિરંગા યાત્રામાં ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ પણ ભાગ લીધો હતો. (એજન્સી)

# દિલ્હીમાં આંધી સાથે ખાબક્યો વરસાદ; નિર્માણાધીન મકાનની દીવાલ તૂટી પડતાં બેનાં મોત

નવી દિલ્હીઃ દિલ્હીમાં શનિવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાતાવરણમાં આવેલા પલટાથી બપોર બાદ રાજધાનીમાં ભારે આંધી સાથે વરસાદ ખાબક્યો હતો. આ દરમિયાન એક દુઃખદ ઘટના ઘટી હતી, જેમાં સેન્ટ્રલ દિલ્હીના નવી કરીમ વિસ્તારમાં રોડ પર એક નિર્માણાધીન મકાનની દીવાલ તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં દીવાલના કાટમાળ નીચે દટાઈ જવાથી બે લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા દીવાલ ધરાશાયી થઈ હોવાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ અને રાહત-બચાવ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ અહીં બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન કાટમાળ નીચેથી બે લોકોના મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે ચાર ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળી રહેલી વિગતો અનુસાર અહીં એક થ્રી સાઈડ હોટેલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું અને તેના બેઝમેન્ટમાં કામ ચાલી રહ્યું હતું. આજે અચાનક આવેલી ભારે આંધી અને વરસાદના કારણે બેઝમેન્ટની દીવાલ અચાનક તૂટી પડી હતી, જેમાં છ લોકો દટાઈ ગયા હતા અને બે લોકોનાં કરુણ મોત થયાં હતાં.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તમામ લોકોને બચાવી લીધા છે અને ઘાયલોની સારવાર ચાલી રહી છે. તોફાન અને વરસાદને કારણે દિલ્હીના વિવિધ વિસ્તારોમાં વૃક્ષો પણ પડી ગયાં હતાં. જેના કારણે લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ■

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**મલાડ (ઈસ્ટ)**

રેડી ઓફિસ - કોમર્શિયલ ગાળા, 200' થી 400' કારપેટ, 14' હાઈટ, @ 25000/- કારપેટના ભાવે, દફતરી રોડ, જોડી ઉપલબ્ધ, 9867618111 - 9833477510 - 9224766381. (જેપી/૪૯૮૮-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર- 10 માળનાં ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી મયુરભાઈ- 9821147578, 9987254333. (૧૫૯૨૭-ઈ)

**ઝવેરીબજાર**

છીપી ચાલ (શામસેટ સ્ટ્રીટ) ૧૨૦' કારપેટ ઓફિસ ૩જે માળે વેચવાની છે. 9322255218. (૧૫૯૧૭-એ)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન, કાયદેસર પાસપોર્ટ, વિઝા સાથે દુનિયાભરમાં જવા સોનેરીતક 9377992110, 9867510027. (બી-૧૫૯૯૮)

**''મેડિક્લેમ''**

ફેમિલી ફ્લોટર પોલીસી - ૦થી ૭૫ વર્ષ સુધી. નો મેડિકલ ટેસ્ટ -(૧૦ લાખથી ૧ કરોડ) કેશલેશ કાર્ડ. 'દીલીપભાઈ' - 9136621227, 9321554532. (બી-૧૫૯૬૩)

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)


**સ્પે. ડાયાબિટીસ ખાખરા**
fssai
નોર્મલ/મસાલા
★ ઓર્ટસનો લોટ ★ ઓલિવ ઓઈલથી બનાવેલ
★ સિનીયર ડૉક્ટરની સલાહ સૂચન અનુસાર
★ એટલા પોચા કે દાંત વગરના પણ ખાઈ શકે
★ સ્વાદ અને પ્રોટીનથી ભરપૂર
૨૦૦ ગ્રામ પેકેટના ૯૦/-
ફ્રી હોમ ડીલીવરી
Minimum Order ત્રણ પેકેટ
Silver Vaccum Packing
અન્ય વેરાયટી
ફરાળી ખાખરા, ડાયટ ખાખરા, મલ્ટી ગ્રેઈન ખાખરા, જૈન બાજરી ખાખરા, જુવાર ખાખરા, મકાઈ, રાગી ખાખરા
ઉત્પાદક : પ્રિનીમા બેન ગૃહ ઉદ્યોગ, વડોદરા. M : 91069 48438/ 99987 49089
(બી-૧૬૦૦૦)


**Commercial Offices**

બોરીવલી (વેસ્ટ) ચંદાવરકર રોડ, સ્ટેશન નજીક, એરીયા 500', નવા બિલ્ડીંગમાં 4/5/ 6th floor, ઓફિસ વેચાણથી, કલાસીસ, CA પ્રોફેશનલ લાયક રાજુ 9820064562 કુમાર 9930467348. (જેપી/૪૯૯૦-સી)

**ગોરેગામ (વેસ્ટ)**

**એસ.વી.રોડ, CROMA અને પીરામલનગરની સામે, સમ્રાટ ક્લાસીસની ઉપર, સેમી ફર્નીશડ 1000' ફૂટ કારપેટ, ત્રીજે માળે, 35 થી 40 માણસોની સીટીંગ કેપેસીટી (ભાડેથી 75,000/= આપવાનો) ઓનર - 7506345205. (૧૫૯૨૬/સી)**

**LOWER PAREL**

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2588)

**PRE LEASED BANKS**

**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના- 6500/-**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૯૨૨/એ)

**સ્પેશ્યાલિસ્ટ**

ડાંબરકામ, વોટરપ્રૂફિંગ, કેમિકલ વર્કસ, છજ્જા, પેઈન્ટિંગ, બેડરૂમ, કિચન. - 9769888191. - 9930926930. (બી-૧૫૯૯૯)

STRUCTURAL AUDIT, RE-pair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. 9222212231. (B-15985)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

**ટેરેસ, પેરાપીટ વોલ, છજ્જા, આઉટસાઈટ વૉલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરીંગ વીથ પેઈન્ટીંગ, ASIAN PAINT, રૂફ ફુલ. 5-7 વર્ષની ગેરંટી સાથે. 9320210293. (૧૫૯૦૨-ઈ)**

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૬૮)

# ઓડિશામાં વીજળી પડવાથી નવનાં મોત

ભુવનેશ્વરઃ ઓડિશામાં વાવાઝોડાં દરમિયાન વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં છ મહિલા સહિત નવ લોકોનાં મોત થયા હતા. તેમજ અનેક લોકો ઘાયલ થયા હતા. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શુક્રવારે કોરાપુટ જિલ્લામાં ત્રણ લોકોનાં મોત થયા હતા. જ્યારે જાજપુર અને ગંજમ જિલ્લામાં બે-બે લોકોના મોત થયા હતા. તેમજ ઢેંકનાલ અને ગજપતિ જિલ્લામાં એક-એક વ્યક્તિનું મોત થયું હતું. કોરાપુટ જિલ્લાના લક્ષ્મીપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના પરીડીગુડા ગામમાં વીજળી પડતાં ત્રણ મહિલાઓના મોત નીપજ્યા હતા અને એક વૃદ્ધ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભોગ બનેલા લોકો એક જ પરિવારના સભ્યો હતા. ખેતરોમાં કામ કરતી વખતે ભારે વરસાદ અને પવનને કારણે તેઓએ એક કામચલાઉ ઝૂંપડીમાં આશરો લીધો હતો. ઝૂંપડી પર વીજળી પડતાં ત્રણ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જિલ્લા ઇમરજન્સી કાર્યાલયના અધિકારીઓએ જણાવ્યું કે હાલની સરકારી માર્ગદર્શિકા અનુસાર શોકગ્રસ્ત પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. જાજપુર જિલ્લાના ધર્મશાળા વિસ્તારમાં ઉત્તર-પશ્ચિમ દિશાના પવનોને કારણે વીજળી પડવાથી બે કિશોરોનાં મોત થયા હતા.

ગંજમ જિલ્લામાં કબીસૂર્યનગર તાલુકાના બારીદા ગામમાં વીજળી પડવાથી ૭માં ધોરણના વિદ્યાર્થી ઓમ પ્રકાશ પ્રધાનનું મૃત્યુ થયું હતું. ■

# ૨૦ માઓવાદીની ધરપકડઃ હથિયારો જપ્ત

હૈદરાબાદઃ તેલંગાણાના મુલુગુ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ પોલીસે પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદીઓ)ના ૨૦ સભ્યની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી અનેક હથિયારો જપ્ત કરવામાં આવ્યાં હતાં, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

મુલુગુ જિલ્લાના પોલીસ અધિક્ષક શબરિશ પીએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, ૧૬ થી ૧૭ મે દરમિયાન વેંકટપુરમ, વાઝીદુ અને કન્નૈગુડેમ પોલીસ સ્ટેશનની હદ હેઠળ વાહન ચેકિંગ, સર્ચ ઓપરેશન અને પેટ્રોલિંગ દરમિયાન એક ડિવિઝન કમિટી સભ્ય અને પાંચ એરિયા કમિટી સભ્યો સહિત માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

# અમિત શાહે ગાંધીનગરમાં ₹ ૭૦૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહપ્રધાન અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ શનિવારે ગાંધીનગરની મુલાકાતે પહોંચ્યા હતા. આ દરમિયાન અમિત શાહે મહાનગરપાલિકા અને ગુડા દ્વારા હાથ ધરાયેલા ૭૦૭ કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું અને વાવોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાપર્ણ કર્યું હતું. જે બાદ તેઓએ સેક્ટર ૨૧ અને ૨૨ને જોડતા નવીન અંડરબ્રિજને ખુલ્લો મૂક્યો હતો. તેમજ પેથાપૂરમાં નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાપર્ણ કર્યું હતું. જે બાદ કોલવડા અમૃત તળાવનું લોકાપર્ણ કર્યું હતું. કોલવડા ગામ ખાતે કોર્પોરેશન અને ટપાલ વિભાગના વિવિધ વિકાસ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું છે. અમિત શાહ સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના કુલ ૭૮ પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. આમાં ૫૭૫.૪૩ કરોડ રૂપિયાના ૪૫ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સામેલ છે. ઉત્તર વિધાનસભા વિસ્તારમાં ૧૬૮ કરોડના ૧૫ પ્રોજેક્ટ, દક્ષિણ વિસ્તારમાં ૩૨૧.૫૦ કરોડના ૨૨ પ્રોજેક્ટ અને બંને વિસ્તારને આવરી લેતા ૮૫.૨૬ કરોડના ૮ પ્રોજેક્ટ હાથ ધરાશે. મુખ્ય પ્રોજેક્ટમાં સેક્ટર-૨૨ પંચદેવ મંદિરથી સેક્ટર-૨૧ સુધીનો ૧૬.૪૬ કરોડનો અંડરબ્રિજ અને કોલવડા ખાતે ૧૧.૫૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલા તળાવનો પણ સમાવેશ થાય છે. ■

# આગામી સપ્તાહમાં વિસાવદર અને કડી બેઠક પર પેટાચૂંટણી જાહેર થવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી યોજાવાના સંકેત મળી રહ્યા છે. થોડા સમય પહેલા જ કેન્દ્રીય ચૂંટણી પંચે આ બંને બેઠકો માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ યોજ્યો હતો. જે બાદ આ બેઠકો પર પેટાચૂંટણી ટૂંક સમયમાં યોજવાની સંભાવના વધી ગઈ હતી. ત્યારે ફરી એક વાર ખાલી પડેલી વિસાવદર અને કડી વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીની જાહેરાત આગામી સપ્તાહમાં થઈ શકે, તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ માટેની સત્તાવાર જાહેરાત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા અંતિમ તૈયારીઓ ચાલી રહી છે, તેવા સંકેતો રાજકીય સૂત્રો પાસેથી મળી રહ્યા છે.

આ પેટાચૂંટણી રાજકીય દ્રષ્ટિએ પેટાચૂંટણી રોચક બની રહી છે. કારણ કે, વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ ગોપાલ ઇટાલિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે, જ્યારે કૉંગ્રેસે હજુ પોતાનું પત્તું ખોલ્યું નથી પરંતુ ઉમેદવાર શોધવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ ઉપરાંત, શંકરસિંહ વાઘેલાની પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીએ લાલજી કોટડિયાના નામની જાહેરાત કરી છે. વિસાવદર બેઠકમાં આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ વચ્ચે ગઠબંધનની કોઈ શક્યતા નથી, અને બંને પાર્ટીઓ અલગ અલગ મેદાનમાં ઉતરશે. આથી ચૂંટણી સ્પર્ધા વધુ તીવ્ર બનવાની છે. કૉંગ્રેસ અને ભાજપ પણ આવતા કેટલાક દિવસોમાં પોતાના ઉમેદવારો જાહેર કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિસાવદર બેઠક અગાઉ આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણીના પદ પરથી રાજીનામું આપવાના પગલે ખાલી પડી હતી. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ વિજેતા થયા હતા, પરંતુ પક્ષ પલટો કરતાં આ બેઠક ખાલી પડી ગઈ હતી. બાદમાં ભાજપના હર્ષદ રીબડિયાએ તેમના વિરુદ્ધ ચૂંટણી ગેરરીતિની પિટિશન હાઈ કોર્ટમાં દાખલ કરી હતી. આ પિટિશનના કારણે વિસાવદર પર પેટાચૂંટણી અટકી હતી. જોકે, હવે રીબડિયાએ પિટિશન પરત ખેંચી લેતાં ચૂંટણી યોજવાનો માર્ગ મોકળો થયો છે. જ્યારે કડીની બેઠક કડીના ધારાસભ્ય કરશનભાઇ સોલંકીના નિધનથી ખાલી પડી છે.

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭માં યોજાવાની છે. પરંતુ પેટાચૂંટણીના પરિણામો ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી ભાજપ માટે લોકલ સ્તરે મજબૂત સંકેતરૂપ સાબિત થઈ શકે છે. જો ભાજપ બંને બેઠકો જીતી જાય, તો તેની ધારાસભ્ય સંખ્યા ૧૬૪ થઈ જશે, જે પાર્ટી માટે મોટી ઐતિહાસિક ઉપલબ્ધિ સાબિત થશે.■

# દાહોદમાં ₹ ૭૧ કરોડના મનરેગા કૌભાંડમાં પ્રધાન બચુ ખાબડના પુત્રની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં પ્રધાન બચુભાઈ ખાબડના પુત્ર બળવંત ખાબડની શનિવારે ૭૧ કરોડ રૂપિયાના મનરેગા કૌભાંડમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી, જેમાં કેટલીક કોન્ટ્રાક્ટેડ એજન્સીઓએ કામ પૂરું કર્યા વિના કે માલ પૂરો પાડ્યા વિના સરકાર પાસેથી ચુકવણી મેળવી હતી. આ મામલે પોલીસે દાહોદ જિલ્લામાં તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) દર્શન પટેલની પણ ધરપકડ કરી હતી, જેના કારણે અત્યાર સુધીમાં પકડાયેલા વ્યક્તિઓની સંખ્યા સાત થઈ ગઈ છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં નકલી એન.એ. જમીન કૌભાંડ બાદ મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના (મનરેગા) માં કરવાના થતા કામોમાં ખોટા દસ્તાવેજો ઊભા કરી વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે ગેરરીતિ આચરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે ધાનપુર અને દેવગઢ બારિયાની મળીને ૩૫ એજન્સીઓ સામે ગુનો દાખલ કર્યો હતો. ૩૫ પૈકી એક એજન્સી દેવગઢબારિયા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા અને રાજ્ય સરકારના પંચાયત અને કૃષિ રાજ્યપ્રધાન બચુભાઈ ખાબડના પુત્ર બળવંત ખાબડની હતી.

આ કથિત કૌભાંડમાં ૩૫ એજન્સીઓના માલિકોએ સરકારી અધિકારીઓ સાથે મળીને ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) યોજના હેઠળ ચુકવણી મેળવવા માટે બોગસ કાર્ય પૂર્ણતા પ્રમાણપત્રો અને અન્ય પુરાવા રજૂ કરીને ૭૧ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. બળવંત ખાબડ પર દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા અને ધનપુર તાલુકા હેઠળના વિસ્તારોમાં મનરેગાના કામોમાં છેતરપિંડી કરવાનો આરોપ છે.

જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી (ડીઆરડીએ) દ્વારા રૂ. ૭૧ કરોડના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ પોલીસે ગયા મહિને સરકારી કર્મચારીઓ સહિત અજાણ્યા વ્યક્તિઓ સામે છેતરપિંડી, બનાવટી અને વિશ્વાસઘાતના આરોપસર એફઆઈઆર નોંધી હતી. એફઆઈઆરમાં જણાવાયું હતું કે, તપાસ દરમિયાન, આરડીએ અધિકારીઓએ શોધી કાઢ્યું હતું કે જે રસ્તાઓ બનાવવામાં આવ્યા ન હતા, પરંતુ તે માર્ગો કાગળ પર પૂર્ણ થયેલા દર્શાવવામાં આવ્યા હતા તે માટે કોન્ટ્રાક્ટરોને ચુકવણી પણ કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ દેવગઢબારિયા તાલુકાના કૂવા તેમજ રેઢાણા તથા ધાનપુરના સીમામોઇ સહિત ત્રણ ગામોમાં માટી મેટલ રોડ, સીસી રોડ, ચેક વોલ, સ્ટોન બંડ જેવા મનરેગાના કામોમાં માત્ર દેખાડા પૂરતું કામ કરવામાં આવ્યું છે. આ કામોનું કમ્પ્લિટિશન સર્ટિફિકેટ રજૂ કરી જે એજન્સીના નામનો કોન્ટ્રાક્ટ હતો તેને બદલે અન્ય એજન્સીઓને ચુકવણી કરી દેવામાં આવી છે. જે એજન્સીઓને ચુકવણી કરવામાં આવી છે તે એવી એજન્સીઓ છે જેણે ટેન્ડર પ્રક્રિયામાં પણ ભાગ નથી લીધો.

આ જન કલ્યાણ યોજના અંતર્ગત સામૂહિક કામોના નાણાં બિનપાત્રતા ધરાવતી એજન્સીઓને ચુકવણી કરવાના કૌભાંડમાં સરકારી અધિકારી અને કર્મચારીઓની પણ મિલીભગત બહાર આવી છે. આ કૌભાંડ અંગે પંચાયતના જવાબદાર અધિકારીઓ દ્વારા તપાસ બાદ વચગાળાના અહેવાલના આધારે જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ રજૂ કર્યો હતો. ત્યારબાદ પોલીસે ડીઆરડીએ નિયામકની ફરિયાદના આધારે દેવગઢ બારિયાની ૨૮ તેમજ ધાનપુર તાલુકાની સાત મળી માલ સપ્લાય કરતી કુલ ૩૫ એજન્સીઓ સામે રકમ સહિત નામજોગ ગુનો દાખલ કરતા સમગ્ર જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ મામલે વધુ તપાસ ચાલુ છે. ■

# મુખ્ય પ્રધાનની આગેવાનીમાં અમદાવાદમાં તિરંગા યાત્રા યોજાઈ

## વંદે માતરમ અને ભારત માતા કી જયના નારા લાગ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલાની ઘટના બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં રહેલા આતંકીઓના અડ્ડાને ભારતીય સૈન્ય દ્વારા નાશ કરી દેવામાં આવ્યો હતો. દેશની સેનાના શૌર્ય પ્રદર્શનની શૂરવીરતા અને દેશના સ્વાભિમાનના સન્માનમાં રાજ્યના વિવિધ શહેરોમાં તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે. અમદાવાદમાં ૧૭ મે શનિવારના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઘાટલોડિયા વિધાનસભામાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક પર તિરંગા સાથે રેલી યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં આવતા લપકામણ ગામ, લીલાપુર ગામ, ખોડીયાર ગામ થઈને વૈષ્ણોદેવી સર્કલ નજીક આવેલા અદાણી શાંતિગ્રામ ખાતે આ યાત્રા પૂરી થઈ હતી.

ભૂપેન્દ્ર પટેલ દ્વારા લપકામણ ગામથી સવારે ૧૦ વાગ્યે તિરંગા યાત્રાની શરૂઆત કરાવવામાં આવી હતી. મુખ્યમંત્રી ખુલ્લી જીપમાં યાત્રામાં જોડાયા હતા, જેમાં તમામ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ યાત્રામાં હાથમાં લોકોએ તિરંગા લઈને પાછળ બાઈકમાં જોડાયા હતા. તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ઘાટલોડિયા વિધાનસભામાં આવતા તમામ વોર્ડમાંથી ભાજપના કાર્યકર્તાઓ ત્રિરંગા યાત્રામાં જોડાયા હતા. ઘાટલોડિયા, થલતેજ, ગોતા, ચાંદલોડિયા, બોપલ, ઘુમા સહિતના વિસ્તારોમાંથી બાઈક સાથે કાર્યકર્તાઓ લપકામણથી અદાણી શાંતિગ્રામ સુધી યોજાનારી તિરંગા યાત્રામાં બાઇક પર ત્રિરંગા લઈને પહોંચ્યા હતા. લપકામણ, લીલાપુર, ખોડીયાર અને આસપાસના ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઇક રેલીમાં ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને ગ્રામજનોએ હિન્દની સેનાના વીરત્વને પુષ્પોથી વધાવી લીધું હતું.■

# ગાંધીનગરમાં બ્લેક ફંગસના બે કેસ નોંધાયા

## કોરોનાના કેસો બાદ મ્યુકોરમાઈકોસિસના કેસનું પ્રમાણ વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોરોનાની મહામારી બાદ રાજ્યમાં ફરી એકવાર બ્લેક-ફંગસ (મ્યુકોરમાઇકોસિસ)ના કેસ સામે આવતા ચિંતાનો વિષય બન્યો છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં મ્યુકોરમાઇકોસિસ (બ્લેક ફંગસ)ના બે નવા કેસ સામે આવતા આરોગ્ય તંત્ર સજાગ થયું છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં બ્લેક ફંગસના બે દર્દીને દાખલ કરી સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. હાલ બંને દર્દીને આઈસીયુમાં દાખલ કરાયા છે.

ગુજરાતમાં કોરોના બાદ ફરી બ્લેક-ફંગસના કેસ નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. બ્લેક ફંગસના બે દર્દીને સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. મ્યુકોરમાઇકોસિસના કારણે એક દર્દીની આંખ કાઢવી પડી હતી. બંને દર્દીઓ હાલ આઈસીયુમાં સારવાર હેઠળ છે. બંને દર્દીને બ્લેક- ફંગસની સાથે હાઇ ડાયાબિટીસથી પીડિત હોવાનું જાણવા મળ્યું હતું.

કોરોના વાયરસ બાદ બ્લેક ફંગસ લોકો માટે ચિંતાનો વિષય બન્યો છે. કોરોનામાંથી સાજા થયેલા દર્દીઓમાં આ રોગ ઝડપથી ફેલાયો હતો. મ્યુકોરમાઈકોસિસ એક ખાસ પ્રકારની ફંગસ છે કે તેની અસર કોવિડમાંથી બહાર આવેલા દર્દીઓમાં જોવા મળે છે. આ ફંગસ શરીરમાં ઝડપથી ફેલાય છે. મ્યુકોરમાઈસિસ રોગથી ઘણા લોકોના મૃત્યુ કેસો પણ સામે આવ્યા છે. આ રોગમાં આંખમાં પણ ફૂગ થઈ જાય છે આવા કેસોમાં લોકોની આંખ પણ કાઢવી પડે છે તેવી માહિતી સામે આવી છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર વાણસ ગામના ૫૫ વર્ષિય આધેડને સાઇનસથી ફૂગ આગળ વધી હતી અને આંતરિક રીતે આ ફૂગ આગળ વધતા આંખ સુધી પહોંચી હતી અને બે જ દિવસમાં સોજો આવી ગયો હતો. જેની ઊંડાણપુર્વક નિદાન કરતા તેમને બ્લેક ફંગસ હોવાને પગલે સિવિલના આઇસીસીયુમાં દાખલ કરીને સારવાર હેઠળ છે. અન્ય એક વ્યક્તિ કડીમાં રહેતા ૬૦ વર્ષિય પુરુષને પણ નાક અને આંખની ભાગે સોજા ચઢી ગયા હતા અને અસહ્ય દુઃખાવો થતો હતો. આ ફૂગ ચિંતાજનક રીતે આગળ વધતા ઓપ્થેલ્મો વિભાગના ડૉ. જીગીશ દેસાઇ અને તેમની ટીમે આ દર્દીની તાત્કાલિક સારવાર શરૂ કરી હતી અને આ દર્દીની ડાબી આંખ પણ કાઢી નાખી હતી જેથી ફૂગને મગજ સુધી જતી અટકાવી હતી. ■

# સુરત ડુમસ જમીન કૌભાંડ કેસમાં ભાગેડુ સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટ અનંત પટેલ પુણેથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના ડુમસ વિસ્તારમાં આવેલા સાયલન્ટ ઝોનની કરોડોની જમીનના કૌભાંડના કેસમાં સીઆઈડી ક્રાઈમે શુક્રવારે મોડી રાત્રે એક આરોપીની ધરપકડ કરી હતી. ઘણા સમયથી ફરાર સિટી સર્વે સુપરિનટેન્ડન્ટ અનંત પટેલને સીઆઈડીએ મહારાષ્ટ્રના પૂણેથી ઝડપી લીધો હતો. અનંત પટેલની ધરપકડ બાદ હવે સમગ્ર કેસમાં વધુ મોટાં ખુલાસાઓની શક્યતા સીઆઈડી અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. સુરત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલા પોઝિશન ધરાવતા પ્લોટો અને જમીનો સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ અંગેની વિગતો મળી આવ્યા બાદ સુરત સીઆઈડી ક્રાઇમમાં ફરિયાદ નોંધવામાં આવી હતી અને તપાસ શરૂ કરવામાં આવી હતી.

શહેરના ડુમસ વિસ્તારમાં આવેલા સાયલન્ટ ઝોનની રૂ.બે હજાર કરોડની જમીનના કૌભાંડના કેસમાં અનંત પટેલની ભૂમિકા ભૂંડી રહી હતી. આ કેસમાં કરોડોની સરકારી જમીનના દસ્તાવેજો સાથે ચેડાં કરીને બોગસ પ્રોપર્ટી કાર્ડો તૈયાર કરવામાં આવ્યા હતા. લેન્ડ પૉલિસી મુજબ જ્યાં કોઈ પણ પ્રકારનો વિકાસ શક્ય નહોતો એવી સાયલન્ટ ઝોનના વિસ્તારોને ખાનગી માલિકીની બતાવી તેમને વેચવાનું કૌભાંડ કરાયું હતું. અનંત પટેલે પોતાના પદનો દુરૂપયોગ કરીને નકલી ડોક્યુમેન્ટેશન તૈયાર કરવામાં કૌભાંડીઓને મદદ કરી હોવાનું તેમ જ સત્તાધિકારીઓ પાસેથી જરૂરી સર્ટિ ફિકેટ પસાર કરાવવાની મુખ્ય ભૂમિકા ભજવી હોવાનો આરોપ છે.

કેસની વિગતો મુજબ ડુમસમાં સરકારી માલિકીની અંદાજે રૂ. ૨૦૦૦ કરોડના મૂલ્યની સર્વે નંબર ૩૧૧-૩ હેઠળની ૨.૧૭ લાખ ચોરસ મીટર સરકારી માલિકીની જમીન ગણોતિયા કૃષ્ણમુખલાલ ભગવાનદાસ શ્રોફને નામે ચઢાવી દઈને બિલ્ડરને વેચી દેવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. સરકારી જમીન પર ખેતી કરનારને ગણોતધારાની કલમ ૪ હેઠળ જમીનને માલિકી મળતી ન હોવા છતાં જમીનની માલિકી તબદિલ કરવામાં આવેલી છે.

ગણોતિયાને માલિક બનાવવાનું કોઈપણ પ્રકારનું પ્રમાણપત્ર પણ ઈશ્યૂ કરવામાં ન આવ્યું હોવા છતાં ગણોતિયાને નામે જમીન ચઢાવી દેવામાં આવી છે. આ અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિજિલન્સ કમિશન, ગાંધીનગરના મહેસૂલ વિભાગ અને સામાન્ય વહિવટ વિભાગને પણ એક ફરિયાદ કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં તમાકુના ૭૦, વાસણના ૧૩ વેપારી પર સ્ટેટ જીએસટીના દરોડા

## કરોડોના બિનહિસાબી વ્યવહારો પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે વાસણના મોટા વેપારીઓને ત્યાં દરોડા પાડીને મોટા પ્રમાણમાં જીએસટી ચોરી પકડી પાડી હતી. અમદાવાદ સહિત વિજાપુર તથા ઉંઝા અને ઉનાવાના તમાકુના વેપારીઓની ઓફિસ તથા ખડીઓ પર દરોડા પાડ્યા હતા. જ્યારે અમદાવાદના વાસણના ૧૩ વેપારીઓ પર પણ બે દિવસ દરોડા પાડીને તપાસ કરી હતી. જેમાં ઘણી વિગતો બહાર આવતા તે દિશામાં તપાસ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માત્ર ગુજરાતમાં જ ૫૦ હજાર કરોડથી વધુ બોગસ બિલિંગ કાંડની તપાસ ચાલી રહી છે. મંથરગતિએ ચાલતી તપાસની આરોપીઓ ગેરફાયદો ઉઠાવી રહ્યા હોવાની ચર્ચા જીએસટી ઓફિસમાં ચાલી રહી છે.

સ્ટેટ જીએસટીની ઈન્વેસ્ટિગેશન ટીમને બાતમી મળી હતી કે, અમદાવાદના વાસણના મોટા વેપારીઓ કરોડો રૂપિયાની ખરીદી અને વેચાણ બિલ વગર જ કરીને જીએસટી ચોરી કરી રહ્યા છે. જેને પગલે અધિકારીઓએ તે અંગે તપાસ કરી મોટા ૧૩ વેપારીઓને ત્યાં બે દિવસ સુધી દરોડા પાડી હિસાબો ચેક કરતાં કરોડો રૂપિયાની ખરીદી અને વેચાણ બિલ વગર જ થયું હોવાનું બહાર આવ્યું હતું. બીજી તરફ તેમના સ્ટોક અને કાચી ચિઠ્ઠી દ્વારા કરવામાં આવેલા વ્યવહારોની વિગતો પણ મળી હતી. જે અંગેની તપાસ ચાલી રહી છે. જેમાં મોટી કરચોરીનો ખુલાસો થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

બીજી તરફ અમદાવાદ અને ઉત્તર ગુજરાતના તમાકુના વેપારીઓ પણ કરોડો રૂપિયાનો ધંધો બિલ વગર જ કરી રહ્યા હોવાની મળેલી વિગતોને આધારે જીએસટીની ટીમે અમદાવાદ, મહેસાણા, ઉંઝા, ઉનાવા અને વિજાપુરના મોટા વેપારીઓ ઓફિસ અને તેઓ જ્યાં તમાકુ રાખતા હોય તેવી ખળી પર તપાસ શરૂ કરી હતી. અધિકારીઓએ ૭૦ પ્રિમાઈસીસ પર દરોડા પાડીને કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢ્યા છે. તમાકુના વેપારીઓ પર દરોડાની કામગીરી ચાલી રહી હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. ઉત્તર ગુજરાત ઉપરાંત ખાસ કરીને ચરોતરના તમાકુના વેપારીઓ દ્વારા પણ મોટા પાયે બિલ વગર જ તમાકુની ખરીદી અને વેચાણ કરવામાં આવી રહ્યું છે.■

# ઉડાન યોજના હેઠળ અમદાવાદથી દીવની હવાઈ સેવાનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મોટાભાગના લોકો ઉનાળામાં દીવ ફરવા જવાનું પસંદ કરે છે. અમદાવાદીઓ માટે ખુશીના સમાચાર છે. ઉડાન યોજના હેઠળ તા.૧૬ મે શુક્રવારથી અમદાવાદ-દીવની સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. આ ફ્લાઈટની ટિકિટ રૂ.૧૪૯૯ની ખાસ પ્રમોશનલ ભાડાની પણ ઓફર કરવામાં આવી છે. જે એક કલાકમાં અમદાવાદથી દીવ પહોંચાડી દેશે.

ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી 'ઉડે દેશ કા આમ નાગરિક (ઉડાન)' યોજના હેઠળ આ નવા રૂટની શરૂઆત કરવામાં આવી છે. આ ફ્લાઈટ અમદાવાદથી સવારે ૯:૫૦ વાગ્યે ઉપડશે અને ૧૦:૫૦ વાગ્યે દીવ પહોંચશે. દીવથી પરત ફરતી વખતે આ ફ્લાઇટ સવારે ૧૧:૨૦ વાગ્યે ઉપડશે અને બપોરે ૧૨:૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ સર્વિસ માટે સ્ટાર એરના ૫૦-સીટવાળા એમ્બ્રેર ઈઆરજે-૧૪૫ વિમાનનો ઉપયોગ કરવામાં આવશે. ■

# વટ પાડવા કે સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવવા લીધેલાં ગન લાઇસન્સ રદ થશે: હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં માત્ર વટ પાડવા માટે લીધેલા ગન લાઇસન્સ ધારકો સામે પણ કાર્યવાહી થશે. સુરતમાં ડુમસ વિસ્તારમાં નવા રોડના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈપણ યોગ્ય કારણ વગર હથિયાર લાઇસન્સ મેળવી માત્ર પ્રભાવ બતાવવા કે સોશિયલ મીડિયા પર રીલ્સ અને વીડિયો દ્વારા વટ પાડવા માટે તેનો ઉપયોગ કરતાં હોય તેવા લોકોના લાઇસન્સ રદ કરવાની કાર્યવાહી રાજ્યભરમાં શરૂ કરી દેવામાં આવી છે.

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની હંમેશાં એ નીતિ રહી છે કે કારણ વગર ગન લાઇસન્સ રાખનાર અને તેનો ગેરઉપયોગ કરનાર સામે કડક કાર્યવાહી થાય. કેટલાક લોકો ફક્ત સોશિયલ મીડિયા પર પોતાની છબી ઊભી કરવા માટે, રીલ્સ બનાવવા કે જાહેરમાં ગન લઈને ફરવા માટે ગન લાઇસન્સ લે છે. આવા લોકોના લાઇસન્સ હવે તંત્ર દ્વારા ચકાસવામાં આવી રહ્યા છે અને લાઇસન્સ રદ કરવાની કાર્યવાહી ઝડપથી આગળ વધી રહી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોઇપણ વ્યક્તિ જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી છે, કે ગેરકાયદેસર રીતે હથિયારનો પ્રચાર કરે છે, તેના વિરુદ્ધ ગુનાઓ દાખલ કરીને તેમના પર કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ■

# મોરબીમાં પડધરી વિસ્તારમાં રોડ ક્રોસ કરતી તરુણીને કારચાલકે અડફેટે લેતાં મોતઃ ૧૦ ફૂટ ઊંચે ફંગોળાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના પડધરી વિસ્તારમાં રોડ ક્રોસ કરતી તરુણીને કાર ચાલકે ટક્કર મારતા ૧૦ ફૂટ ઊંચે ફગોળાઈ ગઈ હતી. રાજ્યમાં બેફામ સ્પીડે વાહન ચલાવનારાઓની સંખ્યામાં વધારો થયો છે. આવા ઓવર સ્પીડે વાહન ચલાવતા લોકોએ અનેક નિર્દોષ લોકોના ભોગ લીધા છે. આવી ઘટના અવારનવાર બનતા ટ્રાફિક પોલીસ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. આવી જ એક ઘટના મોરબીમાં થઈ હતી.

મોરબીના પડધરીમાં એક તરુણી માસીના ઘરે વેકેશન કરવા આવી હતી. આ તરુણી માસી સાથે બજારમાં જતી હતી ત્યારે કારચાલકે તરુણીને ઠોકર મારતા ૧૦ ફૂટ ફંગોળાઈ જતા ગંભીર ઈજા થઈ હતી. ત્યાર બાદ સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આ ઘટના અંગે પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગત મુજબ પડધરીના કુલવાડી વિસ્તારમાં રહેતી અને ધોરણ ૮માં અભ્યાસ કરતી ઝરણા દિલીપભાઈ જાદવ (ઉં.વ.૧૫) નામની તરૂણી વેકેશન કરવા મોરબી તેના માસીના ઘરે ગઈ હતી. તેણી તેના માસી ભગવતીબેન સાથે બજારમાં ગઈ હતી. ત્યારે હળવદ રોડ પર મહેન્દ્રનગર ચોકડી પાસે પૂરવાટ વેગે આવતા કારચાલકે તરૂણીને ટક્કર મારતા ૧૦ ફૂટ ફંગોળાતા રસ્તા ઉપર પટકાતા તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી, જેથી તેને સારવાર માટે મોરબીની હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવતા ચાલુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતને પગલે મોરબી પોલીસે અકસ્માત સર્જનાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. ■

# વડોદરાના માણેજામાંથી મહાકાય મગરનું રેસ્ક્યૂ કરી વનવિભાગને સોંપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરના માણેજા નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી ચાલે છે. આ કામગીરીના સ્થળે પિલર ઊભા કરવાની કામગીરી દરમિયાન ૨૫ ફૂટ ઊંડા કાદવમાંથી મહાકાય મગર જોવા મળ્યો હતો. મોડી રાત્રે મગરને ક્રેઈનની મદદથી રેસ્ક્યૂ ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો.

માણેજામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત પિલર નાખવાની કામગીરી ચાલતી હતી. તે દરમ્યાન ખાડો ખોદી લોખંડની પ્લેટો લગાવવામાં આવી હતી. આ વેળાએ લોખંડની પ્લેટો નીચે મગર ફસોયેલો જોવા મળ્યો હતો. આ માહિતી મળતા જ ઘટનાસ્થળ ઉપર પહોંચી તપાસ કરાતા મગર ૨૫ ફૂટ ઊંડા કાદવથી ભરેલા ખાડામાં ફસાઈ ગયો હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. મગરને ક્રેઈનની મદદથી સલામત રીતે રેસ્ક્યૂ કરીને વન વિભાગને પિંજરામાં પૂરી સોંપવામાં આવ્યો હતો.■

# અમદાવાદમાં દોઢ મહિનામાં ૧૦૦થી વધુ લોકોએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વધતી મોંઘવારી, બેકારી આર્થિક સંકડામણ, પ્રેમમાં નિષ્ફળતા અને લગ્ન સંબંધ વિચ્છેદ સહિતના કારણોથી આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. જીવનના સંઘર્ષની સામે લડત આપવાને બદલે ખૂબ જ સામાન્ય ગણી શકાય તેવાં કારણો સામે હાર માની લઈને અંતિમ પગલાં તરીકે આત્મહત્યા કરતા લોકોની ઉત્તરોત્તર સંખ્યા વધી છે. આત્મહત્યાના વધતાં જતાં પ્રમાણે સમાજ માટે ચિંતા ઊભી કરી છે.

પોલીસ પાસેથી મળેલી વિગતો અનુસાર અમદાવાદ શહેરમાં છેલ્લા દોઢ મહિનાના સમયગાળામાં જ ૧૦૦ જેટલી વ્યક્તિએ આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. જેમાં ૧૩ પુરુષો, ૩૫ મહિલાઓ, એક સગીર હતા, એટલે કહી શકાય કે શહેરમાં દરરોજ બેથી વધુ વ્યક્તિ કોઈપણ કારણના લીધે આપઘાત કરે છે, જે ગંભીર સ્થિતિ સૂચવે છે.

આજથી બે દિવસ પૂર્વે જ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી આરોગ્ય અને પરિવાર કલ્યાણ રિજનલ ઓફિસમાં કરાર આધારિત પટાવાળા તરીકે ફરજ બજાવતા રોહિત નામના યુવાને ઓફિસમાં જ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આત્મહત્યા કરતાં પહેલાં તેણે રડતાં-રડતાં અંતિમ વીડિયો બનાવીને ઉપરી અધિકારી પર માનસિક ત્રાસ આપ્યાના આક્ષેપ લગાવ્યા હતા. ■




# પ્રેક્ષકો વિરાટની ફટકાબાજી જોવા આવ્યા, પણ જોવી પડી વરુણ દેવતાની આતશબાજી





**મેઘરાજા સામે એકમાત્ર સ્પાય કૅમેરા લડ્યો:** બેંગલૂરુમાં ગઈ કાલે ભારે વરસાદે મેદાનને સતત ભીનું રાખ્યું ત્યારે ચારે તરફ બેઠેલા હજારો પ્રેક્ષકો નિરાશામાં ડૂબ્યા હતા અને સ્પાય કૅમેરામાં સૌ કોઈ કેદ થઈ ગયા હતા. આઈપીએલ થોડા વર્ષોથી મહિલાઓમાં પણ ખૂબ લોકપ્રિય થઈ છે અને તેઓ પણ રમત ચાલુ થવાની રાહ જોઈને ઊભી હતી, પણ છેવટે તેમણે પણ હતાશા સાથે ઘરે પાછા જવું પડ્યું હતું. એક પિતા તેમના પુત્રને ઘણી વાર સુધી ખભા પર બેસાડ્યો હતો અને છેવટે તેમણે પણ એક પણ બૉલ રમાયા વિનાની મૅચ રદ કરાઈ હોવાની જાહેરાત બાદ નિરાશ થવું પડ્યું હતું. ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતાની ટીમ પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે, જ્યારે આરસીબીની ટીમે ફરી મોખરે થઈને પ્લે-ઑફમાં એન્ટ્રી લગભગ કરી જ લીધી છે. (બીસીસીઆઈ)

## આઈપીએલ ૨.૦ માટે ક્યો વિદેશી ખેલાડી નહીં આવે, કોણ-કોણ ઉપલબ્ધ છે?

### ▸ટી-૨૦ના જંગ ફરી શરૂ થયા, પણ મેઘરાજા નડ્યા

મુંબઈ/બેંગ્લૂરુ: ભારત સાથેના ટૂંકા યુદ્ધમાં પાકિસ્તાનનો પરાજય થયા બાદ હવે અધૂરી રહેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બાકીની ૧૭ મૅચનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે જેમાં વિવિધ ટીમો વચ્ચેના રોમાંચક વિજય-પરાજય જોવા મળશે. આ ટીમોના કયા વિદેશી ખેલાડીઓ સ્વદેશ ગયા બાદ ભારત પાછા આવ્યા છે અને કોણે આવવાનું ટાળ્યું છે એ નક્કી થઈ ગયું છે.

ચેન્નઈ, હૈદરાબાદ અને રાજસ્થાનની ટીમ પ્લે ઑફની રેસની બહાર થઈ ગઈ છે અને બાકીની સાત ટીમ વચ્ચે હરીફાઈ છે. એમાં પણ ખાસ કરીને ટૉપ-ફોરમાં આવવા ટોચની પાંચ ટીમ ગુજરાત, બેંગ્લૂરુ, પંજાબ, મુંબઈ, દિલ્હી વચ્ચે હરીફાઈ જામશે. લખનઊને પ્લે ઑફનો ઓછો ચાન્સ છે.


જૉસ બટલર


રાયન રિકલ્ટન

ગઈ કાલે આઈપીએલ (IPL-૨૦૨૫) ૨.૦ના પ્રથમ દિવસે બેંગ્લૂરુમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) અને કોલકત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર) વચ્ચે સાંજે ૭.૩૦ વાગ્યાથી મૅચ રમાવાની હતી પરંતુ નહોતી રમાઈ.ઉલ્લેખનીય છે કે યુદ્ધ પહેલાં અધવચ્ચેથી રદ કરવામાં આવેલી પંજાબ-દિલ્હી મૅચ ૨૪મી મેએ ફરીથી રમાશે.

### કઈ ટીમનો કયો વિદેશી ખેલાડી પાછો આવ્યો, કોણ નહીં આવે?...

**ગુજરાત**

(૧) જૉસ બટલર, કૅગિસો રબાડા (માત્ર લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૨) કુસાલ મેન્ડિસ (પ્લે ઑફ માટે ઉપલબ્ધ)
(૩) શેરફેન રૂધરફર્ડ, રાશીદ ખાન, કરીમ જનત, જેરાલ્ડ કૉએટ્ઝી, દાસુન શનાકા (બધી મૅચો માટે ઉપલબ્ધ)

**બેંગ્લૂરુ**

(૧) ફિલ સોલ્ટ, જેકબ બેથેલ, રોમારિયો શેફર્ડ (બે લીગ મૅચ માટે ઉપલબ્ધ)
(૨) ટિમ ડેવિડ, લિઆમ લિવિંગસ્ટન, લુન્ગી ઍન્ગીડી (લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૩) નુવાન થુશારા (ઉપલબ્ધ)
(૪) જૉશ હૅઝલવૂડ (અનિશ્ચિત)

**પંજાબ**

(૧) અઝમતુલ્લા ઓમરઝાઈ, મિચલ ઓવેન, માર્કો યેનસેન (લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૨) ઝેવિયર બાર્ટલેટ, કાઇલ જેમિસન (ઉપલબ્ધ)
(૩) જૉસ ઇંગ્લિસ, માર્કસ સ્ટોઈનિસ, આરૉન હાર્ડી (અનિશ્ચિત)

**મુંબઈ**

(૧) વિલ જેક્સ, રાયન રિકલ્ટન (લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૨) જૉની બેરસ્ટો (ઉપલબ્ધ)
(૩) રિચર્ડ ગ્લીસન (પ્લે ઑફ માટે ઉપલબ્ધ)
(૪) બેવૉન જેકબ્સ, કોર્બીન બૉસ્ચ (પ્લે ઑફ માટે ઉપલબ્ધ)
(૫) મિચલ સેન્ટનર, ટ્રેન્ટ બૉલ્ટ, રીસ ટૉપ્લી, મુજીબ ઉર રહમાન (તમામ ઉપલબ્ધ)

**દિલ્હી**

(૧) ટ્રિસ્ટેન સ્ટબ્સ (માત્ર લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૨) ફાફ ડુ પ્લેસી, દુશમન્થા ચમીરા, સેદીકુલ્લા અટલ (ઉપલબ્ધ)
(૩) મિચલ સ્ટાર્ક, જેક ફ્રેઝર-મૅકગર્ક (ઉપલબ્ધ નથી)
(૪) મુસ્તફિઝૂર રહમાન (૧૮-૨૪ મે દરમ્યાન ઉપલબ્ધ)
(૫) ડૉનોવાન ફરેરા (ઉપલબ્ધ)

**કોલકાતા**

(૧) સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, ડિકૉક, સ્પેન્સર જોન્સન રહમતુલ્લા ગુરબાઝ, એન્રીક નૉર્કીયા (તમામ ઉપલબ્ધ)
(૨) મોઈન અલી, રોવમેન પૉવેલ (ઉપલબ્ધ નથી)

**લખનઊ**

(૧) એઇડન માર્કરમ (લીગ રાઉન્ડ માટે ઉપલબ્ધ)
(૨) મિચલ માર્શ, નિકોલસ પૂરન, ડેવિડ મિલર, મેથ્યૂ બ્રિટઝકે, વિલ ઓરુરકે (તમામ ઉપલબ્ધ)
(૩) શમાર જોસેફ (ઉપલબ્ધ નથી)

**હૈદરાબાદ**

(૧) પૅટ કમિન્સ, ટ્રેવિસ હેડ, ક્લાસેન, કમિન્ડુ મેન્ડીસ, એશાન મલિંગા (તમામ ઉપલબ્ધ)
(૨) વિઆન મુલ્ડેર (ઉપલબ્ધ નથી)

**રાજસ્થાન**

(૧) શિમરોન હેટમાયર, લુઆન્ડ્રે પ્રિટોરિયસ, કવેના મફાકા, ફઝલહક ફારુકી, માહીશ થીકશાના, વનિન્દુ હસરંગા (તમામ ઉપલબ્ધ)
(૨) જોફ્રા આર્ચર, નાન્ડ્રે બર્ગર (ઉપલબ્ધ નથી)

**ચેન્નઈ**

(૧) નૂર અહમદ, મથીશા પથિરાના, ડેવૉન કૉન્વે, ડેવાલ્ડ બ્રેવિસ (તમામ ઉપલબ્ધ)
(૨) જૅમી ઓવર્ટન, સૅમ કરૅન, રચિન રવીન્દ્ર, નૅથન એલિસ (તમામ ઉપલબ્ધ નથી) ■

## વિરાટ કોહલી વિશે ઓવૈસી વળી શું બોલ્યા?




હૈદરાબાદ: સંસદસભ્ય અને એઆઇએમઆઇએમના નેતા અસદુદ્દીન ઓવૈસી કે જેઓ યુવાનીના દિવસોમાં બહુ સારા ફાસ્ટ બોલર હતા તેમણે તાજેતરમાં જ ટેસ્ટ-ક્રિકેટને ગુડબાય કરનાર વિરાટ કોહલીને ખૂબ બિરદાવ્યો અને કહ્યું છે કે ભારતમાં ક્રિકેટમાં પુષ્કળ ટેલન્ટ છે. આપણને ભવિષ્યમાં હજી બીજા ઘણા કોહલી મળી શકે એમ છે.

ઓવૈસી ૫૬ વર્ષના છે. તેઓ ૧૯૯૦ના દાયકામાં ડોમેસ્ટિક ક્રિકેટમાં ઘણું રમ્યા હતા. તેમણે એક મેચમાં ભારતના ભૂતપૂર્વ પેસ બોલર વેન્કટેશ પ્રસાદ કરતાં પણ સારી બોલિંગ કરી હોવાનું પીટીઆઇને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું.

ઓવૈસીએ જૂની યાદ અપાવતા કહ્યું છે કે ૧૯૯૦ના દાયકા દરમ્યાન એક ઇન્ટર-યુનિવર્સિટી સ્પર્ધાની ફાઇનલમાં તેમણે ૭૯ રનમાં છ વિકેટ લીધી હતી, જ્યારે હરીફ ટીમ વતી રમતા વેન્કટેશ પ્રસાદને એક પણ વિકેટ નહોતી મળી.

જોકે ઓવૈસીવાળી ઓસમાનિયા યુનિવર્સિટીની ટીમનો એ ફાઇનલમાં વેન્કટેશ પ્રસાદવાળી બેંગલૂરુ યુનિવર્સિટીની ટીમનો વિજય થયો હતો અને ચેમ્પિયન બની ગઈ હતી.

ઓવૈસીએ ત્યારે સ્થાનિક દૈનિકોમાં સ્કોર-કાર્ડ સાથે જે અહેવાલ છપાયો હતો એ પીટીઆઇના પત્રકારને બતાવ્યો હતો.

ત્યાર બાદ ૧૯૯૪માં ઓવૈસીનો સાઉથ ઝોન ઇન્ટર-યુનિવર્સિટી અન્ડર-૨૫ સ્પર્ધા માટેની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારે તેઓ વિઝી ટ્રોફી નામની રાષ્ટ્રીય સ્પર્ધામાં રમ્યા હતા.

જોકે ત્યાર બાદ તેઓ ભણવા માટે લંડન જતા રહ્યા હતા. જો તેઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં વધુ રમ્યા હોત અને સારું પર્ફોર્મ કર્યું હોત તો આબિદ અલી, એમ. એલ. જયસિંહા, મોહમ્મદ અઝહરુદ્દીન, ગુલામ હુસૈન અને વીવીએસ લક્ષ્મણની જેમ હૈદરાબાદમાંથી ભારતીય ટીમમાં આવી શક્યા હોત.

જોકે અઝહરુદ્દીન સાથે સરખામણી થતાં ઓવૈસીએ કહ્યું હતું કે મહેરબાની કરીને તેની સાથે મને ન સરખાવો. ક્રિકેટર તરીકે તેને હું સલામ કરું છું.

ઓવૈસીએ મોહમ્મદ સિરાજની પણ ખૂબ પ્રશંસા કરી હતી અને ખાસ કરીને વિરાટ કોહલીની ફરી વાત નીકળતાં ઓવૈસીએ કહ્યું કે અરે, વો જબરદસ્ત પ્લેયર હૈ. આપણે તેની કવર ડ્રાઇવથી હંમેશાં વંચિત રહી જઈશું. બોલરના માથા પરથી બોલને બાઉન્ડરી લાઇનની બહાર મોકલવાની તેની કળાની તો શું વાત કરવી! અરે, ગ્રેટ પ્લેયર હૈ.

જોકે ઓવૈસીએ એવું પણ જણાવ્યું હતું કે આપણા દેશમાં ક્રિકેટમાં ટેલન્ટ નથી એવું નથી, બીજા ઘણા વિરાટ કોહલી પેદા થઈ શકે એમ છે. ■

## મેઘરાજાએ કોલકાતાને આઈપીએલમાંથી આઉટ કરી દીધું

### બેંગલૂરુ પ્લે-ઑફની લગોલગ

બેંગલૂરુ અહીં મેઘરાજા આઇપીએલના પુન આરંભની મજા બગાડશે એવો ડર હતો અને એવું જ થયું. ચોમાસાની મોસમ બેસે એ પહેલાં જ વરસાદે દેશભરમાં અનેક રાજ્યોમાં વિનાશ વેર્યો છે એવામાં આઇપીએલ ૨.૦ના નવા શેડ્યૂલની શનિવારની પહેલી જ મૅચ ધોવાઈ ગઈ છે. બેંગલૂરુ અને કોલકાતા વચ્ચેની મૅચ વરસાદને કારણે (ટૉસ થયા વગર) સાવ ધોવાઈ જતાં બન્ને ટીમને એક-એક પૉઇન્ટ ફાળવવામાં આવ્યો હતો. જોકે એ એક પૉઇન્ટ સાથે જ ૨૦૨૪ની ચૅમ્પિયન ટીમ કોલકાતા નાઇટ રાઇડર્સ પ્લે-ઑફમાં પહોંચતાં પહેલાં જ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે. ટીમના નબળા પર્ફોર્મન્સને લીધે અને છેલ્લે મેઘરાજાના વિઘ્નોને કારણે આ ટીમે વહેલી એક્ઝિટ જોવી પડી છે.

રજત પાટીદારના સુકાનમાં બેંગલૂરુની ટીમ એક પૉઇન્ટ લઈને પ્લે-ઑફની વધુ નજીક પહોંચી ગઈ છે. બેંગલૂરુની ટીમને બીજો ફાયદો એ થયો કે એને ૧૭ પૉઇન્ટ સાથે પૉઇન્ટ્સ-ટેબલમાં નંબર-વન થવા મળ્યું છે.

ગુજરાતની ટીમ ૧૬ પૉઇન્ટ સાથે બીજા નંબરે છે. પંજાબ (૧૫) ત્રીજે, મુંબઈ (૧૪) ચોથે અને દિલ્હી (૧૩) પાંચમા સ્થાને છે.

કોલકાતાની ટીમની ૧૩ મૅચ થઈ ચૂકી હોવાથી ૧૨ પૉઇન્ટ સાથે સ્પર્ધાની બહાર થઈ ગઈ છે, જ્યારે લખનઊ (૧૧ મૅચ) હજી સ્પર્ધામાં છે. ■

### નીરજ ચોપડાએ ભાલાફેંકમાં પહેલી વાર ૯૦-પ્લસ મીટરનું વિઘ્ન પાર કર્યું

## આખો દેશ ખુશ છે અને ગર્વ અનુભવે છે: પીએમ મોદી




નવી દિલ્હી: ભાલાફેંકના વિશ્વવિજેતા નીરજ ચોપડાએ ૮૯.૯૪ મીટરની પોતાની મર્યાદા પાર કરીને પહેલી જ વખત ભાલો ૯૦ મીટર દૂર ફેંક્યો એ અપ્રતિમ સિદ્ધિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખૂબ બિરદાવી છે અને સોશિયલ મીડિયામાં નીરજને અભિનંદન આપતી પોસ્ટમાં લખ્યું છે કે પતમારી આ સિદ્ધિથી આખો દેશ ખુશ છે અને તમારા પર ગર્વ અનુભવે છે.'

નીરજને તાજેતરમાં જ ભારતીય લશ્કરમાં નાયબ સુબેદારમાંથી લેફ્ટનન્ટ કર્નલની બઢતી આપવામાં આવી છે.

નીરજ ૯૦.૦૦ મીટરનું વિઘ્ન પાર કરવા ઘણા વર્ષોથી મહેનત કરી રહ્યો હતો. તેની સમર્પિતતા, શિસ્તની ભાવના અને પૅશનને પીએમ મોદીએ બિરદાવી હતી.

ઑલિમ્પિક્સના બે મોટા મેડલ (ટોકયોમાં ગોલ્ડ અને પૅરિસમાં સિલ્વર) જીતી ચૂકેલા નીરજે દોહામાં શુક્રવારે ડાયમંડ લીગ મીટિંગ સિરીઝ નામની સ્પર્ધામાં ભાલો ૯૦.૨૩ મીટર દૂર ફેંકીને બીજું સ્થાન મેળવ્યું હતું.

જર્મનીનો જુલિયન વેબર ૯૧-પ્લસના અંતર સાથે પ્રથમ આવ્યો હતો.

ચેક રિપબ્લિકનો યૅન ઝેલેન્ઝી ૯૮-પ્લસ મીટરના અંતર સાથે વિશ્વ વિજેતા છે.

વડા પ્રધાન મોદીએ પોસ્ટમાં નીરજને અભિનંદન આપતા જણાવ્યું હતું કે પભાલાફેંકની રમતમાં તમારી સતતપણે જે સમર્પિતતા રહી છે એનું આ ફળ છે. આખો દેશ ખુશ છે અને તમારા પર ગર્વ અનુભવી રહ્યો છે.' ■

## ભારતીય સશસ્ત્ર દળોને સલામ

બેંગલૂરુના મેદાન પર ગઈ કાલે આરસીબી-કેકેઆરનો જંગ નહોતો થઈ શક્યો, પરંતુ ગયા અઠવાડિયે પાકિસ્તાન સામેના ટૂંકા યુદ્ધમાં ભારતીય સશસ્ત્ર દળોએ જે અપ્રતિમ સિદ્ધિ મેળવી એને બિરદાવતું બૅનર આ ગ્રાઉન્ડની નજીક સૌકોઈમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. (બીસીસીઆઈ)




**આજે કઈ બે મૅચ?**

| | |
|---|---|
| રાજસ્થાન વિરુદ્ધ પંજાબ | દિલ્હી વિરુદ્ધ ગુજરાત |
| જયપુર, બપોરે ૩.૩૦ વાગ્યે | દિલ્હી, સાંજે ૭.૩૦ વાગ્યે |

## રવિ શાસ્ત્રી કહે છે, 'બુમરાહ પર બોજ નાખવાને બદલે...'

નવી દિલ્હી: ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું છે કે રોહિત શર્માએ ટેસ્ટને અલવિદા કર્યા બાદ મારા મતે હવે તેના સ્થાને કેપ્ટનપદે શુભમન ગિલ અને રિષભ પંત સૌથી સારા દાવેદાર છે. હા, જસપ્રીત બુમરાહ પર કેપ્ટન્સીનો બોજ ન નાખવો જોઈએ.'

શાસ્ત્રીનું એવું માનવું છે કે ગિલ અને પંત યુવાન છે અને આઈપીએલમાં ટીમનું સુકાન સંભાળી રહ્યા છે એટલે તેમને નેતૃત્વનો અનુભવ તો છે જ.'

બુમરાહ વિશે રવિ શાસ્ત્રીનું દ્રઢપણે માનવું છે કે તેને ફિટનેસની સમસ્યા ઘણીવાર નડતી હોય છે એટલે તેના પર નેતૃત્વનો વધારાનો બોજ ન નાખવો જોઈએ.'

શાસ્ત્રીએ કહ્યું, હું સૌથી પહેલાં બુમરાહને જ કેપ્ટન બનાવવાનું પસંદ કરું, પણ તેની ફિટનેસની સમસ્યા જોતાં તેને કેપ્ટન બનાવવા જતાં બોલર તરીકે પણ ગુમાવવો પડે.' ■




## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ટ્રેડ વૉરની ચિંતા હળવી થતાં વૈશ્વિક સોનું ૩૨૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરીને પાછું ફર્યું

## સપ્તાહ દરમિયાન સોનામાં રૂ. ૪૧૧૫ના કડાકોઃ ઘટ્યા મથાળેથી માગનો સળવળાટ છતાં વધુ ઘટાડાનો આશાવાદ

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સત્તારૂઢ થવાની સાથે રેસિપ્રોકલ ટૅરિફની જાહેરાત કરતાં વિશ્વની બે મહાસત્તા અમેરિકા અને ચીને એકબીજા દેશોમાંથી થતી આયાત સામે ટૅરિફના ઊંચા દર રાખીને જેવા સાથે તેવાની નીતિ અપનાવતા ટ્રેડ વૉરનો માહોલ સર્જાયો હતો અને આ ટ્રેડ વૉરની માઠી અસર વિશ્વભરના અર્થતંત્રો પર પડે તેવી ભીતિ હેઠળ વૈશ્વિક સોનામાં સલામતી માટેની વ્યાપક માગ રહેતાં ગત એપ્રિલ મહિનામાં ભાવ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ગત સપ્તાહના આરંભમાં બન્ને દેશો વચ્ચે ટૅરિફના દર નીચા રાખવા માટે સમજૂતી થતાં સોનામાં તેજીએ પારોઠના પગલાં ભર્યા હતા અને સપ્તાહના અંતે એક તબક્કે ભાવ ઘટીને ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની અંદર ઊતરીને પાછા ફર્યા હતા. તેમ જ ભાવમાં સર્વોચ્ચ સપાટીએથી ૧૦ ટકા જેટલો અને સાપ્તાહિક ધોરણે છ મહિનાનો સૌથી વધુ ચાર ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

આમ વૈશ્વિક સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૧૫નો અથવા તો ૪.૨૬ ટકાનો ઘટાડો આવ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત નવમી મેના રૂ. ૯૬,૪૧૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૯૪,૩૯૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૧,૪૮૪ અને ઉપરમાં ખૂલતી જ રૂ. ૯૪,૩૯૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૪૧૧૫ અથવા તો ૪.૨૬ ટકા ઘટીને રૂ. ૯૨,૩૦૧ના મથાળે રહ્યા હતા. એકંદરે ભાવઘટાડાના માહોલમાં દેશમાં થોડોઘણો માગમાં સળવળાટ જોવા મળ્યો હતો, પરંતુ હજુ ઘણાં ખરીદદારો વધુ ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા હોવાનું કોલકાતા સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. જોકે, મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે જો ભાવમાં હજુ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૦૦ જેટલો ઘટાડો આવે તો માગમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી શકે છે. એકંદરે સપ્તાહ દરમિયાન ભાવમાં ઘટાડાતરફી વલણ અને માગ પણ અમુક અંશે ખૂલી હોવા છતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩૪ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ૧૬ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા.

વધુમાં ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં પણ રોકાણકારોનું બાર્ગેઈન હંન્ટિંગ નીકળ્યું હતું અને ચીનમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૯થી ૫૦ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું કે જો આગામી સમયગાળામાં હાલના મથાળા આસપાસ પણ જો ભાવ સ્થિર થાય તો જ્વેલરી ઉપરાંત રિટેલ સ્તરની રોકાણલક્ષી માગ વધે તેવી શક્યતા નકારી ન શકાય.

વૈશ્વિક સ્તરે આર્થિક અથવા તો વેપારને લગતા તણાવ હળવો થતાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરવાની સાથે અમુક રોકાણકારો ઈક્વિટી જેવી જોખમી અસ્ક્યામતો તરફ વળ્યા હોવાથી સોનાના વૈશ્વિક ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. ખાસ કરીને અમેરિકાએ ચીનથી થતી આયાત સામેની ટૅરિફ જે ૧૪૪ ટકા લાદી હતી તે ઘટાડીને ૩૦ ટકા કરવા અને ચીને અમેરિકાથી થતી આયાત સામે લાદેલી ૧૨૫ ટકા ટૅરિફ ઘટાડીને ૧૦ ટકા કરવા અને ૯૦ દિવસ સુધી ટૅરિફ યુદ્ધ શાંત રાખવા સહમત થતાં તેમ જ ભારત-પાક વચ્ચેનું યુદ્ધ પણ શાંત પડતા સોનામાં સલામતી માટેની માગ ઓસરી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હજુ રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ મંત્રણાની વાટાઘાટો ચાલી રહી હોવા છતાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે આર્થિક મોરચે જોઈએ તો ગત સપ્તાહે અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હતા અને એપ્રિલ મહિનાનો ફુગાવાનો દર ફેબ્રુઆરી, ૨૦૨૧ પછીની સૌથી નીચી અને બજારની ૨.૪ ટકાની અપેક્ષા સામે ઘટીને ૨.૩ ટકાની સપાટીએ રહ્યો હતો. તેમ જ પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ ઘટાડો થવાથી ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજદરમાં ઓછામાં ઓછો બે વખત કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હતો. જોકે, ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે અમેરિકાની ગૂંચવાડાભરી નીતિઓને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં ફુગાવામાં ચંચળતા જોવા મળી શકે છે, એવી ચેતવણી ઉચ્ચારી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં માગ મજબૂત રહેતાં ગત એપ્રિલ મહિનામાં આંતરપ્રવાહ ત્રણ વર્ષની ઊંચી ૧૧૫ ટનની સપાટીએ રહ્યો હતો. જોકે તેમાં બહુધા હિસ્સો ચીની રોકાણકારોનો રહ્યો હોવાના અહેવાલ હતા. એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સનાં વિશ્લેષકોના મતાનુસાર જો આગામી દિવસોમાં વૈશ્વિક સોનું જો ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની નીચેની સપાટી જાળવી રાખવામાં સફળ રહે તો ભાવ ૩૦૦૦ ડૉલર સુધી ઘટી શકે છે અને હાલના સંજોગોમાં ઔંસદીઠ ૩૨૯૫ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦,૫૦૦થી ૯૬,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ ઈરાન સાથેની ન્યૂક્લિયર ડીલની નજીક પહોંચ્યા છીએ. તેમ જ હાલમાં રાજકીય-ભૌગોલિક સ્થિતિ શાંત હોવાની સાથે ટ્રેડ વૉરનો તણાવ પણ હળવો થયો હોવાથી રોકાણકારો સોનામાંથી લેણ છોડીને જોખમી અસ્ક્યામતો તરફ વળી રહ્યા હોવાનું એક્ટિવ ટ્રેડ્સનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાનજેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે હજુ પરિસ્થિતિ તદ્દન સામાન્ય થઈ ગઈ છે, એવું સ્પષ્ટપણે કહી ન શકાય અને જોખમો તો છે જ આથી સોનાના ટોચના ભાવનો અંદાજ મૂકવો વહેલાસરનું ગણાશે. ■

# ટીન, ઝિન્ક અને કોપરની અમુક વેરાઈટીઓમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે પાંખાં કામકાજો અને તાજેતરમાં અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર શાંત પડતાં વિશ્વ બજારમાં કોપર સહિતની અમુક ધાતુઓમાં પીછેહઠ જોવા મળી રહી હોવાથી કોપરની અમુક વેરાઈટીઓ, ઝિન્ક અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી પાંચની નરમાઈ જોવા મળી હતી, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૮૭૭ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૩૮, રૂ. ૮૨૪ અને રૂ. ૨૮૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૮૧૪ અને રૂ. ૨૫૯ના મથાળે રહ્યા હતા. ■

# ભારતીય વેપારીઓનો તુર્કી અને અઝરબૈજાન સાથે વેપાર બહિષ્કારનો ઐતિહાસિક નિર્ણય

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ/નવી દિલ્હીઃ દિલ્હીમાં આયોજિત કોન્ફેડરેશન ઑફ ઑલ ઇન્ડિયા ટ્રેડર્સ (કેઈટ)ની રાષ્ટ્રીય પરિષદમાં દેશના ૨૪ રાજ્યોમાંથી આવેલા ૧૨૫થી વધુ અગ્રણી વેપારી નેતાઓએ તુર્કી અને અઝરબૈજાન સાથેના તમામ વેપાર, પ્રવાસ અને વ્યવસાયિક સહભાગિતાનો બહિષ્કાર કરવાનો એકમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

તુર્કી અને અઝરબૈજાન દ્વારા પાકિસ્તાનની તરફેણમાં જાહેર રીતે આપેલા સમર્થનને ભારત વિરોધી વલણ માનવામાં આવ્યું છે. ભારતે ભૂતકાળમાં આ દેશોને માનવતાવાદી અને રાજકીય સહાય આપી હોવા છતાં આ દેશોએ કૃતઘ્નતા બતાવી છે , જે ભારતના રાષ્ટ્રીય હિતો અને દેશની ૧૪૦ કરોડ જનતાની ભાવનાઓનું અપમાન છે.

આ પરિષદમાં મુખ્યત્વે તુર્કી અને અઝરબૈજાનની પ્રોડક્ટ્સની આયાત-નિકાસ સંપૂર્ણપણે બંધ કરવાનો, કોઈ નવા વેપાર કરાર કે સહકાર ન કરવાનો, પ્રવાસન એજન્સીઓ અને ફિલ્મ ઉદ્યોગને આ દેશોમાં કામ ન કરવા અનુરોધ કરવો, ભારત સરકારે આ દેશો સાથેના વ્યવસાય સંબંધો પર પુનર્વિચાર કરવાની સાથે તુર્કી સાથે સંકળાયેલ કંપનીઓ (જેવી કે સેલિબી ગ્રાઉન્ડ હેન્ડલિંગ ઈન્ડિયા પ્રા. લિ.) સામે સુરક્ષા ચિંતાઓના આધારે કાર્યવાહીનું સમર્થન વગેરેનો સમાવેશ થાય છે.

કેઈટ ના મહાસચિવ પ્રવીન ખંડેલવાલે કહ્યું કે, “જે દેશો ભારતમાં આતંક ફેલાવી રહ્યા હોય તેવા દેશોને સમર્થન આપતા હોય તેમના વિરુદ્ધ આર્થિક રીતે જવાબ આપવો જ શ્રેષ્ઠ શસ્ત્ર છે.”

આ બેઠકમાં મહારાષ્ટ્ર સહિતના રાજ્યોનાં વેપારીઓ પણ તુર્કીનો માલ ન ખરીદવાનો સંકલ્પ લીધો હતો. તેમ જ પુણેના વેપારીઓને પાકિસ્તાનથી મળી રહેલી ધમકીની પણ તપાસ કરવામાં આવશે અને તેમાં પણ કડક પ્રતિસાદ આપવામાં આવશે. તેમ જ આ મુદ્દે દેશવ્યાપી જાગૃતિ અભિયાન ચલાવશે જેથી વ્યાપારીઓ, ગ્રાહકો અને પ્રવાસીઓ પણ બહિષ્કારમાં જોડાઈ શકે, એમ ખંડેલવાલે ઉમેર્યું હતું. આ બેઠકમાં પ્રેસિડેન્ટ મહારાષ્ટ્ર સ્ટેશનરી ફેડરેશનનાં પ્રમુખ પારસ શાહ, એપીએમસી માર્કેટનાં અમરશીભાઈ કારીઆ, ખાદ્યતેલ એસોસિએશનના શંકર ઠક્કર, ઑલ ઈન્ડિયા એફએમસીજી એસોસિયેશનનાં ધૈર્યશીલ પાટીલ તેમ જ મુંબઈ સહિત મહારાષ્ટ્રનાં અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# ઘઉંની સરાકારી પ્રાપ્તિ ગત સાલ કરતાં વધીને ૨.૮૬૬ કરોડ ટન

નવી દિલ્હીઃ વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની માર્કેટિંગ મોસમ (એપ્રિલથી માર્ચ)માં ઘઉંની સરકારી પ્રાપ્તિ ગત મોસમની સપાટી વટાવીને ૨.૮૬૬ કરોડ ટનની સપાટીએ પહોંચી હોવાનું એક અધિકૃત આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એકંદરે વર્તમાન મોસમ માટે ૧૧.૫૩ કરોડ ટન ઘઉંના વિક્રમ ઉત્પાદનનો અંદાજ મૂકવામાં આવ્યો છે અને વધુ ઉત્પાદનને કારણે જ પ્રાપ્તિ વર્ષ ૨૦૨૨-૨૩ની માર્કેટિંગ મોસમ પછીની ઊંચી સપાટીએ રહી છે. નોંધનીય બાબત એ છે કે ગત માર્કેટિંગ વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારી પ્રાપ્તિ ૨.૬૫૯ કરોડ ટનની સપાટીએ રહી હતી. સામાન્યપણે માર્કેટિંગ મોસમ એપ્રિલથી માર્ચ સુધીની હોય છે, પરંતુ મોસમના પહેલા ત્રણ મહિનામાં જ પ્રાપ્તિ પૂર્ણ થઈ જતી હોય છે.

સામાન્યપણે ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને રાજ્યસ્તરની એજન્સીઓ સેન્ટ્રલ પૂલ માટે લઘુતમ ટેકાના ભાવથી પ્રાપ્તિ કરતી હોય છે. ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાની આંકડાકીય માહિતી અનુસાર દેશનાં ઘઉંની પ્રાપ્તિ માટેનાં પંજાબ, હરિયાણા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ એમ પાંચેય રાજ્યોમાંથી પ્રાપ્તિ ગત સાલની સરખામણીમાં વધી છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૬મી મે સુધીમાં સૌથી વધુ પંજાબમાંથી પ્રાપ્તિ ૧.૧૫૭ કરોડ ટનની થઈ છે. ત્યાર બાદ અનુક્રમે મધ્ય પ્રદેશમાંથી ૭૪ લાખ ટન, હરિયાણામાંથી ૭૦.૧ લાખ ટન અને રાજસ્થાનમાંથી ૧૬.૪ લાખ ટનની પ્રાપ્તિ થઈ છે. આ પ્રાપ્તિ પેટે ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવથી અંદાજે રૂ. ૬૨,૩૪૬.૨૩ કરોડની ચુકવણી કરવામાં આવી છે અને ૨૨.૭ લાખ ખેડૂતોએ આ પ્રાપ્તિ પ્રક્રિયાનો લાભ લીધો હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

અધિકૃત યાદીમાં જણાવ્યાનુસાર મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં લણણી પૂરી થઈ ગઈ છે, જ્યારે પંજાબ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં આંશિક લણણી બાકી છે. એકંદરે અત્યાર સુધીની પ્રાપ્તિ ગત સાલ કરતાં વધી હોવા છતાં વર્ષ ૨૦૨૫૬-૨૬ માટે મૂકવામાં આવેલા ૩.૧૨ કરોડ ટનની પ્રાપ્તિનાં લક્ષ્યાંક કરતાં ઓછી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૫ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત નવમી મેના રોજ પૂરા થયેલા સપ્તાહે ખાસ કરીને સોનાની અનામતમાં નોંધપાત્ર વધારો થવાથી દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૫૫૩ અબજ ડૉલર વધીને ૬૯૦.૬૧૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેનાં સપ્તાહે અનામત ૨.૦૬૫ અબજ ડૉલર ઘટીને ૬૮૬.૦૬૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે ડૉલરમાં વેચવાલી થતી હોવાથી અનામતમાં ઘટાડો જોવા મળ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૯.૬ કરોડ ડૉલર વધીને ૫૮૧.૩૭૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં થઈ રહેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૪.૫૧૮ અબજ ડૉલર વધીને ૮૬.૩૩૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૫૩૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧૩.૪ કરોડ ડૉલર ઘટીને ૪.૩૭૪ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ₹ ૧૦થી 30નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને હાજરમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે મથકો ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૩૯૯૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની મર્યાદિત માગ રહેવાની સાથે તાજેતરમાં મથકો પર ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૧૦થી ૩૯૭૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

નં.: EL/TRD/૫૮/૨૦૨૪-૨૫/૦૮RT-૧

તારીખઃ ૧૪.૦૫.૨૦૨૫

વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે IREPS પોર્ટલ દ્વારા ઓપન ટેન્ડર મંગાવે છેઃ

**ટેન્ડર નં.:** EL/TRD/૫૮/૨૦૨૪-૨૫/૦૮RT-૧. **કામનું નામઃ** રતલામ ડિવિઝનના NKR-SWD સેક્શનના બાકીના કામના સંબંધમાં TRD વર્ક. **અંદાજિત લાગતઃ** ₹ ૧,૩૩,૨૬,૯૩૯/-. **બાના રકમઃ** ₹ ૨,૧૬,૬૦૦/-. **સમાપન અવધિઃ** ૧૨ મહિના. **ટેન્ડર દસ્તાવેજની રાશિઃ** Nil. **ઓનલાઈન બિડિંગ બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૯.૦૬.૨૦૨૫ના ૧૫.૦૦ ક. **ઓફરની માન્યતાઃ** ખોલવાની તારીખથી ૬૦ દિવસ. **વેબસાઈટઃ www.ireps.gov.in, નોટીસ બોર્ડઃ** વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેકશન ડિસ્ટ્રિબ્યુશન, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવેના કાર્યાલયના પ્રવેશ દ્વારની સામે.

વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) રતલામ

ADM/8/1/45

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**વ્હીલ ક્લિનિંગ અને પેઈન્ટિંગ કામ માટે મેનપાવરની જોગવાઈ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટીસ નં.: **WR-PL-ME-EST-** ૪૯૭૦૬૦ તારીખઃ ૧૪.૦૫.૨૦૨૫ મંગાવે છે. **કામનું નામ સાથે તેનું સ્થળઃ** બોગીસ, વ્હીલ સેટ, WTA આઈટમનું વ્હીલ શોપ, લોડિંગ, અનલોડિંગ ટેનસીટમાં વ્હીલ ક્લીનિંગ (LHB, ICF, EMU, MC & MT વ્હીલ્સ) અને પેઈન્ટિંગ (LHB વ્હીલ્સ) માટે મેનપાવરની જોગવાઈ. ૦૩ વર્ષની મુદત માટે લોઅર પરેલ વર્કશોપ ખાતે કામના સ્કોપ મુજબ બીન્સ દ્વારા તમામ મશીનોથી વેગોન્સ સુધી વેગોસ (DWT) અને લોરીસ, TB કટ અને મેટલ ચીપ સુધી CTRB બોકસેસ. **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૨,૦૭,૧૪,૪૧૧.૧૬. **બારડીઃ** ₹ ૨,૫૩,૬૦૦/-. **ઈ-બીડસની ઓનલાઈન સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમયઃ** ૦૯.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. & ઈ-ટેન્ડરોને ખોલવાનીઃ ૦૯.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. બીડ ફોર્મસ અને અન્ય વિગતો જેમકે સુધારા વેબસાઈટ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 0157

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# વેપાર અંગેની સમસ્યાના ઉપાયની તપાસ માટેના દસ્તાવેજો ઓનલાઈન પાઠવવા પ્લેટફોર્મ તૈયાર કરતી સરકાર

નવી દિલ્હીઃ ટ્રેડ રેમેડિઝ અથવા તો વેપારની સમસ્યાના ઉકેલ અંગેની તપાસ કરવા માટેના દસ્તાવેજો ઓનલાઈન ધોરણે પાઠવી શકાય તે માટે સરકાર ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરી રહી છે. જેથી પારદર્શકતાને પ્રોત્સાહન મળવાની સાથે તપાસમાં અસરકારકતા વધે અને જે તે ઉદ્યોગના તમામ હિસ્સેધારકોને સરળતાપૂર્વક એક્સેસ મળશે, એમ એક અધિકૃત યાદીમાં જણાવાયું છે.

નોંધનીય બાબત એ છે કે સામાન્યપણે આ તપાસ વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર) દ્વારા હાથ ધરવામાં આવતી હોય છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૧૯૯૫થી અત્યાર સુધીમાં ટ્રેડ રેમેડિઝ અંગેની અંદાજે ૧૨૦૦થી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. દેશમાં સામાન્ય કરતાં નીચા ભાવથી અથવા તો સબસિડાઈઝ ધોરણે થતી આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગનાં હિત જોખમાતાં હોવાથી ઉદ્યોગ દ્વારા થતી ફરિયાદનાં ઉકેલ માટે ડીજીટીઆર દ્વારા તપાસ હાથ ધરવામાં આવતી હોય છે. તાજેતરમાં સોલાર એનર્જી અને એડવાન્સ મટિરિયલ જેવાં ક્ષેત્રોમાં સોલાર સેલ અને કોપર વાયર રોડ જેવી ચીજોની આયાત નિયંત્રિત રાખવા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદીને સરકાર હસ્તક્ષેપ કરતી હોય છે.

આમ ટ્રેડ રેમેડિઝનાં સંદર્ભમાં કરવામાં આવતી તપાસ માટે ફાઈલ કરવા પડતા દસ્તાવેજો માટે સરકાર ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવી રહી છે, જેથી ઈલેક્ટ્રોનિક ધોરણે દસ્તાવેજોનું સબમિશન થઈ શકે, એમ વાણિજ્ય મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે.

આ પ્લેટફોર્મ ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થઈ જશે અને તેના થકી પારદર્શકતા અને અસરકારકતામાં વધારો થવાની સાથે તમામ હિસ્સેધારકો તેનું એક્સેસ પણ મેળવી શકશે, એમ યાદીમાં ઉમેર્યું હતું. આ પ્લેટફોર્મ તૈયાર કરવા ડિરેક્ટોરેટનો મુખ્ય ઉદ્દેશ સંવેદનશીલ ક્ષેત્રોમાં વેપારોના સરળીકરણના યુગમાં નિકાસકારો દ્વારા દેશમાં સસ્તા ભાવથી ઠલવાતા અથવા તો માલના ડમ્પિંગ જેવી માઠી અસરથી સ્થાનિક ઉદ્યોગની સલામતી તથા હિતને જાળવવાનો છે. ડીજીટીઆરનું મુખ્ય કાર્ય એન્ટિ ડમ્પિંગ, એન્ટિ સબસિડી/સીવીડી (કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી) અને સેફગાર્ડ અંગેની તપાસ હાથ ધરવાનું છે. જો તપાસના અંતે ફલિત થાય કે ડમ્પિંગને કારણે ઉદ્યોગનાં હિત જોખમાઈ રહ્યા છે તો ડીજીટીઆર ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરે છે. જોકે, તેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવે છે.

વધુમાં ડીજીટીઆર તેની ટ્રેડ ડિફેન્સ વિન્ગ મારફતે ફોરેન ટ્રેડ રેમેડી ઑથોરિટા દ્વારા અસરકારક ધોરણે આ પ્રકારની વેપાર સમસ્યાના ઉકેલ માટે અસરકાર પગલા લે છે.

આ પ્રયાસોને પરિણામે ભારતીય નિકાસ પરની ડ્યૂટીમાં ઘટાડો થયો છે અથવા તો આવા પગલાંથી સંપૂર્ણ રાહત મળી છે. તેમ જ તેના થકી ભારતના આંતરરાષ્ટ્રીય વેપારનું રક્ષણ પણ થયું હોવાનું મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું. ■


**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

નં: EL/TRD/૫૮/૨૦૨૪-૨૫/૧૩RT

તારીખઃ ૧૫.૦૫.૨૦૨૫

વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે IREPS પોર્ટલ દ્વારા ઓપન ટેન્ડર મંગાવે છેઃ ટેન્ડર નંઃ EL/TRD/૫૮/૨૦૨૪-૨૫/૧૩RT, **કામનું નામઃ** રતલામ ડિવિઝનમાં વિવિધ સ્ટેશન (PLW, PUD અને GRF)ના યાર્ડ રિ-મોડલિંગ સાથેના સંબંધમાં TRD વર્ક. **અંદાજિત લાગતઃ** ₹ ૮૯,૭૧,૮૧૩.૮૦/- **બાના રકમઃ** ₹ ૧,૭૯,૪૦૦/-. **સમાપન અવધિઃ** ૧૮ મહિના, **ટેન્ડર દસ્તાવેજની રાશિઃ** Nil, **ઓનલાઈન બિડિંગ બંધ થવાની તારીખ અને સમયઃ** ૧૨.૦૬.૨૦૨૫ના ૧૫.૦૦ ક., **ઓફરની માન્યતાઃ** ખોલવાની તારીખથી ૬૦ દિવસ, **વેબસાઈટઃ www.ireps.gov.in, નોટીસ બોર્ડઃ** વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેકશન ડિસ્ટ્રિબ્યુશન, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવેના કાર્યાલયના પ્રવેશ દ્વારની સામે.

વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) રતલામ

ADM/8/1/46

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ મંગાવે છે. **ક્ર. નં. ૧. ઈ-ટેન્ડર નોટીસ નં. BCT/૨૫-૨૬/૫૦ તા. ૧૩/૦૫/૨૦૨૫. કામ અને સ્થળઃ ઉકાઈ સોનગઢ** - જલગાંવ જંન - TBR-૧૭.૧૮૫ Tkm & TFR - ૪૮.૪૯૩ Tkm અને ઉધના - જલગાંવ - ટ્રેકમેન માટે TFR - ૩૫.૦૭૪ Tkm, TFTR - ૩૯.૯૩૯ Tkm અને ૨૪ ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમ. **કામની અંદા. કિંમતઃ** ₹ ૪,૭૪,૬૪,૮૨૮.૬૨. **બારડીઃ** ₹ ૩,૮૭,૩૦૦/-. **ક્ર. નં. ૨. ઈ-ટેન્ડર નોટીસ નં. BCT/૨૫-૨૬/૫૧ તા. ૧૩/૦૫/૨૦૨૫. કામ અને સ્થળઃ ઉકાઈ સોનગઢ - જલગાંવ સેક્શનઃ**-સેક્શન ટ્રેક વર્ક સાથે સંબંધમાં Sr. DEN/પૂર્વ/મુંબઈ સેન્ટ્રલ અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેકમેન માટે ૨૪ નં. ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમની જોગવાઈ, ઉધના - જલગાંવ - TFR - ૩૫.૦૭૪ Tkm, TFTR - ૩૯.૮૩૯ Tkm & ટ્રેકમેન માટે ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમ. (સંયુક્ત ટેન્ડર). **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૨,૭૨,૬૪,૧૧૯.૦૩. **બારડીઃ** ₹ ૨,૮૬,૩૦૦/- ઉપરોક્ત ટેન્ડરોની બંને માટે. **સુપ્રતિની તારીખ અને સમયઃ** ૧૦.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ અને સમયઃ** ૧૦.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. **મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.** 0152

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# અફઝલ ગુરુની ફાંસીનો બદલો લેવા ઍરપોર્ટ અને હૉટેલ તાજમાં બૉમ્બ બ્લાસ્ટની ધમકી!

## આરડીએક્સનો ઉપયોગ કરી સાત ધડાકા કરવાના ઈ-મેઈલથી તંત્ર સાબદું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ અને દક્ષિણ મુંબઈની પ્રસિદ્ધ તાજમહલ પેલેસ હૉટેલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલને પગલે તંત્ર સાબદું થઈ ગયું હતું. પાર્લામેન્ટ પરના હુમલાના માસ્ટરમાઈન્ડ અફઝલ ગુરુને અપાયેલી ફાંસી અન્યાયી હોવાથી તેનો બદલો લેવા આરડીએક્સનો ઉપયોગ કરી સાત ધડાકા કરવાની ધમકીને પગલે અલર્ટ થઈ ગયેલી પોલીસે આ બન્ને સ્થળોની સુરક્ષાવ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઍરપોર્ટ પોલીસ સ્ટેશનના અધિકૃત ઈ-મેઈલ આઈડી પર શુક્રવારની સાંજે ધમકીભર્યો મેઈલ આવ્યો હતો. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને એક અધિકારીને ઉદ્દેશીને મોકલવામાં આવેલા મેઈલમાં 'ઈન્સ્પેક્ટર સાબ' લખવામાં આવ્યું હતું.

ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર કોન્સ્ટેબલ મહેશ કદમ (૩૫)ની નજર આ મેઈલ

(જુઓ પાનું ૪) ▶▶




# ચોમાસાની થશે વહેલી પધરામણી

## બુધવાર સુધી મુંબઈમાં હળવાં ઝાપટાં પડશે



**મસ્ત મૌસમઃ** મુંબઈમાં શનિવારે વરસાદનાં ઝાપટાં સાથે વાદળિયું વાતાવરણ રહ્યું હતું જેમાંથી એક વિમાન પસાર થતા કચકડે કંડારાયું હતું. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શહેર અને ઉપનગરમાં શનિવારે વહેલી સવારથી વાદળિયા વાતાવરણ બાદ વરસાદ પડી ગયો હતો, જેમાં દહિસર, જૂહું અને સાંતાંક્રુઝમાં વરસાદના જોરદાર ઝાપટાં પડી ગયા હતા. વરસાદને કારણે મુંબઈના તાપમાનમાં ઘટાડો થઈને ઠંડક વર્તાઈ રહી છે. આ દરમ્યાન હવામાન ખાતાએ મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ માટે ૨૧ મે સુધી યલો અલર્ટની ચેતવણી આપી છે. તો રાજ્યના ૩૦થી વધુ જિલ્લા માટે પણ યલો અલર્ટ આપીને વીજળીના કડાકા અને ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના અંદાજ મુજબ શનિવારે સવારના મુંબઈના અનેક વિસ્તારોમાં વરસાદે હાજરી પૂરાવી હતી, જેમાં બાન્દ્રા, પવઈ, વિક્રોલી, ઘાટકોપર, દહિસર, જૂહું અને સાંતાંક્રુઝ અને દાદર જેવા વિસ્તારમાં વરસાદ પડયો હતો. મોડી સાંજે પણ અમુક વિસ્તારમાં વરસાદના ઝાપટાં પડી ગયા હોવાના અહેવાલ હતા.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ અરબી સમુદ્ર સહિત મહારાષ્ટ્રના કોંકણ અને ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશનની તીવ્ર અસર છે. તેમ જ તેની અસર હેઠળ હાલ વરસાદ પડી રહ્યો છે, જેમાં શનિવાર માટે યલો એલર્ટની ચેતવણી મુજબ મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.

મુંબઈમાં બે-ચાર દિવસથી વાદળિયા વાતાવરણની સાથે જ વરસાદના પડી રહેલા હળવા

(જુઓ પાનું ૪) ▶▶

### પાંચ દિવસ યલો એલર્ટ

ભારતીય હવામાન વિભાગે મુંબઈ મેટ્રોપોલિટન રિજનના તમામ જિલ્લાઓ એટલે કે મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ માટે આગામી ચાર દિવસ દરમ્યાન યલો એલર્ટની ચેતવણી બહાર પાડી છે, જેમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડા સહિત મધ્યમ વરસાદ ને ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી આપવામાં આવી છે.

# ૧૮ દિવસ જોખમી

## ૨૬,૨૭ જૂને ઉછળશે સૌથી ઊંચાં મોજાં

મુંબઈઃ આ વર્ષે ચોમાસામાં દરિયામાં ૧૮ દિવસ મોટી ભરતી રહેવાની છે. આ દરમ્યાન દરિયામાં મોજા સાડા ચાર મીટરથી પણ ઊંચા ઉછળશે અને બરોબર એ જ સમયે જો મુંબઈમાં મુસળધાર વરસાદ પડતો હશે તો જળબંબાકારની સ્થિતી સર્જાઈ શકે છે.

ચોમાસાના ચાર મહિના દરમ્યાન દરિયામાં ૧૮ દિવસ મોટી ભરતી રહેવાની છે. જોકે તેમાં જૂન મહિનાના ત્રણ દિવસ દરિયામાં મોટી ભરતી રહેશે, જેમાં સમગ્ર ચોમાસા દરમ્યાન ૨૬ જૂનના દરિયામાં બપોરના ૧૨.૫૫ વાગે મોટી ભરતી હશે એ સમયે દરિયામાં ૪.૭૫ મીટરથી ઊંચા મોજાં ઊછળશે અને એ સમયે જો મુંબઈમાં ભારે વરસાદ વરસી રહ્યો હશે તો મુંબઈમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાની શક્યતા છે. ભરતીના સમયે દરિયામાં ઠાલવવામાં આવતા વરસાદી પાણી માટેના ફ્લડગેટને બંધ કરવામાં આવતા હોવાથી વરસાદી પાણીનો નિકાલ થઈ શકે નહીં અને તેથી આ સમયે શહેરમાં પાણી ભરાવાની શક્યતા છે. એ સિવાય ૨૭ જૂનના ચોમાસાની બીજા નંબરની સૌથી મોટી ભરતી હશે એ દિવસ બપોરના ૧.૪૦ વાગે દરિયામાં ૪.૭૩ મીટર ઊંચા મોજાં ઊછળશે. ૨૫ જૂનના બપોરના ૧૨.૦૫ વાગે દરિયામાં ૪.૭૧ મીટરથી ઊંચા મોજાં ઉછળશે. જૂલાઈ મહિનામાં ૨૪,૨૫,૨૬ અને ૨૭ના દરિયામાં બપોરના મોટી ભરતી છે અને એ દિવસે દરિયામાં સાડા સાર મીટરથી ઊંચા મોજાં ઉછળશે. ઑગસ્ટ મહિનામાં પાંચ દિવસ મોટી હશે , જેમાં ૧૦,૧૧,૧૨,૨૩ અને ૨૪ તારીખના સાડા ચાર મીટરથી ઊંચા મોજાં ઊછળશે. સપ્ટેમ્બરમાં ચાર દિવસ મોટી ભરતી હશે, જેમાં ૮,૯,૧૦ અને ૧૧ તારીખનો સમાવેશ થાય છે. ■

### શિંદેએ ચોમાસાની તૈયારીઓની સમીક્ષા કરી

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને થાણે જિલ્લાના પાલક પ્રધાન એકનાથ શિંદેએ તમામ એજન્સીઓને જાહેર સલામતીને પ્રાથમિકતા આપવા અને ચોમાસાની શરૂઆત પહેલાં ખતરનાક હોર્ડિંગ્સ દૂર કરવા અને ગટરોની સફાઈ સહિતની તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. શુક્રવારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સમીક્ષા બેઠકને સંબોધતા શિંદેએ કહ્યું હતું કે સામાન્ય માણસનો વિકાસ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

તેમણે આપેલા મુખ્ય નિર્દેશોમાં નાળાની સફાઈ, માળખાકીય ઓડિટ અને ખતરનાક હોર્ડિંગ્સ દૂર કરવા, ખાડાઓનું ઝડપી સમારકામ અને ખુલ્લા મેનહોલને સુરક્ષિત કરવાનો સમાવેશ થાય છે. શિંદેએ અસરકારક નાળાસફાઈ માટે રેલવે અને મ્યુનિસિપલ કોર્પોરેશનો વચ્ચે સંકલન કરવાની હાકલ કરી હતી અને વ્યાપક વૃક્ષ કાપણી ફરજિયાત કરવા જણાવ્યું હતું.

તેમણે થાણેની જર્જરિત શાળાઓ, કામચલાઉ આશ્રય પર વિશેષ ધ્યાન આપવા અને પૂરનો વારંવાર સામનો કરી રહેલા ગામો માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ ખાસ ધ્યાન આપવાના આદેશ આપ્યા હતા.

શિંદેએ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતું અટકાવવા અને તરવૈયાઓ સાથેની સ્વયંસેવકોની ટીમોની તૈયારી માટે આવશ્યક પગલાં લેવા જણાવ્યું હતું. તેમણે સૂચના આપી કે થાણે અને કલ્યાણની એનડીઆરએફની ટીમો સપ્ટેમ્બર સુધી થાણે જિલ્લામાં તૈનાત રહે.■

# ચાર ડાયમંડ કંપનીને ૫.૧૩ કરોડનો ચૂનો ચોપડી હીરાવેપારી રફુચક્કર

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત ચાર ડાયમંડ કંપનીને અંદાજે ૫.૧૩ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડી હીરાવેપારી ફરાર થઈ ગયો હતો. હીરાવેપારીઓને વેચી આપવાને બહાને ક્રેડિટ પર ડાયમંડ લઈને રફુચક્કર થઈ ગયેલા આરોપીની પોલીસ શોધ ચલાવી રહી છે.

બીકેસી પોલીસના જણાવ્યા મુજબ ચારમાંથી એક ભારત ડાયમંડ બુર્સમાં આવેલી કંપનીના સેલ્સ મૅનેજર આશિષ ગોધાણીની ફરિયાદને આધારે ચિરાગ પટેલ વિરુદ્ધ ગુરુવારે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે એક હીરાદલાલ મારફત પટેલ ગોધાણીને મળ્યો હતો. પૉલિશ્ડ ડાયમંડ્સ ખરીદવા ઇચ્છુક વેપારીઓ પોતાની પાસે હોવાનું પટેલે ગોધાણીને કહ્યું હતું. છેલ્લાં સાત વર્ષની ગોધાણી પટેલને ઓળખે છે. એ સિવાય તેની ઓળખાણ કરાવનારા હીરાદલાલ સાથે પણ ૧૦ વર્ષથી ઓળખ હોવાથી તેમની સાથે અગાઉ અનેક વાર વ્યવહાર કર્યા છે.

ગોદાણીની કંપની પાસેથી હીરા વેચવાને બહાને પટેલે લીધા હતા. બાદમાં પટેલે ગોધાણીને કહ્યું હતું કે તેણે ગ્રાહકોને

(જુઓ પાનું ૪) ▶▶

# '..તો અમે હંમેશાં વડા પ્રધાન સાથે ઊભા રહીશું': ઉદ્ધવ ઠાકરે

## શિવસેના (યુબીટી)ની બેઠકમાં એક રાષ્ટ્ર એક ચૂંટણી પર ચર્ચા કરીઃ ઠાકરેએ અમિત શાહને ત્રણ પક્ષોના વડા ગણાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રાદેશિક પક્ષ શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યો, સાંસદો અને જિલ્લા વડાઓની એક બેઠક શનિવારે યોજાઈ હતી. આ બેઠક દાદરના શિવસેના ભવનમાં પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠક દરમિયાન, એક રાષ્ટ્ર, એક ચૂંટણી, સરકાર વિરુદ્ધની રણનીતિ અને તાજેતરના ભારત-પાકિસ્તાન તણાવ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે અમે દેશ વિરુદ્ધ નથી, પરંતુ અમે ચોક્કસ સરકારની વિરુદ્ધ છીએ.

જોકે, યુબીટીના પદાધિકારીઓની બેઠક શિવસેના ભવનમાં બંધ રૂમમાં યોજાઈ હતી. મીટિંગમાં કેમેરા લઈ જવાની મંજૂરી નહોતી.

સૂત્રોએ કહ્યું હતું કે ઉદ્ધવે આ બેઠકમાં કહ્યું હતું કે, 'કાશ્મીર આપણું છે, કાશ્મીર ગઈકાલે પણ આપણું હતું, આજે પણ આપણું છે અને આવતીકાલે પણ આપણું જ રહેશે.' એવો સમય આવી શકે છે જ્યારે દેશમાં ભાજપ નહીં હોય, પણ કાશ્મીર આપણું જ રહેશે.

આ દરમિયાન, ઠાકરેએ દેશમાં સંકટના સમયે વડા પ્રધાનની સાથે ઊભા રહેવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'આપણા વૈચારિક મતભેદો હોઈ શકે છે, પરંતુ જ્યારે

(જુઓ પાનું ૪) ▶▶

# આજે મધ્ય રેલવેમાં ટ્રેનોના રહેશે ધાંધિયા

## પશ્ચિમ રેલવેમાં રાહત

મુંબઈઃ મેઈન્ટેનન્સ વર્ક માટે મધ્ય રેલવેમાં રવિવારે પણ મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ મેગા બ્લોકને કારણે રવિવારે રજાના દિવસે ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવે પર સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૩.૪૦ કલાક સુધી થાણે-કલ્યાણ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. જેને કારણે આ લોકલ ટ્રેનો પોતાના નિર્ધારિત હોલ્ટ ઉપરાંત કલવા, મુંબ્રા અને દિવા સ્ટેશન પર પણ ઊભી રહેશે, જેને કારણે લોકલ ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતાં ૧૦થી ૧૫ મિનિટ મોડી પડી શકે છે. મુલુંડ બાદ આ ટ્રેન અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે.

હાર્બર લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી વડાલા-માનખુર્દ વચ્ચે અપ-ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન પનવેલ, બેલાપુર, વાશીથી સીએસએમટી અને સીએસએમટીથી વાશી, બેલાપુર અને પનવેલ વચ્ચે ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. બ્લોકના સમય દરમિયાન પનવેલ-માનખુર્દ-પનવેલ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. પશ્ચિમ રેલવેની વાત કરીએ તો પશ્ચિમ રેલવેમાં રવિવારે કોઈ બ્લોક હાથ નહીં ધરવામાં આવે. ■




# મુંબઈ-અમદાવાદ રૂટ પર સેમી-હાઈ-સ્પીડ રેલ કોરિડોર પૂર્ણ થવાના આરે

મુંબઈઃ મુંબઈ-અમદાવાદ રૂટ પર સેમી-હાઈ-સ્પીડ રેલ કોરિડોરનું કામ ૯૫ ટકા પૂર્ણ થઈ ગયું છે.એકવાર પૂર્ણ થયા પછી, વંદે ભારત, રાજધાની અને શતાબ્દી જેવી ટ્રેનો ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે જેનાથી મુસાફરીનો સમય ઓછો થશે. આ રેલ કોરિડોર પશ્ચિમ રેલ્વેના ૯૨ મહત્ત્વના પ્રોજેક્ટ્સનો એક ભાગ છે, જે કુલ ₹૯,૮૬૨ કરોડથી વધુના છે અને ₹૮,૦૯૫ કરોડનો સૌથી મોંઘો પ્રોજેક્ટ છે.

પશ્ચિમ રેલ્વેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રેનો ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે તે માટે રેલવે ટ્રેકને અપગ્રેડ કરવા, મેટલ બીમ ફેન્સીંગ અને બેલાસ્ટ કુશનિંગને ઇચ્છિત સ્તર સુધી સ્થાપિત કરવા માટે ઓછામાં ઓછું જરૂરી કામ પૂર્ણ થઈ ગયું છે. પશ્ચિમ રેલ્વેએ મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્યો પૂર્ણ કર્યા છે, જેમાં ૧૨૦ થી વધુ પુલ એપ્રોચને મજબૂત બનાવવા, ૧૩૮ પુલોનું

(જુઓ પાનું ૪) ▶▶

### ટ્રેનોમાં પ્રવાસીઓની ભીડ ઓછી કરવા, કનેક્ટિવિટી સુધારવાનો પ્રયાસ

# કેન્દ્રીય બજેટમાં એમયુટીપીને ₹ ૧૭૭૭ કરોડ રૂપિયા ફાળવાયા

મુંબઈઃ મુંબઈ રેલ વિકાસ કોર્પોરેશને શનિવારે જણાવ્યું હતું કે મહત્વાકાંક્ષી મુંબઈ શહેરી પરિવહન પ્રોજેક્ટ (એમયુટીપી) પહેલ માટે ૨૦૨૫-૨૬ના કેન્દ્રીય બજેટમાં કુલ ૧,૭૭૭ કરોડ રૂપિયાની બજેટ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

એમઆરવીસીએ જણાવ્યું હતું કે આ રકમ પાછલા નાણાકીય વર્ષમાં ફાળવવામાં આવેલા રૂ. ૭૮૯ કરોડના બજેટ ગ્રાન્ટ કરતાં ૧૨૫ ટકા છે.

એમયુટીપીએ શહેરના ઉપનગરીય નેટવર્કના વિસ્તરણ અને ક્ષમતા વધારવા માટેની એક મહત્વાકાંક્ષી યોજના છે. હાલમાં, તેના હેઠળના ત્રણ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કામાં છે, જ્યારે વિશ્વ બેંક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ એમયુટીપી-૧ પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયો છે. 'રેલ્વે મંત્રાલય દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.